# કચ્છ સિવાયની ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન

## શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦



સંમેલન પૂર્વે આવકાર...ડાબેથી શ્રી આણંદજીભાઈ વીરા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી શાંતિલાલ છ. શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી કાંતિભાઈ પૂજ



સંમેલન પૂર્વેની ગોષ્ઠી. ડાબેથી શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી આર. ટી. સાવલિયા, શ્રી હરીશભાઈ મેઘજી ગાલા, શ્રી દિનેશભાઈ શાહ તથા શ્રી દિનેશભાઈ મહેતા



મંચસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી હરખચંદભાઈ ગડા, શ્રી રાજેશ મહેતા, શ્રી વિશનજીભાઈ ગડા, શ્રી મનસુખભાઈ છેડા, શ્રી અશોક મહેતા, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી હરીશભાઈ ગાલા, ડૉ. આર.ટી. સાવલિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શિવજી, શ્રી જેન્તીભાઈ નીસર, શ્રી જેસંગભાઈ છેડા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા



સંમેલન પ્રમુખ શ્રી હરીશભાઈ ગાલા (જમણે)નું બહુમાન કરતા શ્રી અશોકભાઈ મહેતા



મુખ્ય મહેમાન ડૉ. કુમારપાળ દેસાઈ (જમણે)નું બહુમાન કરતા શ્રી કાંતિભાઈ સાવલા



મુખ્ય મહેમાન ડૉ. આર. ટી. સાવલિયા (જમણે)નું બહુમાન કરી મેમેન્ટો અર્પણ કરતા શ્રી નવીનભાઈ હરિયા



અતિથિ વિશેષ શ્રી વિશનજીભાઈ ગડા (ડાબે)નું બહુમાન કરી મેમેન્ટો અર્પણ કરતા શ્રી પ્રતાપભાઈ દંડ



અતિથિ વિશેષ શ્રી રાજેશ મહેતા (ડાબે)નું બહુમાન કરતા ડૉ. ચંદ્રકાંત દેઢિયા



અતિથિ વિશેષ શ્રી સુધાકરભાઈ શિવજી (જમણે)નું બહુમાન કરી મોમેન્ટો અર્પણ કરતા શ્રી હીરજીભાઈ પાસુ શાહ



અતિથિ વિશેષ શ્રી મનસુખભાઈ છેડા (જમણે)નું બહુમાન કરતા શ્રી રમણિકભાઈ ગોસર



અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ નીસર (જમણે)નું બહુમાન કરી મોમેન્ટો અર્પણ કરતા શ્રી હસમુખભાઈ ખાંડવાલા



અતિથિ વિશેષ શ્રી જેસંગભાઈ છેડા (જમણે)નું બહુમાન કરતા શ્રી પોપટભાઈ ધરોડ



અતિથિ વિશેષ શ્રી હરખચંદભાઈ ગડા (ડાબે)નું બહુમાન કરી મોમેન્ટો અર્પણ કરતા શ્રી રજનીભાઈ પારેખ



સભાગૃહમાં ઉપસ્થિત મહિલા મહેમાનશ્રીઓ અને પાછળના ભાગે પુરુષ મહેમાનશ્રીઓ



સભાગૃહમાં ઉપસ્થિત મહાનુભાવો



લંચ ટાઈમ - સુરતથી પધારેલ મહાનુભાવો



લંચ ટાઈમ - વડોદરાથી પધારેલ મહાનુભાવો સાથે
શ્રી રમણિકભાઈ ગોસર તથા શ્રી રજનીભાઈ પારેખ



લંચ ટાઈમ
વડોદરા - વાપીથી પધારેલ મહિલા મહેમાનશ્રીઓ



લંચ પછીનું સેશન
સંયુક્તપણે વિચાર વિમર્શ



લંચ પછીનું સેશન
વિચાર-વિમર્શ ગોષ્ઠીના વ્યુહની ઝલક



શીલ્પિબહેન શાહ પોતાના વિચારો વ્યક્ત કરી રહેલ છે



પોતાના વિચારો વ્યક્ત કરતા મહિલા મહેમાનશ્રી



દિવસભરની ચર્ચાના અંતે વિશ્લેષણાત્મક રજૂઆત કરતા
ડૉ. ચંદ્રકાંત દેઢિયા



પંચ ત્યાં પરમેશ્વર. ડાબેથી શ્રી લહેરચંદભાઈ મૈશેરી, શ્રી કે.ડી. શાહ,
શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી કિશોરભાઈ લાલકા તથા શ્રી આણંદજીભાઈ વીરા

છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
શ્રી દિનેશચંદ્ર મહેતા (૦૭૯-૨૬૮૫ ૪૬૪૪)

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

**૧. રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

**૨. શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

**૩. રશ્મિન્ ખોના**
સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* *લેખક* *પાના નં.*

- મુખ્ય લેખ : કચ્છ બ્રાંચ કેનાલે ફરી કચ્છીઓમાં આશા જગાવી ........ અશોક મહેતા ........ ૫

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

- કચ્છ બહારની, ગુજરાત સ્થિત, કચ્છી જૈન સંસ્થાઓના સંમેલનનો અહેવાલ ......... દિનેશચંદ્ર જે. શાહ ........ ૯
- ભાવ પત્રક : શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર ........... ડૉ. ચંદ્રકાંત દેઢિયા ...... ૧૧
- ઉડતી નજરે : વર્ષ ૨૦૦૯-૨૦૧૦નું તારવણ ........ ૧૩

*લેખ વિભાગ* :

## કચ્છ

- શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ – ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ........ અશોક મહેતા ...... ૧૫
- ભારતની સંવેદનશીલ સરહદી સીમા : કચ્છની સિરક્રીક ........ રક્ષા મ. વ્યાસ ...... ૨૩
- કચ્છમાં જૈન સંસ્કૃતિ : એક દૃષ્ટિપાત (પ્રકરણ-૮) ........ ડૉ. નીતા ઠાકર ...... ૨૫
- સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય) (પ્રકરણ-૪) ........ વિરાજ દેસાઈ ...... ૨૯
- કચ્છમાં લુપ્તતાની આરે ડાક વાદ્યનો કલાવારસો ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૩૧
- ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ – (૪) ........ પ્રવીણચંદ્ર શાહ ...... ૩૩
- ઝારાનો ભીષણ સંગ્રામ : નવી સમસ્યાઓ (પ્રકરણ-૧૧) ........ ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૩૯
- કચ્છી નવી લિપિનાં ગતકડાં અને નાટક બંધ કરાવો ........ પ્રભાશંકર ફડકે ...... ૪૧

## ધર્મ

- ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનું મહત્ત્વ ........ ડૉ. રામજીભાઈ સાવલિયા ...... ૪૩
- દક્ષિણના જૈન મંદિર ........ કાનજી જે. મહેશ્વરી ...... ૪૬

## માહિતી

- બહુ ગવાયેલી - બહુ વગોવાયેલી નર્મદા યોજનાના વિવિધ ચમકારા ........ અશોક મહેતા ...... ૪૭
- પ્રેરક વ્યવસાયનું પ્રવેશદ્વાર ............. શ્રીમતી મૃણાલિની દેસાઈ, પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા ...... ૫૧
- મે માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ ............... ગુલાબચંદ ધારશી રાંભિયા....... ૫૨

## ઇતિહાસ

- સ્વર્ણિમ ગુજરાત મહા મહોત્સવ : ૧૯૪૯-૫૦નું ગુજરાત સામ્યવાદ, સાબરમતી હત્યાકાંડ ........ પંકજ પનવેલી ...... ૫૩

## જીવન ચરિત્ર

- લોકસાગરનો મરજીવો - જોરાવરસિંહ જાદવ ........ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ...... ૫૭

## વ્યક્તિ વિશેષ

- કચ્છી સપૂત - વિપુલ શાહ ........ ડૉ. ચંદ્રકાંત દેઢિયા ...... ૫૯

## વિચાર-વિમર્શ

- અદ્‌ભુત સફળતા ........ હરખચંદ સાવલા ...... ૬૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***


- એકાંત અને એકલતાનો ફરક ...... અમૃતલાલ નાનજી માલદે ...... ૬૨
- સંશોધન લેખશ્રેણી : લેખાંક-૭
  'નર્મદા'નું મૂ-ળ આયોજન સિંચાઈ-વિકાસનું હતું કે ઉદ્યોગો માટેનું? ...... પ્રવીણચંદ્ર શાહ ...... ૬૩
- જડભરત ...... ચિરાગ મૈશેરી ...... ૬૬


## સમાજ દર્પણ - સાહિત્ય આચમન


- મણિબહેનની માનવતા (અનુકરણીય) ...... પ્રેષક : મધુ બજરિયા ...... ૬૮
- આ છે આપણું 'મહાન' ભારત ...... શાંતિલાલ સંઘવી ...... ૬૯
- ઘરનું દાન ...... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૧


## પ્રવાસ વર્ણન


- વન ભોજન ...... અશોક શાહ ...... ૭૨
- જ્યાં જ્યાં નજર મારી ફરે. ...... ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૭૫


## તંદુરસ્તી


- ડૉક્ટરો ગરીબ દર્દીઓને ખર્ચના ખાડામાં ઉતારે છે ...... સુપાર્શ્વ મહેતા ...... ૭૭
- ઉપવાસ ...... ડૉ. ધીરેન ગાલા ...... ૮૧
- ક્રોધ (પ્રકરણ-૧) ...... ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૮૩


## હળવું વાંચન


- મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા (લેખાંક-૭) ...... શાંતિલાલ વ. શાહ ...... ૮૫
- બાળ વાર્તા : હું એમ કરવાની નથી! ...... ઈનિડ બ્લાઈટન ...... ૮૮


## હાસ્ય


- હળવાશની ક્ષણોમાં — ફુટપાથ પર ગાય! ...... ચિત્રસેન શાહ ...... ૯૧
- બાલુડેં જ્યું ગાલિયું ...... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૯૨


## નિયમિત વિભાગો


- આંજો કાગર ...... ૯૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૯૯
- મંગલ મંદિર – શ્રેષ્ઠ લેખક – શ્રેષ્ઠ આંજો કાગર ...... ૧૦૧
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ...... સંકલન : દિનેશ મહેતા ... ૧૦૩
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ...... ૧૦૪
- 'મંગલ મંદિરના માર્ચ/એપ્રિલ-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી ...... ૧૦૫
- જાણવા જેવું ...... સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૬
- શબ્દ રમત-૪૮ ...... સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૭
- સુડોકુ – ૧૦૦૫ ...... હરખચંદ સાવલા ... ૧૦૯
- વલોવતન ...... સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ... ૧૧૧
- સમાજ દર્પણ ...... ૧૧૭
- સંસ્થા સમાચાર ...... ૧૧૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ...... ૧૨૯
- ઉડતી નજરે ...... ૧૩૨


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# મુખ્ય લેખ

## કચ્છ બ્રાંચ કેનાલે ફરી કચ્છીઓમાં આશા જગવી

*– અશોક મહેતા*

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને તેની સંલગ્ન સંસ્થાઓએ છેલ્લા પાંચેક વર્ષથી એક ઝુંબેશ આદરેલ હતી. માર્ચ-૨૦૦૫માં શરૂ કરાયેલા કચ્છ બ્રાંચ કેનાલના ૭૫ કિ.મી.ની લંબાઇના અને અંદાજિત રૂા. ૨૫૦/- કરોડની કિંમતના કામો મંદ ગતિએ ચાલતા હોવાથી, આ સંસ્થાઓ વારંવાર નર્મદા નિગમના અધિકારીશ્રીઓના, પત્ર વ્યવહાર દ્વારા અને રૂબરૂ મુલાકાતો દ્વારા, ધ્યાન દોરતી રહેલ હતી. આ બાબતે મંગલ મંદિર તથા અન્ય સામયિક કે વર્તમાનપત્રો દ્વારા પ્રજાને સતત જાગૃત રાખવાની કોશિશ કરતી રહેલ હતી. આર.ટી.આઇ. દ્વારા પ્રશ્નો પૂછીને યોગ્ય વિગતો મેળવી, પ્રજા સમક્ષ રજૂ કરતી રહેલ હતી.

છેલ્લા પાંચેક વર્ષની સતત મહેનત પછી તેનાં સારાં પરિણામો આવવાની શક્યતા દૃષ્ટિગોચર થતાં, મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં તંત્રી લેખ દ્વારા શુભ સમાચારની જાહેરાત કરવામાં આવેલ હતી અને કચ્છના સિંચાઇના તથા પીવાના પાણીના પ્રશ્ને યોગ્ય છણાવટ પણ કરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી સમક્ષ પણ પત્રો દ્વારા આ પ્રશ્નની વિગતો રજૂ કરેલ હતી અને કદાચ તેના શુભ પરિણામોની શરૂઆત નવેમ્બર-૨૦૦૯થી શરૂ થઇ ગયેલ હતી. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નવેમ્બર-૨૦૦૯માં શ્રી એસ. જગદીશન, જોઇન્ટ મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શ્રી કે. શ્રીનિવાસ તથા શ્રી જી.આર. અલોરિયાની અને ત્યારબાદ ચેરમેન તરીકે શ્રી ડી. રાજગોપાલનની નિમણૂક કરતા નર્મદા નિગમનું સમગ્ર વાતાવરણ બદલાઇ ગયેલ અને સમગ્ર નર્મદા મુખ્ય કેનાલના દરેક વિસ્તારોના બાકી રહેતાં કામોની વિગતો એકત્રિત કરી તેને શક્ય જલદી પૂરાં કરાવવાનાં ચક્રો ગતિમાન કરી દેવામાં આવેલ હતા. ગુજરાત રાજ્યની ૧૮ લાખ હેક્ટર જમીન પર મૂળ આયોજન મુજબ સિંચાઇના પાણી પહોંચાડવા ૯૦,૩૮૯ કિ.મી.ની કેનાલોના આયોજનોની સામે માત્ર ૧૮,૮૦૩ કિ.મી.ના કામો અત્યાર સુધી પૂરાં કરાવવામાં આવેલ. તે સામે બાકી રહેતાં ૭૧,૫૮૬ કિ.મી.ના કામો આવતાં ત્રણેક વર્ષમાં પૂરાં કરાવવાનાં પ્લાનિંગ ઘડાઇ રહેલ હતા. આયોજન મુજબ ૧૮.૨૯ લાખ હેક્ટર જમીનમાં સિંચાઇના પાણી પહોંચાડવાની સામે માત્ર ૩.૪૧ લાખ હેક્ટર સિંચાઇની જમીનમાં પાણી પહોંચેલ. બાકી રહેતી ૧૪.૮૮ લાખ હેક્ટર સિંચાઇની જમીનમાં પાણી પહોંચાડવાના તખ્તા ગોઠવાઇ રહેલ હતા.

**કચ્છ બ્રાંચ કેનાલની કચ્છ જિલ્લામાંની કેનાલમાં અત્યાર સુધી એક પણ કિ.મી.ના કામ પૂરા કરવામાં આવેલ ન હતા.** કચ્છ બ્રાંચ કેનાલ ટોટલ ૩૬૦ કિ.મી. લાંબી છે. તેમાં ૦.૦થી ૮૨.૩ કિ.મી. પાટણ તથા બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થાય છે, જ્યારે ૮૨.૩ કિ.મી.થી ૩૬૦.૦ કિ.મી. (૨૭૭.૭૦ કિ.મી.) કચ્છ જિલ્લામાંથી પસાર થાય છે. બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ, માઇનોર કેનાલ એમ બધા મળીને કચ્છ જિલ્લામાં ૫,૧૩૦ કિ.મી.ની કેનાલો બનાવવામાં આવનાર છે કે જેના કારણે કચ્છની ૧,૧૨,૭૭૮ હેક્ટર એટલે કે અંદાજિત ૨,૮૨,૦૦૦ એકર જમીનને સિંચાઇના પાણીનો લાભ મળી શકે તેમ છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના એક પ્રતિનિધિમંડળે નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી તથા તેની સાથે સાથે અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે તા. ૩૦-૩-૨૦૧૦ના એક મિટિંગનું આયોજન ગોઠવેલ હતું કે જેમાં મેનેજિંગ ડાયરેક્ટરશ્રી દ્વારા નીચેની વિગતોની જાહેરાત કરવામાં આવેલ હતી.

કચ્છ બ્રાંચ કેનાલની **કચ્છ જિલ્લા શાખા** ૮૨.૩ કિ.મી.થી શરૂ કરી ૩૬૦.૦ કિ.મી. સુધી એટલે કે ૨૭૭.૭૦ કિ.મી. લાંબી છે. બધાજ પ્રકારની કેનાલો મળીને ટોટલ ૫,૧૩૦ કિ.મી. લંબાઇની કેનાલો કચ્છ જિલ્લામાં બનાવવામાં આવનાર છે. **મુખ્ય કેનાલની સાથે સાથે જે-તે કોન્ટ્રેક્ટરોને ડિસ્ટ્રીબ્યૂટરી, માઇનોર તથા સબ-માઇનોર કેનાલોના કામો કરવાના રહેશે કે જેથી પાણી છેક લાભાર્થી ગામ સુધી પહોંચી શકે.** જે-તે વિભાગ માટે પાણી મંડળીઓની રચના કરવામાં

*કંજૂસ માણસ લુહારની ધમણ જેવો છે. જે શ્વાસ લેતો રહે છે પણ જીવતો નથી.*

આવશે કે જે ફીલ્ડ કેનાલ (ઢાળિયા) બનાવશે અને તેનો ખર્ચ નર્મદા નિગમ દ્વારા ચૂકવવામાં આવશે. કામો EPC (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ તથા કમિશનિંગ) ના ધોરણે આપવામાં આવશે. એટલે કે કામની ડિઝાઇન, કેનાલોનું બાંધકામ તથા તેમાં પાણી વહેવડાવવા સુધીની જવાબદારી કોન્ટ્રેક્ટરની રહેશે. આ કામ પર દેખરેખ રાખવા થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન એટલે કે સુપરવિઝન ઓથોરિટી તરીકે અન્ય કંપનીની નિમણૂક કરવામાં આવશે. જમીન સંપાદિત કરી આપવાની તથા કેનાલની લાઇન દોરી આપવાની જવાબદારી નિગમની રહેશે. અન્ય જવાબદારીઓ કોન્ટ્રેક્ટરે નિભાવવાની રહેશે. **નિગમ હવે પછી જમીનો જંત્રીના ભાવે સંપાદિત કરશે કે જેથી ઓરિજિનલ જમીન માલિકોને યોગ્ય વળતર મળી રહેશે.** શરૂના ૬ મહિનાની તૈયારી બાદ સપ્ટેમ્બર-૨૦૧૦થી એકચ્યુઅલ બાંધકામ શરૂ થઇ જશે અને તે સપ્ટેમ્બર-૨૦૧૨માં પૂરાં કરવાનાં આયોજનો છે. કેનાલની સાથે સાથે વચ્ચે આવતા ૩ પમ્પિંગ સ્ટેશનો અને ૩ પાવર હાઉસના કામો પણ શરૂ કરી દેવામાં આવશે અને તે પણ નિર્ધારિત સમય મર્યાદામાં પૂરાં કરવાનાં આયોજનો છે.

કચ્છ બ્રાંચ કેનાલની કચ્છ જિલ્લા શાખાને ૮૨.૩થી ૧૧૨ કિ.મી., ૧૧૨થી ૧૨૨ કિ.મી., ૧૨૨થી ૧૩૩ કિ.મી., ૧૩૩થી ૧૯૦ કિ.મી., ૧૯૦થી ૨૭૩ કિ.મી. અને ૨૭૩થી ૩૬૯ કિ.મી. માં વિભાજિત કરી અંદાજે દરેક કામ કે જે રૂા. ૩૦૦ થી ૪૦૦ કરોડના થવાના અંદાજ છે, વિવિધ કોન્ટ્રેક્ટરોને આપવામાં આવનાર છે અને દરેક કામ જે-તે કોન્ટ્રેક્ટરો પાસેથી બે વર્ષમાં પૂરાં કરાવવાની ગણના છે.

આ માટે કચ્છમાં જ ત્રણ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર અને એક ચીફ એન્જિનિયરની જરૂરિયાત રહેશે કે જે લગભગ પૂરી કરી દેવામાં આવેલ છે. બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં એક સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર તથા એક ચીફ એન્જિનિયરની જરૂરિયાત રહેશે. સમગ્ર રીતે કચ્છ બ્રાંચ કેનાલની વાત કરીએ તો અંદાજે ૨૭૦ ટેક્નિકલ સ્ટાફની જરૂરિયાત રહેશે કે જેના આયોજનો તરતમાં પૂરાં કરવામાં આવશે.

પ્રતિનિધિ મંડળની મુલાકાત દરમ્યાન ઉપરોક્ત વિગતો બહાર આવતા ભારતભરના કચ્છી સમાજમાં આનંદની લહેરખી પસાર થઇ ગયેલ છે અને આશા બંધાયેલ છે કે આવતા ત્રણેક વર્ષોમાં કચ્છના ખેતરોમાં નર્મદા નીરના સિંચાઇ માટેના પાણી જરૂરથી વહાવી શકાશે. **કચ્છના સૂકા-ભઠ્ઠ ખેતરોમાં ખેતી થવાથી કચ્છની તેટલા ભાગની પ્રજાને રાહત થઇ શકશે.**

આ બાબતે અભિનંદનના અધિકારી હોય તો તે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી કે જેમણે હાલની ટીમને નર્મદા નિગમમાં પ્રસ્થાપિત કરેલ છે. નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીશ્રીઓની હાલની ટીમને પણ તેટલા જ અભિનંદન ઘટે કે જેઓએ પોતાનો આ નવીન ચાર્જ સંભાળ્યા બાદ ત્વરિત કાર્યવાહી શરૂ કરી દીધેલ છે. કચ્છ બ્રાંચ કેનાલને ૯૦ ટકા ગ્રાંટના ધોરણે રૂા. ૧૪૨૨ કરોડ જેવી માતબર રકમ ફાળવનાર કેન્દ્ર સરકારનો પણ કચ્છીઓએ આભાર માનવો જોઇએ.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને તેમના સભ્યોનો તો સંપૂર્ણ સહકાર હતો જ પણ સાથે સાથે અત્યાર સુધી શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી મુકેશભાઇ ઝવેરી, શ્રી છબીલદાસ પટેલ, શ્રી પંકજ મહેતા, શ્રી કીર્તિભાઇ ખત્રી, શ્રી અશ્વિનભાઇ ઝીંઝુવાડિયા, શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી, શ્રી દામજીભાઇ એંકરવાલા જેવા અનેક નામી-અનામી મહારથીઓએ સતતપણે સહકાર આપેલ છે અને તેઓ પણ આ અભિનંદનના અધિકારી છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ / ૩૦૧૫૦૦૨૨ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## પુસ્તકો સાભાર સ્વીકાર

| પુસ્તકનું નામ | લેખક | ભેટ મોકલનાર |
|---|---|---|
| • પ્રાસંગિક પ્રસંગો | હેમરાજ શાહ | હેમરાજ શાહ - મુંબઈ |
| • ભગવાન મહાવીર કા બુનિયાદી ચિંતન | ડૉ. જયકુમાર જલજ | ભારત જૈન મહામંડળ |

*દયા કરવી એ આપણી ફરજ નહિ પણ આનંદ છે કેમકે તેનાથી આપણી તંદુરસ્તી અને કીર્તિમાં વધારો થાય છે.*

# ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના સંમેલનનો અહેવાલ

**દિનાંક : રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦**

**સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત ગુજરાત (કચ્છ સિવાયના) સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન, રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી - અમદાવાદ મધ્યે યોજવામાં આવેલ હતું. જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી વિવિધ કચ્છી જૈન સંસ્થાઓના અંદાજિત ૭૫થી પણ વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પણ ૫૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા.

આ સમારંભનું પ્રમુખ સ્થાન દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજના ઉપપ્રમુખ અને વાપી સ્થિત શ્રી હરીશ મેઘજી ગાલા (દેવપુર)એ સંભાળેલ હતું.

મુખ્ય મહેમાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ "સમાજસેવા એ જ ધર્મસેવા" પર પ્રવચન આપતા જણાવેલ કે જૈન ધર્મ માનવને માનવ બનતા શિખવાડે છે. સંગઠિત સમાજ ભાઈચારાની લાગણી ઉત્પન્ન કરે છે. કચ્છી લોકોના ખમીરને બિરદાવતા તેમણે જણાવેલ કે દુનિયામાં બે જ જ્ઞાતિ પ્રત્યે મને અનહદ પ્રેમ છે, એક યહુદી અને બીજી કચ્છી. તેઓ જ્યારે મળે છે ત્યારે માત્ર પોતાની માતૃભાષામાં જ વાત કરે છે અને એ ભાઈચારાની લાગણી ઉત્પન્ન કરે છે અને પોતાના પ્રદેશ પ્રત્યેની નીકટતા સૂચવે છે. કચ્છીઓની માનવતા બિરદાવતા તેમણે વર્ષ ૧૩૧૩ – ૧૪ – ૧૫ના સમગ્ર ભારત વર્ષમાં પડેલ દુષ્કાળ અને એ સમયે શ્રી જગડુશા દાતારે સમગ્ર ભારતમાં ૧૧૩ વિતરણ કેન્દ્રો ખોલી જે ધાન્ય લોકોને પૂરું પાડ્યું અને દાનની સરવાણી વહેવડાવી તેની વિગતો આંકડાઓમાં રજૂ કરેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને પણ તેઓશ્રીએ બિરદાવેલ હતી.

અન્ય મુખ્ય મહેમાન શિક્ષણવિદ્ ડૉ. આર. ટી. સાવલિયાએ "સંસ્કૃતિના બદલાતા પ્રવાહો" વિશે વક્તવ્ય આપતા જણાવેલ કે સંગઠિત અને એકતાની ભાવનાએ જૈનોને શેઠની પદવી અપાવેલ છે. સંસ્કૃતિના બદલાતા પ્રવાહોની વિગતો આપતા તેઓશ્રીએ જણાવેલ કે સંગઠિત જૈન સમાજ એક એવું સંકુલ ઊભું કરે કે જ્યાં ધોરણ-૮થી કૉલેજની વિવિધ ફેકલ્ટીઓના અભ્યાસક્રમની સાથે સાથે સંસ્કાર અને નીતિમત્તાની ભાવના રોપાય. સાથે સાથે અહીં એકતાની ભાવના પણ રોપાય કે જેથી દેશને સશક્ત યુવાધન મળી શકે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોક મહેતાએ આ સંમેલનનો હેતુ સમજાવતા જણાવેલ કે અત્યારે આપણે કચ્છી જૈનો ગુજરાતના જે જે શહેરોમાં વસવાટ કરીએ છીએ ત્યાં માત્ર ઘટક સમાજના ધોરણે અથવા તો સાંપ્રદાયિક ધોરણે પ્રવૃત્તિઓ કરીએ છીએ કે જેના કારણે આપણે નાના-નાના સમાજમાં વહેંચાઈ જઈએ છીએ. અગર જો આપણે મોટા ગ્રૂપમાં સંગઠિત રહીને કાર્ય કરીશું એટલે કે પોતાના વસવાટના શહેરમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ની રચના કરીને કાર્ય કરીશું તો વિભાજિત નહીં રહીએ અને સંગઠિત થઈને પોતાના સમાજ માટે, પોતાની કર્મભૂમિ માટે અને પોતાની માતૃભૂમિ માટે કોઈ નોંધપાત્ર કાર્ય કરી શકીશું.

તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની વિગત આપતા જણાવેલ કે આ સમાજમાં ૧૯૬૩ કે ૧૯૭૦ કે ૧૯૮૬ની રચના સમયે જે કાર્યકરો હતા તેઓ પણ આજે એટલા જ ક્રિયાશીલ છે. ત્યારબાદ તેઓશ્રીએ મુંબઈના અતિથિ ભવનની વિગતોની જાણકારી આપેલ હતી. સમાજના એક-એક વિદ્યાર્થીને અવ્વલ નંબરે પહોંચાડવાની સમાજની ઇતર તથા શિક્ષણ ડેવલપમેન્ટ સમિતિની, વિગત જણાવેલ હતી. અમદાવાદમાં હવે પછી ઊભી કરવામાં આવનાર ગર્લ્સ હોસ્ટેલની પ્રક્રિયાની વિગતો સમજાવેલ હતી. બાલ કલ્યાણ સમિતિ દ્વારા સમાજમાં નવા જન્મનાર દરેક બાળકને અમુક રકમના રોકાણ કરેલ ફિક્સ રસીદ દ્વારા ડોનેશન આપવાની વિગત જણાવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવનના ત્રીજા માળે ચાલતા મેડિકલ સેન્ટરની વિગતવાર માહિતી રજૂ કરેલ હતી. સામાજિક સુરક્ષા સમિતિની વીમા કવચની વિગતો રજૂ કરેલ હતી. ભદ્રેશ્વર પ્રોજેક્ટ પર હવે પછી કરવામાં આવનાર કાર્યની રજૂઆત કરેલ હતી. સમાજના મુખપત્ર "મંગલ મંદિર"ની ઉપયોગીતા અને તેમાં પીરસવામાં આવી રહેલ વિગતો સમજાવેલ હતી. ગુજરાત સ્થિત વિવિધ શહેરોના કચ્છી જૈનો "મંગલ મંદિર"માં જોડાઈ, પોતાના સમાજના સમાચારો પ્રસારિત કરાવી ઐક્યતાની ભાવનાને કેળવવા આ સાધનનો ઉપયોગ થઈ શકે તેવું તેમણે સમજાવેલ હતું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર "કચ્છ આર્ટ ગેલેરી"ની હવે પછી સ્થાપના કરવામાં આવશે અને એ રીતે અમદાવાદમાં "કચ્છ" પ્રદેશની એક આગવી ઓળખ ઊભી કરવાની ભાવના હોવાનું તેમણે જણાવેલ હતું. નર્મદા નદીના સિંચાઈના પાણી કચ્છના ખેતરોમાં શક્ય જલદી પહોંચે તેવા છેલ્લા ૫-૭ વર્ષના પ્રયાસોની વિગતો પણ તેમણે જણાવેલ હતી.

અંતમાં તેઓશ્રીએ જણાવેલ કે એક સંગઠિત સમાજ હોય તો જ આપણે આ પ્રકારના નક્કર અને ગણનાપાત્ર કાર્ય કરી શકીએ તેનો આ દાખલો છે. તેથી ગુજરાતના એકેક શહેરમાં જ્યાં કચ્છી જૈનોનો વસવાટ રહેવા પામેલ છે ત્યાં સંગઠિત સમાજની રચના કરવાનું આહ્વાન તેઓશ્રીએ આપેલ હતું.

*મહેનત એ એક એવી સોનેરી ચાવી છે જે ભાગ્યનાં દ્વાર ઉઘાડી નાખે છે.*

ત્યારબાદ અતિથિ વિશેષ તરીકે મંચ પર બિરાજમાન મહાનુભવોમાંના શ્રી વશનજીભાઈ સુંદરજી ગડા (પૂર્વ પ્રમુખશ્રી, શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરા), શ્રી મહેન્દ્રભાઈ સુધાકર શિવજી (પ્રમુખશ્રી, શ્રી ભાવનગર કચ્છ સમાજ - ભાવનગર), શ્રી રાજેશ નાનાલાલ મહેતા (ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - સુરત), શ્રી હરખચંદભાઈ ખીમજી ગડા (માનદ્ મંત્રી, અંકલેશ્વર અચલગચ્છ જૈન સંઘ - અંકલેશ્વર) તથા શ્રી જેસંગભાઈ ચાંપશી છેડા (પ્રમુખશ્રી, શ્રી વાગડ વીસા ઓસવાલ જૈન સમાજ - વલસાડ)એ પોતાના સમાજની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી ઉપસ્થિત શ્રોતાગણ સમક્ષ રજૂ કરેલ હતી અને પોતાના શહેરમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ની સ્થાપના કરી, સંગઠિત અને મોટા જૂથના સમાજની રચના કરવાની ભાવનાને બિરદાવી, આ અંગે નજદીકના ભવિષ્યમાં જ નક્કર કાર્યવાહી થઈ શકે તેવી વિગતો તેમણે જણાવેલ હતી. શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ તથા શ્રી વાગડ વીસા ઓસવાળ જૈન સમાજ - સુરત વતી ત્યાંના માનદ્ મંત્રી શ્રી જયેશભાઈ વીસરિયાએ સુરતની પ્રવૃત્તિઓની વિગતોની સાથે સાથે સંગઠિત સમાજ રચનાની ભાવનાને બિરદાવેલ હતી અને તે દિશામાં નક્કર કાર્યવાહી કરવી જોઈએ તેવું પણ તેમણે જણાવેલ હતું.

સંમેલનના પ્રથમ સેશનના અંતે શ્રી હરીશભાઈ ગાલાએ પ્રમુખકીય વક્તવ્ય આપી પ્રથમ સેશન પૂર્ણ કરેલ હતું.

લંચ વિરામ બાદ બપોરના સમયે મળેલ મિટિંગમાં ઉપસ્થિત સૌએ ભાગ લીધેલ હતો. શ્રી કચ્છી જૈન સમાજની પોતાના શહેરમાં રચના કરવાની કાર્યવાહી તથા હાલના ચાલુ સમાજની પ્રવૃત્તિઓની તથા ભાવિ કાર્યોની છણાવટ કરવામાં આવેલ હતી. આ મિટિંગની ચર્ચામાં (૧) અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર (૨) વાપીના શ્રી હરીશભાઈ ગાલા, શ્રી ચંપકભાઈ હરિયા તથા શ્રી દામજીભાઈ છેડા, (૩) વલસાડના શ્રી જેસંગભાઈ છેડા, શ્રી વિનોદભાઈ દેઢિયા, શ્રી કૌશિકભાઈ સાલિયા, શ્રી કીર્તિભાઈ વીસરિયા તથા શ્રી વિનોદભાઈ છેડા, (૪) સુરતના શ્રી મનસુખભાઈ છેડા, શ્રી શરદભાઈ દંડ, શ્રી રાજેશ નાનાલાલ મહેતા, શ્રી કૌશિક મોહનલાલ શાહ, શ્રી દિલીપભાઈ ઝવેરી, શ્રી જયંતીભાઈ નીસર તથા શ્રી જયેશભાઈ વીસારિયા, (૫) નવસારીના શ્રી મણિલાલભાઈ વીરા તથા શ્રી મહેન્દ્રભાઈ શાહ (ભણસાલી), (૬) અંકલેશ્વરના શ્રી હરખચંદભાઈ ગડા, શ્રી હિતેશ લોડાયા તથા શ્રી વિનોદ ગડા, (૭) ઉમરગામના શ્રી કિરણભાઈ ગાલા, (૮) વડોદરાના શ્રી વિશનજીભાઈ ગડા, શ્રી વલ્લભજીભાઈ સાવલા, શ્રી શાંતિલાલભાઈ લોડાયા, શ્રી ધનજીભાઈ ગડા, શ્રી પ્રવીણભાઈ વીરા તથા પત્રકાર શ્રી નવીનભાઈ પટેલ, (૮) આણંદના પ્રો. ડૉ. શ્રી ઠાકરશીભાઈ મૈશેરી, (૯) ભાવનગરના શ્રી મહેન્દ્રભાઈ શાહ, (૧૦) રાજકોટના શ્રી અજયકુમાર દંડ, (૧૧) મોટી ખાવડીના શ્રી હર્ષદભાઈ લોડાયા, (૧૨) નાની દમણના શ્રી હરખચંદ ખુશિયા, (૧૩) ઉદવાડાના શ્રી ભાવેશભાઈ પોલડિયા, (૧૪) વીરમગામના શ્રી હસમુખભાઈ શાહ તથા અન્યોએ ભાગ લીધો હતો.

સાથે સાથે મહિલા વિભાગમાંથી (૧) વાપીના શ્રીમતી સીમાબહેન ગાલા, (૨) ભરૂચના શ્રીમતી હંસાબહેન દંડ તથા (૩) વડોદરાના શ્રીમતી હંસાબહેન લોડાયા અને શ્રીમતી સરલાબહેન લોડાયાએ પણ આ ચર્ચામાં પોતાના મંતવ્યો વિગતવાર રજૂ કરેલ હતા.

રજૂ કરવામાં આવેલ સર્વ વક્તવ્યનો સાર એ હતો કે પોતાના શહેરમાં મોટું જૂથ સ્થાપી, "શ્રી કચ્છી જૈન સેવા સમાજ" દ્વારા સંગઠિત સમાજ રચી, નોંધનીય કાર્યો કરવા આપણે કટીબદ્ધ થવું જોઈએ.

ઉપરોક્ત કાર્યવાહી બાદ સમગ્ર દિવસની કાર્યવાહીનું વિશ્લેષણ કરતાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ જણાવેલ કે આખા દિવસની ચર્ચાનો સૂર એ નીકળે છે કે શ્રી કચ્છી જૈન સમાજોના વિવિધ ગ્રૂપની વ્યક્તિઓનું મંતવ્ય પોતાના શહેરમાં બહોળા સંગઠિત સમાજની રચના કરી સમાજ, માતૃભૂમિ તથા કર્મભૂમિ માટે આપણે સહુએ આપણા શહેરમાં રહી, હજુ પણ વધુ નક્કર પ્રવૃત્તિઓ કરવી જોઈએ. અને દરેક શહેરમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ની રચના કરવી જોઈએ. આ કાર્યવાહી માટે અત્યારે જ નક્કી કરવામાં આવે કે દરેક શહેરના ઉપસ્થિત પ્રતિનિધિઓમાંથી ૫-૫ નામ નક્કી કરવામાં આવે કે જેઓ પોતાના શહેર માટે આગળની કાર્યવાહી શરૂ કરી શકે. જ્યારે પણ જરૂર પડશે ત્યારે અને અમને બોલાવવામાં આવશે ત્યારે, અમે જરૂરથી જે તે શહેરમાં જઈ સંગઠિત સમાજની કાર્યવાહીમાં મદદગાર રહેશું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ તથા યુવા વિકાસ સમિતિના શ્રી પંકજભાઈ ગોગરીએ જણાવેલ કે અગર આપ સહુ આપના શહેરના કચ્છી જૈન બાળકોના ૧૦-૧૨ ધોરણના પરિણામો એકત્રિત કરી અમારા પર મોકલી આપશો તો તે બાળકોના અભ્યાસના તારણો અને ભવિષ્યમાં કઈ લાઈનમાં જવા તે બાળક યોગ્ય છે તેની મિમાંસા અમારા દ્વારા કરવામાં આવશે.

શ્રી હરીશભાઈ ગાલાએ પ્રમુખકીય પ્રવચનમાં સમાપન કરતાં જણાવેલ કે આજના દિવસની કાર્યવાહી ઉત્તમ પ્રકારની રહેવા પામેલ છે અને આપણે સહુએ આપણા શહેરમાં રહી આ બાબતે અગ્રીમ ભાગ ભજવવાનો છે.

અંતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કરી હતી.

ત્યારબાદ સહુ વિખરાયા હતા.

*અહેવાલ : દિનેશચંદ્ર જગજીવન શાહ*

*આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધું સારું છે.*

# શ્રી નવનીત મેડિકલ સેન્ટર

# શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેકઅપ સેન્ટર

• ડૉ. ચંદ્રકાંત દેઢિયા •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર પર હાલમાં જુદા જુદા વિભાગોમાં બાવન (૫૨) જેટલા નિષ્ણાત ડૉક્ટરોની સેવા ઉપલબ્ધ છે. દરરોજ બહોળી સંખ્યામાં દર્દીઓ આ સેવાનો લાભ લઈ રહ્યા છે.

થોડા સમય પહેલાં, આ સેન્ટર પર, ફેફસાંની બીમારીઓ માટે નવો વિભાગ શરૂ કરવામાં આવેલ છે. તે ઉપરાંત માર્ચ-૨૦૧૦ દરમ્યાન **પેઇન ક્લિનિક** વિભાગ પણ કાર્યરત થયેલ છે. જેમાં કમરનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, કેન્સરનો દુઃખાવો, સ્નાયુના દુઃખાવા, આધાશીશી વગેરે જેવા અનેક પ્રકારના દુસાધ્ય દુઃખાવા માટે, અદ્યતન પધ્ધતિથી સારવાર આપવામાં આવે છે.

એપ્રિલ-૨૦૧૦ દરમ્યાન, જૂના સોનોગ્રાફી મશીનને બદલે, કલર ડોપ્લર અને ૨-ડી ઈકોની સવલત સાથેનું આધુનિક સોનોગ્રાફી મશીન વસાવવામાં આવેલ છે.

આમ, રોગ નિદાન અને સારવાર ક્ષેત્રે ઉત્તરોત્તર સારી સવલતો અત્રે ઉપલબ્ધ થઇ રહી છે. તે સાથે સાથે, દિવસો દિવસ વધતી જતી મોંઘવારી વચ્ચે પણ જાહેર જનતાને ખૂબ જ વાજબી કિંમતે ઉચ્ચતમ, રોગ નિદાન અને સારવાર મળી રહે એ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ કટીબદ્ધ છે.

આ સેન્ટરમાં નિયત થયેલ ચાર્જિસ પૈકી કેટલાક પરીક્ષણ/સારવાર માટેના ચાર્જિસ અને તેની સામે, અન્યત્ર પ્રવર્તમાન ચાર્જિસ અહીં નીચે દર્શાવેલ છે.

**(૧) લેબોરેટરી પરીક્ષણની વિગત અને તેના લેવામાં આવતા ચાર્જિસની વિગત :-**

| *ક્રમ* | *લેબોરેટરી પરીક્ષણની વિગત* | *શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં નિયત થયેલ ચાર્જિસ (રૂપિયામાં)* | *અમદાવાદમાં અન્યત્ર પ્રવર્તમાન ચાર્જિસ (રૂપિયામાં)* | *અન્યત્ર પ્રવર્તમાન ચાર્જિસની સામે મેડિકલ સેન્ટરના ચાર્જિસ (પરસન્ટેજમાં)* |
|---|---|---|---|---|
| ૧. | CBC-ESR – લોહીની સંપૂર્ણ તપાસ | ૬૦/- | ૧૬૦/- | ૩૭.૫% |
| ૨. | FBS – ડાયાબિટીસના નિદાન માટે ભૂખ્યા પેટે લોહીની તપાસ | ૨૦/- | ૫૦/- | ૪૦% |
| ૩. | PPBS – ડાયાબિટીસના નિદાન માટે જમ્યા પછી બે કલાકે લોહીની તપાસ | ૨૦/- | ૫૦/- | ૪૦% |
| ૪. | Bl. Group – બ્લડ ગ્રૂપ-લોહીના ગ્રૂપની તપાસ | ૨૦/- | ૬૦/- | ૩૩% |
| ૫. | Bl. Urea – બ્લડ યુરિયા-લોહીમાં ફરતા યુરિયાની તપાસ (કિડની માટે) | ૪૦/- | ૧૨૦/- | ૩૩% |
| ૬. | S. creatinine – લોહીમાં એટીનું પ્રમાણ (કિડની માટે) | ૪૦/- | ૧૨૦/- | ૩૩% |
| ૭. | S. Lipid Profile – લોહીમાં ચરબીની તપાસ | ૨૦૦/- | ૩૫૦/- | ૫૭% |
| ૮. | TSH – થાઈરોઈડનો ટેસ્ટ | ૧૨૫/- | ૧૮૦/- | ૭૦% |
| ૯. | PSA – પ્રોસ્ટેટ સ્પેસિફિક એન્ટિજીન – પ્રોસ્ટેટ ગ્રંથિની કામગીરીનો ટેસ્ટ (ફક્ત પુરુષો માટે) | ૨૫૦/- | ૪૫૦/- | ૫૬% |

*વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે.*

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | Urine – પેશાબની તપાસ | ૨૦/- | ૬૦/- | ૩૩% |
| ૧૧. | Stool – ઝાડાની તપાસ | ૩૦/- | ૮૦/- | ૩૭.૫% |
| ૧૨. | HIV – એઈડ્સની તપાસ | ૧૫૦/- | ૩૦૦/- | ૫૦% |
| ૧૩. | HBA1C – ડાયાબિટીસના ત્રણ મહિનાનો સરેરાશ લોહીનો રિપોર્ટ | ૩૦૦/- | ૩૫૦/- | ૮૬% |
| ૧૪. | B12 – લોહીમાં વિટામીન B12નું પ્રમાણ | ૫૦૦/- | ૬૫૦/- | ૭૭% |
| ૧૫. | Serumwidal – ટાઈફોડની તપાસ | ૫૦/- | ૧૫૦/- | ૩૩% |
| ૧૬. | U.P.T. – યુરિનરી પ્રેગ્નન્સી ટેસ્ટ-ગર્ભના પરીક્ષણ માટે પેશાબની તપાસ | ૫૦/- | ૧૫૦/- | ૩૩% |

**(૨) દાંત વિભાગમાં લેવામાં આવતા ચાર્જિસની વિગત :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | Extraction – દાંત કઢાવવો | ૪૦/- થી ૭૦/- | ૧૦૦/-થી ૧૫૦/- | ૪૦%થી ૪૭% |
| ૨. | Scaling – દાંત સાફ કરાવવા | ૧૦૦/- | ૨૦૦/- | ૫૦% |
| ૩. | R.C.T. – રૂટ કેનાલ ટ્રીટમેન્ટ | ૪૫૦/- | ૧૨૦૦/- | ૩૭.૫% |
| ૪. | F.C.C.– દાંતની કેપ બનાવવી | ૪૦૦/- થી ૧૨૦૦/- | ૮૦૦/-થી ૨૦૦૦/- | ૫૦%થી ૬૦% |
| ૫. | Silver Filling – ચાંદી પૂરવી | ૬૦/- | ૧૦૦/- | ૬૦% |

ઉપરોક્ત બંને કોઠાનો અભ્યાસ કરતાં આપણને ખ્યાલ આવે છે કે અમદાવાદમાં અન્યત્ર એટલે કે ખાનગી વિભાગમાં લેવામાં આવતા ચાર્જિસથી શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં લેવામાં આવતા ચાર્જિસ સરેરાશ લગભગ ૫૦ ટકા જેટલા ઓછા હોવાના કારણે, અહીં કન્સલ્ટેશન (રૂા. ૩૦૦/- ની સામે માત્ર રૂા. ૪૦/- થી રૂા. ૬૦/-) તથા પરીક્ષણ અર્થે આવતા દરદીઓના દર વર્ષે લાખો રૂપિયા બચી જાય છે. જેના કારણે શ્રી કચ્છી જૈન ભવન પરનું મેડિકલ સેન્ટર અહીંની જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થયેલ છે.

***કન્વીનર - તબીબી સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ.***

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૯-૫-૨૦૧૦થી બુધવાર, તા. ૧૯-૫-૨૦૧૦ સાંજના ૫.૩૦ થી ૮.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત પબ્લિક સ્પિકિંગ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપ - ૨૦૧૦ |
| • | રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦ સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રીમતી છાયા વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈ |
| • | રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ |
| • | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | ધ્વજવંદન કાર્યક્રમ. |
| • | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | પુરસ્કાર સમિતિ આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ, (ધોરણ-૮થી ધોરણ-૧૨ અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન) |
| • | રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વિવિધ યોજનાઓના પુરસ્કારોનો ઈનામ વિતરણ સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર. |

# ઉડતી નજરે.... (વર્ષ ૨૦૦૯-૨૦૧૦)

## *એપ્રિલ-૨૦૦૯ થી માર્ચ-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

આ સાથે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લેનાર વ્યક્તિઓ પૈકી (૧) મેડિકલ સેન્ટર, (૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, (૩) શ્રી કચ્છી જૈન ભવન તથા (૪) ગીતા મંદિર પરના સેવા ભવનના લાભ લેનાર વ્યક્તિઓની વિગત આપેલ છે.

ઉપરોક્ત ૪ પ્રવૃત્તિઓનો વર્ષ દરમ્યાન કુલ ૧,૪૫,૦૪૫ વ્યક્તિઓએ લાભ લીધેલ છે.

***વિગતવાર માહિતી આ મુજબ છે :***

***(૧) મેડિકલ સેન્ટર તથા મેડિકલ ચેક-અપ સેન્ટર :-***

*★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદની વ્યક્તિઓ : ૪૫૧૩ ★ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો : ૯૧૬ ★ આંખના મોતિયાના ઓપરેશન : ૨૦૪ ★ સોનોગ્રાફી : ૫૮૩૯ ★ ટી.એમ.ટી. : ૧૪૧ ★ બોડી ચેક-અપ : ૨૭૮૫ ★ અન્ય વિભાગો : ૮૭૯૨૭* ***કુલ : ૧,૦૨,૩૨૫***

*(૨) **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ : ૨૪,૭૪૧** (૩)**શ્રી કચ્છી જૈન ભવન પરનું અતિથિ ભવન** : ૧૦,૬૭૦*
*(૪) **ગીતા મંદિર પરનું સેવા ભવન** : ૭,૩૦૯ ● **કુલ : ૧,૪૫,૦૪૫***

આ રીતે ઉપરોક્ત ૪ વિભાગોનો જ લાભ ૧,૪૫,૦૪૫ વ્યક્તિઓએ વર્ષ દરમ્યાન લીધેલ હતો.

આ સિવાય પણ બાલ સમૃદ્ધિ યોજના, યુવા વિકાસ પ્રવૃત્તિ, મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ, વિદ્યાર્થીઓને સહાય જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ આ સમાજ દ્વારા ચલાવવામાં આવે છે કે જેમાં લાભ લેનારાઓની સંખ્યા અલગથી કરી શકાય અને એ આંકડો પણ સારા એવા પ્રમાણમાં થવા પામે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો વ્યાપ દિવસો-દિવસ વધતો રહેવા પામેલ છે કે જે આ સમાજની સાર્થકતા પૂરવાર કરે છે.

*– મુખ્ય તંત્રી*

| | | એપ્રિલ ૨૦૦૯ | મે ૨૦૦૯ | જૂન ૨૦૦૯ | જુલાઈ ૨૦૦૯ | ઓગસ્ટ ૨૦૦૯ | સપ્ટે. ૨૦૦૯ | ઓક્ટો. ૨૦૦૯ | નવેમ્બર ૨૦૦૯ | ડિસેમ્બર ૨૦૦૯ | જાન્યુ. ૨૦૧૦ | ફેબ્રુ. ૨૦૧૦ | માર્ચ ૨૦૧૦ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | | | | | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૩૩૧ | ૩૯૦ | ૩૯૮ | ૪૪૯ | ૨૫૯ | ૪૨૫ | ૩૨૬ | ૪૨૧ | ૪૩૯ | ૩૬૭ | ૩૧૧ | ૩૯૭ | ૪૫૧૩ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૧૨૫ | ૧૧૪ | ૧૧૬ | ૧૧૪ | ૫૫ | ૬૯ | ૬૪ | ૫૭ | ૮૫ | ૨૧ | ૨૦ | ૭૬ | ૯૧૬ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૧૪ | ૮ | ૯ | ૧૨ | ૧૦ | ૧૯ | ૧૪ | ૧૭ | ૨૨ | ૨૬ | ૨૧ | ૩૨ | ૨૦૪ |
| | (ખ) સોનોગ્રાફી | ૪૫૭ | ૪૪૯ | ૫૮૭ | ૫૬૦ | ૪૯૪ | ૫૧૭ | ૩૭૪ | ૪૬૦ | ૪૯૦ | ૪૨૬ | ૪૬૨ | ૫૬૩ | ૫૮૩૯ |
| | (ગ) ટી.એમ.ટી. | ૧૧ | ૧૧ | ૭ | ૧૨ | ૧૦ | ૧૫ | ૯ | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ | ૧૪૧ |
| | (ઘ) બોડી ચેક-અપ | ૨૫૧ | ૨૧૯ | ૨૬૨ | ૨૫૭ | ૧૯૭ | ૧૯૮ | ૧૬૭ | ૨૧૦ | ૨૪૭ | ૨૦૨ | ૨૪૫ | ૩૩૦ | ૨૭૮૫ |
| | (ઘ) અન્ય | ૭૧૬૦ | ૬૯૪૭ | ૭૮૮૯ | ૮૦૦૧ | ૭૨૭૪ | ૭૭૪૮ | ૬૩૦૫ | ૭૨૫૮ | ૭૭૩૮ | ૬૭૮૦ | ૭૪૦૮ | ૭૪૧૯ | ૮૭૯૨૭ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૩૪૯ | ૮૧૩૮ | ૯૨૬૮ | ૯૪૦૫ | ૮૨૯૯ | ૮૯૯૧ | ૭૨૫૯ | ૮૪૩૩ | ૯૦૩૩ | ૭૮૩૪ | ૮૪૭૯ | ૮૮૩૭ | ૧૦૨૩૨૫ |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (એ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૮૨૪ | ૨૨૫૭ | ૨૦૭૮ | ૧૮૯૩ | ૧૫૭૭ | ૨૦૩૮ | ૨૧૧૫ | ૨૧૮૫ | ૨૬૫૯ | ૨૦૯૦ | ૨૦૯૯ | ૧૯૨૬ | ૨૪૭૪૧ |
| | (બી) રૂમોનો ઓક્યુપન્સી રેશિયો | ૭૧.૧૯% | ૭૫.૪૮% | ૮૪.૬૫% | ૭૦.૯૦% | ૬૩.૩૨% | ૭૦.૯૦% | ૬૭.૯૩% | ૧૧૪.૯૯% | ૮૦.૧૯% | ૯૧.૫૬% | ૧૧૯.૦૩% | ૭૭.૧૧% | ૮૨.૨૭% |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૬૬૫ | ૧૦૧૬ | ૯૪૭ | ૮૯૬ | ૬૭૦ | ૯૮૫ | ૧૦૨૦ | ૯૦૦ | ૧૦૦૩ | ૮૫૯ | ૮૮૮ | ૮૨૧ | ૧૦૬૭૦ |
| | (અ) રૂમોનો ઓક્યુપન્સી રેશિયો | ૭૯.૨૫% | ૮૨.૮૭% | ૮૮.૧૫% | ૭૫.૮૪% | ૬૩.૩૧% | ૯૦.૭૭% | ૮૪.૦૧% | ૭૭.૦૦% | ૧૦૩.૧૭% | ૮૧.૫૭% | ૮૮.૬૩% | ૮૦.૫૪% | ૭૬.૯૩% |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૦૭ | ૬૧૩ | ૬૮૨ | ૫૭૩ | ૪૦૦ | ૭૦૫ | ૬૬૮ | ૫૯૫ | ૬૫૯ | ૬૨૩ | ૬૭૫ | ૬૦૯ | ૭૩૦૯ |
| | (બ) રૂમોનો ઓક્યુપન્સી રેશિયો | ૩૫.૨૮% | ૪૨.૩૯% | ૬૦.૨૨% | ૪૦.૫૪% | ૨૪.૬૦% | ૫૧.૦૮% | ૪૪.૬૪% | ૫૦.૧૩% | ૫૬.૭૦% | ૫૪.૩૯% | ૬૦.૬૪% | ૫૧.૫૯% | ૪૭.૬૮% |
| | **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૧૧૩૪૫** | **૧૨૦૨૪** | **૧૨૯૭૫** | **૧૨૭૬૭** | **૧૦૯૪૬** | **૧૨૭૧૯** | **૧૧૦૬૨** | **૧૨૧૧૩** | **૧૩૩૫૪** | **૧૧૪૦૬** | **૧૨૧૪૧** | **૧૨૧૯૩** | **૧૪૫૦૪૫** |

# આવો નિહાળીએ અવનવી પુસ્તકોની દુનિયા....

# નવભારત સાહિત્ય મંદિર

૨૦૨, પેલીકન હાઉસ, નટરાજ સિનેમા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૨૬૫૮૩૭૮૭, ૨૬૫૮૦૩૬૫ ● ફેક્સ : ૨૬૫૮૯૬૭૧

મહાવીર જૈન દેરાસર પાસે, પતાસાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૯૯૨૫૩ ફેક્સ : ૨૨૧૬૪૬૭૬

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|---|
| ૧. | મારાં સપનાનું ભારત | અબ્દુલ કલામ | ૩૦૦.૦૦ |
| ૨. | ચાલો ગોવા જોવા | તારક મહેતા | ૧૧૫.૦૦ |
| ૩. | બાવાનો બગીચો | તારક મહેતા | ૧૨૫.૦૦ |
| ૪. | ચંદ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ | ચંદ્રકાન્ત બક્ષી | ૧૧૫.૦૦ |
| ૫. | પેરેલિસિસ | ચંદ્રકાન્ત બક્ષી | ૭૫.૦૦ |
| ૬. | ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે | હર્ષદ પ્ર. શાહ | ૧૫૦.૦૦ |
| ૭. | કૃષ્ણાયન | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| ૮. | વાત, આપણાં સહુની | વર્ષા પાઠક | ૧૫૦.૦૦ |
| ૯. | વાચા | જ્યોતિ ઉનડકટ | ૨૨૫.૦૦ |
| ૧૦. | સફળતાનો મંત્ર | કિશોર મકવાણા | ૧૬૦.૦૦ |
| ૧૧. | ચિંતનની પળે | કૃષ્ણકાન્ત ઉનડકટ | ૧૫૦.૦૦ |
| ૧૨. | દીકરી વહાલનો દરિયો | સં. વિનોદ પંડ્યા/કાન્તિ પટેલ | ૨૪૦.૦૦ |
| ૧૩. | ગીતાંજલિ : રવીન્દ્રનાથ ટાગોર | અનુ. શૈલેષ પારેખ | ૨૦૦.૦૦ |
| ૧૪. | ધ મન : સરશ્રી | અનુ. અનિલ ચાવડા | ૧૫૦.૦૦ |
| ૧૫. | અલગારી રખડપટ્ટી | રસિક ઝવેરી | ૭૫.૦૦ |
| ૧૬. | તારક મહેતાના ઊંધા ચશ્માં | તારક મહેતા | ૧૧૦.૦૦ |
| ૧૭. | શૂન્યતાનો અનુભવ : સરશ્રી | અનુ. અનિલ ચાવડા | ૧૦૦.૦૦ |
| ૧૮. | સાગરપંખી | અનુ. મીરાં ભટ્ટ | ૩૫.૦૦ |
| ૧૯. | જસ્ટ એક મિનિટ | રાજુ અંધારિયા | ૧૨૫.૦૦ |
| ૨૦. | શ્રીમદ્ ભગવદ્ ગીતા પરમસુખની પ્રાપ્તિ | ડૉ. દીપક કાશીપુરિયા | ૩૦૦.૦૦ |
| ૨૧. | વ્હાલી આસ્થા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૨૫.૦૦ |
| ૨૨. | પ્રિત કિયે સુખ હોય | જય વસાવડા | ૨૫૦.૦૦ |
| ૨૩. | ધ બિલિયન ડોલર બુક | યોગેશ ચોલેરા | ૨૯૫.૦૦ |
| ૨૪. | પ્રિય જિંદગી | સૌરભ શાહ | ૧૫૦.૦૦ |
| ૨૫. | આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા | આદિત્ય વાસુ | ૧૨૫.૦૦ |
| ૨૬. | મોરારિબાપુની શિક્ષણસંહિતા | સં. રામેશ્વરદાસ હરિયાણી | ૨૦૦.૦૦ |
| ૨૭. | દીકરી નામે અવસર | તુષાર શુક્લ | ૨૦૦.૦૦ |
| ૨૮. | સુખી હોવું એટલે... | રાજુ અંધારિયા | ૭૦.૦૦ |
| ૨૯. | તમે... સફળતાના શિલ્પી | રાજુ અંધારિયા | ૧૨૫.૦૦ |
| ૩૦. | માનવ-મન અને ધ્યાન | દેવજીભાઈ રા. રાઠોડ | ૨૦૦.૦૦ |
| ૩૧. | મારું સત્ય | સં. અંકિત ત્રિવેદી/હર્ષ બ્રહ્મભટ્ટ | ૨૨૫.૦૦ |
| ૩૨. | પરમસમીપે | કુન્દનિકા કાપડિયા | ૧૦૦.૦૦ |
| ૩૩. | ઝરૂખે દીવા | કુન્દનિકા કાપડિયા | ૮૫.૦૦ |
| ૩૪. | પૂછીને થાય નહીં પ્રેમ | તુષાર શુક્લ | ૧૨૫.૦૦ |
| ૩૫. | અંત વેળાએ | કુન્દનિકા કાપડિયા | ૮૫.૦૦ |
| ૩૬. | લવ અને મૃત્યુ | ચંદ્રકાન્ત બક્ષી | ૧૦૦.૦૦ |
| ૩૭. | નવદંપતી | ઈશ્વર પેટલીકર | ૨૦૦.૦૦ |
| ૩૮. | પ્રિય તમને.... | જયવતી કાજી | ૧૫૦.૦૦ |
| ૩૯. | બિલિપત્ર | સુરેશ ભટ્ટ | ૩૫૦.૦૦ |
| ૪૦. | પુરભુને પત્ર | અંકિત ત્રિવેદી | ૧૨૫.૦૦ |

E-mail : info@navbharatonline.com Visit us at : www.navbharatonline.com

# શ્રી ભદ્રેશ્વર - વસઇ મહાતીર્થ – ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

– *અશોક મહેતા*



**શ્રી વસઇ જૈન તીર્થ – ભદ્રેશ્વર**
**પુનઃનિર્મિત જિનાલય વર્ષ ૨૦૧૦**

પર (બાવન)મા ભારતીય પ્રજાસત્તાક દિને એટલે કે તા. ૨૬-૧-૨૦૦૧ના દિવસે સવારમાં કચ્છની ધરતી ધણધણી ઊઠી. ફરી ગોઝારો ભૂકંપ આ પ્રદેશ પર ત્રાટક્યો અને તેણે સમગ્ર કચ્છને તહસ-નહસ કરી નાખ્યું. ભુજ, અંજાર, ગાંધીધામ, ભચાઉ સહિત અનેક શહેરો તથા ગામડાં આ ભૂકંપની ઝપટમાં આવી ગયા. શ્રી ભદ્રેશ્વર- વસઇ તીર્થ પણ આ ભૂકંપની અસરમાંથી બચી ના શક્યું. તેના ગંભારાને, દેરીઓને, રંગમંડપને, શિલ્પ કૃતિઓને કલ્પના બહાર નુકસાન પહોંચ્યું. સારુંય તીર્થ વેરણ-છેરણ દશામાં આવી ગયું.

ભૂકંપના આઘાતમાંથી બહાર આવ્યા બાદ ભદ્રેશ્વર તીર્થનું ટ્રસ્ટ મંડળ એકત્રિત થયું. તીર્થનો જીર્ણોદ્ધાર કઇ રીતે કરવો તેની વિચારણા ચાલી. અનેક નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા. તેમની સલાહ લેવામાં આવી. તીર્થનું ભૂમિ ઉપરનું સ્ટ્રક્ચર તો સંપૂર્ણ નુકસાન પામી ચૂકેલ હતું પરંતુ તેના પાયાનું શું? પાયા મજબૂત રહ્યા હશે કે નહીં? વર્ષો અગાઉ પાયામાંથી જીર્ણોદ્ધાર થયેલ હશે. એ ક્યારે થયેલ હશે તેની કોઇ વિગત તો પ્રાપ્ત ન હતી. કદાચ અત્યારે પાયામાંથી જીર્ણોદ્ધાર કરવામાં ન આવે અને માત્ર જમીન ઉપરના માળખાનું જીર્ણોદ્ધાર કરવામાં આવે અને હવે પછીના ધરતીકંપમાં આ પાયા ઝીંક ન જાલી શકે તો શું? નિષ્ણાતો અને ટ્રસ્ટ મંડળ બધાજ દ્વિધામાં હતા. છેવટે પાયામાંથી જ જીર્ણોદ્ધાર કરવો એવો નિર્ણય લેવામાં આવ્યો. આ એક ખૂબ જ મહત્ત્વનો, લાંબા ગાળાની અસર ઉપજાવે એવો અને વિશાળ નિર્ણય હતો. કદાચ ભૂતકાળમાં આટલા મોટા નિર્ણય લેવાની જરૂરત નહીં પડેલ હોય. ઠરેલ ચિત્તે લેવાયેલ આ નિર્ણય હતો. તે દરમ્યાન વર્ષ ૨૦૦૨ની શરૂઆત થઇ ચૂકેલ હતી.

- **જીર્ણોદ્ધાર :-**

સોમપુરા આર્કિટેક્ટની શોધખોળ ચાલી. જેમણે સોમનાથ મંદિરનું નિર્માણ કરેલ તેવા એ જમાનાના દિગ્ગજ પ્રભાશંકર સોમપુરાના પૌત્ર અને અમદાવાદ સ્થિત ચંદ્રકાંત ડી. સોમપુરા પર આ પસંદગી ઉતારવામાં આવી. અમદાવાદ સ્થિત એક અન્ય સોમપુરા કન્સ્ટ્રક્શન કંપની, સી.પી. ત્રિવેદીને કોન્ટ્રેક્ટનું કામ સુપરત કરવામાં આવ્યું. વર્ષ ૨૦૦૨માં જ ખનનવિધિ, શિલાન્યાસ વિધિ, વગેરે પ્રકારના માંગલિક કાર્યો સંપન્ન કરાવી આ કામની શરૂઆત કરાવી દેવામાં આવી.

ખંડિત મંદિરના કાટમાળને ખસેડી, પાયા ખોદવાની શરૂઆત કરવામાં આવી. જમીનમાં છેક ૧૪ ફૂટ નીચેથી પાયાની શરૂઆત કરાઇ. ખોદાણકામ દરમ્યાન પાયામાંથી ખંડિત દેરીઓ, ખંડિત મૂર્તિઓ તથા અન્ય અનેક અલભ્ય પૌરાણિક અવશેષો મળી આવ્યા કે જે સૂચન કરતા હતા કે અત્યારનો પાયો ૧૦૦૦-૧૨૦૦ વર્ષથી પણ અગાઉનો હશે. છેલ્લા કદાચ ૧૦૦૦-૧૨૦૦ વર્ષમાં પાયામાંથી જીર્ણોદ્ધાર નહીં કરવામાં આવેલ હોય. ટ્રસ્ટ મંડળે પાયા અંગે અગાઉ લીધેલ નિર્ણય યોગ્ય સાબિત થઇ રહેલ હતો.

*હું તો પ્રયત્નને જ પરમ સાફલ્ય માનું છું.*

કામ ધમધોકાર ગતિએ ચાલવા લાગ્યું. પાયામાં ૫૦,૦૦૦ ઘન ફૂટ બ્લેક સ્ટોનનો (કાળા પથ્થરનો) વપરાશ કરવામાં આવ્યો. ૪૦,૦૦૦ ઘન ફૂટ પ્લેઇન સિમેન્ટ કોંક્રિટનું કામ કરવામાં આવ્યું. દેરાસરની પ્લીન્થ જમીન લેવલથી ૧૧ ફૂટ ઊંચી રાખવામાં આવી. ઉપરના બાંધકામમાં ૧,૩૫,૦૦૦ ઘન ફૂટ બંસી પહારપુર પથ્થરનો વપરાશ થયો. આ પથ્થર રાજસ્થાનના ભરતપુર જિલ્લાના બ્યાના વિસ્તારમાંથી ખરીદ કરવામાં આવ્યો. બ્યાનાથી ટ્રકો ભરીને આ પથ્થર કોન્ટ્રાક્ટરના વર્કશોપ પર ઘડતર અને કાર્વિંગ કરવા મોકલવામાં આવતા. કાર્વિંગ થયા બાદ તેને ભદ્રેશ્વર લાવવામાં આવતા. ફાઇનલ કાર્વિંગ તથા ફિટિંગનું કામ ભદ્રેશ્વર તીર્થમાં કરવામાં આવ્યું.

પબાહત (પ્રભુજીની ગાદી) અને દરવાજાની બારસાખ માટે ૪૦૦૦ ઘન ફૂટ જેટલો અંબાજીનો માર્બલ વાપરવામાં આવ્યો. ફ્લોરિંગ તથા દીવાલ માટે ૧ ઇંચ જાડાઇનો મકરાણા માર્બલ અંદાજિત ૪૦,૦૦૦ ચો. ફૂટ વપરાયો.

સાથે સાથે સંકુલનું પણ પુનઃનિર્માણ કરવામાં આવ્યું કે જેમાં બે પ્રકારના અતિથિ ભવન, સંઘ ઉતારો, સાધ્વીજી મહારાજ માટેનો ઉપાશ્રય, ભોજનશાળા, ઓફિસ બિલ્ડિંગ વગેરે અન્ય બાંધકામો સહિત ટુટલ ૧,૨૫,૦૦૦ ચો. ફૂટ જેટલું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. અત્રે આપણે નોંધ એ લેવી જોઈએ કે આ પ્રકારના સંકુલના બાંધકામમાં તથા જિનાલયના બાંધકામમાં પણ, મારુ હોસ્પિટલ પરિવારના શ્રીમતી જયાબહેન વશનજી મારુનું યોગદાન સવિશેષ રહેવા પામેલ.

ઉપરોક્ત આંકડાઓ પરથી કામની વિશાળતાનો ખ્યાલ આવી શકશે. સામાન્ય રીતે જે કામને પૂર્ણ કરતાં ૩૦ થી ૩૫ વર્ષનો સમયગાળો લાગે એ કામ વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૧૦ એમ ૮ વર્ષ કરતા પણ ઓછા સમય દરમ્યાન પૂરું કરવામાં આવ્યું. એક સંગઠિત ટીમવર્કનું આ પરિણામ હતું.

કહેવાય છે કે કાર્વિંગ, સ્થાપત્ય, કલા-કારીગરી, શિલ્પ, વગેરેનું કામ એટલું ભવ્ય અને બેનમૂન બનાવવામાં આવેલ છે કે કદાચ પૌરાણિક દેરાસર કરતાં પણ ઉચ્ચ પ્રકારનું આ કામ સાબિત થઇ રહેશે.

પૌરાણિક મંદિરના ભગ્ન અવશેષો તથા ખોદકામ દરમ્યાન મળેલ ભગ્ન દેરીઓ, ખંડિત મૂર્તિઓ તથા અન્ય અનેક વસ્તુઓ ભવિષ્યમાં એક મ્યુઝિયમ બનાવી તેમાં સંગ્રહિત કરવાનો ટ્રસ્ટીશ્રીઓનો ઇરાદો હોય તેવું જાહેર કરવામાં આવેલ છે.

## ટ્રસ્ટ મંડળ

**શ્રી ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થનો વહીવટ શેઠ વર્ધમાન કલ્યાણજીની પેઢી સંભાળે છે. શેઠ વર્ધમાન કલ્યાજીની પેઢીના અત્યારના ટ્રસ્ટ મંડળની વિગત નીચે મુજબ છે.**


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પ્રવીણચંદ્ર સાકરચંદ શાહ | પ્રમુખ | (મુંબઇ-ભુજ) |
| ૨. | શ્રી કાંતિલાલ બાબુલાલ શાહ | મેનેજિંગ ટ્રસ્ટી | (ભુજ) |
| ૩. | શ્રી પદમશી લખમશી લાલકા | મેનેજિંગ ટ્રસ્ટી | (ગાંધીધામ-વારાપધર) |
| ૪. | શ્રી પ્રવીણ નારાણજી દંડ | મેનેજિંગ ટ્રસ્ટી | (ગાંધીધામ-તેરા) |
| ૫. | શ્રી અમરચંદ લીલાધર વોરા | ટ્રસ્ટી | (મુંબઇ-નારાયણપર-મંજલ) |
| ૬. | શ્રી બાબુલાલ પોપટલાલ પટવા | ટ્રસ્ટી | (માંડવી) |
| ૭. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ | ટ્રસ્ટી | (મુંબઇ-ગઢશીશા) |
| ૮. | શ્રી ચંદ્રકાંત દામજી | ટ્રસ્ટી | (મુંબઇ-મુન્દ્રા) |
| ૯. | શ્રી ધનજી લખમશી શાહ | ટ્રસ્ટી | (હૈદરાબાદ-નવાવાસ-દુર્ગાપુર) |
| ૧૦. | શ્રી ધીરજલાલ દામજી શાહ | ટ્રસ્ટી | (મુંબઇ-નવાવાસ) |
| ૧૧. | શ્રી નેણશી લખમશી શાહ | ટ્રસ્ટી | (મુંબઇ-ભુજપુર) |
| ૧૨. | શ્રી નરેશ દોલતલાલ શાહ | ટ્રસ્ટી | (માંડવી) |
| ૧૩. | શ્રી સુબોધચંદ્ર પીતાંબર શાહ | ટ્રસ્ટી | (અંજાર-માંડવી) |
| ૧૪. | શ્રી ઠાકરશી મેઘજી શેઠિયા | ટ્રસ્ટી | (મુંબઇ-ભુજપુર) |
| ૧૫. | શ્રી ખીમજી રતનશી દેઢિયા | કો.ઓપ્ટ ટ્રસ્ટી | (નાની ખાખર) |
| ૧૬. | શ્રી શાંતિલાલ લાલજીભાઇ | કો.ઓપ્ટ ટ્રસ્ટી | (ભુજ-અંગિયા) |
| ૧૭. | શ્રી કમલનયન અમૃતલાલ મહેતા | કો.ઓપ્ટ ટ્રસ્ટી | (ભુજ-ભચાઉ) |
| ૧૮. | શ્રી ડુંગરશી માડણ ગડા | કો.ઓપ્ટ ટ્રસ્ટી | (મુંબઇ-થોરીયાર) |


*પ્રતિભા મહાન કાર્યોનો પ્રારંભ કરે છે પણ એને પૂરાં તો પરિશ્રમ જ કરે છે.*

આ ભગીરથ કાર્ય પાછળ સમગ્ર ટ્રસ્ટ મંડળ એક અવાજે ઊભું રહેલ અને દરેકે પોતાના ભાગે આવતી જવાબદારી સહર્ષપૂર્વક પાર પાડી. **તેમ છતાં આ ભવ્ય નિર્માણ કાર્ય પાછળ ખરેખર યશસ્વીતાના અધિકારી જો કોઇ હોય તો તે આ તીર્થના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કાંતીભાઇ ઘીવાલા અને તેમની સાથે સાથે પ્રમુખશ્રી ડો. પ્રવીણભાઇ સાકરચંદ તથા ટ્રસ્ટીશ્રી સુબોધચંદ્ર પીતાંબર શાહને ગણી શકાય.**

(અગાઉ ભુજના સાકરચંદ પાનચંદ નગરશેઠ આ તીર્થના પ્રમુખ સ્થાને બિરાજમાન હતા. તેમના અવસાન બાદ તેમના સુપુત્ર ખુશાલ સાકરચંદ નગરશેઠ સતત ૩૨ વર્ષ લગી અને શ્રી ખુશાલભાઈના અવસાન બાદ તેમના લઘુબંધુ ડૉ. પ્રવીણ સાકરચંદ નગરશેઠ છેલ્લા ૧૨ વર્ષથી પ્રમુખપદે બિરાજી સમગ્ર તીર્થના વહીવટની જવાબદારી સંભાળે છે.)

આ હકીકત રજૂ થઈ ૪,૫૯,૧૦૦ ચોરસ ફૂટના સમગ્ર વિસ્તારમાં પથરાયેલ ભદ્રેશ્વર તીર્થ સંકુલના માત્ર દેરાસરના પુનઃ નિર્માણની વાત. હવે તેની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠાની વાતો પર આવીએ.

- **પ્રતિષ્ઠા મહોત્સવ :**

છેલ્લા ૨૫૦૦ વર્ષના ભદ્રેશ્વર તીર્થના ઈતિહાસમાં ૧૬મો જીર્ણોદ્ધાર અથવા વિશાળ કહી શકાય એવા ૧૦મા જીર્ણોદ્ધાર બાદ તેનો ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવનાર છે. આ મહોત્સવ **તા. ૨૪-૫-૨૦૧૦થી તા. ૩-૬-૨૦૧૦ સુધી** ચાલનાર છે. તા. ૨૪-૫-૨૦૧૦ના ઉત્સવની શરૂઆત કરવામાં આવશે. એ દિવસે જવારારોપણ, કુંભ સ્થાપન તથા અખંડ દીપક સ્થાપન કરવામાં આવશે. એજ રીતે પછીના દિવસોમાં મહોત્સવના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમો ઉજવવામાં આવનાર છે. તા. ૧-૬-૨૦૧૦ના પ્રભુશ્રીની નવી ૧૭ પ્રતિમાજીઓ તથા ખંડિત થયેલ મૂર્તિની જગ્યાએ અન્ય બે નવી પ્રતિમાજીઓ, એમ કુલે ૧૯ નવી પ્રતિમાજીઓમાં અંજનશલાકા વિધિ દ્વારા આચાર્ય ભગવંતશ્રીઓ તેમાં પ્રાણ પૂરશે. તા. ૨-૬-૨૦૧૦ના પ્રભુશ્રીની પ્રતિમાજીઓને તેમના સ્થાને બેસાડી પ્રતિષ્ઠા કરાવવામાં આવશે. તા. ૩-૬-૨૦૧૦ ના દ્વારોદ્‌ઘાટન કરી, જિનાલયમાં પ્રવેશ કરી, પ્રભુજીના દર્શન કરવામાં આવશે.

મૂળનાયક મહાવીર સ્વામીની પ્રતિષ્ઠાનો લાભ **મેરાઉ નિવાસી ચાંપશી પદમશી પરિવારે તથા નવાવાસ નિવાસી ટોકરશી શિવજી સાવલા પરિવારે** લીધેલ છે.

જૂના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો લાભ **મનફરા દેરાવાસી જૈન સંઘે** લીધેલ છે. દ્વારોદ્‌ઘાટનનો લાભ, પ્રતિષ્ઠા સમયે બોલી બોલાવી સહુથી ઊંચી બોલી બોલનાર ભાગ્યશાળીને આપવામાં આવશે.

આ પ્રસંગે તપાગચ્છના **આચાર્યશ્રી વિજય કલાપ્રભુસૂરીશ્વરજી મહારાજ** તથા અચલગચ્છના **આચાર્યશ્રી ગુણોદયસાગરશ્રી મહારાજ** તથા **આચાર્યશ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજ** ઉપસ્થિત રહેશે અને દરેક ક્રિયા તેઓશ્રીની નિશ્રામાં પૂરી કરવામાં આવશે.

તપાગચ્છ, અચલગચ્છ, ખરતરગચ્છ તથા સ્થાનકવાસી સંપ્રદાય સહિતના અંદાજિત ૧૦૦ સાધુ મહારાજ તથા અંદાજિત ૪૦૦ સાધ્વીજી મહારાજ સમગ્ર પ્રતિષ્ઠા સમય દરમ્યાન ઉપસ્થિત રહેશે તેવો અંદાજ રાખવામાં આવેલ છે.

જેઓશ્રીએ બોંતેર જિનાલયનું નિર્માણકાર્ય અને તેનો પ્રતિષ્ઠા મહોત્સવ યશસ્વીતાપૂર્વક પરિપૂર્ણ કરેલ, તેવા જૈન શ્રેષ્ઠી શ્રી રવિલાલભાઈ ઠાકરશી સંઘોઈ (મુંબઈ - પુનડી)એ પ્રતિષ્ઠા કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સ્વીકારેલ છે. મહોત્સવ સમિતિના શ્રી રવિભાઇ સંઘોઇ સહિતની ૧૩ વ્યક્તિઓને આ ભવ્ય જવાબદારી સુપરત કરવામાં આવેલ છે. ટ્રસ્ટમંડળના ૧૮ મહાનુભાવો, ભોજનશાળાના ૧૮ મહાનુભાવો અને મહોત્સવ સમિતિના ૧૩ મહાનુભાવો સહિતની ૪૯ મહાનુભાવોની આ ટીમ સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન તીર્થ સંકુલમાં જ ઉપસ્થિત રહી આ મહોત્સવ સુખપૂર્વક સંપન્ન થાય તેવા સંપૂર્ણ પ્રયાસ કરશે. ૨૦૦ જેટલા વૉલંટિયર્સની પણ કાર્યક્રમના સળંગ ૧૦ દિવસ સુધી સેવા લેવામાં આવશે.

મહોત્સવના ૧૦ દિવસ દરમ્યાન ૧.૦૦થી ૧.૨૫ લાખ ભાવિકો આ તીર્થની મુલાકાત લેશે તેવો અંદાજ રાખવામાં આવેલ છે. પ્રતિષ્ઠાના દિવસે ૧૫૦૦૦થી ૨૦૦૦૦ શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે તેવો અંદાજ કરવામાં આવેલ છે.

કિચન સહિત ભોજનકક્ષ માટે ૬૦,૦૦૦ ચોરસ ફૂટનો મંડપ બાંધવામાં આવશે. વિધિવિધાન માટે ૪૫૦૦૦ ચો. ફૂટનો મંડપ તૈયાર કરવામાં આવશે. સાધુ-સાધ્વીજી મહરાજના નિવાસ માટે ૯૦૦ ચોરસ ફૂટના ૧૦ મંડપ તથા ૬૦૦ ચોરસ ફૂટના ૨૯ મંડપ તૈયાર કરવામાં આવશે.

સંકુલના ૧૫૦ રૂમોમાં ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકરશ્રીઓ, વિધિ-વિધાન કરનારાઓ, ગવૈયાઓ, કલાકારો વગેરેના રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. બહારગામથી ઉપસ્થિત રહેનાર જાત્રાળુઓ માટે (જેમણે અગાઉથી જણાવેલ હોય તેઓ માટે) માંડવીથી ભચાઉ સુધીના ગામોની સેનેટોરિયમ અત્યારથી જ બુક કરાવી લેવામાં આવેલ છે. આ પ્રસંગે આવવા-જવા ભદ્રેશ્વર સંઘ તરફથી ૨૪ બસ તથા ટેમ્પો ટ્રેક્સ તેમજ અનેક ગાડીઓની ગોઠવણ કરવામાં આવેલ છે. દરેક ગામના સંઘો પણ પોતાની રીતે આવવા-જવા વાહનની વ્યવસ્થા કરી લે કે જેનો ખર્ચ ભદ્રેશ્વર તીર્થ પૂરો પાડશે, તેવું ગામના સંઘોને તીર્થ તરફથી જણાવી દેવામાં આવેલ છે.

*સફળતાની વાતો કરવા કરતાં કામ કરીને નિષ્ફળ જવું લાખ દરજ્જે સારું છે.*

અંદાજિત રૂા. ૧૫ કરોડના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવેલ ભદ્રેશ્વર તીર્થનો પ્રતિષ્ઠા મહોત્સવ અતિ ભવ્ય રીતે ઊજવાય તેવી સંપૂર્ણ તૈયારી કરી દેવામાં આવેલ છે.

ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થમાં જીર્ણોદ્ધાર પછીની પ્રતિષ્ઠાનો આ પ્રથમ પ્રસંગ નથી. તેના ૨૫૦૦થી વધુ વર્ષના સમયકાળ દરમ્યાન ૯ મોટા જીર્ણોદ્ધારો સહિત અત્યાર સુધી ૧૫ જીર્ણોદ્ધારો કરવામાં આવેલ છે. હાલના જીર્ણોદ્ધારને ૧૦મો મોટો જીર્ણોદ્ધાર અથવા સંયુક્તપણે બધા મળીને ૧૬મો જીર્ણોદ્ધાર કહેવામાં આવે છે.

- **ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થના ભૂતકાળ તરફ દૃષ્ટિપાત :**

આજના મુંદ્રા તાલુકાનું ભદ્રેશ્વર ગામ, એ વખતે ભદ્રાવતી નગરી તરીકે વિખ્યાત હતું. તેનો ઇતિહાસ પુરાણ કાળ સુધીનો છે. એક વાયકા પ્રમાણે મહાભારતમાં વર્ણવેલી યુવાનાશ્વ રાજાની ભદ્રાવતી નગરી એજ આ ભદ્રાવતી. એવું કહેવાય છે કે પાંડવોએ અશ્વમેઘ યજ્ઞનો ઘોડો અહીંજ બાંધ્યો હતો. પાંચેક હજાર વર્ષ પૂર્વેનો આ ઇતિહાસ ગણી શકાય.

આ નગરી પર આજ દિવસ સુધીમાં ચડતી-પડતીના અનેક ચક્રો ફરી વળ્યા છે. અનેક રાજપલટા અને રંગપલટા એણે જોઇ લીધા છે. અહીં અનેક રાજવીઓ રાજ કરી ગયા છે. જય-પરાજયના વિવિધ રંગો વડે રંગાયેલી આ નગરીના દર્શન કરતાં જ એની પુરાતન ભવ્યતાનો આજે પણ ખ્યાલ આવી જાય છે.

ભદ્રેશ્વર-ભદ્રાવતી નગરી, ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થ અને દાનવીર જગડુશા આજે એક-મેક સાથે એવા જોડાઇ ગયા છે કે એકની વાત કરો એટલે અનાયાસે બીજાની વાત આવી જ જાય. આ ત્રણેય એક બીજાના પર્યાય બની રહેલ છે.

ભદ્રાવતી નગરી, એ દરિયા કિનારે આવેલું ધીકતું બંદર હતું. દેશ-પરદેશ સાથે અહીંથી દરિયાવાટે મોટા વ્યાપાર ચાલતા. એ સમયે આ નગર વ્યાપારનું મોટું બંદર બની રહેલ હતું. દાનવીર જગડુશા, વિજય શેઠ અને વિજયા શેઠાણી, શ્રી વર્ધમાન શાહ અને શ્રી પદ્મસિંહ શાહ વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ અને નામાંકિત વેપારીઓએ અહીં રહી પરદેશ સાથે મોટા વેપાર ખેડ્યા હતા.

૨૫૦૦ વર્ષ પહેલાં ભદ્રાવતી નગરીમાં હરિવંશના રાજા સિદ્ધસેન રાજ્ય કરતા હતા. તેમની સહાનુભૂતિથી એ સમયે દેવચંદ નામના શ્રેષ્ઠીએ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨મા વર્ષે ભૂમિસંશોધન કરી, આ તીર્થનું શિલારોપણ કર્યું. શ્રી મહાવીરના નિર્વાણ પછી ૪૫મા વર્ષે પરમ પૂજ્ય મુનિ કપિલ કેવલીના સાનિધ્યમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાની અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી. ભદ્રાવતી નગરીના અનન્ય બ્રહ્મચારી દંપતી વિજયા શેઠ અને વિજયા શેઠાણીએ આ તીર્થ સ્થળેજ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ હતી.

મહાવીર નિર્વાણ સંવત પછી ૪૭૦ વર્ષે વિક્રમ સંવતની અને ૫૨૬ વર્ષ પછી ઇ.સ.ની શરૂઆત થતી હોવાથી એમ કહી શકાય કે વિક્રમ સંવત પૂર્વે ૪૪૮ વર્ષે તીર્થનું શિલારોપણ થયું અને વિક્રમ સંવત પૂર્વે ૪૨૫ વર્ષે આ તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી. એજ રીતે ઇ.સ.ની ભાષામાં વાત કરીએ તો ઇ.સ. પૂર્વે ૫૦૪ વર્ષે આ તીર્થની શિલારોપણ વિધિ કરવામાં આવી અને ઇ.સ. પૂર્વે ૪૮૧ વર્ષે આ તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી. અન્ય રીતે વાત કરીએ તો આજથી ૨૫૧૪ વર્ષ અગાઉ આ તીર્થની શિલારોપણ વિધિ કરવામાં આવી અને ૨૪૯૧ વર્ષ અગાઉ આ તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી.

કચ્છના અખાતના કિનારે આવેલું ભદ્રેશ્વર ગામ, ભદ્રાવતી નગર અને બંદર તરીકે પ્રાચીન સમયમાં, આજથી ૪૦૦-૪૫૦ વર્ષ અગાઉ સુધી, ખૂબ સમૃદ્ધિશાળી અને ધીકતા વેપાર અને આયાત-નિકાસનું બંદર હતું. ધરતીના પેટાળમાં ફેરફાર થતાં, એ સાગર કિનારો દૂર જતો રહ્યો. મોટી હોડી કે નાના વહાણને પણ આવવા અને લાંગરવાની ભાગ્યે જ સગવડ આપી શકે તેવું આ બંદર છીછરું અને નબળું બની ગયું. વેપાર ધંધા પડી ભાંગ્યા. નગરની સ્થિતિ વેરાન અને બિસમાર બની ગઇ. પરિણામ સ્વરૂપે ભદ્રેશ્વર બંદર અને નગરીની જાહોજલાલી કેવળ ભૂતકાળની વાતો બની ગઇ.

ભદ્રેશ્વર-વસઇ તીર્થે ચડતી-પડતીના અનેક યુગોનો અનુભવ કર્યો હતો અને સમયે સમયે કાળના ગોઝારા પંજામાંથી નામશેષ થતાં બચી જઇને ફરી પાછી પ્રભાવશાળી તીર્થનગરી બનતી રહેલ હતી. તડકા-છાયાના અનેક તબક્કા આ તીર્થભૂમિ પર આવી ગયા; પણ એકંદરે એ બધા તબક્કાને પાર કરી, આજે પણ તેણે પોતાનું અસ્તિત્વ જાળવી રાખેલ છે. આ સ્થળેથી સાગર કિનારો અત્યારે ત્રણેક માઇલ દૂર ધકેલાઇ ગયેલ છે.

વિક્રમની તેરમી સદીના અંત ભાગમાં અને ચૌદમી સદીની પહેલી પચ્ચીસીમાં શ્રીમાલ વંશના શ્રેષ્ઠી શ્રી જગડુશા ભદ્રેશ્વર-ભદ્રાવતી નગરીમાં થઇ ગયાં. જગડુશાના પિતા પોતાના મૂળ વતન કંથકોટમાંથી ભદ્રેશ્વર આવીને વસેલ હતા. એ સમયે ભદ્રેશ્વર એક ધીકતું બંદર હતું અને જગડુશાએ દરિયાપારનો વેપાર ખેડીને અઢળક નાણું કમાયેલું હતું. વિક્રમ સંવત ૧૩૧૩-૧૪-૧૫માં સમગ્ર ભારતમાં દુષ્કાળ પડતાં જગડુશાએ પોતાના અન્નભંડારો જાહેર જનતા માટે ખુલ્લા મૂકી દીધેલ હતા અને દુષ્કાળના પંજામાંથી જનતાને બચાવવા શક્ય પ્રયાસો કરેલ હતા. તેઓએ વિક્રમ સંવત ૧૩૧૫ (અન્ય મત પ્રમાણે વિ.સં. ૧૩૨૩) માં તીર્થનો મોટો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. તેમનો જન્મ વિ.સ. ૧૨૮૨ ની આસપાસ અને અવસાન વિ.સ. ૧૩૩૧ અગાઉ થયેલ હતું.

*માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં તેનું કાર્ય પોતે જ બોલી ઊઠે એમાં જ સિદ્ધિના દર્શન થાય છે.*

શ્રી વર્ધમાન શાહ અને શ્રી પદ્મસિંહ શાહની બંધુ બેલડીનું મૂળ વતન કચ્છના અબડાસા તાલુકાના સુથરી તીર્થ પાસે આવેલ આરીખાણા ગામ હતું. તેઓએ આરીખાણાથી ભદ્રેશ્વર આવીને વસવાટ કરેલ હતો અને દરિયા માર્ગે વેપાર ખેડીને અઢળક નાણું કમાયેલ હતું. વિ.સં. ૧૬૮૨માં તેઓએ ભદ્રાવતીના પ્રાચીન જિનાલયમાં દોઢ લાખ કોરી ખર્ચી જીર્ણોદ્ધાર કરાવેલ હતો. વર્ધમાન શાહનો સમય વિ.સં. ૧૬૦૬ થી ૧૬૮૮નો અને પદ્મસિંહ શાહનો સમય ૧૬૧૭થી ૧૬૯૪ સુધીનો રહેલ હતો. આ સમયે એટલે કે આજથી ૪૦૦ વર્ષ અગાઉ ભદ્રાવતી નગરી ઉન્નતિના શિખરે બિરાજેલ હતી.

આ દેરાસરનો છેલ્લો જીર્ણોદ્ધાર વિક્રમ સંવત ૧૯૩૯ (ઇ.સ. ૧૮૮૩)માં થયેલ હતો. એ કાર્ય વિ.સં. ૧૯૩૪થી ૧૯૩૯ દરમ્યાન ચાલેલ હતું. માંડવી નિવાસી સ્વ. શેઠશ્રી મોણશી તેજશીના ધર્મપત્ની શ્રીમતી મીઠીબાઇએ એ સમયે આપેલ પચાસ હજાર કોરીથી આ નવમો મોટો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ હતો.

કચ્છ એક એવું સ્થળ છે કે જે વર્ષોથી કાળની થપ્પડ ઝીલતું આવેલ છે. કચ્છ પર મહામારી (પ્લેગ અને કોલેરા જેવા રોગો), દુષ્કાળ, ધરતીકંપ, વાવાઝોડા, જળપ્રલય, જેવી અનેક કુદરતી આપત્તિઓ અવાર-નવાર ત્રાટકતી રહે છે અને કચ્છ તે ઝીલીને તેની સામે અડીખમ ઊભું રહી શકેલ છે.

એજ રીતે ભદ્રેશ્વર-ભદ્રાવતી નગરી તથા ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થ પર તેના ઉદ્‌ગમ કાળથી અનેક કુદરત સર્જિત તથા માનવ સર્જિત આપત્તિઓ આવી ગઇ. દરેક સમયે ચડતી-પડતી થતી રહી અને ત્યારબાદ આજે પણ આ તીર્થ અડીખમ ઊભું છે. આ નગરી તથા તીર્થ પર તેના ઉદ્‌ગમ કાળથી ઇતિહાસના લાંબા સમય દરમ્યાન આવેલ આપત્તિઓમાંની કેટલીકની વિગતો અત્રે ટૂંકમાં રજૂ કરેલ છે.

૧. વિ.સં. ૭૪૧ પહેલાં કચ્છમાં યવનધર્મનો પ્રવેશ થઇ ગયેલ હતો. આ પ્રસારને અટકાવવા અજપાળે વિ.સં. ૭૪૧માં પોતાનું બલિદાન આપેલ હતું.

૨. ભૂવડ ચાવડાએ વિ.સં. ૭૭૪-૯૯૦ વચ્ચે ભદ્રેશ્વર પર ચડાઇ કરેલ હતી. ત્યારબાદ ભદ્રેશ્વરથી ૬ માઇલ દૂર ભૂવડ નામનું ગામ વસાવવામાં આવેલ હતું.

૩. વિ.સં. ૧૦૦૬માં કચ્છમાં મહા ધરતીકંપ થયેલ કે જેણે ઘણું જ નુકસાન પહોંચાડેલ હતું.

૪. વિ.સં. ૧૨૯૯માં વિસલદેવ ગુજરાતના સિંહાસને બિરાજમાન થયેલ. એ સમયે ભદ્રેશ્વર ગુજરાતની આણ નીચે હતું. આ અરસામાં પારકરના રાજા પીઠદેવે ભદ્રેશ્વર પર ચડાઇ કરીને એનો કિલ્લો તોડી પાડેલ હતો. જગડુશાહે એ કિલ્લો ફરી ચણાવ્યો. પીઠદેવ એ કિલ્લો તોડવા ફરી ચડી આવ્યો. બંને સમયે કિલ્લાને તથા તીર્થને નુકસાની પહોંચી.

૫. પઢિયાર રજપૂતોની હકૂમત જતાં ભદ્રેશ્વરની ઉન્નતિ-સમૃદ્ધિ પણ ઘટવા લાગ્યા. ધરતીકંપથી થયેલ ફેરફારો અને ઉપરાઉપરી પડેલ દુષ્કાળોના કારણે સમૃદ્ધિશાળી શહેર દિન-પ્રતિદિન પતન તરફ ઘસડાવા લાગ્યું.

૬. વિક્રમની ૧૧મી કે ૧૨મી સદીમાં એવા મોટા કુદરતી ફેરફાર થયા કે એને લીધે જળ-થળમાં જબરા બદલાવ આવ્યા.

૭. જગડુશાના સમયમાં વિ.સં. ૧૩૧૩-૧૪-૧૫ એમ ત્રણ વર્ષ સમગ્ર ભારત કે ગુજરાતમાં દુષ્કાળ પડ્યો. ભદ્રેશ્વર આ કોપથી બાકાત ના રહી શક્યું.

૮. જગડુશા પછી આ તીર્થનું પતન થયું. તીર્થ પર બાવાઓનું વર્ચસ્વ જામ્યું. તેઓ મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ઉઠાવી ગયા અને તીર્થ વેરવિખેર બની ગયું.

૯. વિ.સં. ૧૫૯૨માં જામ રાવલે ભદ્રેશ્વર સર કર્યું. પછીથી આચાર્યશ્રીની સમજાવટથી પરત આપ્યું અને ૧૨ ગામ તેના નિભાવ માટે ભેટ પણ આપ્યા.

૧૦. વિ.સં. ૧૬૩૫માં કચ્છમાં વ્યાપક દુષ્કાળ પડ્યો. તેની અસર આ તીર્થ પર થઈ.

૧૧. વિ.સં. ૧૬૫૨માં ડુંગરજીએ લડાઇ કરીને ભદ્રેશ્વર પડાવી લીધું. પાછળથી જૈન મુનિશ્રીની સમજાવટથી તેણે તીર્થ પરનો કબજો છોડી દીધો. આ સમય દરમ્યાન અને ત્યારબાદ તીર્થની સારસંભાળ ઉપેક્ષિત થઇ અને તીર્થ વેરાન થતું ગયું.

૧૨. વિ.સં. ૧૬૮૭માં ભયંકર દુષ્કાળ પડ્યો. ત્યારબાદ બે વર્ષ પછી વિ.સં. ૧૬૮૯માં મરકી-કોલેરાનો રોગ ફાટી નીકળ્યો તેમજ જળપ્રલયના ઉપદ્રવનું ભોગ આ શહેર બન્યું. તેના કારણે ભદ્રેશ્વર તીર્થ વેરાન થતું ગયું.

૧૩. વિ.સં. ૧૭૪૯ (ઇ.સ. ૧૬૯૩)માં મહોસમ બેગની આગેવાની નીચે મુસ્લિમોએ ભદ્રેશ્વર પર હલ્લો કરીને લૂંટ ચલાવેલ અને તીર્થંકરોની મૂર્તિઓને ખંડિત કરેલ હતી.

૧૪. વિ.સં. ૧૮૧૯માં ભદ્રેશ્વરનો કિલ્લો જમીનદોસ્ત થયેલ હતો.

૧૫. વિ.સં. ૧૮૩૧માં સિંધના સરફરાજે કચ્છ પર ચડાઇ કરેલ હતી. ભદ્રેશ્વરને પણ અતિ નુકસાન પહોંચાડવામાં આવેલ હતું.

*વધારે પડતા કાર્યનો બોજો નહિ, પણ અનિયમિતતા માણસને મારી નાખે છે.*

૧૬. વિ.સં. ૧૮૩૯માં વ્યાપક દુષ્કાળ પડેલ હતો. તેની અસર તીર્થ પર પણ પડેલ હતી.

૧૭. વિ.સં. ૧૮૩૧ તથા ૧૮૬૬માં ભદ્રેશ્વરના કિલ્લાની મોટી શિલાઓ મુન્દ્રા બંદરના બાંધકામ માટે તથા અન્ય મકાનોના બાંધકામ માટે લઇ જવાયેલ હતી. દેરીઓ તોડીને પણ તેની શિલાઓ લઇ જવાયેલ હતી. (મુંદ્રા વિ.સં. ૧૮૩૬માં વસ્યું હતું.)

૧૮. વિ.સં. ૧૮૬૮માં કચ્છ પ્લેગના મહારોગમાં ઝડપાઇ ગયેલ હતું અને તેની અસર કચ્છના અડધા ભાગની પ્રજા પર પડેલ હતી.

૧૯. વિ.સં. ૧૮૬૯માં કચ્છમાં વ્યાપક દુષ્કાળ પડેલ હતો. તેની અસર ભદ્રેશ્વર તીર્થ પર અને ત્યાં આવતા યાત્રાળુઓ પર પડેલ હતી.

૨૦. વિ.સં. ૧૮૭૫ (ઇ.સ. ૧૮૧૯)માં આખા કચ્છ પર તારાજી વેરતો ધરતીકંપ થયેલ હતો. તેનાથી તીર્થને વ્યાપક નુકસાન પહોંચેલ હતું. કેપ્ટન મેકમર્ડો અને પાછળથી સર ચાર્લ્સ વોલ્ટર વગેરે અંગ્રેજોની ભલી લાગણીથી તીર્થનું સમારકામ અને રક્ષણ થઇ શકેલ હતું.

૨૧. વિક્રમની ૧૯મી સદીના છેલ્લા દસકા અને ૨૦મી સદીના પહેલા દસકાના અરસામાં કેટલાક વર્ષ માટે ભદ્રેશ્વર ગામના ઠાકોરે આ તીર્થ પર કબજો કરી લીધેલ હતો અને તીર્થ વેરણ છેરણ થઇ ગયેલ હતું. પાછળથી યતિશ્રી ખાંતિવિજયજીએ કચ્છના મહારાઓશ્રી દેશળજી બાવા બીજાની, જૈન સંઘના અગ્રણીઓની તથા માંડવીના ધર્માનુરાગી મીઠીબહેનની સહાયથી તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર કરાવેલ હતો.

ઉપરોક્ત દૃષ્ટાંતો દ્વારા આપણે જોઇ શક્યા કે તીર્થની સ્થાપનાકાળથી જ સમયે સમયે તેના પર કુદરત કે માનવસર્જિત આપત્તિઓ આવતી જ ગઇ અને ભદ્રેશ્વર તીર્થ એ વિપત્તિઓનો ભોગ બનતું રહ્યું. પરંતુ સાથે દરેક સમયકાળમાં, ભદ્રેશ્વર તીર્થ પરની અસીમ શ્રદ્ધાના કારણે, ધર્માનુરાગી ભાઇઓ દ્વારા તીર્થનો જીર્ણોદ્ધાર થતો રહ્યો અને તેના પરિણામ સ્વરૂપે આજે આપણે આ તીર્થને ફરી ઝળહળાટ કરતું નીરખી રહેલ છીએ. એ વિવિધ સમયોની સહાય અને જીર્ણોદ્ધારની વિગત નીચે મુજબ નોંધી શકાય.

૧. સંપ્રતિ રાજાએ વીરનિર્વાણ સંવત ૨૨૩માં તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. સંપ્રતિ રાજા મૌર્ય સમ્રાટ અશોકના પુત્ર કૃણાલનો પુત્ર હતો. તેના ભાગે પશ્ચિમ ભારતનું રાજ આવેલ હતું. (પ્રથમ મોટો જીર્ણોદ્ધાર)

૨. આ તીર્થનો બીજો જીર્ણોદ્ધાર કાલિકાચાર્યના બે ભાણેજ-બલમિત્ર/ભાનુમિત્ર-માંથી કોઇ એક ભાણેજે કરાવેલ હતો. (બીજો મોટો જીર્ણોદ્ધાર)

૩. રાજા સંપ્રતિના સમકાલીન રાજા ભોજની ગાદીએ એના ભાઇનો પુત્ર વનરાજ બેઠો હતો. તેણે આ મંદિરનું સમારકામ કરાવી જીર્ણોદ્ધાર કરાવેલ હતો.

૪. પાટણપતિ વનરાજ ચાવડાના પૂર્વજ ચાવડા રાજાએ વિ.સં. ૬૨૧માં આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. (ત્રીજો મોટો જીર્ણોદ્ધાર)

૫. પ્રાચીન શિલાલેખ દ્વારા એ માહિતી મળેલ છે અને સાબિત થાય છે કે શ્રીમાલીઓએ પણ આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો.

૬. ઇતિહાસની અલગ અલગ નોંધો દ્વારા અને શિલાલેખની નોંધ દ્વારા જણાયેલ છે કે મહારાજા કુમારપાળે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો.

૭. વિ.સં. ૧૨૦૮માં શ્રી જગતચંદ્રસૂરિજી મહારાજના ઉપદેશથી ભદ્રેશ્વર તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયેલ હતો. કદાચ આ જીર્ણોદ્ધારનો સમય વિ.સં. ૧૩ના સૈકાનો ઉત્તરાર્ધ હોઇ શકે. ભદ્રેશ્વર તીર્થનો આ ચોથો મોટો જીર્ણોદ્ધાર ગણવામાં આવે છે. (ચોથો મોટો જીર્ણોદ્ધાર)

૮. જૂનાગઢ-વંથલીના મહારાજ વીરધવલના જૈન મંત્રીઓ-ખ્યાતનામ વસ્તુપાલ અને તેજપાલ- દ્વારા વિ.સં. ૧૨૮૮ માં આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ હતો. (પાંચમો મોટો જીર્ણોદ્ધાર)

૯. વિ.સં. ૧૩૧૫ (અન્ય મત પ્રમાણે વિ.સં. ૧૩૨૩)માં દાનવીર જગડુશાએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. તેણે પોતાની પુત્રી પ્રીતિમતિના કલ્યાણ માટે આરસપહાણની ત્રણ દેરીઓ તથા સુંદર અષ્ટાપદ કરાવેલ હતા. પોતાના ભાઇની પુત્રી હાંસબાઇના કલ્યાણ માટે ૧૭૦ જિનેશ્વરોની આરસપહાણની મોટી મૂર્તિઓ કરાવેલ હતી તેમજ ત્રિખંડા પાર્શ્વનાથની મૂર્તિ પર સોનાનું પતરું બનાવેલ હતું. (છઠ્ઠો મોટો જીર્ણોદ્ધાર)

૧૦. વાઘેલા સારંગદેવે ભદ્રેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૩૩૫ માં કરાવેલ હતો.

૧૧. વિ.સં. ૧૫૯૬માં જામ રાવલ દ્વારા આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ હતો. તદ્ઉપરાંત તેઓએ આ તીર્થને નીચે મુજબના ૧૨ ગામો સદાવ્રતમાં આપેલ હતા. (૧) ભદ્રેશ્વર, (૨) રાનો પાધર, (૩) કુકડસર, (૪) ગામ કૌઆ, (૫) હટડી, (૬) પાવડીઆરો, (૭) ખડકા, (૮) ભરોડીઓ, (૯) વડાલો, (૧૦) વવાડ, (૧૧) લુણી, (૧૨) ચોખંડો.

૧૨. જગડુશાહે મંદિરનું જીર્ણોદ્ધાર કરાવ્યું ત્યાર પછી તરતના સમયમાં ભદ્રાવતી નગરીનું પતન થયું. જૈનો ત્યાં રહ્યા નહીં અને દેરાસર એક બાવાના હાથમાં ગયું. બાવાએ મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને ઉઠાવી લઇ એક ભોંયરામાં સંતાડી દીધી. આ ખબર જૈન સંઘોને પડતા તેઓ બાવા પાસે આવ્યા. બાવાને સમજાવવા કોશિશ કરી પણ તેઓ ન સમજ્યા. તેથી સંઘે મૂળનાયક તરીકે મહાવીર સ્વામી પ્રતિમાજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૨૨માં કરી. ત્યારબાદ તે બાવા પાસેથી પાર્શ્વનાથ પ્રભુની મૂળ પ્રતિમાજી મળ્યા એટલે શ્રાવકોએ તેમને મૂળ મંદિરની પાછળ દેવકુલિકામાં સ્થાપ્યા. (૭મો મોટો જીર્ણોદ્ધાર)

*પોતાને ભાગે આવેલું, પોતે સ્વીકારેલું અને પોતાને રોટલો રળી આપતું કામ કરવામાં જે માણસ ચોરી કરે છે તે ગુનેગાર છે*

૧૩. ત્યારબાદ ડુંગરજીએ આ તીર્થનો કબજો લીધો. મહારાઓશ્રી ભારમલજીએ જામ રાવલના ભાયાત ડુંગરજીને સમજાવીને વિ.સં. ૧૬૫૯માં ભદ્રેશ્વર તીર્થ જૈન શ્રેષ્ઠીઓને સોંપ્યું. શ્રી ભારમલજીનું આ કાર્ય તીર્થની રક્ષાની દૃષ્ટિએ, જીર્ણોદ્ધાર જેટલું જ મહત્ત્વનું ગણાય. તેથી આ જીર્ણોદ્ધારને આઠમા મોટા જીર્ણોદ્ધાર તરીકે ઓળખવામાં આવે છે. (આઠમો મોટો જીર્ણોદ્ધાર)

૧૪. વિ.સં. ૧૬૮૨માં આચાર્ય કલ્યાણ સાગરસૂરિએ ભદ્રેશ્વરમાં ચાતુર્માસ કરેલ હતું. તેમના ઉપદેશથી વર્ધમાન શાહ તથા પદ્મસિંહ શાહે પાષાણોની ચાર પ્રતિમાઓ કરાવી, નવપદજી અને પંચમી પર્વનું ઉજમણું કરી, જૈનાગમો લખાવી, અઢળક ધન ખર્ચ્યું. સાધર્મિકોના ઉદ્ધારમાં સાતલાખ કોરી તથા ભદ્રાવતીના પ્રાચીન જિનાલયના ઉદ્ધારમાં દોઢ લાખ કોરી ખર્ચી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો.

૧૫. વિ.સં. ૧૬૮૨ પછી ૭ વર્ષમાં જ એટલે કે વિ.સં. ૧૬૮૯માં કુદરતી કોપના કારણે ભદ્રેશ્વર નગર વેરાન થઇ ગયેલ હતું. વિ.સં. ૧૭૪૯માં મહોસમ બેગના મુસલમાની લશ્કરે આક્રમણ કરીને આ નગર અને દેરાસરમાં ભાંગફોડ કરેલ હતી. વિ.સં. ૧૮૨૦ની આસપાસ આ નગરના કિલ્લાનો ભંગ થયો અને તેની તથા મંદિરની શિલાઓ ઉઠાવીને લઇ જવામાં આવી. સિંધના સરફરાજે ૧૮૩૧માં કચ્છ પર ચડાઇ કરેલ હતી. આ બધાજ અરાજકતાના કારણોસર ભદ્રેશ્વર તીર્થ ઉપેક્ષિત અને જીર્ણ થઇ ગયેલ હતું. એ પછીનો સમય કચ્છમાં અંગ્રેજોના પગપેસારાનો હતો. વિ.સં. ૧૮૭૮માં કર્નલ મેકમર્ડોએ, ભૂતકાળમાં તીર્થને જે લાગો મળતો હતો તે લાગો એટલે કે ખેતીની જમીન પરનો ૦ા ટકો ચાલુ કરાવેલ હતો. વિ.સં. ૧૮૮૬માં સર ચાર્લ્સ વોલ્ટરે પણ આ ચાલુ રખાવેલ હતું.

વિ.સં. ૧૮૮૬ પછી માત્ર બે દાયકા જેટલા ટૂંકા ગાળામાં જ આ તીર્થ પર ભદ્રેશ્વર ગામના ઠાકોરે કબજો લઇ તેને ફરી વેરાન જેવી પરિસ્થિતિમાં મૂકી દીધું. મંદિરના પ્રાંગણમાં ખૂબજ ઉપદ્રવ ફેલાઇ ગયેલ હતો. આ ઉપદ્રવને દૂર કરવા માંડવીના યતિશ્રી ખાંતિવિજયજીને પુષ્કળ શ્રમ કરવો પડેલ હતો. છેવટે દેશળજી બાવા બીજાના વચનથી અને એમના ઉત્તરાધિકારી મહારાઓશ્રી પ્રાગમલજીની ભલામણથી, વિ.સં. ૧૯૨૦ની આસપાસ, શ્રાવકોએ આ તીર્થનું સમારકામ કરાવીને નાનો સરખો જીર્ણોદ્ધાર કરી, ફરી યાત્રાઓ શરૂ કરાવેલ હતી.

આ પછી પણ તીર્થને મોટા જીર્ણોદ્ધારની જરૂરત તો હતી જ. તપગચ્છના ગોરજીશ્રી ખાંતિવિજયજીની ઝંખના, અચલગચ્છના ગોરજીશ્રી સુમતિસાગરજીની પ્રેરણા અને ખરતરગચ્છના શ્રાવિકા શ્રીમતી મીઠીબાઇની ઉદાર સખાવતથી વિ.સં. ૧૯૩૪થી ૧૯૩૯માં નવમો મોટો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ હતો. (નવમો મોટો જીર્ણોદ્ધાર)

આ તીર્થનો સંયુક્તપણે ટોટલ ૧૬મો પરંતુ મોટા જીર્ણોદ્ધારમાં ૧૦મો મોટો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૫૮થી વિ.સં. ૨૦૬૬ (ઇ.સ. ૨૦૦૨થી ઇ.સ. ૨૦૧૦) માં કરવામાં આવી રહેલ છે કે જેની પ્રતિષ્ઠાનો કાર્યક્રમ તા. ૨૪-૫-૨૦૧૦થી તા. ૩-૬-૨૦૧૦ દરમ્યાન ઉજવવામાં આવનાર છે.

ઉપરોક્ત સમગ્ર લેખના અધ્યયન પરથી એ ચરિતાર્થ થાય છે કે સદીઓથી કુદરતી સર્જિત કે માનવ સર્જિત આપત્તિઓ સામે જૈનો અહિંસક રહેલ છે પરંતુ ઝુક્યા નથી. સમયે સમયે જૈન શ્રેષ્ઠીઓએ પોતાની ફરજ સ્વરૂપે તીર્થના જીર્ણોદ્ધાર કરાવેલ છે અને જૈન ધર્મની ધજાની આન, બાન અને શાન જાળવી તેનો વાવટો ફરકતો રાખેલ છે.

આવો, આપણે નમન કરીએ એ વીરોને કે જેઓએ આ ૧૦મા મોટા જીર્ણોદ્ધારના સમયે, સભાનતાથી પોતાની ફરજ સમજી ભદ્રેશ્વર જૈન તીર્થનો મહિમા ઉત્તમોત્તમ રીતે જાળવેલ છે.

***(સંદર્ભ : રતિલાલ દીપચંદ દેસાઇ લિખિત ગ્રંથ "ભદ્રેશ્વર - વસઇ મહાતીર્થ")***

## ફરજના પાલનમાં ધર્મનું પાલન કરે એ સાચો માનવ

એક દિવસ ઘનશ્યામદાસ બિરલા પોતાની ઓફિસે જઇ રહ્યા હતા : મોડું થયું હોવાથી ડ્રાઇવર ઝડપથી ગાડી ચલાવતો હતો. રસ્તામાં એક તળાવ પાસે લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી. ડ્રાઇવરે તપાસ કરી તો જાણવા મળ્યું કે કોઇ છોકરો પાણીમાં ડૂબી રહ્યો છે. ઘનશ્યામદાસ તાત્કાલિક ગાડી પરથી નીચે ઉતર્યા અને ભીડને ચીરીને તળાવના કિનારે પહોંચ્યા. ત્યાં જઇને જોયું તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. લગભગ દસેક વર્ષનો એક છોકરો બચવા માટે પાણીમાં હાથ-પગ પછાડી રહ્યો હતો, પરંતુ કિનારા પર ઊભેલા લોકોમાંથી કોઇ પણ આગળ આવીને તેની મદદ કરવા તૈયાર થતું ન હતું. લોકો કિનારા પર ઊભા રહીને બચાવો, બચાવોની બૂમો પાડી રહ્યા હતા. **ઘનશ્યામદાસ પહેરેલા કપડે જ પાણીમાં કૂદી પડ્યા અને બાળકને પાણીમાંથી ખેંચીને લાવ્યા.** પછી તેને પોતાની કારમાં જ તાત્કાલિક હોસ્પિટલ પણ લઇ ગયા. છોકરાના પેટમાં ઘણું પાણી ભરાઇ ગયું હતું, પરંતુ થોડી સારવાર બાદ તે સાજો થઇ ગયો. બિરલા ભીના કપડે જ પોતાની ઓફિસે પહોંચ્યા. તેમને આવી સ્થિતિમાં જોઇને ઓફિસના કર્મચારીઓ પણ અવાચક બની ગયા. જ્યારે ઓફિસના સ્ટાફને બિરલા દ્વારા એક છોકરાના જીવ બચાવવા અંગેની માહિતી મળી તો બધા જ તેમના વખાણ કરવા લાગ્યા. બધા એક જ સ્વરમાં બોલ્યા કે સર, તમે તો મહાન છો. **બિરલાએ એકદમ સરળ સ્વરમાં જવાબ આપ્યો કે આમાં મહાનતા ક્યાં આવી? આ તો મારું કર્તવ્ય હતું.**

કથાનો સાર એ છે કે માનવતા જ સૌથી મોટો ધર્મ છે અને જે બધા જ કામ છોડીને આ ધર્મનું પાલન પ્રાથમિકતા સાથે કરે છે તે જ સાચો માનવ છે.

***પં. વિજયશંકર મહેતા, સાભાર : 'દિવ્ય ભાસ્કર'***

*જેણે કદી દુઃખ ભોગવ્યું જ નથી એ દુનિયાનો સૌથી દુઃખી માણસ છે.*

# ભારતની સંવેદનશીલ સરહદી સીમા : કચ્છની સિરક્રીક

• રક્ષા મ. વ્યાસ •

કચ્છ એટલે ૪૫,૬૫૨ ચો. કિ.મી.નો કુલ વિસ્તાર તેમાંથી ૨૩,૦૦૦ ચો. કિ.મી.નો રણ વિસ્તાર છે. અને ૨૨,૦૦૦ ચો. કિ.મી.નો ઉપયોગી જમીન વિસ્તાર છે. આ સમગ્ર જમીની વિસ્તારમાં કચ્છની પશ્ચિમે ભારતની પશ્ચિમી સીમાઓ આવેલી છે. બીજા શબ્દોમાં ભારતની પશ્ચિમી સીમાનો પ્રહરી, ચોકીદાર કચ્છ છે. કચ્છની આ સીમાનો છેલ્લો સત્તાવાર થાંભલો નંબર ૧૧૭૫ છે અને તે લખપતની બરાબર સામે આવેલો છે. ત્યાંથી પશ્ચિમે ૩૨૨ કિ.મી. લાંબી પટ્ટી ધરાવતી જમીનની સરહદ અને ૯૯ કિ.મી. સુધી એટલે કે સિરક્રીકના મુખ સુધીનો ખાડી વિસ્તાર આપણા દેશની પશ્ચિમી સીમા છે.

**કચ્છના રાજા અને સિંધ પ્રાંત વચ્ચે ઇ.સ. ૧૯૧૩માં કરાર થયા પછી ત્યાં સીમા દર્શાવતા થાંભલા ઊભા કરાયા હતા. જી. પિલર્સ તરીકે ઓળખાતા તે ચાલીસ થાંભલા આજે પણ મોજૂદ છે.** આ અંગે થયેલી સમજૂતીનો દસ્તાવેજી ઇતિહાસ છે. લખપત તાલુકાના કોટેશ્વર નજીકથી આ વિસ્તાર શરૂ થાય છે. સંખ્યાબંધ અટપટી ખાડીઓ, જે ક્રીક કહેવાય છે તેને કારણે સમગ્ર વિસ્તાર ભૌગોલિક રીતે વિશિષ્ટ પ્રકારનો બની રહે છે. ક્યાંક ચેરિયાના વન, ક્યાંક કાદવવાળી જમીન, ક્યાંક છીછરું પાણી તો ક્યાંક ઊંડું પાણી. આ વિસ્તારનું વધુ એક પરિમાણ એ છે કે તેની સામેનો વિસ્તાર એવો છે કે જ્યાંથી પાકિસ્તાનની સીમા શરૂ થાય છે. અખંડ હિંદુસ્તાનના વિભાજન બાદ પ્રારંભે આ વિસ્તારો અંગે ભારત-પાકિસ્તાન વચ્ચે આ પશ્ચિમી સીમા અંગે કોઇ મતભેદ નહોતા. આ કાદવ અને ભીનાશવાળી જમીન ઘણે ભાગે નિર્જન અને દુર્ગમ વિસ્તાર તરીકે સાવ શાંત રહેતી. તે અંગે ઓછી જાગરુકતા અને સભાનતા પ્રવર્તતી. પરંતુ આ ખાડી વિસ્તારોની ધરતીના પેટાળમાં તેલ મળવાની શક્યતાઓને પગલે પડોશી દેશ પાકિસ્તાનની દાનત બદલાઇ. તેણે આમાંની ઘણી જમીન અંગે કૃત્રિમ દાવા ઊભા કરી તે વિસ્તારો હડપી લેવાની ઇચ્છા સાથે તેના પર નજર બગાડી છે. આમ શાંત પશ્ચિમી સીમા, વિવાદાસ્પદ બનવાની શરૂઆત થઇ. સીમા અંગેનો આ વિવાદ વકરવાનું બીજું કારણ એ છે કે આ સીમારેખા પર દરિયાઇ વિસ્તાર આવેલો છે અને તે ઘણી લાંબી અને સાંકડી દરિયાઇ પટ્ટીનો બનેલો છે. છેક વિભાજન વેળાથી આ સીમારેખા પર સ્પષ્ટ આંકણી કે સર્વેક્ષણ થયા નથી. તેથી પાકિસ્તાનની નજર આ ક્રીક વિસ્તારો પર રહે છે. કોટેશ્વર નજીકની કોરી ક્રીક, પડાણ ક્રીક, પબુવારી ક્રીક વગેરે અનેક ક્રીક અને પશ્ચિમે છેક છેવાડે સિર ક્રીક છે. વાસ્તવમાં કચ્છ જિલ્લાનું લખપત નગર સરહદી નગર છે. તે પછીના સમુદ્ર તટને જોડાઇને આવેલો દરિયાઇ પટ્ટી વિસ્તાર નાની મોટી ખાડીઓથી બનેલો વિસ્તાર છે, જે સિર ક્રીક સીમા વિસ્તાર તરીકે ઓળખાય છે. આ સમગ્ર દરિયાઇ પટ્ટીનો ખાડી વિસ્તાર કળણ-કીચડ-કાદવથી ભરેલો છે. આ કળણ વિસ્તારનો એક કાંઠો ભારતને સ્પર્શે છે તો તેનો બીજો કાંઠો પાકિસ્તાનને સ્પર્શે છે.

**ખાડી વિસ્તારની આ વિશિષ્ટ રચના છેલ્લા વીસેક વર્ષોથી વિવાદાસ્પદ બની છે.** બે કાંઠાઓની વચ્ચે છે તે ખાડી વિસ્તાર વાંકોચૂંકો, પેચીદો અને ૧૦૪.૦૬ કિ.મી. લાંબો છે. ત્યાં સતત પેટ્રોલિંગ કરવાનું કામ દુષ્કર છે. બીજી તરફ વિઘાતક તત્ત્વો માટે સ્ફોટક પદાર્થો, ઘાતક શસ્ત્રો ઘુસાડવા માટે આ વિસ્તાર ભારે અનુકૂળ છે. પાકિસ્તાન ભારત તરફના કાંઠાને સરહદ ગણાવી આખી ખાડીને પોતાની સીમામાં લઇ લેવા તાકે છે, જ્યારે ભારત સરકાર મધ્યવહેણ (mid-stream)નો સિદ્ધાંત લાગુ પાડી ક્રીકની ખાડીના મધ્યભાગને સીમારેખા તરીકે ઓળખાવે છે. આમ આ ખાડીનો વિસ્તાર વિવાદાસ્પદ બન્યો છે. અહીં એક પ્રાકૃતિક પરિસ્થિતિને ધ્યાનમાં લેવી આવશ્યક છે. ખાડીના વિસ્તારમાં દરિયાનાં ભરતી ઓટને કારણે કાંઠાના તળ અવારનવાર બદલાય છે. એથી કાંઠો જાણે આગળ પાછળ ખસતો રહે છે. આ પ્રાકૃતિક ફેરફારોને કારણે સીમાંકનનો પ્રશ્ન વધુ પેચીદો બને છે. આમ સમયના વહેણ સાથે અને ભૌતિક સંપત્તિની લાલસાને કારણે સિરક્રીકનો વિસ્તાર વિવાદનો વિષય બન્યો છે અને દિન પ્રતિદિન વધુને વધુ સંવેદનશીલ બનતો જાય છે.

કચ્છના રણ તરીકે ઓળખાતો સમગ્ર વિસ્તાર ભારતની જમીન છે. ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ પૂર્વે પાકિસ્તાને આક્રમણ કરી આ વિસ્તારના છાડબેટ સહિતનો ભાગ દબાવી દીધો હતો અને તેને અંગે વિવાદ ઊભો કર્યો હતો. ત્યારબાદ કચ્છના રણના ઘણા વિસ્તારો અંગે વિવાદ ઊભા કર્યા. એથી સમગ્ર ઘટના આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યૂનલ સમક્ષ રજૂ થઈ. ટ્રિબ્યૂનલ સમક્ષ પાકિસ્તાને કચ્છના રણના અડધોઅડધ ભાગ પર દાવા કર્યો. **બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ ૧૯ ફેબ્રુઆરી, ૧૯૬૮ના રોજ ટ્રિબ્યૂનલે ચુકાદો આપ્યો, જેમાં ૯૦ ટકા રણ કચ્છની હકુમત હેઠળ એટલે કે ભારતનો વિસ્તાર હોવાનું સ્વીકાર્યું અને એ રીતે ભારતની રજૂઆત મહદ્અંશે માન્ય રાખી. પણ તેના દસ ટકા ભાગ પર પાકિસ્તાનનો દાવો માન્ય રાખ્યો. આ ગુમાવેલા દસ ટકા હિસ્સામાં છાડબેટ વિસ્તાર ભારતે ગુમાવ્યો.** છાડબેટની ઘાસિયા જમીન ઉચ્ચ ગુણવત્તાનું ઘાસ પેદા કરે છે, જેનો સંગ્રહ કચ્છના દુષ્કાળો તથા આકરા ઉનાળામાં ઉપયોગી પુરવાર થતો

*અગ્નિ સોનાની પરખ કરે છે, જ્યારે દુઃખ માનવીની.*

તે આ ચુકાદાથી કચ્છે ગુમાવવાનો વારો આવ્યો. આ મુદ્દા પર ત્યારબાદ કચ્છ સત્યાગ્રહ થયો. ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ વેળા આ વિસ્તાર ભારતે ફરી જીતી લીધો, પરંતુ સીમલા મંત્રણાને પગલે તે પાકિસ્તાનને પરત કર્યો.

આ સંદર્ભમાં ૧૯૮૦ના દાયકાથી પાકિસ્તાને સિરક્રીક વિસ્તાર બાબતે વાંધા ઊઠાવવા માંડ્યા. પરિણામે આ વિસ્તારનું સર્વેક્ષણ કરી વાટાઘાટો દ્વારા સીમાંકન નિશ્ચિત કરવું એવી સમજ બંને દેશોની સરકારોએ માન્ય રાખી. આથી જાન્યુઆરી, ૨૦૦૫માં એક સર્વેક્ષણ કરવામાં આવ્યું. જેમાં ભારતીય ટીમમાં એડિશનલ સર્વેયર જનરલ મેજર ગોપાલરાવના નેતૃત્વ હેઠળ ટીમના સભ્યોએ કામ કર્યું. તેમનું આ સર્વેક્ષણ બે તબક્કામાં કરવામાં આવ્યું અને બીજા તબક્કે ખાડીની અંદરના જળ વિસ્તારમાં સર્વેક્ષણ હાથ ધરાયું હતું. આ સર્વેક્ષણ છતાં પાકિસ્તાન તરફથી વારંવાર નવા નવા વાંધાઓ ઊભા કરાતા હોવાથી જાન્યુઆરી, ૨૦૦૭માં બ્રિગેડિયર પી.એસ. સમુદ્રના નેતૃત્વ હેઠળ એક મહિનો લાંબી ચાલનારી મોજણી હાથ ધરાઇ હતી. ભારે ગુપ્તતા હેઠળ હાથ ધરાયેલી આ વ્યૂહાત્મક મોજણી સરહદી દૃષ્ટિએ ઘણી નોંધપાત્ર છે. જો કે મોજણીનું આ કામ અત્યંત કપરું છે. રાત્રે અને સવારે કાતિલ ઠંડી, બપોરે આકરી ગરમી અને રણની રેતીમાંથી પરાવર્તિત થતા સૂર્યપ્રકાશથી અંજાઇ જતી આંખો - આ વિષમ પરિસ્થિતિ સૈનિકોને માટે ભારે કસોટીરૂપ બને છે.

આવી પરિસ્થિતિઓ વચ્ચે સીમા-રેખાંકનની કામગીરીમાં અત્યંત સાવધાની રાખવી પડે તેમ છે. **આ વિવાદી વિસ્તારો અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘે-યુનોએ એક ઠરાવ કર્યો છે, જે મુજબ ૨૦૦૯ સુધીમાં આ વિવાદનું નિવારણ ન થાય તો તેના પર બંને દેશોનો જે અધિકાર છે તે નાબૂદ થઇ જશે અને સંયુક્ત રાષ્ટ્રસંઘના ઠરાવ મુજબ સમગ્ર વિસ્તાર આંતરરાષ્ટ્રીય કબજા હેઠળ જતો રહેશે.** આથી તેનો ત્વરિત ઉકેલ લાવવા બંને દેશો પ્રયત્નશીલ છે. (વાટાઘાટોના પરિણામ શું આવ્યા અથવા તો સંયુક્ત રાષ્ટ્રસંઘ કેટલી હદ સુધી આગળ વધેલ છે તેની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવેલ નથી.) આમ છતાં બને દેશોની નીતિઓમાં આ અંગે કોઇ નોંધપાત્ર પરિવર્તન આવશે તેવી ધારણા રાખવી અપરિપક્વતા ગણાશે. સલામતી સમસ્યાઓ અંગેના તજજ્ઞ ડૉ. કંચન લક્ષ્મણ આ મત ધરાવે છે.

વિશેષ તો ગુજરાત સરકારના ગૃહખાતાના વર્તુળોમાંથી મળેલી માહિતી મુજબ આ ખાડી વિસ્તાર આંતરરાષ્ટ્રીય દાણચોરો અને ઘાતક શસ્ત્રો તેમજ સ્ફોટક પદાર્થો અને દ્રવ્યો ઘુસાડવાની પ્રવૃત્તિ કરનારાઓ માટે સ્વર્ગ સમાન છે. ભૌગોલિક દૃષ્ટિએ આ વિસ્તાર એટલો પેચીદો છે કે ત્યાં સતત પેટ્રોલિંગ કરવું દોહ્યલું છે. જેનો લાભ વિઘાતક તત્ત્વો અવારનવાર લે છે. ગૃહખાતાના વર્તુળોએ જણાવેલી વિગતો અનુસાર પાકિસ્તાનની એક નદી સિરક્રીકમાં આવીને વિસર્જિત થાય છે. અહીં આવેલું એક મોટું નાળું પાકિસ્તાન બાજુથી આવે છે જેથી ગેરકાયદેસર પ્રવેશને ઉત્તેજન મળે છે. વળી અસામાજિક તત્ત્વોને નાળામાંથી પાકિસ્તાન બાજુ છટકી જવામાં સરળતા ઊભી થાય છે. કોટેશ્વર, સાંવલાપીર ક્રીક સીમા અને હરામી નાળા વિસ્તારોમાં અજંપો ઘર કરી ગયો છે. અલબત્ત, આ વિવાદાસ્પદ અને મહત્ત્વના સંયુક્ત સર્વેક્ષણની વિગતો જાહેરમાં ઘોષિત કરવામાં આવી નથી કારણ તે સાથે દેશના સંરક્ષણના પ્રશ્નો સંડોવાયેલા છે. પરંતુ ઉપર્યુક્ત જોખમોને કારણે આ ખાડી વિસ્તારમાં સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ.)ની ફ્લોટિંગ બોર્ડર આઉટ પોસ્ટ (તરતી ચોકીઓ) કાર્યરત કરવામાં આવેલી છે અને જવાનો ચોવીસે કલાક ચોકીપહેરો ભરી રહ્યા છે જે માટે તેમને છ થી સાત હાઇસ્પીડ બોટોની સગવડ ઉપલબ્ધ છે.

સમગ્ર ઉપરોક્ત સંદર્ભમાં કચ્છમાં મરીન-દરિયાઇ અભ્યાસક્રમો ઊભા કરી તેને વિકસાવવાનો સમય પાકી ગયો છે. આ ક્ષેત્રે પ્રજા નક્કર કાર્યવાહી કરી સીમા દળના હાથ મજબૂત કરશે એવી આશા અસ્થાને નથી.

*"સંકેત", સી-૧, પ્રયાગરાજ ફ્લેટ્સ,*
*૨૧, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

## રાજાના હજારો-લાખો કાળિયા કૂતરાઓ

ગજુભાઈની એક નાનકડી વાર્તા આપણે સૌએ બાળપણમાં સાંભળી જ હશે - વાંચી પણ હશે.

એક હતો ચકો
એક હતી ચકી
ચકો લાવ્યો મગનો દાણો
ચકી લાવી ચોખાનો દાણો
ભેગા થઇને ખીચડી બનાવી.
ચકા-ચકીએ વિચાર્યું કે ચાલો સ્નાન કરી આવીએ
પછી નિરાંતે ખીચડી ખાઇશું.
ચકો ચકી નહાવા ગયા
પાછળ
રાજાનો કાળિયો કૂતરો આવીને બધી ખીચડી ખાઇ ગયો.
ચકો-ચકી બન્ને બિચારા ભૂખ્યા જ રહ્યા.

આ વાર્તાના સંદર્ભમાં આજની આપણી જનતાની સ્થિતિનો વિચાર કરીએ. આજે પણ લોકોના ઘરોમાં ઘરનો ચકો તાણી તૂસીને - તૂટી મરીને પણ મગનો દાણો લાવે તો છે અને ચકી પણ મહેનત કરીને, મથી મથીને ચોખાનો દાણો લાવે છે. સાંજ પડે હાશ કરીને ખીચડી બનાવે છે પણ પછી શું થાય છે?

વાર્તામાં તો રાજાનો કાળિયો કૂતરો એકજ હતો. પણ દેશમાં રાજાના હજારો-લાખો કાળિયા કૂતરાઓ લાગ સાધીને ઠેર ઠેર ઊભેલા જ છે અને બધા ચકા-ચકીના ઘરોમાં જઇ જઇને બધી ખીચડી ખાઇ જાય છે. પ્રજાના ચકા-ચકીઓ ભૂખે મરે છે અને કાળિયા કૂતરાઓ મોજ કરે છે. બિચારા લાચાર અને કમજોર ચકા-ચકીનું ડાઘિયા કૂતરા સામે કશું જોર ચાલતું નથી. રોજે રોજ આ જ વાર્તા રિપીટ થયા કરે છે. શેરીનો કૂતરો હોય તો તેને ભગાડવાનો કાંઇક રસ્તો કઢાય પણ આ તો ખુદ રાજાના કૂતરા.

***શાંતિલાલ સંઘવી***

*સદ્‌ગુણોનું મૂળ નમ્રતા છે.*

# કચ્છમાં જૈન સંસ્કૃતિ : એક દૃષ્ટિપાત

## (પ્રકરણ : ૮)

• ડૉ. નીતા ઠાકર •

- **સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના પ્રણેતા-ધર્મવીર – શ્રી હેમરાજ ભીમશી**

પૂર્વે જૈનોની ધાર્મિક પરિસ્થિતિ અંતર્ગત માંડવીના પાંચ યુવાનોની 'સંવેગી' દીક્ષા સંબંધી ચર્ચા કરેલી છે. તેમાંના ત્રણ યુવાનોને તેમના માતા-પિતાના આગ્રહને કારણે મુનિવેશનો ત્યાગ કરવો પડ્યો. તેમાંના એક હેમરાજભાઇ હતા જેમણે પોતાનું સમગ્ર જીવન સેવાપ્રવૃત્તિને સમર્પિત કરી દીધું અને આજે પણ કચ્છમાં જૈનોના ઇતિહાસમાં ધર્મવીર તરીકે ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

શ્રી હેમરાજભાઇનું પ્રભાવશાળી વ્યક્તિત્વ સાદાઇ, સૌમ્યતા અને સરળતાથી શોભતું હતું. તેઓ પોતાને સાધક સમજતાં હતાં. **પરંતુ તે સમયે જૈનોમાં પ્રવર્તતી અજ્ઞાનતા, જડતા, અંધશ્રદ્ધા, દંભ અને બાહ્ય આડંબરથી તેઓ વ્યથિત બન્યા હતા.** તે ક્ષણે પોતાના આત્માના અવાજને અનુસરી કચ્છ કોડાયમાં રચનાત્મક કાર્યો કરી એક ધર્મ અને સમાજસુધારક તરીકે દર્શાવી આપ્યું કે ધર્મ અને સમાજ એ એકબીજાના પૂરક અંગો છે.

શ્રી હેમરાજભાઇનો જન્મ સંવત ૧૮૯૨ (ઇ.સ. ૧૮૩૬) ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે કચ્છ કોડાયમાં કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિમાં થયો. તેમના પિતાનું નામ ભીમશીભાઇ અને માતાનું નામ ઉમાબા હતું. હેમરાજભાઇને ત્રણ ભાઇઓ : હંસરાજ, ચાંપશી અને દેવજી હતાં અને બે બહેનો હતી. હેમરાજભાઇની પત્નીનું નામ રાજબાઇ અને પુત્રનું નામ તેજસિંહ હતું.

હેમરાજભાઇને સં. ૧૯૨૭ (ઇ.સ. ૧૮૭૧) માં અવઠંભશાળાની કલ્પના આવી. જેની જાણ પોતાના ત્રિપુટી મિત્રોને કરી અને તેઓએ હેમરાજભાઇને સાથ આપ્યો. તેમાંના એક દેવજીભાઇ લખમણ જે કચ્છી વીસા ઓસવાળ હતાં. બીજા પોતાના ભાઇ શ્રી હંસરાજ હતા અને ત્રીજા કચ્છ નલિયાના વતની કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના સુવિચારક શ્રી માલશીભાઇ ભોજરાજ હતાં. **આમ કલ્પનાને સાકાર કરી કચ્છ કોડાયમાં સં. ૧૯૨૮ (ઇ.સ. ૧૮૭૨) માં અવઠંભ શાળાની શરૂઆત થઇ.** જો કોઇ આત્માર્થી પુરુષ એકાંત આત્મસાધના કરવાની ભાવનાવાળા હોય, જ્ઞાન શીખવાની ઉત્કંઠા હોય તેવા પુરુષો નિશ્ચિંતતાથી જીવનભર અવઠંભશાળામાં રહીને આત્મસાધના કરી શકે, ઉદર નિર્વાહની કે વ્યવહારની તેમને ચિંતા ન રહે તેમજ શાંતિપૂર્વક જ્ઞાન-ધ્યાન-તપ-જપ કરી જીવનનું સાચું દર્શન મેળવી શકે, એ મહાન ઉદ્દેશથી આ અવઠંભશાળાની સ્થાપના કરી હતી.

શ્રી હેમરાજભાઇએ ત્યારબાદ સહઅધ્યાયીઓ, અભ્યાસીઓ તથા આત્મજનોના અવલંબન માટે **મિત્રો - સ્નેહીજનોના સાથ સહકારથી ભગવાન મહાવીર સ્વામીનું સુંદર દહેરાસર કચ્છ કોડાયમાં બનાવ્યું.**

હેમરાજભાઇને સંવત ૧૯૩૦ (ઇ.સ. ૧૮૭૪) માં સદાગમ પ્રવૃત્તિનો નવો વિચાર સ્ફૂર્યો. તેમણે તે વિચાર પોતાના આત્મજનો જેવા મિત્રો પાસે મૂક્યો અને બધા સ્નેહીજનો તેમાં પણ સક્રિય સાથ આપવા આગળ આવ્યા. ધર્મવીર હેમરાજભાઇએ ભારપૂર્વક કહ્યું કે, 'રોગો અનેક ઔષધ એક' સમાજ, દેશ કે રાષ્ટ્રની તમામ દુર્દશાનો એકજ અમોઘ ઉપાય છે. અને તે ઔષધ 'જ્ઞાનામૃત' છે. **આમ સં. ૧૯૩૦ (ઇ.સ. ૧૮૭૪) માં ફાગણ વદી ૭ ને મંગળવારના રોજ કચ્છ કોડાયમાં સદાગમ પ્રવૃત્તિ નામની સંસ્થાની સ્થાપના કરી.** જેનો ઉદ્દેશ જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માને ધર્મઅભ્યાસ જ્ઞાન-ધ્યાન-ચિંતન-મનનની ભાવના જાગે તે સૌને માટે રહેવા-જમવા અને અભ્યાસની સગવડ કરી આપવી. સૌ ભાઇ-બહેનો એક કુટુંબની જેમ શાંતિપૂર્વક રહે. સૌ સાથે જમે અને શાસ્ત્રનો અભ્યાસ કરે, નિવૃત્ત જીવન ગાળે અને આત્મશાંતિ મેળવે.

શ્રી હેમરાજભાઇ જેવા કર્મવીર હતા તેવા ધર્મવીર હતા અને જ્ઞાનના તો ભંડાર હતા. તેઓ પોતે પણ જૈન આગમો, શાસ્ત્રો તથા શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીના ગ્રંથોના મોટા અભ્યાસી હતાં. અવઠંભશાળા, જિનાલય અને સદાગમપ્રવૃત્તિ પછી જ્ઞાનના સાગર એ વીરનરને જ્ઞાનભંડારની ભાવના જાગી અને સં. ૧૯૩૨ (ઇ.સ. ૧૮૭૬) માં જ્ઞાનભંડાર માટે નિર્ણય લીધો. તે માટે તેમનો પ્રયત્ન સક્રિય હતો. શાસ્ત્રના તાડપત્રના જૂના ગ્રંથરત્નો મળે ત્યાંથી મેળવવા તેમણે પ્રયાસ કર્યો. યતિઓ-વિદ્વાનો કે ભંડારો જ્યાં જ્યાંથી જે જે ગ્રંથરત્નો મળ્યાં તે તેમણે મેળવ્યાં અને **કચ્છ કોડાયનો જ્ઞાનભંડાર આજે પણ સમૃદ્ધ અને ઘણો જ ઉપયોગી સાબિત થયો છે.**

સં. ૧૯૩૫ (ઇ.સ. ૧૮૭૯) માં સદાગમ પ્રવૃત્તિની વિશેષ પ્રવૃત્તિ માટે વિચારણા કરી ખરડો તૈયાર કર્યો. જેથી તેની વિકાસયાત્રા વણથંભી ઉત્તરોત્તર વધતી જાય.

હેમરાજભાઇના અંતરમાં મૂંગા પશુઓ માટે પણ સ્થાન હતું. કચ્છ કોડાયની પાંજરાપોળ માટે પણ તેમણે અથાગ પ્રયત્નો કર્યા. હેમરાજભાઇની આ દરેક કલ્પનાને વાસ્તવિકરૂપ આપવામાં તેના સ્નેહીજન શ્રી દેવજીભાઇ અને માલશીભાઇનો વિશેષ ફાળો રહ્યો છે સંસ્થાના વિકાસ વર્ધનમાં આ ત્રિપુટી રત્નો તો તન-મન-ધનથી દટાઇ ગયા. આ

*નમ્રતા સમસ્ત ગુણોની આધારશિલા છે.*

સંસ્થામાં કેટલાયે ભાઇ-બહેનોએ ધર્મનું ઉચ્ચ શિક્ષણ મેળવેલું. **તેથી જ કોડાયને 'કચ્છનું કાશી' બિરુદ પ્રાપ્ત થયું છે.** આવા સેવાભાવી શ્રી હેમરાજભાઇનું સં. ૧૯૪૪ (ઇ.સ. ૧૮૮૮) ના અષાઢ વદી-૬ના રોજ વડોદરા મુકામે અવસાન થયું પરંતુ તેમના કાર્યોથી આજે પણ લોકોના હૃદયમાં તે જીવિત છે.

હેમરાજભાઇની પ્રવૃત્તિ કચ્છ કોડાયમાં ચાલતી હતી. પણ કચ્છ આખામાં તે પ્રવૃત્તિનો પ્રકાશ પહોંચ્યો હતો. અને સદાગમ પ્રવૃત્તિની જેમ શાસ્ત્રવાંચન, અભ્યાસ, મનન, ચર્ચા, વાર્તા વગેરે પાસાં સક્રિય બન્યાં હતાં. સત્સંગ અને જ્ઞાનવિકાસ તરફ લોકોના મન ઢળેલાં રહેતાં. **તે વખતે કચ્છમાં જે મુનિઓ વિચરતા તે સદાગમ પ્રવૃત્તિની સૌરભ સહી ન શક્યા.** તેથી હેમરાજભાઇને તેઓ શાસનદ્રોહી કહેવા લાગ્યાં. પરંતુ સ્વાભાવિક છે કે જ્યારે જ્યારે ધર્મસુધારક કે સામાજિક સુધારક આગળ આવે છે ત્યારે તેને આવી પરિસ્થિતિનો પણ સામનો કરવો પડ્યો છે.

સદાગમ પ્રવૃત્તિ સંસ્થાને જીવંત અને સક્રિય રાખવા માટે દેવરાજભાઇ, કાનજીભાઇ, ગાંગજીભાઇ, રાયમલભાઇ, હીરજીભાઇ, વેલજીભાઇ, લાલજીભાઇ, વીરજીભાઇ, કુંવરજીદેરાજ, હેમરાજ પાંચારીઆ, દેવજી શામજી, ઠાકરશીભાઇ, દેવશીભાઇ જેવત વગેરેનું યોગદાન પણ પ્રશંસનીય છે. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના ટ્રસ્ટીઓમાં પ્રેમજીભાઇ, રામજીભાઇ, કલ્યાણજીભાઇ, પુંજાભાઇ તથા કુમારી પાનબાઇનો ફાળો પણ વિશેષ રહ્યો છે.

## ● સાધનાશ્રમના સ્થાપક શ્રી વેલજીભાઇ ઠાકરશી :-

સંવત ૧૯૫૮ (ઇ.સ. ૧૯૦૨)ના શ્રાવણ સુદ ૮ ના કચ્છનાં બિદડા ગામે શ્રી કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિમાં શ્રી વેલજીભાઇનો જન્મ થયો. પૂર્વનાં કોઇ પ્રબળ સંસ્કારોના કારણે એમનો આત્મા જાગૃત હતો. તે સમયની સમાજ અને ધર્મ વ્યવસ્થા એમને સાંત્વના આપી શકી નહીં. આજીવિકા માટે એમણે જીવનમાં ક્યારેય પ્રયાસ કર્યો નહીં. પણ તે સમયના અન્ય સંસ્કારી અને બળવાખોર આત્માઓની જેમ એ સામાજિક અને રાજકીય ઉત્થાનની પ્રવૃત્તિઓ તરફ ખેંચાયા. તિલક સ્વરાજ ફાળો એકત્રિત કરવામાં તેમણે ભાગ લીધો અને **બિદડા ખાતે ખાદી કેન્દ્રની શરૂઆત કરી, તેમજ હરિજન પ્રવૃત્તિ ચલાવી.** હરિજનશાળા તો વર્ષો સુધી ચાલુ રહી. નોંધનીય છે કે, શ્રી વેલજી ઠાકરશીએ રાજતંત્ર તથા પ્રજાવર્ગને લક્ષમાં રાખીને એક પુસ્તક 'આધુનિક કચ્છ' એ નામે સંવત ૧૯૮૩ (ઇ.સ. ૧૯૨૬)માં પ્રસિદ્ધ કરેલ. **'સાધનાશ્રમ'માં એમણે એક અતિસુંદર પુસ્તકાલય વસાવ્યું જ્યાં જગતના તમામ જાણીતા ધર્મોના પુસ્તકો, કળા, જ્યોતિષ, આયુર્વેદ, કુદરતી ઉપચાર તથા વિશ્વસાહિત્યમાં ઉત્તમ ગણાતાં પુસ્તકોનો સંગ્રહ કરેલ છે. જે આજની તારીખે પણ ઘણોજ મહત્ત્વનો સાબિત થયો છે.** આચાર્યશ્રી યાજ્ઞિક સાહેબ તથા શ્રી પુરુષોત્તમ માવલંકર જેવા મહાનુભાવોએ આ પુસ્તકાલયની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. 'સાધનાશ્રમ'ના આ ગ્રંથાલયના કેટલાક ગ્રંથોની યાદી જોઇએ તો, વૈદિક સાહિત્યના શ્રી હિરણ્યકેશી, શ્રીનારદ, શ્રી પુષ્પઋષિ, શ્રી રઘુવીર શાસ્ત્રી, પં. રામગોપાલ, શ્રી આત્માનંદજી, શ્રી વેલવેલકર, શ્રી ગોવિંદ મહાદેવ જોષી જેવા પ્રકાંડ વિદ્વાનોના સવાસોથી વધુ ગ્રંથો છે.

પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, વેદાંત દર્શનના મહર્ષિ અરવિંદ, લોકમાન્ય તિલક, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, નરસિંહ સ્વામી, કબીર સાહેબ, વલ્લભાચાર્ય જેવા અધ્યાત્મ માર્ગના યાત્રીઓના ૨૫૦થી વધુ પુસ્તકો છે.

સાંખ્ય અને યોગદર્શનના પુસ્તકો છે. વૈશેષિક અને ન્યાયદર્શનના કણાદ, પ્રશસ્ત મુનિ, પદ્મનાભ, વાત્સ્યાયન જેવા વિદ્વાનોના ૬૦ જેટલાં પુસ્તકો છે.

બૌદ્ધધર્મ અને બૌદ્ધ દર્શનના ચેંગ ચેન સી. નાગાર્જૂન, રત્નાકર શાન્તિ, પ્રભાકર ગુપ્તના ૮૦થી વધુ પુસ્તકો છે.

જૈનધર્મ અને જૈનદર્શનના પં. ટોડલમલ, પં. આશાધર, સુધર્માચાર્ય, દેવેન્દ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ભદ્રબાહુસ્વામી અને ઉપાધ્યાય યશોવિજયજીના ૨૦૦થી વધુ ગ્રંથો છે.

પુરાણો અને ઇતિહાસના વાલ્મિકી, વેદવ્યાસ, તુલસીદાસ, જેવા અમર સર્જકોના ૫૦ જેટલા ગ્રંથો છે. આગમ સાહિત્યના ૧૧ ગ્રંથો છે. ભક્તિમાર્ગને સમજાવતું સાહિત્ય પણ ગ્રંથાલયમાં છે. તાંત્રિક રહસ્યને સમજાવતાં બ્રહ્માનંદ, આર્થર એવલેનના ૬૦ થી વધુ ગ્રંથો છે અને થિયોસોફિ વિશે બ્લેવેત્સ્કી અને જે. કૃષ્ણમૂર્તિના ગ્રંથો છે. સર્વ સામાન્ય દર્શનશાસ્ત્રમાં ચીનના ધર્મો, ખ્રિસ્તીધર્મ, ઇસ્લામ ધર્મ અને યુરોપના વિચારકોના પુસ્તકો છે.

આ ઉપરાંત કામશાસ્ત્ર, જ્યોતિષી, ગણિત, વૈદક, આરોગ્યશાસ્ત્ર, કળા, સ્થાપત્ય, પ્રવાસવર્ણન, નીતિશાસ્ત્ર, વ્યવહારજ્ઞાન જેવા વિષયોના ગ્રંથો પણ અહીં ઉપલબ્ધ છે. આમ કુલ મળીને ૨૩૦૦ થી ૨૫૦૦ ગ્રંથો છે. જે ઇતિહાસની દૃષ્ટિએ અતિ મહત્વના ગણાય.

વિશેષમાં 'સાધનાશ્રમ' ના પ્રાંગણમાં એક ધ્યાનકક્ષનું શ્રી એલ.ડી. શાહે જવાબદારી પૂર્વક નિર્માણ કરાવ્યું છે. સુંદર વ્યક્તિત્વ, ગૌરવર્ણ, અત્યંત કોમળ પ્રકૃતિ તેમજ સાધનામાં ગોપનભાવ, માત્ર પૂછો તેનો જવાબ સિવાય કોઇને કશો ઉપદેશ નહીં તેવા, વિરલ આત્મા ધરાવતાં શ્રી વેલજીભાઇ ઠાકરશીનું ૨૯મી જૂન ૧૯૬૬માં અવસાન થયું. મહર્ષિ અરવિંદે તેમનું યથાર્થ મૂલ્યાંકન કર્યું હતું. અને આજેપણ 'સાધનાશ્રમ' પોતાના સ્થાને કાયમ છે.

## ● ડૉ. દામજી વીરજી હરિયાનું બિદડામાં ચિરસ્મરણીય સ્થાન :-

ડૉ. દામજી વીરજી હરિયા મૂળ સાભરાઇના હતા. પરંતુ તેઓ આજીવન બિદડાના બનીને રહ્યાં. શરૂઆતમાં મુંબઇમાં તબીબી પ્રેક્ટિસ કર્યા બાદ કચ્છમાં (બિદડા) આવ્યાં. સમાજના તેઓ સંભવતઃ પ્રથમ ડૉક્ટર

*આત્મવિશ્વાસ, દ્રઢતા અને વૈરાગ્ય – આ ત્રણે ગુણો જેનામાં હોય છે તે જ નેતા થવાને લાયક છે.*

હતા. શ્રી કચ્છી વીસા ઓસવાળ દહેરાવાસી જૈન મહાજને તા. ૨૩-૩-૧૯૩૦ના રોજ એમનું જાહેર સન્માન કર્યું હતું. **તેમની સેવાભાવનાથી લોકો એમને 'જીવતાપીર' તરીકે ઓળખતા.** ડૉ. હરિયા સામ્યવાદી વિચારસરણીમાં વિશ્વાસ ધરાવતા હતા અને જીવનભર એને અનુસરતા રહ્યા. ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના અનન્ય સર્જક અને માંડવીના ડૉ. જયંત ખત્રી, ડૉ. હરિયાના જિગરજાન મિત્ર હતા. ડૉ. હરિયા સુધારાવાદી એવા હતા કે સુધારાનો આરંભ પોતાનાથી કરતા. જ્યારે કચ્છમાં ઘૂંઘટ વગર લગ્ન થતા નહી તેવા સમયે ખૂલ્લે મોઢે લગ્ન થયા હોય તો તેમના જ થયા હતા. તબીબી વ્યવસાયને તેઓ ઇશ્વરીય પ્રતિનિધિત્વ તરીકે સમજતાં. ઘણાં વર્ષો સુધી દર્દીઓને સારવાર આપવા નાનીખાખર, ડેપા, રામાણિયા અને ફરાદી સુધી જતા. ત્યાં જવા માટે બળદગાડીનો ઉપયોગ કરતા. જે બળદની જોડ આજે જાય તેને બીજે દિવસે આરામ, બીજે દિવસે બીજી જોડ હોય. આવો તેમનો પશુપ્રેમ હતો. ૧૫મી એપ્રિલ, ૧૯૬૮ના રોજ ૬૨ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. પણ આજે બિદડાવાસીઓનાં હૃદયમાં તેઓ ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

### ● નાની ખાખરનાં સુધારક અને સેવાભાવી અગ્રણીઓ :-

**મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઇ કોઇ ઉદ્‌ઘાટન પ્રસંગે કચ્છમાં આવેલા ત્યારે તેમણે થોડો સમય નાની ખાખરમાં ગાળેલો. ત્યારે ગામનો વિકાસ જોઇને તેમણે કચ્છનું પેરિસ તરીકે નાની ખાખરનું સંબોધન કરેલું જે યથાર્થ છે.** આમ તો કચ્છ બહાર ધંધાર્થે વસેલા જૈનોએ પોતાના વતન માટે ઘણાં પ્રજાહિતનાં કાર્યો કર્યા છે. નાની ખાખરના વિકાસમાં સુધારક અને પ્રજાકલ્યાણી અગ્રણીઓનો ફાળો મહત્તમ રહ્યો છે. તેમાં મુખ્યત્વે :

### (૧) શ્રી કાનજીભાઇ રવજીભાઇ દેઢિયા :-

કાનજીભાઇનો જન્મ સંવત ૧૯૪૩ (ઇ.સ. ૧૮૮૭) ને માગસર સુદ ૯ના થયો હતો. ધંધાર્થે તેઓ મુંબઇ ગયા પણ નાની ખાખર માટે એક સુધારક સાબિત થયા હતા. કચ્છનાં શાસકો સાથે તેમનાં સંબંધો સારાં હતા. તેથી રાજનીતિ સંબંધી તટસ્થ વ્યક્તિ તરીકે તેમની ગણના થતી હતી. જ્યારે કચ્છ રાજ્ય અને મોરબી વચ્ચે આધોઇ ગામ અને તેના આસપાસના વિસ્તાર, સરહદી હક્ક માટે ઝઘડો ચાલતો હતો અને અવારનવાર બન્ને રાજ્યો વચ્ચે ઘર્ષણ થતું જેમાં માનવીની ખુવારી અને ખૂબ ખર્ચ થતો હતો. આ પ્રશ્ન લાંબા સમય સુધી ઉકેલાતો નહોતો ત્યારે કચ્છના મહારાવશ્રી (ખેંગારજી-ત્રીજા) અને કાનજીભાઇના સંબંધો સારા હોવાના નાતે કાનજીભાઇએ સલાહ આપી, તેના ઉકેલ માટે પંચની નિમણૂક કરવામાં આવી તેમાંના એક પોતે રહ્યા હતા. તેમાં તટસ્થ વ્યક્તિ તરીકે તેમણે પ્રજાના ફાયદારૂપે મોરબીના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.

આ ઉપરાંત તેઓ સ્ત્રી શિક્ષણના પ્રખર હિમાયતી હતાં. સ્ત્રીઓને છાપા વાંચવાનો આગ્રહ રાખતા અને ઘૂંઘટ પ્રથાને તિલાંજલિ આપવાનું સૌ પ્રથમ કાર્ય પોતાના કુટુંબમાંથી જ કર્યુ. **પોતાની પુત્રી ઇન્દુમતીના લગ્ન બિદડાનાં ડો. દામજી હરિયા સાથે કર્યા ત્યારે સૌ પ્રથમ ખુલ્લા મોઢે પોતાની પુત્રીના લગ્ન કર્યા હતા.** સમાજનાં અન્ય કુરિવાજો જેવાં કે વાંસા, ભૂવા-ડાકલાના ઢોંગો સામે લડત આપી બંધ કરાવવાના પ્રયત્નો કર્યા. તેમજ શીતળા જેવા રોગ માટેની વર્ષો જૂની દેવીકોપની માન્યતાને તેમણે તિલાંજલિ આપી તબીબી સારવારની હિમાયત કરી હતી.

**અસ્પૃશ્યતા નિવારણ અંગે કાનજીભાઇએ નાનીખાખરની શાળામાં હરિજન બાળકો માટે એક વર્ગ પણ રખાવ્યો અને પોતાના પુત્ર ચંદ્રકાંતને ભણાવવા માટે મોકલતા.** પાછળથી બધા બાળકો સાથે હરિજન બાળકોને અલગ વર્ગને બદલે બધા સાથે ભણાવવાની પ્રક્રિયા શરૂ થઇ. આ ઉપરાંત તેમણે સ્વતંત્રતાની લડતમાં પણ સક્રિય ભાગ લીધો હતો. યુસુફ મહેરઅલીના કચ્છ પ્રજાકીય પરિષદના તેઓ અગ્રગણ્ય કાર્યકર હતાં. તેઓ ખુદ ખાદી પહેરતા અને તે પણ પોતાના હાથની કાંતેલી જ. વિશેષરૂપે જૈન કોન્ફરન્સમાં કચ્છી વ્યક્તિને પ્રમુખપદ અપાવવામાં તેમણે મહત્વનો ભાગ ભજવેલ. જેથી કચ્છનું પ્રતિનિધિત્વ જાળવી શકાય. આવા સમાજ સુધારકનું તા. ૧૫-૮-૧૯૫૫ના રોજ અવસાન થયું પરંતુ નાની ખાખરમાં એક સમાજ સુધારક તરીકે તેમનું સ્થાન ચિરસ્મરણીય રહ્યું છે.

### (૨) શ્રી લધાભાઇ ગણપત :-

ધર્મપ્રેમી પ્રજ્ઞાચક્ષુ શ્રી લધાભાઇએ નાની ખાખરના દહેરાસરનો જિર્ણોધ્ધાર કરાવ્યો હતો. તે સંદર્ભે એક પ્રસંગ નોંધનીય છે. જ્યારે પાટણનો સંઘ કચ્છમાં આવ્યો ત્યારે શેઠશ્રી નગીનદાસે નાની ખાખરમાં નાનું દહેરાસર જોઇને કહ્યું હતું કે, 'લધાભાઇ તમારા બંગલા તો જોયા, ખૂબ ગમ્યા, ખૂબજ વિશાળ અને અદ્યતન છે. પણ દાદાજીનું દહેરાસર નાનું છે.' આ વાત શ્રી લધાભાઇને અસર કરી ગઇ અને તેમણે અદ્યતન અને ભવ્ય દહેરાસરનું નિર્માણકાર્ય નાનીખાખરમાં કરાવ્યું. આવી ધાર્મિકવૃત્તિવાળા લધાભાઇને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રી હતી. તેમાં ત્રણ પુત્રો અનુક્રમે : શામજીભાઇ, પ્રેમજીભાઇ અને નાનજીભાઇ હતાં.

### ● શ્રી પ્રેમજીભાઇ લધાભાઇ :-

શ્રી લધાભાઇના પુત્ર શ્રી પ્રેમજીભાઇએ પણ નાની ખાખરનાં વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. ગામમાં કૂવા અને સ્નાનગૃહ કરાવ્યું જે સ્થાપત્યની દૃષ્ટિએ પણ વિશિષ્ટ છે. તેમજ સ્નાનગૃહની સાથે

આરામગૃહની પણ રચના કરી. **વિશેષ બાબત તો એ હતી કે સ્નાનગૃહના પાણીના નિકાલ માટે ગટર પદ્ધતિ દાખલ કરી સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું હતું. તેમજ કચ્છમાં ક્યાંય સ્નાનાગારમાં નળ નહોતા તે નાની ખાખરમાં હતા.** આ ઉપરાંત પાઠશાળા અને ધર્મશાળાનું કામકાજ કરાવી મજૂરોને રાહત અપાવી હતી. સાથે વ્યવસ્થિત રસ્તાઓનું આયોજન પણ તેમનું હતું.

પ્રેમજીભાઇને પાણીદાર ઘોડાઓનો ગજબનો શોખ હતો. ઘોડાને જોઇને જ પારખી જતા કે ઘોડો કેવો છે! એમના માનીતા બે ઘોડા સિકંદર અને જલંદર હતાં. જ્યારે સિકંદર અવસાન પામ્યો ત્યારે પ્રેમજીભાઇએ નાની ખાખરમાં સ્મશાનની પાસે આ વફાદાર અબોલજીવનું કાયમી સ્મારક બનાવ્યું. આ સિકંદર ઘોડાનું સ્મારક કચ્છભરમાં પ્રથમ જ હશે. જે નોંધપાત્ર ગણાય.

- **શ્રી નાનજીભાઇ લધાભાઇ :-**

શ્રી લધાભાઇના ત્રીજા પુત્ર શ્રી નાનજીભાઇ પણ સેવાવૃત્તિ ધરાવતા હતા. તેમનો ચોખાનો વેપાર દેશ વિદેશમાં ફેલાયેલો હતો. પણ નાની ખાખર માટે તેમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું છે. **સમાજનાં સંભવતઃ સર્વપ્રથમ 'રાવબહાદુર'નો ખિતાબ અને 'જસ્ટિસ ઓફ પીસ'નું માન મેળવનાર તેઓ હતા.** જ્યારે પાટણનો સંઘ ઇ.સ. ૧૯૨૭માં કચ્છ આવેલ ત્યારે સંઘમાં ૨૦૦ ગાડાં હતાં. એમનાં વિશાળ રસાલામાં દરજી, હજામ, મોચી બધા સાથે જ હતાં ૩૦૦ થી વધુ સાધુ-સાધ્વીઓ સાથે હતાં. આ સંઘ નાની ખાખરમાં આવ્યા વગર જતો રહે, તે પણ શ્રી નાનજીભાઇ લધાભાઇની હાજરીમાં તે કેમ બને ? નાનજીભાઇ સંઘપતિ નગીનદાસભાઇને આમંત્રણ આપવા કાંડાગરા ગયા. નગીનદાસભાઇને થયું નાનું ગામ ૫૦૦૦ માણસોની વ્યવસ્થા ન કરી શકે. તેમણે આવવાની અનિચ્છા દર્શાવી. નાનજીભાઇએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે નગીનદાસભાઇએ કહ્યું : 'અમે મુસાફરીમાં ક્યાંય લીલું શાક ખાધું નથી જો તમે લીલાશાકની સગવડ સૌ યાત્રાળુઓ માટે કરી શકો તો જરૂર આવીએ.' નગીનદાસભાઇનું કહેવું અને નાનજીભાઇનું કરવું. તેઓ તરત જ પાછા ખાખર આવી મુન્દ્રા, માંડવી વગેરે સ્થળે લીલું શાક લેવા ગાડા મોકલી આપ્યા. આ સંઘ નાની ખાખરમાં બે રાત રોકાયો હતો.

૫૦૦૦ યાત્રાળુઓના પાટણના સંઘને ગામે એવો સુંદર આવકાર આપ્યો કે એમણે 'યાત્રા'ની નોંધમાં ખાસ લખ્યું કે **'એક નાની ખાખર ગામમાં જ તંબુ નાંખવાની જરૂર ન પડી અમને આખા ગામે સમાવી લીધા'** ધન્ય છે નાનજીભાઇને અને ગામ લોકોના અતિથિ ધર્મને.

આમ શ્રી લધાભાઇ ગણપતનાં પરિવારે નાની ખાખરમાં મહત્તમ યોગદાન આપ્યું છે. આ ઉપરાંત શ્રી વીરજી નરશી સાલિયા અને રતનશીભાઇ રાજપાળ દેઢિયાનો પણ નાની ખાખરના વિકાસમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. **આ ઉપરાંત મોટી ખાખરના શ્રી રણશી દેવરાજે મુન્દ્રાની આર.ડી. હાઇસ્કૂલનું નિર્માણ કર્યું.** અને નાની ખાખરના શ્રી વીરજી નરશી સાલિયા સમાજસેવાના સક્રિય કાર્યકર હતા. શ્રી વેલજી લખમશી નપુની સેવાઓ પણ જાણીતી છે.

*(ક્રમશઃ)*

# સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય)

(પ્રકરણ-૪)

• વિરાજ દેસાઈ •

### • પ્રેરણાબહેન મહેતા :-

શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ગૌરવવંતો રાષ્ટ્રપતિ ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર પ્રેરણાબહેન મહેતા એક સંનિષ્ઠ શિક્ષિકા છે. તેમણે લખેલા શિક્ષણ વિષયક નિબંધોની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે. NCERT દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં તેમના નિબંધ 'પ્રવર્તમાન શિક્ષણમાં મંદ અને તેજસ્વી બાળકોની સમસ્યાઓ' અને 'ભૂકંપગ્રસ્ત વિસ્તારના બાળકોને ભૂકંપની સ્થિતિમાંથી બહાર લાવવાના ઉપાય' રાષ્ટ્રકક્ષાએ પ્રથમ આવ્યા હતા. પ્રાથમિક શિક્ષકો માટે યોજાતી તાલીમ, વર્ગખંડમાં બાળકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય એ અંગે તેમણે લખેલા નિબંધની સારી એવી નોંધ લેવાઈ છે.

### • રોહિણીબહેન કોટક :-

રોહિણીબહેન કોટકે તેમના સસરા અને જાણીતા લેખક તથા જાહેર જીવનમાં નોંધપાત્ર પ્રદાન કરનાર શ્રી હીરજીભાઈ કોટકનાં પુસ્તકોનું સંપાદન કરી અને તેમના સંપાદનમાં સહાય કરીને કચ્છના સાહિત્ય જગતની નોંધપાત્ર સેવા કરી છે.

રોહિણીબહેને 'અડધા જગતની સંસ્કૃતિને સંઘરનાર કચ્છ', શ્રી હીરજીભાઈના જીવન પર આધારિત 'જો સુખ પાયા', મૂળ કચ્છના પણ દેશ-વિદેશમાં વસેલી કચ્છની સફળ પ્રતિભાઓની વાત રજૂ કરતું 'સુમિરન કરલે' જેવાં પુસ્તકોનું સંપાદન કરી કચ્છના સાહિત્ય જગતને સમૃદ્ધ કર્યું છે.

### • હરિતા મહેતા :-

પત્રકારત્વ અને ચિંતનાત્મક લેખન ક્ષેત્રે ઊગતા પત્રકાર અને લેખિકા હરિતા મહેતાનું નામ ઘણા જ વિશ્વાસ અને આશા સાથે લઈ શકાય તેમ છે. હરિતાબહેને 'રાષ્ટ્રીય યુવા પારિપોષક' અને એન.એસ.એસ.નો 'શ્રેષ્ઠ સ્વયંસેવિકા' તરીકેનો રાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત 'સખી'નો 'સ્ત્રી-શક્તિ' અને રાજયકક્ષાનો 'યુવા પારિતોષક' પણ હરિતાબહેને મેળવેલ છે. હરિતાબહેનનાં લખાણોમાં ઊગતાં સૂર્યની લાલિમાનો સંસ્પર્શ અનુભવાય છે. ફ્રી-લાન્સ જર્નાલિસ્ટ તરીકે કામ કરતા હરિતાબહેનના લખાણો ન્યૂયોર્કથી પ્રકાશિત થતા 'ગુજરાત ટાઈમ્સ' ઉપરાંત 'કચ્છવૃત', 'ગાંધીનગર સંદેશ' અને 'કચ્છ મિત્ર'માં અવારનવાર પ્રગટ થતાં રહે છે. 'સખી' સામયિકમાં તેમની વાર્તા પણ પ્રકાશિત થઈ ચૂકી છે. માલ્ટા-યુરોપ ખાતે આયોજિત 'કોમનવેલ્થ પરિષદ'માં ભારતનું પ્રતિનિધિત્વ રજૂ કરતાં હરિતાબહેને રજૂ કરેલાં વક્તવ્ય અને પેપરવર્કની પણ સારી એવી નોંધ લેવાઈ છે. યુવાપેઢીની તાજગીનો સ્પર્શ લઈને સાહિત્યક્ષેત્રે પગરણ માંડતાં આવા સર્જકો પાસે ભાવકોને ઘણી અપેક્ષા હોય તે સ્વાભાવિક છે.

### • પુષ્પાબહેન અંતાણી :-

શ્રી પુષ્પાબહેન અંતાણીએ બાળસાહિત્ય પર હાથ અજમાવ્યો છે અને આપણને 'વાર્તા શોખીન જુઈબહેન' અને 'પપ્પુ અને ચકલીનો માળો' નામનાં બે બાળ સાહિત્યનાં પુસ્તકો આપ્યાં છે. કચ્છમાં બહેનોમાં બાળસાહિત્ય પર કામ કરનારા જૂજ વ્યક્તિઓમાં પુષ્પાબહેનને ગણી શકાય. ઉપરાંત તેમણે એક અંગ્રેજી પુસ્તકનો પણ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

### • ડૉ. ઝોહરા ઢોલિયા :-

'કચ્છી લોકગીતો' પર સંપાદન આપણાં ડૉ. ઝોહરાબહેન ઢોલિયાએ કર્યું છે. તે પોતે ઉત્તમ સર્જક છે. તેથી જ તેમણે પોતાના ડૉક્ટરેટના વિષય તરીકે કચ્છી લોકગીતોનો વિષય પસંદ કર્યો હતો. આ ગીતોનું સંપાદન કરી તેમણે પુસ્તકરૂપે પ્રગટ કર્યું છે. તેમાં હાલરડાં, બાળગીતો, પ્રેમગીતો, લગ્નગીતો, દાંપત્ય જીવનનાં ગીતો, હાસ્ય ગીતો, કરુણગીતો, શ્રમગીતો, શૌર્યગીતો, ભક્તિગીતો, પ્રકૃતિ ગીતો વગેરેનો સમાવેશ કર્યો છે.

### • ડૉ. દર્શનાબહેન ધોળકિયા :-

દર્શનાબહેન એટલે એક સિદ્ધહસ્ત અને સુપ્રતિષ્ઠિત વિવેચક અને સાહિત્યકાર.

દર્શનાબહેનનું નામ કચ્છના સાહિત્ય જગતમાં મીઠાં જળની વીરડી સમાન છે. આપણા સાહિત્ય અને તેમાંય ખાસ કરીને વિવેચનક્ષેત્રમાં તો એકાદ-બે નામને બાદ કરતાં મોટે ભાગે પુરુષોનું જ અધિપત્ય છવાયેલું રહ્યું છે, ત્યારે દર્શનાબહેને પોતાની કલમ દ્વારા સાચા અર્થમાં સ્ત્રી પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

દર્શનાબહેને 'નરસિંહ ચરિત્ર વિમર્શ', 'દીઠે અડસઠ જાત્ર', 'કાન્ત', 'અસંગ લીલા પુરુષ રામ', 'નરસિંહ મહેતા', 'ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ' અને 'નારીની કથાઃ પુરુષની લેખિની'નું સંપાદન-જેવાં પુસ્તકો મા સરસ્વતીને ચરણે ધર્યા છે.

આ ઉપરાંત તેમની સાહિત્યિક યાત્રા 'ફાર્બસ ત્રૈમાસિક', 'કુમાર', 'ઉદ્દેશ', 'પરબ', 'અખંડ આનંદ', 'શબ્દ સૃષ્ટિ', 'બાલ સૃષ્ટિ' જેવાં સાહિત્યિક સામયિકોમાં અવિરત ગતિથી વહી રહી છે.

'નરસિંહ ચરિત્ર વિમર્શ' શોધ નિબંધ દ્વારા દર્શનાબહેને ડૉક્ટરેટની પદવી મેળવી. તેમનો આ મહાનિબંધ પુસ્તક સ્વરૂપે પ્રગટ થતાં તેની પ્રસ્તાવનામાં શ્રી હરિવલ્લભ ભાયાણીએ લખ્યું છે :-

'દર્શનાબહેનના સઘન અધ્યયન દ્વારા

*રાજકારણમાં દોસ્તી કે દુશ્મની કદાપિ કાયમી હોતી નથી.*

થયેલી સાફસૂફીથી નરસિંહને નામે પ્રાપ્ત કેટલીક રચનાઓ અને જીવનચરિત્ર વિશે અત્યાર સુધી જે કંઇ કાચાપાકા આધારવાળું કે આધાર વિનાનું, મનમાન્યું કહેવાતું અને મનાતું-મનાવાતું રહ્યું છે તેની ભ્રાંતિએ કે ધૂંધળાપણું દૂર થાય છે. આ કારણે તેની સારી એવી મૂલ્યવતા છે. હવે પછીનાં નરસિંહ-અધ્યયનોમાં આ પ્રયાસ તેની પદ્ધતિ, ચોકસાઇ અને સમીક્ષક દષ્ટિને લીધે માર્ગદર્શક બની રહેશે. દર્શનાબહેનને અને તેમના આ અધ્યયનના માર્ગદર્શક પ્રા. જયંત કોઠારીને પણ આ માટે ભારે શ્રેય અને યશ ઘટે છે.'

દર્શનાબહેનને નરસિંહ મહેતાના જીવન-કવન પ્રત્યે વિશેષ આકર્ષણ રહ્યું હોવાનું જણાય છે. એટલે જ 'નરસિંહ ચરિત્ર વિમર્શ' પછી પણ તેમણે 'નરસિંહ મહેતા' અને 'નરસિંહ પદમાળા' એમ બે પુસ્તકો આપ્યાં. 'સાક્ષરોનો સાક્ષાત્કાર ભાગ-૭'માં શ્રી રાધેશ્યામ શર્મા નોંધે છે :-

'નરસિંહ ચરિત્ર વિમર્શ' આલેખતાં લેખિકાને સાક્ષાત્કાર ફિનોમેનામાં નાનપણથી જ સહજ રુચિ હોવાથી મહેતાજીના ભક્તિ ચરિત્રનો અંશાત્મક સાક્ષાત્કાર અવશ્ય થયો હોવો ઘટે. દર્શના શ્રીકૃષ્ણ કરતાં સર્જક નરસિંહની મીરાં હોઇ શકે!

'શબ્દસૃષ્ટિ' નવે. ૨૦૦૨ના અંકમાં દર્શનાબહેન 'પરિચય પર્વ' શીર્ષક હેઠળ ઉમાશંકરની 'ડૉટર'માંથી 'ફ્રેન્ડ' બનવા સુધી સધાયેલા પરિચય સેતુના આલેખનમાં ઉમાશંકરના વ્યક્તિત્વનું ઝીણવટભર્યું અને સુરેખ રેખાચિત્ર રજૂ કર્યું છે.

'પરબ' સપ્ટે. ૨૦૦૩ના અંકમાં પોતાનાં માતા રસિકબાળાનું લેખિકાએ કરાવેલું જીવન ચરિત્ર-ચિત્રણ હૃદય સ્પર્શી છે.

'ત્યાં સમય નહિં હોય...' શીર્ષક હેઠળ દર્શનાબહેને લખેલા ચરિત્ર નિબંધમાં પોતાના ગુરુ પ્રાધ્યાપક ડૉ. ધીરેન્દ્ર મહેતાના વ્યક્તિત્વનું નિરાળું ચરિત્ર રજૂ કર્યું છે.

'શ્રદ્ધેય વિવેચક અને પ્રકાંડ પંડિત એવા પ્રો. જયંત કોઠારીના દર્શનાબહેને દોરેલા શબ્દચિત્રમાં શ્રી જયંત કોઠારીની અસાધારણ વિદ્વત પ્રતિભાનાં દર્શન થાય છે. જયંતભાઇની ગંભીર માંદગી પ્રસંગે એક ભાવુક વિદ્યાર્થિની તરીકે પોતાનું આયુષ્ય તેમને આપવાની ઇચ્છા વ્યક્ત કરતાં પત્રના જવાબમાં જયંતભાઇએ જણાવેલું, 'આયુષ્ય તો મારે તમને આપવાનું હોય, **વડ તો વેલીને ખસીને જગા કરી આપે, એની જગા પડાવી ન લે.'** ગુરુ-શિષ્યા વચ્ચેના આ લાગણીભર્યા સંવાદ બન્નેના વ્યક્તિત્વના પરિચાયક બની રહે છે.

દર્શનાબહેનની સમગ્ર સર્જનયાત્રામાં તેમને સર્વાધિક યશ અને કીર્તિ અપાવનાર કૃતિઓ 'દીઠે અડસઠ જાત્ર' અને 'અસંગ લીલાપુરુષ રામ'ને જ ગણાવી શકાય.

આ બન્ને કૃતિઓમાં પણ મારે મતે પ્રથમ સ્થાન તો 'દીઠે અડસઠ જાત્ર'ને જ આપવું પડે. સીતાથી કસ્તુરબા સુધીના સાત મહાન ભારતીય નારીઓનાં પાત્ર અને સાત પાત્ર એવી જ મહાન વિદેશી નારીઓનાં એમ કુલ ચૌદ ઉદાત્ત નારીઓનાં ચરિત્રનું ઝીણવટભર્યું ચિત્રણ દર્શનાબહેને કર્યું છે.

સીતા, દમયંતી, દ્રૌપદી, મીરાં જેવા આધ્યાત્મિક ચારિત્રોની વાત કરનારાં દર્શનાબહેન રાબિયા, મુક્તાબાઇ, મિસ સ્લેડ, ભગિની નિવોદિતા અને કસ્તુરબાને પણ એવું જ પૂજનીય સ્થાન આપે છે. અને આ ચરિત્રોમાં તેમણે હેલન કેલરના શિક્ષિકા સુલિવાન અને મેરી ક્યૂરીને પણ મૂક્યા છે. શ્રી મનુભાઇ પંચોલીના શબ્દોમાં કહીએ તો 'તેઓ સંકુચિતતાને પાર કરી ગયા છે.'

જગત ઇતિહાસના આવાં ઓજસ્વી નારી પાત્રોનું ચિત્રણ કરવું એ સહેલું કામ નથી. દર્શનાબહેન આ કામ તેમણે કરેલા ગહન અભ્યાસ અને પાત્રો સાથે સધાયેલા તેમનાં હૃદય ઐક્યને કારણે સહજતાથી કરી શક્યાં છે.

આ પુસ્તક વાંચ્યા પછી એટલું તો જરૂર ગર્વપૂર્વક કહી શકાય કે **જેમ હિન્દી સાહિત્યમાં રેખાવાદી લેખનક્ષેત્રે મહાદેવી વર્માનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ છે, તેમ ગુજરાતી સાહિત્ય પાસે એક 'મહાદેવી વર્મા' છે જેમનું નામ છે દર્શનાબહેન ધોળકિયા.**

'અસંગ લીલાપુરુષ' પુસ્તકમાં દર્શનાબહેને ભગવાન રામ જેવા ઉદાત્ત પાત્રનું ચરિત્ર ચિત્રણ કરવાનું બીડું ઝડપ્યું છે. પોતાની આ પસંદગી માટે દર્શનાબહેન આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે :-

'રામની સામાન્ય ઓળખ પિતૃભક્ત તરીકે લોકમાનસમાં ઉપસી છે અને લોકોએ તેમને આરાધ્યા છે પણ પિતૃભક્ત તરીકે જ. પણ વાલ્મીકિના રામનું વિગતે દર્શન કરતાં રામની પ્રશંસા માત્ર પિતૃભક્ત તરીકે કરવી એ રામનું ખંડદર્શન છે. રામ, ખરેખર તો, જીવનનિષ્ઠ વ્યક્તિ છે. જીવનનાં એકેએક પાસાંને તેમણે પૂરી નિષ્ઠાથી ને છતાંય પૂરી અનાસક્તિથી સેવ્યું છે. રામના જીવનની દરેક ક્ષણ તેમને એક નિષ્ઠાવાન પ્રજ્ઞાપુરુષ તરીકે વ્યક્ત કરે છે.'

રામે એક પુત્ર, ભર્તા, ભ્રાતા, રાજા એમ તમામ ભૂમિકાઓ ભજવતાં કરેલી લીલાઓમાં દરેક ક્ષણે પ્રગટ થતાં રામના અસંગત્વને દર્શનાબહેને પૂર્ણ શ્રદ્ધાથી આલેખન કર્યું છે.

'કચ્છ મિત્ર'માં દર્શનાબહેને 'મહાભારત ચરિત્ર વિમર્શ' શ્રેણી દ્વારા મહાભારતના પાત્રોનું ચરિત્ર-ચિત્રણ રજૂ કર્યું છે.

દર્શનાબહેનના જીવન પર શ્રી રામકૃષ્ણ પરમહંસના વિચારોનો ઘેરો પ્રભાવ રહ્યો છે. જેનું પ્રતિબિંબ તેમના સાહિત્ય પર ઝીલાતું સ્પષ્ટ જોઇ શકાય છે. દર્શનાબહેને મધ્યકાલીન સંત-સાહિત્યનો ગહન અભ્યાસ પણ કર્યો છે અને કચ્છી ભાષાના સંતોના સાહિત્ય અંગે પણ તેમણે વિશદ્ અભ્યાસ કરવાનું કપરું કાર્ય પાર પાડ્યું છે. દર્શનાબહેનના સર્જનનો સમગ્રલક્ષી અભ્યાસ કરતાં અધ્યાત્મ તરફ તેમની અભિરુચિ વિશેષ ઝૂકેલી દેખાય છે. તેમની સર્જનયાત્રાના એક-એક પડાવ પર દર્શનાબહેને સાહિત્ય પ્રદેશના ઉન્નત શિખરો સર કરતાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

અહીં જે લેખિકાઓનો પરિચય પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે, એ સિવાય પણ કચ્છ પાસે અન્ય ઘણી સ્ત્રી લેખિકાઓનાં નામ છે. જેમનું પ્રદાન કોઇને કોઇ રીતે અગત્યનું રહ્યું છે. તરલા ભાટિયા, ગાયત્રીબહેન મજેઠિયા,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)**

*કસરતથી જે લાભ શરીરને મળે છે તે જ લાભ પુસ્તકના વાંચનથી મગજને મળે છે.*

# કચ્છમાં લુપ્તતાની આરે ડાક વાદ્યનો કલાવારસો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

કચ્છનું લોકસંગીત, લોકવાદ્યો અને વાદકો અવારનવાર આકાશવાણી, દૂરદર્શન પર પોતાની આગવી કલાના કામણ પાથરે છે. અનેક કચ્છી કલાકારો દેશ વિદેશમાં ભારત મહોત્સવમાં પોતાની કલા ઉજાગર કરી ચૂક્યા છે. આ પરંપરાગત કચ્છી વાદ્યોમાં 'સુરંદો' કે જે સારંગીથી થોડું અલગ સાગના લાકડામાંથી બનતું વાદ્ય છે જેને મોર જેવો આકાર આપવામાં આવે છે. 'જોડિયા પાવા' વાંસળીથી તદ્દન અલગ વાદ્ય, ઈંડા આકારનું માટીમાંથી બનાવેલું વાદ્ય 'ભોરીંદો', કચ્છના માલધારી લોકો વન વગડામાં વગાડે તે 'મોરચંગ', વાંસળીની માફક વગાડી શકાય તેવી 'કાન', તુંબડીમાંથી બનાવેલી 'મોરલી'. ઢોલ, ડાક, ત્રાંસા, નાલ, નાગફણી, ડફલી, ઘડો-સાગર, મલુંગો આદિ સમાવિષ્ટ છે.

કિન્તુ આ લોક વાદ્યો તથા કચ્છી લોકવાદકોની કલાને જીવંત રાખવા સહિયારા અને સક્રિય પ્રયાસો થાય એજ સમયની માંગ છે. માત્ર વાદ્યો વગાડીને પોતાના પરિવારોનું પોષણ આ વાદક કલાકારો કરી શકતા નથી. હાલે તો આવા કલાકારોને પોતાનું તથા પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા માટે સખત મહેનત મજૂરી કરવી પડે છે. તેમાંય ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના દિને આવેલા ભીષણ ભૂકંપે આ કચ્છી વાદ્ય કલાકારોના કસબ અને કલાની તો કમર ભાંગી નાંખી છે.

ભગવાન શિવજીના ડમરૂના કુળની ડાકે અને ડાક વાદ્ય વગાડનારા 'જોગી-જાગરિયા'ની એક આગવી આવડત શક્તિને પ્રસન્ન કરવાની છે. શક્તિ તત્ત્વને ડાક વગાડી જાગરિયા તેને ચેતનવંતી કરે છે. ડાકનો નાદ આજે પણ કચ્છના અનેક ગામો કે જ્યાં જોગી જાગરિયાની વસતિ આવેલી છે, તેવા ગામો મઉં, ઝરપરા, કોટડી, બિદડા, મોટા લાયજા, ગોધરા, કોઠારા, વાંકુ, હાલાપર, માંડવી આદિમાં સંભળાય છે. ખાસ કરીને ચૈત્રી નવરાત્રિ તથા આસો માસની નવરાત્રિમાં શક્તિની ઉપાસના તથા ઉત્સવો પ્રસંગે મંદિરોમાં માતાજીની મૂર્તિ સમક્ષ જાગરિયા ડાક વગાડતા જોવા મળે છે. આસો માસની નવરાત્રિ પ્રસંગે કચ્છના રાજવી પરિવાર માતા આશાપુરાજીના મંદિરમાં પત્રી ઝીલવાની પવિત્ર વિધિ કરે છે. ત્યારે જોગી-જાગરિયાઓ ડાક વગાડી વાતાવરણ ગજવી નાંખે છે. પિતૃ તર્પણ માટે કારતક અને ચૈત્ર માસ જાણીતા છે. કચ્છમાં ખાસ આ સમયે પિતૃ તર્પણ માટે અન્ય શાસ્ત્રીપાઠ, ચંડીપાઠ માટે કચ્છીઓ પોતાના વહાલા વતન કચ્છમાં આવતા રહે છે. ત્યારે જૈન સમાજ, દલિત સમાજ આ જાગરિયાઓને ખાસ નિમંત્રે છે. આ જાગરિયાઓ તેમની વંશ પરંપરાગત ચાલી આવતી વેશ પરિધાન પ્રથા અર્થાત માથા પર ભગવો ફેંટો, કચ્છી ચોરણી અને ઝભ્ભામાં સજ્જ હોય છે. તેઓ ડાક પર દાંડી પીટીને ડાકલાનો નાદ ગજવી હલકદાર બુલંદ અવાજથી માતાજીની આરાધના કરતા હોય છે. પિતૃઓના આહવાન માટે ખાસ ડાકવાદ્યનો ઉપયોગ જાગરિયાઓ કરે છે. ડાકના ઘૂંટાયેલો નાદ આરાડો તરીકે જાણીતો છે.

ડાક વાદ્યની રચના પણ વિશિષ્ટ છે. કચ્છમાં સુથાર કારીગરો તેના કાંઠા બનાવતા. ડાકની દોરી તબલા કે ઢોલ આદિની જેમ કડક બાંધવાને બદલે ઢીલી બાંધવામાં આવે છે. જે ડાક વાદન સમયે ઉપર નીચે ખેંચાતી રહે છે. તેમાં બાંધેલી ઘુઘરીઓ રણકી ઊઠે છે. કચ્છની વનસ્પતિ કાંગણીમાંથી ડાક વગાડવાની દાંડી બને છે. તે પર નક્શીકામ પણ કરવામાં આવે છે. પંદરસોથી બે હજાર રૂપિયા સુધીની કિંમતમાં ડાક ખરીદી શકાય છે. જાગરિયા લોકોને યજમાનો જે કંઇ મહેનતાણુ આપે છે તે રકમ તેઓ સંતોષથી સ્વીકારી લે છે.

ડાક વાદ્ય વાદકોની ભાષામાં પારંપરિક ખડી હિન્દી બોલીના શબ્દો સાંભળવા મળે છે. ૨૧મી સદીમાં પરંપરાગત વિધિ વિધાનો ઘસાતા જાય છે. પરિણામે ડાક કલા અને કલાધારકોને પણ ખૂબજ ઘસારો લાગેલો છે. પરિવારના ભરણ પોષણ માટે તેમને મજૂરી મેળવવા ઠેર ઠેર ભટકવાનો સમય આવ્યો છે. અલબત્ત તેઓ પાસે થોડો હાથ કસબ પણ છે. થોડી ઘરવપરાશની ચીજ વસ્તુઓ ઇંઢોણી, સૂપડા આદિ બનાવી શકે છે.

આ વાદકો અને વાદ્યોનો કલા વારસો વંશપરંપરાગત છે. અનેક પેઢીઓ શિક્ષણથી વંચિત રહી જવા પામી છે. કેટલીક રૂઢિગત માન્યતાઓને કારણે આવા વાદકો સામાજિક સ્તરે જોઇએ તેવા વિકાસ પામી શક્યા નથી. કચ્છના અસલી વાદ્યો અને વાદકોની જાળવણી માટે સ્તુત્ય પ્રયત્નો કરવા રહ્યા. ખાસ કરીને સહકારી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને સરકારશ્રી દ્વારા કચ્છની લુપ્ત થતી જાતિઓ, વાદ્યો અને વાદકોને અવશ્ય પ્રોત્સાહિત કરી બચાવી શકાશે. ■


*૬/એ લીમડા લાઇન,*
*સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

જાન્યુઆરી-૨૦૦૧
જાન્યુઆરી-૨૦૧૦
વચ્ચેના ૯ વર્ષના કચ્છ પુનઃનિર્માણ અને વિકાસને ઝાંખા પાડનાર કૌભાંડોનું દસ્તાવેજી વિહંગાવલોકન કરે છે
પ્રવીણચંદ્ર શાહ
(૪)

## ★ ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ★

# શાસકીય અને માનવીય ફરજના નરાતાળ બેદરકારોને ક્યારે ખડા કરાશે, ન્યાયના કઠેરામાં?

પ્રવીણચંદ્ર શાહ



ગુજરાતના (માજી) મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલની બીજી ઇનિંગ્સ દરમ્યાન ૧૯૯૭-૯૮વાળા અરસામાં ગુજરાત સરકારની શાસકીય પકડ અને એકસૂત્રતા વણસતા ગયા. લોકો અને શાસક-પક્ષ, ખુદ ભાજપના જ ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ પક્ષમાં અને જાહેરમાં ફરિયાદ કરવા લાગ્યા કે હવે સરકારી ઉચ્ચ અધિકારીઓ પર કેશુભાઇનો કડપ કે અંકુશ સતત ઓગળતા ઓગળતા હવે રહ્યો નથી. આગલા અને હમણાંના કેશુભાઇમાં આસમાન-જમીનનો ફેર પડી ગયો છે.

અધિકારીઓ કેશુભાઇને કે એમના મંત્રીઓને ગાંઠતા નહોતા. રાજ્યના કેબિનેટ કક્ષાના ખુદ મંત્રીઓ પોતે જ ન માત્ર ખાનગીમાં, જાહેરમાં પણ પોતાના બળાપા કાઢતા થયેલા. કેશુભાઇ પોતે કે એમના મંત્રીઓ શાસન-અધિકારીઓને હેતુલક્ષી, 'મોટીવેટ' કરવામાં નિષ્ફળ નીવડતા ગયેલા.

ભ્રષ્ટાચારના મામલે પણ સરકારની અને મુખ્યમંત્રીની છાપ વધુને વધુ ખરડાવા લાગેલી. ભ્રષ્ટ અધિકારીઓને કેશુભાઇ છાવરતા હોવાના આક્ષેપો ખુલ્લેઆમ થવા લાગેલા.'.. એટલું જ નહીં, મંત્રીમંડળના ચાર-પાંચ મંત્રીઓ તો બે હાથે પોતાના ઘર ભરવા મંડી પડ્યા હોવાની નામ જોગ ચર્ચા "ખુલ્લેઆમ થવા લાગેલી."

રાજ્ય અને પ્રજાના હિતોનો વિચાર કર્યા વિના ગુજરાતમાં પોતાના જ અંગત રાજકીય વર્ચસ્વનો ઘેરાવો વધારતા જવાના પ્રયાસો કેશુભાઇ કરતા-કરાવતા રહ્યા હતા. આ માટે એમણે પોતાના માર્ગમાં આડે આવતા બળૂકા હરીફોને એક યા બીજી રીતે ઠેકાણે પાડવા માંડેલા. 'બાગી' નેતા શંકરસિંહ વાઘેલાને પક્ષમાંથી એમણે તગેડી મૂકાવરાવ્યા. નરેન્દ્ર મોદીને દિલ્હી ભેગા કરાવરાવી દીધેલા. દક્ષિણ ગુજરાતના વર્ચસ્વી કાશીરામ રાણાને મુકામ, પોસ્ટ દિલ્હી, કરાવી દીધેલા. વારે-તહેવારે કેશુભાઇની નેતાગીરીની સરતચૂકો ચીંધતા અને 'પાર્ટી શિસ્ત'ની ભાષામાં નારાજગી વ્યક્ત કરતા, માજી મુખ્યમંત્રી, મૂળ કચ્છના સુરેશ મહેતાને કચ્છની સ્થાનિક નેતાગીરી સાથે અફળાવી દેવાયા હતા.

ભૂકંપ થવા પહેલાના અરસાના આવા બધા રાજકીય આંચકાઓ અને પક્ષ અંદરની ભૂગર્ભી ધ્રુજારીઓ, ગુજરાતની સાથે કચ્છ પણ અનુભવી રહ્યું હતું. કેશુભાઇની કેટલીક સરતચૂકો, સફળ-નિષ્ફળ યુક્તિ-પ્રયુક્તિઓ અને ભાજપની લોકપ્રિયતાને હામ પહોંચાડતી ગફલતો પર ભાજપનું દિલ્હી-હાઇકમાન્ડ દેખ્યું-અણદેખ્યું કે લૂલા-લંગડા ઢાંકપિછોડા કરતું રહ્યું હતું. પરંતુ હાઇ-કમાન્ડ પૂરું વાકેફ હતું કે જો આ સ્થિતિ-પરિસ્થિતિ લંબાયા કરી તો ભાજપ પાર્ટીને મોટું નુકસાન થઇ શકવાની શક્યતા વધતી જતી હતી.

૨૦૦૧માં ગુજરાતની વિધાનસભાની નવી ચૂંટણી માટે અઢીએક વર્ષ જેટલો સમય બાકી હતો. ભાજપના થઇ શકનાર ધોવાણને

*તેણે વીણી વીણીને પોતાના દુશ્મનોને ખતમ કરી નાખ્યા! શસ્ત્રથી નહિ, પણ દુશ્મનોમાં રહેલા ગુણોની પ્રશંસા કરીને. – રત્નસુંદરવિજયજી*

અટકાવવા નવા કોની પસંદગી કરવી એ બીજેપી હાઇકમાન્ડની મોટી દ્વિધા હતી. આગગાડીનું એન્જિન બગડી ગયું હોય તો એન્જિન બદલવું જ પડે. જો ગાડી આગળ ચલાવવી હોય તો ગુજરાતની શાસકીય નેતાગીરીને બદલવી જ પડે.

**ભાજપ માટે ગુજરાતનું રાજ્ય મોડેલ-સ્ટેટ હતું. એકલા પોતાના જ જોર પર, બીજી કોઇ રાજકીય પાર્ટી કે જૂથના સમર્થન વગરનું, માત્ર ભાજપી શાસનવાળું, બીજેપીનું એક માત્ર રાજ્ય ગુજરાત જ બાકી રહ્યું હતું.** બીજેપીના મોડેલ સ્ટેટમાં પાર્ટીનું ધોવાણ ભાજપને બહુ ભારે પડી જવાનો રાજકીય ભય, ભાજપ પર તોળાતો હતો. આ શક્ય ધોવાણને અટકાવવા સમયસર કોને લાવવા? તે વખતના ગુજરાતની સતત રંગ બદલતી સ્થાનિક સ્થિતિ-પરિસ્થિતિમાંના વગદારોમાં નરેન્દ્ર મોદી, કેન્દ્રના ટેક્ષટાઇલ પ્રધાન કાશીરામ રાણા અને સૌરાષ્ટ્રના ભારે વગદાર વલ્લભ કથીરિયાના નામો ઊભરતા હતા. પણ ખાટલે મોટી ખોટ એ હતી કે જે લોકો ગુજરાતમાં ભાજપ પક્ષને બેઠો કરી શકવાની શક્યતાવાળા હોવાના દાવા કરાતા હતા તેવા શક્ય મૂરતિયાઓને ગુજરાત-ભાજપની આંતરિક હોંસાતોસીમાં રાજકીય સ્વીકૃતિ મળવાનું કામ, બીજેપી હાઇકમાન્ડ માટે ઘાસની ગંજીમાંથી સોય વીણવા જેવું અઘરું હતું. રાજકીય પક્ષ તરીકે બીજેપીની હાલત દયાજનક હતી. જે વ્યક્તિઓ સ્વીકૃત બની શકે તેમ લાગતું હતું એવા તો કેશુભાઇને ય સારા કહેવડાવે તેવી કડવી વાસ્તવિક્તા હતી.

બુદ્ધિજીવી મધ્યમવર્ગની કહેવાતી ભાજપી-વોટ બેંક બહુ ઝડપથી ઓસરી રહી હતી. ગુજરાતના લોકોનો શાસન સામેનો રોષ શાંત પાડવા માટે રાજકીય સજાનું એલાન થવું જરૂરી હતું. ગાંધીનગરના તે વખતના ઉકળતા રાજકીય ચરૂ માટે 'ચિત્રલેખા', ૧૯ ફેબ્રુઆરી, ૨૦૦૧માં ભાખવાયું હતું કે જો આગગાડીનું બગડેલું એન્જિન તાબડતોબ નહીં બદલાય તો ગુજરાતમાં ભાજપનો ટીંબો થઇ જતાં વાર નહીં લાગે!

ગુજરાતના સુપ્રસિદ્ધ શિક્ષણવિદ્ વિચારક અને લેખક ડો. પ્રવીણ દરજીને સમકાલીન'ની એમની વાચકપ્રિય કોલમ 'દરિયા લહર સમાય'માં સમયોચિત આક્રોશ વ્યક્ત કરતાં લખવું પડ્યું (૨૫, ફેબ્રુઆરી, ૨૦૦૧, 'સમકાલીન વરાઇટી')

"....કેશુભાઇ પટેલની સરકારને મગજ નથી એવું તો અત્યાર સુધી ઘણા લોકો કહેતા સાંભળવા મળ્યા છે, પણ એ સરકારની આંખ પણ નથી, કાન પણ નથી, હાથ અને પગ પણ નથી. આવી ધાંધી સરકાર પાસેથી પ્રજા-ભયભીત પ્રજા-અપેક્ષા રાખે તો શાની રાખે?.. ભયભીત પ્રજામાં જે સ્વસ્થતા બચી છે એટલી સ્વસ્થતા આપણા રાજકારણીઓમાં નથી. તેની પાસે તંત્ર જેવું જ નથી. ગુજરાત બોર્ડર સ્ટેટ છે તેથી માનવસર્જિત ઉપાધિઓ પણ હોય, કુદરતી સમસ્યાઓ પણ આવી મળે, પણ તે માટે કોઇ સતત મોજણી કરતી, ચાંપતી નજર રાખતી સમિતિ કે તંત્ર જ ન મળે! વિશ્વભરના માણસો મદદ લઇને અહીં દોડી આવ્યા પણ એ મદદને ક્યાં, કેવી રીતે, પહોંચતી કરવી તેની આ સરકારને ગતાગમ જ નથી. આવી અનિર્ણયાત્મક મનોદશાવાળી સરકારે આપણી વેદનામાં વધારો કરી આપ્યો છે. પરદેશથી દોડી આવેલા માણસોને આપણા મિનિસ્ટરોને મળવાની ફુરસદ નથી. રશિયાથી મારતે ઘોડે આવેલું માલસામાનનું વિમાન ઉતરે, પણ ત્યાં કોઇ માલ સ્વીકારનાર જ ન હોય અને એ વિમાનને પાછું જવું પડે આનાથી બીજી નાલેશી કઇ હોઇ શકે? હજી ગુજરાતની સરકાર એની, આ લખું છું ત્યાં સુધી કેબિનેટ બોલાવી શકી નથી! **ઊલટાનું છાપાના સમાચાર તો કહે છે કે, ફ્રાન્સથી આવેલું ફર્નિચર અને બીજી કિંમતી ચીજવસ્તુઓને પ્રધાનો અને રાજકારણીઓ પોતાના ઘેર મોકલવા માંડ્યા છે અને વિદેશથી આવી રહેલી રૂપિયા સાત હજાર કરોડની સહાય પુનર્વસવાટના સંદર્ભે હોઇ લાગતા વળગતાને કેવી રીતે કોન્ટ્રેક્ટ આપી તેમનું તરભાણું ભરી આપવું તેની વેતરણ ચાલે છે.** આને રાજકીય ગીધો ન કહેવાય તો બીજું શું કહેવાય. મડદાં ઉપર મહેફિલ કરનારા કાપાલિકોનો એક બીજો ચહેરો આપણા રાજકારણીઓ હમણાં તો પ્રગટ કરી રહ્યા છે..."

ગુજરાતના એક વિશેષ સંસ્કાર સાહિત્યિક મહાજન મણિલાલ હ. પટેલે એમની 'આડા ડુંગર ઊભી વાટ!' કોલમમાં સમકાલીન, ૨૫ ફેબ્રુઆરી, ૨૦૦૧) નોંધ્યું કે "..તંત્રો વિશે આવી વાત કરવાનો આ અવસર છે. કેમકે કચ્છના ગુજરાતના ભૂકંપે પુનઃ એક વખત પ્રજા અને નેતાઓના ચહેરાઓ ખુલ્લા કરી દીધા છે... સરકારી તંત્રોમાંથી પ્રજાએ વિશ્વાસ ગુમાવી દીધો છે..."

**કચ્છનો પ્રાકૃતિક ભૂકંપ તો જાન્યુઆરી ૨૬, ૨૦૦૧ના થયો, પણ આવો ભૂકંપ થવાની પૂરી શક્યતાના વૈજ્ઞાનિક સમર્થનોવાળી ગંભીર ચેતવણીઓના ઢોલ-નગારાં તો છેક પાંચ પાંચ કે ચૌદ ચૌદ વર્ષો પહેલાંથી વાગતા રહ્યાં હતાં. પણ શાસન પોતાની નિદ્રા અને તંદ્રામાંથી ઢંઢોળાય તો ને?**

વર્ષો પહેલાંની આગોતરી વૈજ્ઞાનિક સંશોધન અને તારણોવાળી (જેની વિસ્તૃત વિગતો આ લેખમાળાના આગવા લેખ ક્રમાંક-૩ માં, મંગલ મંદિરના એપ્રિલ, ૨૦૧૦ ના અંકમાં 'કચ્છ મિત્ર'ના તંત્રી કીર્તિ ખત્રીવાળા લેખમાં રજૂ કરાઇ ચૂકી છે.) આ ભૂકંપ ચેતવણીઓના અનુસંધાને ગુજરાતની સરકારો, બીજેપીના પ્રધાનમંડળો, મુખ્યમંત્રીઓ કે કોંગ્રેસ જેવા બીજા પક્ષો અને રાજકારણીઓએ કે આર.એસ.એસ. ના કે વિશ્વ હિન્દુ પરિષદના તિલકધારી, ભગવાંધારીઓ કે 'મંદિર વહીં બનાયેંગે'ના ઝનૂનીઓ કે એન.જી.ઓ સંસ્થાઓએ શું કર્યું? કશું જ નહીં! કશું જ નહીં! કશું જ નહીં!

આમાં સૌથી વધુ જવાબદાર તો સરકારી સત્તાધારીઓ જ ગણાય, જેમના હાથમાં સત્તા અને સાધનોની, આયોજનની, આર્થિક, વહિવટી અને શાસકીય લગામો હતી. 'ભૂકંપ-સંરક્ષણ આયોજનની સૌથી પહેલી અને પવિત્ર ફરજ કોની હતી? રૈયતના જાનમાલની રક્ષા કરવાની પહેલી અને પવિત્ર ફરજ કોની હતી? બંધારણ હેઠળની ચૂંટણીઓ દ્વારા ચૂંટાઇ સત્તાસ્થાને બિરાજનારાઓ કોણ હતા? શું આ જવાબદારી વિધાનસભ્યો, પ્રધાનો અને મુખ્ય પ્રધાનોની નહોતી? કે આલી, મવાલી, લૂખ્ખા ટપોરીઓની હતી?

ભૂકંપે જ કદાચ વર્ષો સુધીની મહેતલ આપી. માત્ર આપણા દેશના જ વૈજ્ઞાનિકો નહીં, આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોની બેઠકોમાં પણ, જેમકે જર્મનીની મેક્સ પ્લાન્ક ઇન્સ્ટિટ્યૂટની કોન્ફરન્સમાં પણ સ્પષ્ટ

*પુરુષ જ્ઞાનનું અને સ્ત્રી ભક્તિનું પ્રતીક છે. ભક્તિ સામે જ્ઞાનને માથું ઝુકાવવું પડે છે.*

ચેતવણીઓ અપાઇ હતી કે "ભારત પાસે કોઇ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન નથી, માટે વહેલામાં વહેલી તકે આવો પ્લાન અમલી બનાવવો જોઇએ." પણ કશુંય કરાય નહીં. તેના પછી કેટલાક સમયે લાતુર (મહારાષ્ટ્ર) વાળો ભૂકંપ ત્રાટક્યો જ. હજારો નિર્દોષોના જીવ ગયા. કરોડોની તારાજી થઇ.

ઇ.સ. ૨૦૦૦ના ફેબ્રુઆરીની ૨૧મીએ વારાણસી (બનારસ) હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં યોજાયેલી ત્રિ-દિવસીય 'ભૂસ્તર સેમિનાર'- 'નેશનલ સિમ્પોઝિઅમ ઓન એડવાન્સ ઇન જિઓલોજી એન્ડ રિસોર્સ પોટેન્શિઅલ ઓફ ધ કચ્છ બેઝીન'માં બનારસ હિન્દુ યુનિવર્સિટી ઉપરાંત લખનૌ, મહારાષ્ટ્ર, ગોવા, કલકત્તા અને મુંબઇ યુનિવર્સિટીઓના તજજ્ઞ વૈજ્ઞાનિકો પણ જોડાયા હતા. આમાં બિરબલ સહાની ઇન્સ્ટિટ્યૂટ (લખનૌ), એટમિક મિનરલ ડિવિઝન (જયપુર), ખડગપુર અને મુંબઇ આઇ.આઇ.ટી. (જિઓલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ઓએનજીસી દેહરાદૂન અને ખડગપુર સહિતની ભૂસ્તર વિજ્ઞાન શાખાઓના વિવિધ નિષ્ણાતોએ ભાગ લીધેલા. કચ્છના ભૂસ્તર શાસ્ત્ર (જિઓલોજી) પર પીએચ.ડી. થયેલા ૧૫ થી ૨૦ ભૂસ્તરશાસ્ત્રીઓ પણ ઉપસ્થિત રહેલા હતા.

હવે યક્ષ-પ્રશ્ન! ગુજરાત સરકારે આ ભૂસ્તરશાસ્ત્રીઓના કારણો અને તારણોનો ક્યાં, કેટલો અને કેવો સદ્‌ઉપયોગ કર્યો? **ખાસ કચ્છના જ ભૂસ્તરશાસ્ત્રના વિપુલ, વૈજ્ઞાનિક અભ્યાસને સાંકળતો આ રાષ્ટ્રીય સેમિનાર હતો. તેથી પહેલાં કે તેના પછી, આટલા વિશાળ પાયા પર આયોજિત માત્ર કચ્છના ભૂસ્તર-સંશોધન કેન્દ્રિત આવો સેમિનાર ફરી થયો નથી.** તેના અનેકવિધ મબલખ ફાયદા ગુજરાત સરકારે કચ્છ, સૌરાષ્ટ્ર કે તળ ગુજરાતના ભૂકંપ-રક્ષાકવચ માટે કેમ ઉઠાવ્યા નથી?

ઇ.સ. ૧૯૯૬ના એમ.એસ. યુનિવર્સિટીના ભૂસ્તર નિષ્ણાત ડૉ. શ્રીંગારપૂરની આવી રહેલા કચ્છ ભૂકંપની ગંભીર આગોતરી ચેતવણીઓ ગુજરાત સરકાર ઘોળીને પી ગઇ! સદંતર દુર્લક્ષ જ કર્યું. પાંચ-પાંચ વર્ષોનો હાથ ઉપરનો તૈયારી માટેનો સમય હોળીના ધુમાડાના બાચકાની જેમ વેડફી નાખ્યો. એવી જ રીતે બનારસ યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેમિનારની ભલામણોને પણ ઉવેખી નાંખી. સતત આવું, આવું થતા ભૂકંપ સામેના કચ્છના, સૌરાષ્ટ્રના કે તળ ગુજરાતના રક્ષણ-કવચ માટેની, 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન' માટેની કોઇ જ, કોઇ જ, કોઇ જ આગોતરી સન્નિષ્ઠ વ્યવસ્થા ન ગોઠવાઇ તે ન જ ગોઠવાઇ.

ભૂકંપ તો થવાનો જ હતો, તે થયો જ. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧, પ્રજાસત્તાક દિને સવારે ૮-૪૩ મિનિટે, રિકટર-સ્કેઇલના વિનાશક ૭ અને ૮ વચ્ચેના માપ યંત્રની તારાજી અને બરબાદી લાવીને જ ભૂકંપ જંપ્યો. **૧૩થી ૧૪ હજારના કમોતે મરણ થયાં, જેમાં જીવતેજીવ દટાયેલા અંજારના ૩૦૦-૪૦૦ બાળ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ હતો.** જેમની નાજુક આંગળીઓ વચ્ચે દેશપ્રેમના પ્રતીક જેવા નાના-નાના રાષ્ટ્રધ્વજ હતા અને હોઠ પર 'ભારત માતા કી જય' ના ઉદ્‌ગારો હતા. **૬૦થી ૭૦ હજાર લોકો વિકલાંગ બન્યાં. ભુજ ધ્વસ્ત થયું. ભચાઉ ધ્વસ્ત થયું. અંજાર, કંડલા, રાપર ધ્વસ્ત થયાં. કરોડોની માલમિલકતો આંખના પલકારામાં કાટમાળના ભંગારમાં ફેરવાઇ ગઇ.**

ભૂકંપના મૂળ કારણો પ્રાકૃતિક હતાં, એ કબૂલ છે. પણ બીજા જ ક્રમનું મુખ્ય કારણ રક્ષા કવચ ખડું નહીં કરવાની, ડિઝાસ્ટર મેનેજમેન્ટની આગોતરી તૈયારી તરફનું દુર્લક્ષ, અક્ષમ્ય શાસકીય અને પક્ષીય બેદરકારી હતું.

ભૂકંપ પછીના કૌભાંડો તો ભૂકંપ થઇ ચૂક્યા બાદમાં સર્જાયા. પણ ભૂકંપ થવાથી યે પહેલાના શાસકીય, નૈતિક, બંધારણીય અને માનવીય નરાતાળ બેદરકારીના આગોતરા કૌભાંડો સર્જાવા દેનારાઓને માનવીય ન્યાયના કઠેરામાં ક્યારે ખડા કરાશે? એમના જવાબ ક્યારે મંગાશે? એમને નસિયત ક્યારે કરાશે?

આજ નવ- નવ વર્ષો પછી પણ, ૨૦૧૦ માંય, આગોતરા રાજકીય, નૈતિક કૌભાંડોના જીવલેણ દુષ્પરિણામોની ભઠ્ઠીમાં કચ્છ અને કચ્છીઓ દાઝે છે, ભુંજાય છે, શેકાય છે અને પારાવાર પીડાથી પીડાય છે.

*(ક્રમશઃ)*

*પત્ર વ્યવહાર માટે લેખકનું સરનામુ :*
*પ્રવીણચંદ્ર શાહ, નવરંગ જનરલ સ્ટોર્સ,*
*ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ-૪૧૦ ૨૨૧.*
*ફોન : ૦૨૧૪૩-૨૨૦૦૮૦ મો. ૦૯૯૩૦૬૬૦૨૪૨*

## સ્વાવલંબી બનો

ભૂખ્યો માણસ કોઈની પાસે રોટી માંગતો હોય તો તે શક્ય છે, પણ ભણેલો ગણેલો અને સ્વમાની માણસ જયારે પોતાના રોજિંદા સુખ માટે બીજા પાસે કાકલૂદી કરતો હોય તો તે અક્ષમ્ય ગણાય. તમારા સુખના માલિક તમે છો. રોટીના ભિખારી કરતાં રોજિંદા સુખના ભિખારી વધુ ખરાબ છે. તેઓ જુલ્મી શાસકો પેદા કરે છે. પોલ વેલેરી જેવા રાજપુરુષે કટાક્ષ કરેલો "પાવર વિધાઉટ એબ્યુઝ લુઝીઝ ઇટ્સ ચાર્મ." તમે કાકલૂદી કે ખુશામત કરીને સત્તાધીશ લોકો સામે સુખ સગવડની ભીખ માંગ્યા કરો તો સત્તાધીશ માણસ જરૂર તેની સત્તાનો દુરુપયોગ કરશે. તમને તો તે ગુલામ બનાવશે, પણ બીજા લોકો ઉપર પણ તે ત્રાસ ગુજારશે. ઓછામાં ઓછું સુખ માણો અને સ્વાવલંબી બનો.

*સાભાર : "પરિત્રાણ"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## વિચારયાત્રા

***વાણી*** *એ વિચારોનું પ્રતિબિંબ છે.*
***વર્તન*** *એ વિચારોનું પરિવર્તન છે.*
***કાર્ય*** *એ વિચારોનું બીજ છે.*
***સ્વરૂપ*** *એ વિચારોનું દર્પણ છે.*
***આંખો*** *એ વિચારોનો પ્રકાશ છે.*
***ભય*** *એ વિચારોનો ભ્રમ છે.*
***નમ્રતા*** *એ વિચારોની સરળતા છે.*
***શાંતિ*** *એ વિચારોની વિશ્રાંતિ છે.*
***રૂદન*** *એ વિચારોની કરુણતા છે.*
***ક્રોધ*** *એ વિચારોની વિવશતા છે.*
***હાસ્ય*** *એ વિચારોનો અભિનય છે.*
***બુદ્ધિ*** *એ વિચારોની પ્રતિભા છે.*
***શ્રદ્ધા*** *એ વિચારોનું સંકલન છે.*

***- ગુલાબચંદ ધારશી રાંભિયા***

## સરતચૂક

એપ્રિલ-૨૦૧૦ના મંગલ મંદિરના અંકમાં અનુક્રમણિકામાં "હાસ્ય"ના મથાળા હેઠળ "આપણા પડોશી" લેખના લેખક તરીકે સરતચૂકથી ચિત્રસેન શાહનું નામ છપાયું છે પરંતુ તેના ખરા લેખક શ્રી ચિરાગ મૈશેરી છે. આ સરતચૂક બદલ ક્ષમા ચાહીએ છીએ.

***— મુખ્યતંત્રી***

*ભક્તિ એ પરમાત્મા પાસે પહોંચવાનો રાજમાર્ગ છે.*

## ઝારાનો ભીષણ સંગ્રામ

# નવી સમસ્યાઓ (પ્રકરણ-૧૧)

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

દીવાનપદ સંભાળવા માટે પૂંજો શેઠ ભુજ પાછો આવ્યો ત્યારે અહીંની સ્થિતિ બહુ વિકટ હતી. ભુજના રક્ષણ માટે બોલાવેલી રાયધણપુરની ફોજના સવારોએ ભુજનાં પાંચે નાકાંઓનો કબજો કરી લીધો હતો અને મહારાવે જ્યારે પોતાના વિશ્વાસુ અમીરબેગને ફોજના નાયક પાસે રૂબરૂ મળવા માટે બોલાવવા મોકલ્યો ત્યારે નાયકે એને અપમાનિત કરીને પાછો કાઢ્યો હતો. **ફોજને ચાર માસ માટે કોરી નવ લાખ પગારની ઠરાવીને ભુજ બોલાવવામાં આવેલ હતી અને એ રકમમાંથી થોડો ભાગ અનાજના રૂપમાં આપવાનો હતો,** પરંતુ મહારાવ લખપતજી પોતાની હયાતીમાં રાજ્યનો ખજાનો લગભગ ખાલી કરી ગયા હતા અને વિશેષમાં ગુલામશાહને ખર્ચ તથા નુકસાની પેટે મોટી રકમ સોના-ચાંદી તથા રોકડના રૂપમાં ચૂકવવી પડી હતી. રાજ્યના ભંડારમાં અન્ન પણ ખૂટ્યું હતું. જામનગર તથા રાયધણપુરનાં લશ્કરોને થોડી રોકડ રકમ તથા અનાજ પહેલાં અપાયેલ, પણ એ પૂરતા પ્રમાણમાં ન હતાં અને રાયધણપુરના લશ્કર પાસે અનાજ ખૂટ્યું હતું તેથી અનાજની મોટી માંગ ઉત્પન્ન થઇ હતી. જે ન સંતોષાતાં ફોજે ભુજને ઘેરી લેવા માટે બધાં નાકાંઓનો કબજો કર્યો હતો. ભુજમાં લૂંટ-ફાટ થવાનો ભય હતો. **પોતાના જ ઘરમાં બંધન ભોગવવા જેવી મહારાવની સ્થિતિ થઇ હતી.** પૂંજા શેઠને ભુજની અંદર જેમ તેમ કરી પ્રવેશ મળ્યો અને એ તરત જ મહારાવશ્રીને મળ્યો. નમાજ પઢતાં મસ્જિદ કોટે વળગે એવું બન્યું હતું. રાજ્યના ભંડારમાં અનાજ ન હતું, ખજાનામાં ધન ન હતું અને જ્યાં સુધી એ ફોજને અનાજ તથા રોકડ રકમ આપવામાં ન આવે ત્યાં સુધી એ ભુજ છોડી જાય એમ ન હતું, એટલું જ નહિ, પણ સમગ્ર ભુજ શહેરને ત્રાસ ઉપજાવે એમ હતું. એનો નાયક તો હવે જાણે પોતે ભુજનો સર્વસત્તાધીશ છે એવી રીતે વર્તતો હતો.

બહુ જ વિચારણા બાદ પૂંજા શેઠે એક યોજના ઘડી કાઢી અને મહારાવશ્રીને નિશ્ચિંત રહેવા જણાવીને એ પોતાના નિવાસે આવ્યો. દેવચંદ શેઠ સાથે એણે થોડી મસલત કરી. બીજા કેટલાક જણને પણ વિશ્વાસમાં લઇ કેટલીક તૈયારીઓ કરાવી અને એક પ્રહર વીત્યા બાદ એણે દેવચંદ શેઠને મોકલીને રાયધણપુરની ફોજના નાયકને વાટાઘાટ માટે પોતાને ત્યાં બોલાવ્યો. દેવચંદ શેઠ સાથે કહી મોકલ્યું કે 'તમને ચૂકવવા માટે નાણાકીય અને અનાજની ગોઠવણ થઇ રહી છે' અને કોરી ભરેલી એક કોથળી પણ મોકલી.

ફોજનો નાયક પૂંજા શેઠને મળવા આવ્યો ત્યારે એનું બહુ ભાવથી સન્માન કરવામાં આવ્યું. હજી સાંજ થવાને એકાદ પ્રહર જેટલો સમય બાકી હતો. ફોજને મુખ્યત્વે કરીને અનાજની બહુ જરૂર હતી. પૂંજા શેઠે ફોજના નાયકને ચૂકવવાની રોકડી કોરીઓના ભરેલા કોથળા પોતાને ઉતારે મંગાવીને પોતાની પાસે રાખ્યા અને નાયકને જણાવ્યું કે 'ફોજને આપવાના અનાજના કોથળા ગાડાં પર રખાવીને રવાના કરાઇ રહ્યા છે.' ફોજના નાયકે ખંડની બારીમાંથી અનાજની ગૂણો ભરેલાં ગાડાં રસ્તા પરથી પસાર થતાં જોયાં. એ બધાં ભીડના નાકા તરફ જઇ રહ્યાં હતાં. નાયકને એમ કહેવામાં આવ્યું કે 'અનાજનાં ગાડાં શહેર બહાર જઇ રહ્યા છે માટે તમારે ફોજને નાકાથી બહાર જઇ લઇ જવા હુકમ કરી દેવો અને આખી ફોજ બહાર નીકળ્યા બાદ કોરીઓ ભરેલ થેલા ભીડનાકા પાસે સોંપવામાં આવશે.' પૂંજા શેઠે પોતાના મકાનની ડેલી બહાર થોડા કસાયેલ જુવાનોને તૈયાર રાખ્યા હતા. ફોજનો નાયક જો પૂંજા શેઠની દરખાસ્ત ન સ્વીકારે તો કદાચ ઝપાઝપી થાય અને એ ફાયદાકારક ન હોવાનું, જ્યારે અનાજ તથા મળતી રકમ સ્વીકારી લઇ ભુજ છોડી જવું લાભકારક હોવાનું નાયકને જણાતાં એ કબૂલ થયો. નાયકે ફોજને પાછી ખેંચી લેવાનો હુકમ કર્યો અને બધી ફોજ સાંજ પહેલાં ભુજના ભીડના નાકાની બહાર નીકળી ગઇ. બીજાં નાકાં પહેલાંથી જ છોડી ગઇ હતી અને ત્યાં પૂંજા શેઠે બંદોબસ્ત કરાવી, સૂર્યાસ્ત થયા બાદ તરત જ નાકાં એકદમ બંધ કરી દેવાના હુકમ આપ્યા હતા. બધું લશ્કર બહાર નીકળી ગયું ત્યાં સુધીમાં અનાજ ભરેલ ગાડાં પણ ભીડના નાકાની બહાર શિવરામંડપની જગ્યા પાસે પહોંચી ગયાં હતાં. કોરીઓ ભરેલ કોથળા ભીડના નાકા પાસે ફોજના નાયકને સોંપાયા તે વખતે એ સાથે જ ભૂજિયા કિલ્લા પરથી તોપના બાર છૂટ્યા. **ફોજના નાયકને કંઇક દગો થયેલ હોવાનું જણાયું.** અનાજ ભરેલ કોથળામાં માત્ર ઉપર થોડું અનાજ ભરેલું હતું, જ્યારે એની નીચે લગભગ આખા ભાગમાં રેતી તથા કાંકરા ભર્યા હતાં. કોરીઓવાળા કોથળાઓમાં પણ નીચે કાંકરા અને ઉપર થોડી કોરીઓ નાખેલ હતી. તોપના બાર સાંભળી ફોજ ગભરાઇ ગઇ. ફોજના નાયકને ચેતવણી અપાઇ કે 'જો તમો ફોજ લઇને તરત જ ભુજની સીમા છોડી નહિ જાઓ તો ભૂજિયા કિલ્લા પરથી તોપોના ગોળા છોડીને તમારો નાશ કરવામાં આવશે.' નાયક પરિસ્થિતિ સમજી ગયો. ભુજનાં બીજાં નાકાં બંધ કરાયાં હતાં. તેથી ક્યાંયથી ભુજની અંદર ફરીથી પ્રવેશી શકાય એમ ન હતું અને આગળ વધ્યે છૂટકો હતો. **નાયક જે કંઇ મળ્યું તે સ્વીકારીને લશ્કર સાથે ભુજની હદ છોડી ગયો.** મહારાવને એ ખબર મળતાં એમણે રાહત અનુભવી.

રાજ્યના ખજાનામાં બહુ નાણું ન હતું.

*કબજિયાત હોય ત્યારે કેળાંમાં ફાઇબર (રેષા) વધારે હોવાથી કબજિયાતને દૂર કરવા કેળાં ખાવા ઉત્તમ છે. જુલાબ લીધા વગર કબજિયાતને દૂર ભગાડવામાં કેળાં મદદરૂપ થાય છે.*

પ્રજા પર જુલમ કરી નાણાં કઢાવવાથી અસંતોષ થાય અને બળવો પણ જાગે એવો સંભવ હતો. ગુલામશાહને કરાર મુજબ નાણાં આપવાની વ્યવસ્થા કરવાની પણ હવે બહુ જરૂર હતી, કેમકે દીવાન પૂંજા શેઠના પુત્રને ગુલામશાહ પોતાની સાથે સિંધ આડમાં લઇ ગયો હતો. જાગીરદારો પ્રજા પાસેથી નાણાં પડાવતા હતા, પણ કચ્છ રાજ્યને કરાર મુજબ ચૂકવવાની જમાબંધીની રકમ પણ આપતા ન હતા અને વસૂલાત માટે સવારો મોકલવામાં આવતા, તેઓને કાંતો થોડી રકમ લાંચ આપીને અથવા કેટલાકને અપમાનિત કરી તિરસ્કારીને પાછા કાઢતા હતા. **પૂંજા શેઠે પહેલાં કંથ કોટ-જાગીર પર ચડાઇ કરીને ત્યાંના જાગીરદાર પાસેથી ચડેલી જમાબંદીની રકમ તથા દંડ વસૂલ કર્યા.** નલિયા જાગીરદાર જરા તોફાની હતા અને જમાબંદીની રકમ ભરવામાં અખાડા કરતા હતા. એમને મોથાળા-જાગીરદાર સાથે કોઇ પણ કારણસર અણબનાવ હતો અને પૂંજો શેઠ દીવાન તરીકે સત્તા પર આવ્યો એનો અણગમો પણ હતો, કેમકે મોથાળા-ઠાકોર પૂંજા શેઠની તરફેણના હતા. **પૂંજા શેઠે નલિયા પર ચડાઇ કરીને જાગીરદાર પાસેથી જમાબંદી સાથે ભારે દંડની રકમ વસૂલ કરી.** જાગીરદાર તેથી બહુ નારાજ થયા. પૂંજા શેઠનું કાસળ કાઢવા માટે એઓ વિચારી રહ્યા હતા.

પૂંજા શેઠને દીવાનપદ ગ્રહણ કર્યાને બે વરસ પૂરાં થવા આવ્યાં હતાં. એણે વ્યવસ્થા સ્થાપી હતી. દેવચંદ શેઠ આમ તો જીવણ શેઠના સંબંધી તથા એની તરફેણના હોઇને પૂંજા શેઠના વિરોધપક્ષના હતા, પણ જીવણ શેઠના મૃત્યુ બાદ પૂંજો શેઠ ફરી વાર સત્તા પર આવ્યો ત્યારે પરિસ્થિતિને ધ્યાનમાં લઇને, સમય ઓળખીને એઓ પૂંજા શેઠને સાથ આપતા હતા. દેવચંદ શેઠના ત્રણ ભાઇઓ રાજ્યમાં સત્તાસ્થાન પર હતા. દેવચંદ શેઠ પોતે મહારાણી રાજકુંવરબાના કામદાર હતા. પૂંજો શેઠ પોતાનું કુટુંબ મોથાળેથી ભુજમાં લાવ્યો હતો અને ભુજમાં કુટુંબની સાથે રહેતો હતો, જ્યારે સોનાં મોથાળામાં જ રહેતી હતી. પૂંજા શેઠે એનાં ભરણપોષણ વગેરે માટે વ્યવસ્થા કરી હતી. એ ત્યાં જુદા ઘરમાં રહેતી હતી. પૂંજો શેઠ કોઇ કોઇ વાર મોથાળે જતો અને જાગીરદારને ત્યાં રહેતો. તેથી કેટલાક લોકોમાં એવી સમજ હતી તથા લોકવાયકા પણ વહેતી થયેલ કે પૂંજો શેઠ ફરી સોનાંના સંબંધમાં આવ્યો છે, **પણ સોનાં હવે પવિત્ર જીવન ગાળતી હતી અને દેવ દર્શનમાં તથા ગામનાં લોકોમાં ભળીને સારી પ્રવૃત્તિમાં જીવન ગુજારતી હતી.**

પૂંજા શેઠે ગુલામશાહને ચૂકવવા માટે નાણાંની થોડી ઘણી વ્યવસ્થા કરી અને કરાર પ્રમાણે રાજકુટુંબની કુંવરી એને પરણાવવા સંબંધમાં વિચારણા કરી રહ્યો હતો. મહારાવ ગોડજી સાથે એ બાબતમાં ચર્ચા કરતાં એઓ હવે તદ્દન વિરુદ્ધ થયા હતા અને કોઇ રખાતથી થયેલ કુંવરીને પણ રાજકન્યા તરીકે ગુલામશાહ સાથે પરણાવવા તૈયાર ન થયા. પૂંજો શેઠ જ્યારે પણ એ વિષયમાં વાત ઉપાડતો ત્યારે મહારાવ નાખુશ થતા અને વાત બંધ થાય એ માટે તજવીજ કરતા. રાજકુટુંબની કન્યા કલોરાને આપી એવી વાત થાય તો પણ કુલાભિમાન-કુલગૌરવ ખાતર મહારાવ ગોડજી, એમનાં મહારાણી તથા રાજમાતા નારાજ થતાં. પોતાને વૃદ્ધ ઉંમરે પૂંજા શેઠે નીચું જોવડાવ્યું હતું એવી રાજમાતાના મન ઉપર અસર હતી અને મહારાવ ગોડજી પણ એ અસર નીચે હતા. પૂંજા શેઠે ફરીવાર મહારાવ પાસે જઇને કરાર મુજબ ગુલામશાહને રાજકુમારી તરીકે કોઇ નાના ભાયાતની અથવા છેવટે રાજમહેલમાં રખાતો હતી તેઓમાંથી કોઇની કુંવરીને રાજકન્યા તરીકે પરણાવવાની જરૂર રહેતી હતી અને એમ ન થાય ત્યાં સુધી પોતાનો પુત્ર દેવજી ગુલામશાહ પાસે સિંધમાં આડમાં રહેલ હતો તે છૂટે એમ ન હતું, એ પરિસ્થિતિ સમજાવી ત્યારે મહારાવે પોતે વિચારી જોશે એમ કહીને એને વિદાય કર્યો, કંઇ દાદ ન આપી.

થોડા દિવસ બાદ નલિયા-જાગીરદાર ભુજ આવ્યા અને મહારાવશ્રીને મળીને પૂંજા શેઠ વિરુદ્ધ ફરિયાદ કરી. મોથાળા-ઠાકોર સાથેના અણબનાવને કારણે પૂંજા શેઠે કિન્નો રાખીને નલિયા પર ચડાઇ કરી હતી એમ ઠાકોરે મહારાવને જણાવ્યું. પૂંજા શેઠ સાથેની દોસ્તીને કારણે મોથાળા-ઠાકોરે મહારાવના હુકમનો અનાદર કરીને ઝારાની લડાઇમાં મહારાવને સાથ આપ્યો ન હતો પણ સામે થયા હતા એ વાત પણ સિફતપૂર્વક રજૂ કરી. રાજકુટુંબની કે કોઇ ભાયાત જાગીરદારની કન્યા ગુલામશાહને પરણાવવાની ફરજ પાડીને પૂંજો શેઠ રાજ્ય તથા જાડેજાઓના કુળને નીચું જોવડાવશે-અપકીર્તિ કરાવશે એવું એમના મન પર ઠસાવ્યું. દેવચંદ શેઠને ખાનગી રીતે મળીને, એમને પૂંજા શેઠને ખસેડીને દીવાનપદ મેળવી શકે એમાં મદદ કરવાનું પ્રલોભન આપ્યું. મહારાવ પણ હવે પૂંજા શેઠની વારંવારની વાતથી કંટાળી ગયા હતા. વાતાવરણ પૂંજા શેઠની વિરુદ્ધ ગરમ બન્યું હતું, એ અળખામણો બન્યો હતો.

*(ક્રમશઃ)*

## સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો

**(અનુ. પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

સુધાબહેન ઝવેરી, કમળાબહેન ઠક્કર, મંજુલાબહેન ભટ્ટ, હીના સંઘવી, શોભનાબહેન વોરા, જોગેશ્વરીબહેન છાયા, વીણાબહેન મહેતા, દક્ષાબહેન ઠક્કર... યાદી તો ઘણી લાંબી બની શકે, પરંતુ આ લેખિકાઓ પાસે કચ્છના સાહિત્ય જગતને વિશેષ અપેક્ષા છે.

કચ્છની આધુનિક લેખિકાઓએ ગદ્ય ક્ષેત્રે કરેલાં ખેડાણનું એક સમગ્રલક્ષી અવલોકન કરતાં એટલું તો ચોક્કસપણે કહી શકાય કે કાર્યનો વ્યાપ ઓછો કહી શકાય એવો હોવા છતાં જે કાર્ય થાય છે, અને થયું છે, તે ઘણું સત્વશીલ છે. પરંતુ ઘણી કલમો શાંત અને સ્થિર પડેલી જણાય છે એ જોઇ ગ્લાનિનો અનુભવ થાય છે.

દૂર ક્ષિતિજ પર નજર કરતાં એક નવી પેઢીનો ઉદય થતો દેખાય તો છે, પણ તે કેટલો દૂરગામી અને સત્વશીલ છે તેનો જવાબ તો સમય જ આપી શકશે. આ કાર્ય હવે તેમણે ઉપાડી લેવાનું છે. શ્રદ્ધેય ગુરુઓ તેમને દીક્ષિત કરવા ઉત્સુકો છે જ. ત્યારે 'ઉત્તિષ્ઠત જાગૃત પ્રાપ્ય વરાનિબોધત્' એ ઉપનિષદ મંત્ર આ ક્ષણે તો તેમણે જ આત્મસાત્ કરવો રહ્યો.■

*કેળાંમાં પોટેશિયમની માત્રા વધુ હોવાથી, વિદ્યાર્થીઓને એલર્ટ (જાગૃત) રાખવામાં ખૂબજ કામ આવે છે. માનસિક શક્તિને વધારે છે.*

# કચ્છી નવી લિપિનાં ગતકડાં અને નાટક બંધ કરાવો

• પ્રભાશંકર ફડકે •

કચ્છના તેમજ મુંબઈનાં સાહિત્યિક વર્તુળોમાં અને આમ જનતામાં પણ માતૃભાષા કચ્છી માટે જાગૃતિ તથા રસ વધતા જાય છે એથી આનંદ થાય છે. હવે એકાએક અમદાવાદના પણ અમુક વર્ગ કે વર્ગોમાં પણ સફાળી જાગૃતિ તાજેતરના મહિનાઓમાં આવી ગઈ છે! કમસેકમ 'મંગલ મંદિર'ના ચાર-પાંચ મહિનાના અંકો ઉપરથી તો એમ જ લાગે. એક ઉત્સાહી બહેન જે કચ્છી હોવાનું ગૌરવ લેતા દેખાય છે, તે પોતાની માતૃભાષાને સ્વતંત્ર લિપિ ન હોવાથી લાંબા વખતથી હિજરાય છે એવું પણ જણાય છે અને એટલે એમણે અથા...ક પુરુષાર્થથી, સુદીર્ઘ સંશોધન પછી કચ્છી માટે 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી લિપિ શોધી — સોરી! બનાવી કાઢી. કોઈ પૂછશે, આ બહેન (૧) ઘરમાં કચ્છી જ બોલે છે ને? (૨) એમણે સંશોધન કર્યું, તે ભાષાવિજ્ઞાન (linguistics)નું જ કર્યું હશે ને? (૩) ડૉ. એટલે પીએચ.ડી. હશે ને?

પણ આ બધાનો ઉત્તર 'ના'માં આવે છે! બહેન ડૉક્ટર જરૂર છે (અભિનંદન), પણ તે આયુર્વેદનાં, અભ્યાસ એમણે બેશક કર્યો છે, પણ તે Calligraphyનો (હસ્તાક્ષર કળાનો). બહેને તથાકથિત વર્ણમાલા રચી છે તે અક્ષરોની નહીં પણ ચિત્રોની અને એવા જ સંકેતોની!

આવી ચિત્ર (વિચિત્ર) લિપિ બે ભાષામાં ધ્યાનમાં છે, ચીનમાં અને બીજા જાપાનમાં. જાપાને તો ક્યારની રોમન સ્ક્રીપ્ટ (લિપિ) અપનાવી જ છે. હવે ચીને પણ દુનિયાથી પાછળ ન રહી જવાય એવી વાજબી દહેશતથી રોમન સ્ક્રીપ્ટ અપનાવવાનું નક્કી કર્યું છે અને એને માટે 'ટાર્ગેટ' (લક્ષ્યાંક) પણ જાહેર કરી દીધું છે. બહેન આ નથી જાણતાં.

બહેનના અને થોડાએક કચ્છ બહારના (કચ્છમાં તો હવે નહિંવત્) વર્ગમાં એવી ખોટી ભ્રાંતિ ઘર કરી ગઈ છે, કે ભાષા વગર લિપિ અધૂરી ગણાય અને દરેક ભાષાને પોતીકી અલગ લિપિ હોવી જોઈએ. પણ વાસ્તવિક હકીકત આવી નથી જ. આપણા દેશની વાત કરીએ, તો હું પૂછીશ કે રાષ્ટ્રભાષા થવા આતુર (પેપર ઉપર તો થઈ જ ગયેલી) હિંદીને એની અલગ લિપિ છે કે? મરાઠીને છે કે? ભોજપુરી, મૈથિલી, કોંકણી અને નેપાલી - અસમિયાની લિપિ કેવીક છે? જવાબ આ છે : હિંદીભાષીઓ પોતાની 'લિપિ'ને હિંદી કે હિંદુસ્તાની નથી કહેતા, 'દેવનાગરી' કહે છે. આ દેવનાગરી શું છે? એ તો દેવગિરા સંસ્કૃતની લિપિ છે. ક્યારેય કોઈ ઉત્તર ભારતીય કે મરાઠી માણસને (બાળાસાહેબ સુદ્ધાંને) પોતાની અલગ લિપિ ન હોવા બદલ રંજ કે સંકોચનો અનુભવ નથી થયો. હવે ગુજરાતીની શી સ્થિતિ છે? તથાકથિત ગુજરાતી લિપિ ઉપર શિરોરેખા કરો (હિંદીની જેમ) ફક્ત બે પાંચ વર્ણો 'ક, ચ, જ, ફ, બ, ભ, લ' — ને પળભર ભૂલી જાઓ તો દેવનાગિરીથી એ તસુભાર પણ અલગ દેખાય છે ખરી કે? અને આ 'ક થી ભ' સુધીના અક્ષરો દેવનાગરીથી કેટલા બધા નજીક છે? શાણા ગુજરાતીઓએ લખવામાં સહેલા પડે એ હેતુથી એ જરાક જ બદલી કાઢ્યા. એટલે રાજભાષા ગુજરાતીને પણ પોતાની લિપિ નથી. ઇતિ સિદ્ધમ્! (QED) પણ ના, દેશી ભાષાઓથી આદરણીય રાજુલ બહેનની પેઢીને અને એમના અહોભાવયુક્ત અભિભાવકોને સંતોષ કદાચ નહીં થાય. એટલે આપણે આવીએ વિદેશી ભાષાઓ પર. ભઈ! આ તો 'ગોરાવાક્યં પ્રમાણમ્'-નો જમાનો છે. ખુદ અંગ્રેજી ભાષાને પોતાની આગવી લિપિ છે ખરી કે? ઉત્તર યુરોપની અનેક તેમજ અમેરિકાની ભાષા (અંગ્રેજી)ને પોતાની લિપિ છે કે કેમ? વિસ્ફારિત નયને જાણી લો કે આ બધે બધી ભાષાઓ એકમાત્ર રોમન લિપિમાં જ લખાય છે!!! અને રૉમ ન તો ઇંગ્લેન્ડમાં આવેલું છે, ન ફ્રાંસમાં; ન સ્પેનમાં, ન પોર્ટુગીઝમાં. તો પછી એક ઇટાલિયનને બાદ કરતાં ઉપરોક્ત બધી ભાષાઓ માટે રોમન લિપિ તો પારકી જ થઈ ને! વેટિકનના પૉપે પ્રચલિત કરેલી આ સ્ક્રીપ્ટ પોતે પાછી ક્યાંથી આવેલી, ખબર છે? માતબર પ્રતિષ્ઠિત ડિક્ષનેરી Roman Alphabetનો પર્યાય આમ આપે છે : The alphabet evolved by the ancient Romans for the writing of Latin, based upon Estruscan form derived from the Greeks and ultimately from the Phoenicians. The alphabet serves for writing most of the languages of Western Europe and many other languages.

ટૂંકમાં, રોમન મૂળાક્ષર કે લિપિ એટલે : મધ્ય ઇટાલીના ઈટ્રરિયા નામક પ્રાચીન દેશમાં એક બિન — ભારોપીય ભાષાની લિપિ પ્રચલિત હતી તેના આધારે પ્રાચીન રોમન પ્રજાએ જે લિપિ સ્વરૂપ ઉત્ક્રાંત કર્યું (ઘડી કાઢ્યું) — અને તે લેટિન લખવા માટે—, અને જે પાછું મૂળે તો ગ્રીકો અને ફિનિશિયનો

પાસેથી મેળવેલું. તેના મૂળાક્ષરો અર્થાત્ લિપિ! હવે આ 'વિશ્વભાષા' સહિત મોટી ગણાતી સુવિક્સિત સમૃદ્ધ ભાષાઓને પોતીકી આગવી લિપિ ન હોય અને તે કારણે બોલનારી પ્રજાઓને સંકોચ ને શરમ ન થતા હોય અને પોતીકી લિપિના અભાવે, એ ભાષાઓ 'બોલીઓ' ન ગણાતી હોય, તો કચ્છી ભાષાનો અલગ લિપિનો અભાવ આપણને કે બીજાઓને શા માટે ખટકવો જોઈએ? છતાં જો કોઈને ગિનીસ બુક ઑફ રેકોર્ડમાં સ્થાન મેળવવું જ હોય, તો અંગ્રેજી ભાષાને 'બિચારી'ને માટે નવી લિપિ બનાવીને નોબેલ પ્રાઈઝ કમિટીને જ મોકલી શકે છે. આપણને આનંદ થશે અને અંગ્રેજ પ્રજાઓ આભારી બનશે.

વાંચકોને જાણીને સાનંદાશ્ચર્ય થશે કે ગુજરાતી ભાષા બસ્સોએક વર્ષ અગાઉ સુધી દેવનાગરી લિપિમાં લખાતી, તે જ રીતે ત્યારે કચ્છી ખતો વગેરે પણ દેવનાગરીમાં જ લખાતા. પાળિયા, શિલાલેખો અને સિક્કાઓમાં પણ એ જ મળી આવી છે. તે પછી નિશાળ અને કચેરીમાં, બેઉ ભાષામાં ગુજરાતી આવી.

માટે કૃપા કરીને હવે નવી લિપિનાં સંશોધન બંધ કરાવો અને સામાન્ય લોકોમાં અકારણ અને બિનજરૂરી મતિભ્રમ પેદા થાય અને ક્યાંક પ્રજાના કોઈ વર્ગો આ કારણસર કોઈ વિવાદ અને વિખવાદ ઊભા થાય એના કારણરૂપ બનવામાંથી બચી જાઓ, નહિંતર ઈતિહાસ એવા લોકોને માફ નહીં કરે - એવું હું કચ્છી ભાષી વિશાળ જનતાના હિત ખાતર વિનવું છું. કચ્છમાંથી કોઈ વિદ્વાને કે ભાષાવિદોએ (મુંબઈમાંથી પણ) નવી લિપિને સમર્થન નથી આપ્યું, એના ઉપરથી સમજી જવું જોઈએ.

<u>તા.ક.</u> : આ લખનારે માતૃભાષા કચ્છી ભાષામાં બે-ચાર અક્ષર પાડ્યા છે અને ગુજરાતી, હિંદી તેમજ અંગ્રેજી કચ્છી ભાષા - સાહિત્ય વિશે બે અક્ષર પાડ્યા છે અને એની દસ પેઢીઓને મરાઠી ભાષા સાથે સંબંધ નહોતો એટલું ઉમેરવું જરૂરી છે.

***(નોંધ : મંગલ મંદિરમાં ડૉ. રાજુલ દ્વારા શોધાયેલ કચ્છી લિપિના સમાચાર અવારનવાર પ્રસિદ્ધ કરવામાં આવે છે. કચ્છી સાહિત્યના જાણકાર એવા શ્રી પ્રભાશંકર ફડકેનો આ બાબતે મંતવ્ય આપતો લેખ પણ અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે. બંને તરફના મંતવ્યો પ્રસારિત કરવાની ફરજ સમજીને મંગલ મંદિરે આ લેખ પણ અત્રે પ્રસારિત કરેલ છે.***

***તદ્દુપરાંત આદરણીય શ્રી પ્રભાશંકર ફડકે પાસેથી આ ગંભીર વિષયની રજૂઆત કટાક્ષમય વાણી તથા સંશોધક શ્રી બહેન (કે જેઓ જન્મે ક.દ.ઓ. હોવાથી અને તેમની માતૃભાષા કચ્છી જ છે) પર કોઈ પણ જાતના પ્રહાર કર્યા વગર અને માત્ર ભાષા - સંશોધનના ગુણધર્મ પર થાય તેવી અપેક્ષા કોઈ પણ નાગરિક તરફથી રાખવામાં આવે તો તે અસ્થાને નહીં ગણાય. કમનસીબે ઉપરોક્ત લેખમાં દરેક પ્રકારની હકીકતોનો સમાવેશ કરવામાં આવેલ છે.***

***– મુખ્ય તંત્રી)***

## દરેક કચ્છી વિચારે

*હાલે ભારતભરમાં વસતિ ગણતરીનું કામકાજ ચાલે છે.*

*વસતિ ગણતરીના ફોર્મમાં કચ્છીઓ તેની માતૃભાષાની કોલમમાં માતૃભાષા તરીકે કચ્છી અથવા તો ગુજરાતી લખશે.*

*જેઓ કચ્છી વીસા ઓસવાળ, કચ્છી દશા ઓસવાળ, લોહાણા, ભાનુશાળી વગેરે હશે તેઓ માતૃભાષાના ખાનામાં કચ્છી લખશે અને જેઓ કચ્છી જૈન ગૂર્જર, નાગર, પટેલ વગેરે હશે તેઓ માતૃભાષાના ખાનામાં ગુજરાતી લખશે.,*

*દિલ્હી સેન્સસ બોર્ડે એ નિર્ણય લઈ લીધેલ છે કે "કચ્છી" એ સિંધી ભાષામાંથી ઉતરી આવેલ હોવાથી, જેઓએ કચ્છી તરીકે પોતાની ભાષા લખાવેલ હોય તેઓની ગણતરી "સિંધી"માં કરવી કે જે કચ્છીઓ માટે ખૂબ જ અન્યાયકર્તા ગણાય. આ રીતે કચ્છીઓનું અસ્તિત્વ જ ના રહે અને સિંધીઓની સંખ્યા એકદમ વધી જાય અને કદાચ ભવિષ્યમાં કચ્છ જિલ્લાને સિંધીઓના જિલ્લા તરીકે જાહેર કરાય.*

*કચ્છી સાહિત્યકારોની વાત મુજબ કચ્છી, સંસ્કૃતમાંથી ઉતરી આવેલ છે અને તેને સિંધી ભાષા સાથે કોઈ જ સંબંધ નથી. એ જ રીતે સિંધી પણ સંસ્કૃતમાંથી ઉતરી આવેલ છે, એ નાતે બંને ભાષા જોડિયા બહેનો ગણાય પરંતુ કચ્છી સિંધીમાંથી ઉતરી આવેલ હોય તે વાત યોગ્ય નથી અને કચ્છીઓને સિંધીમાં ખપાવવાની વાત તો તેનાથી પણ વધુ અયોગ્ય છે.*

*કચ્છી ભાષાના સાહિત્યકારો અને અન્ય માધાંતાઓ સેન્ટ્રલ સેન્સસ બોર્ડ, દિલ્હીમાં આ બાબતે રજૂઆત કરી "કચ્છી"ને અત્યાર સુધી જે રીતે અલગ ઓળખ આપવામાં આવેલ છે એ રીતે અલગ ઓળખ જ આપે અને આ અન્યાયકારી વર્તન દૂર કરે અને પોતાની ભૂલ સુધારી લે તે અંગે રજૂઆતો કરવાના છે અને જરૂરી પગલા પણ લેવાઈ રહેલ છે. પરંતુ એ દરમ્યાન દરે કચ્છી પોતાની ભાષા તરીકે કચ્છી નોંધાવે તે જરૂરી છે.*

*આથી દરેક કચ્છીને વિનંતી કે વસતિ ગણતરીના ખાનામાં માતૃભાષાની કોલમમાં પોતાની ભાષા તરીકે 'કચ્છી' જ નોંધાવે, પછી ચાહે તે ઘરમાં ગુજરાતી બોલતા હોય.*

*ઉપરોક્ત વિગતોને લક્ષમાં લેવા અપીલ કરવામાં આવે છે.*

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કેળાં, દૂધ અને થોડું મધ (એકાદ ચમચી) મિશ્ર કરી, એનું મિલ્ક હોજરીને શાંત કરે છે. શરીરમાં સાકરનું પ્રમાણ ઓછું હોય તો એનું પ્રમાણ કેળાંથી વધે છે તથા દૂધને લીધે તાજગી મળે છે.*

# ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનું મહત્વ

• ડૉ. રામજીભાઈ સાવલિયા •

'અહિંસા'નો સામાન્ય અર્થ-કોઈ પણ જીવને દુઃખ અથવા કષ્ટ ન પહોંચાડવું એવો થાય છે. પાતંજલ યોગસૂત્રના ભાષ્યમાં અહિંસાનું લક્ષણ આપતાં જણાવાયું છે કે 'સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહ અહિંસા' અર્થાત સર્વ પ્રકારે, સર્વ સમયે, સર્વ પ્રાણીઓની સાથે અદ્રોહ ભાવથી વર્તવું એનું નામ અહિંસા. આ અર્થને વધારે સ્પષ્ટ કરવા ઈશ્વરગીતામાં કહ્યું છે :

*कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा ।*
*अक्लेशजननं प्रोक्ता अहिंसा परं महर्षिभिः ॥*

'મન, વચન અને કર્મથી સર્વદા કોઈ પણ પ્રાણીને ક્લેશ નહીં પહોંચાડવાનું નામ મહર્ષિઓએ અહિંસા રાખ્યું છે.'

આચાર્ય શ્રી હેમચંદ્રજીએ અહિંસાનો અર્થ સમજાવતાં કહ્યું છેઃ

*आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।*
*चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥*

'જેવું આપણા આત્માને સુખ પ્રિય લાગે છે અને દુઃખ અપ્રિય લાગે છે, તેવું જ બધાં પ્રાણીઓને પણ લાગે છે. આથી આપણા આત્માની સમાન અન્ય આત્માઓની પ્રત્યે પણ અનિષ્ટ એવી હિંસાનું આચરણ કદી પણ નહીં કરવું જોઈએ. આ જ બાબતને સ્વયં શ્રમણ ભગવાન શ્રી મહાવીરે પણ કહી છે :

*सव्वे पाणा पियाउया, सुहसाया, दुहपडिकूला, अप्पियवहा ।*
*पिय उजीविणो जीविउकामा, (तम्हा) णातिवाएज्ज किंचणं ॥*

'સર્વ પ્રાણીઓને આયુષ્ય પ્રિય છે, બધા સુખના અભિલાષી છે. દુઃખ સહુને પ્રતિકૂળ છે, વધ બધાને જ અપ્રિય છે, જીવિત સહુ કોઈને પ્રિય લાગે છે - બધા જીવવાની ઈચ્છા રાખે છે. આથી કોઈને મારવું કે કષ્ટ ન આપવું જોઈએ.' અહિંસાના આચરણની આવશ્યકતાને માટે આના કરતાં ઊંચો એવો બીજો કોઈ અર્થ નથી.

બૌદ્ધ ધર્મના ઉપદેશમાં પ્રવૃત્તિ પ્રેરક અહિંસા-એટલે મૈત્રી અને કરુણાનાં કાર્યો-ઉપર ઘણો જ ભાર મૂક્યો છે. બૌદ્ધ સાહિત્યમાં એના દૃષ્ટાંતરૂપે ઘણી કથાઓ છે.

વૈદિક ધર્મમાંથી જ નીકળેલા વૈષ્ણવ સંપ્રદાયે પશુયજ્ઞોને બદલે ધાન્યાદિના અહિંસામય યજ્ઞો નિર્માણ કર્યા અને પશુયજ્ઞોનો તીવ્ર નિષેધ કર્યો. વૈષ્ણવ સંપ્રદાયે બૌદ્ધ અને જૈન ધર્મોની વચ્ચેનો માર્ગ લીધો જણાય છે. યજ્ઞ કે આહાર માટે પ્રાણી હિંસા ન કરાય એ મત એણે મોટે ભાગે ગ્રહણ કર્યો.

અજ્ઞાની, અસંસ્કારી અને રોગોથી પીડાતા માનવીઓની સેવાનું સંગઠન એ ખ્રિસ્તી ધર્મે ખેડેલા અહિંસા ધર્મનું વિશિષ્ટ અંગ કહી શકાય.

ઈસ્લામે અહિંસાના સિદ્ધાન્ત પર નામ દઈ બહુ ભાર મૂક્યો નથી, પણ તેનો અર્થ એ નથી કે એણે અહિંસાને કશો ફાળો આપ્યો નથી. માનવી દ્વારા માનવીના શોષણરૂપે થતી હિંસા પર પ્રથમ ધ્યાન ખેંચનાર કદાચ ઈસ્લામ જ છે. ગુલામી પ્રથા, વ્યાજખોરી અને અનેક ધાર્મિક તથા સામાજિક વ્યવહારોમાં દેખાડાતા વિષમભાવનો એણે વિરોધ કર્યો છે. દાનધર્મ અને અનાથ-અપંગો માટેની સંસ્થાઓ પર તેણે ભાર મૂક્યો છે.

ધાર્મિક જાગૃતિ સાથે સંબંધ ન ધરાવતાં છતાં, માર્ટિન લ્યૂથર પછી યુરોપમાં જે નવો વિજ્ઞાનયુગ શરૂ થયો તેણે પણ એક નવી દિશામાં અહિંસાનું ખેડાણ કર્યુ છે. એ દિશા તે, જ્યાં ઈજા અનિવાર્ય હોય ત્યાં તે ઓછામાં ઓછી પીડાકારક થઈ શકે એવી રીતો શોધવા અને અજમાવવાની. વાઢકાપમાં જ્ઞાનતંતુઓને જડ કરી નાખનારાં ઔષધોની શોધો પણ આ ભાવનામાંથી જ થઈ છે. વનસ્પતિને તોડવા-કાપવામાંયે ઘણી વાર આ ભાવના કામ કરતી દેખાય છે.

વિજ્ઞાન તથા ઉદ્યોગયુગની પાછળ આવેલા સમાજવાદે પણ અહિંસાના એક દુર્લભ અંગને ખેડવામાં ભાગ ભજવ્યો છે. વિવિધ પ્રકારના શોષણ દ્વારા માનવ-માનવમાં જે સૂક્ષ્મ હિંસા ચાલે છે તે પારખવી તેમ જ અટકાવવી તથા આવા પ્રકારની અનેક હિંસક પ્રથાઓ તરફ ધ્યાન ખેંચવામાં સમાજવાદે બહુ મોટો ફાળો આપ્યો છે. શોષણને અનુકૂળ થનારી ઘણી માનવ વ્યવસ્થાઓ સામે તેણે લોકમત કેળવ્યો છે. એ મતો કેવળ વિચારના ક્ષેત્રમાં જ રહ્યાં નથી, પણ સમાજવાદી આદર્શ પર સંસ્થાઓ અને રાજ્યોની સ્થાપના કરી તેના પ્રયોગો પણ કરી બતાવ્યા છે. આ પણ અહિંસાનું એક દિશામાં વ્યવસ્થિત ખેડાણ છે.

આ પછી આપણો પોતાનો ગાંધીયુગ આવે છે. ગાંધીજી અહિંસાના મોટા આચાર્ય હતા. એમણે જ પહેલી વાર જાહેર કર્યું કે, અહિંસા કેવળ નકારાત્મક નિવૃત્તિ નથી, પણ એ એક પ્રવૃત્તિમાન બળ છે. બીજાં ભૌતિક અને આધ્યાત્મિક બળોની જેમ તેનાં પણ રીતસર યોજના અને ઉપયોગ કરી શકાય. ખ્રિસ્તી ધર્મની શ્રદ્ધા, આશા અને પ્રેમ કે બૌદ્ધોની મૈત્રી અને કરુણાની વિધિરૂપ પરિભાષાને બદલે એમણે અહિંસાની નિવૃત્તિવાચક પરિભાષા વાપરી છે ખરી, પણ જેને તેઓ 'રચનાત્મક કાર્યક્રમ' કહે છે તેની સાથે તેને જોડીને એમણે એ શબ્દમાં છલોછલ પ્રવૃત્તિ ભરી દીધી છે. વળી એમણે એ પણ બતાવ્યું કે, અહિંસાનું કાર્યક્ષેત્ર જીવનના અમુક ભાગોને જ મર્યાદિત

*કેળાંમાં એસિડિટી ઓછી કરવાનો ગુણ છે. હૃદયમાં બળતરા થાય ત્યારે એનું નિવારણ કરવા કેળાં ખાવા જોઈએ.*

નથી. મનુષ્યજીવનની કોઇ પણ પ્રવૃત્તિ અને સમસ્યાઓને સગવડ માટે ધાર્મિક, સામાજિક, રાજકીય, સાહિત્યિક વગેરે ગમે તે નામ આપીએ, પરંતુ એ દરેકનો અહિંસક રીતે પણ ઉકેલ આણી શકાય.

આધુનિક કાળમાં હિંસા બે અતિ ભીષણ સ્વરૂપોમાં ચમકી છે : ૧. યુદ્ધ ૨. પ્રજાકીય રમખાણો. યુદ્ધહિંસા નવી તો નથી, પણ ભીષણતા અને વ્યાપ્તિની દૃષ્ટિએ છેલ્લાં બે યુદ્ધોએ જગતના પાછલાં સર્વે યુદ્ધોને પાછળ પાડી દીધાં છે. યુદ્ધ એ આંતરરાષ્ટ્રીય હિંસા છે. પ્રજાકીય રમખાણો એ પ્રજા અંતર્ગત યુદ્ધ છે. આંતરરાષ્ટ્રીય હિંસા કરતાં આવી હિંસા વધારે કઠણ અને સૂક્ષ્મ છે, કારણ કે એ પૂરી સંગઠિત પણ નથી હોતી અને અસંગઠિત પણ નથી હોતી. આ હિંસા કદી નહોતી એવા રૂપમાં આ જમાનામાં નિર્માણ થઇ છે.

પહેલા મહાયુદ્ધે ઘણા માણસોને ગંભીર વિચાર કરતા કરી મૂક્યા હતા. તેમાંથી શાંતિવાદીઓનો એક વર્ગ ઊભો થયો. બીજા યુદ્ધ વખતે પણ કેટલાક અહિંસાને વળગી રહ્યા. રમખાણોની હિંસાના વિરોધીઓનો પણ અભાવ નથી. આ બંને પ્રકારની હિંસા અટકાવવાની ઇચ્છા છતાં એ શી રીતે થઇ શકે ? કઇ અહિંસાત્મક પદ્ધતિથી હિંસાને કારણ આપનારા કોયડાઓનો સંતોષકારક ઉકેલ આવે ?

આ માટે ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વ્યક્તિ પોતે પોતાની જવાબદારી સ્વીકારી હિંસાનો ત્યાગ કરી, અહિંસાની સાધનાનો માર્ગ અપનાવે તો જ હિંસાનું સ્વરૂપ બદલાય, જીવનમાં અહિંસાના બીજ રોપાય અને તો જ માનવસમાજ શાંતિનો અનુભવ કરી શકે. આ માટે ભારતીય પરંપરામાં અહિંસાની સાધનાનો જે માર્ગ બતાવ્યો છે તે જ એકમાત્ર સરળ ઉકેલ જણાય છે.

ભારતીય પરંપરામાં અહિંસાની સાધના માટે અંતર્મુખ અને બહિર્મુખ એમ બંને રીતે જીવનને કેળવવાની વાત કરી છે. અંતર્મુખ થવાનો પ્રથમ પાઠ તે પોતાના દોષ કે ભૂલ થતાં જ તે થયાનું ભાન થવું અને તેને સુધારી લેવાની કાળજી લેવી એ છે. અન્યના દોષ સહેજે જોઇ શકાય છે. કારણ કે આપણી આંખો બહારનું બધું જોઇ શકે છે. જીવનને અંદરથી તપાસવાની દૃષ્ટિ સાંપડે ત્યારે જાણવું કે અંતર્મુખ થવાનું દ્વાર જડ્યું છે.

જીવનમાં અંતર્મુખ થવાથી ભાવની સ્થિરતા, તટસ્થતા, સમતા કેળવાય છે. જીવનમાં જેવો ભાવ ધારણ કરીએ તેવો રંગ ઊઠે છે. કેવો ભાવ સ્થિર કરવો એ આપણી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની કેળવણી ઉપર અવલંબે છે. જીવને જે ભાવે તેવો ભાવ જાગે છે. જ્યારે સતત એક જ શાંત સ્વસ્થ સર્વકલ્યાણની ઝંખના કરનારો ભાવ સ્થિર થાય ત્યારે અહિંસાની સાધનાનો સાચો આરંભ થાય છે.

જીવનને અંતર્મુખતા પ્રાપ્ત કરાવવા માટે કોઇ સ્પષ્ટ નિર્દિષ્ટ માર્ગ નહીં ચીંધી શકાય. **પરંતુ એ વાત સ્પષ્ટ કહી શકાય કે અંતર્મુખ જીવનની ઝાંખી કરનારને બાહ્ય આચારનું કોઇ પણ પ્રદર્શન કે આવરણ આવશ્યક નથી રહેતું - ન રહેવું જોઇએ.** આંતરજીવનનો કોઇ પણ અનુભવ કેવળ સ્વાભાવિકતાથી વ્યક્ત થતા સદ્‌ભાવરૂપે જ પ્રગટ થતો રહે છે. તેને કોઇ જ પ્રકારના બાહ્ય શણગાર, દેખાવ કે પ્રદર્શનની આવશ્યકતા નથી. અંતર્મુખ જીવન એટલે સદ્‌ભાવને સ્થિર કરવાનો પુરુષાર્થ.

જીવનમાં અંતર્મુખતા કેળવાય એ માટે ધ્યાન, મૌન, નામસ્મરણ, ઉપાસના, ઉપવાસ બધું કરી શકાય.

**ધ્યાન એટલે ચક્ષુ બંધ કરીને ચક્ષુ દ્વારા ભાવને વિક્ષિપ્ત થતો રોકવો. નામસ્મરણ એટલે જિહ્વા કે સ્મૃતિ દ્વારા ભાવમાં વિક્ષેપ ન પડવા દેવો. મૌન એટલે વાચા દ્વારા વ્યક્ત થઇ જતા ભાવને સ્થિર કરવો. ઉપાસના એટલે શક્ય એટલી બધી રીતે ભાવને સ્થિર કરવો. ઉપવાસ એટલે જિહ્વાના સ્વાદથી ઊભા થતા અંતરાયને દૂર કરીને ભાવને સ્થિર રાખવો.**

અંતર્મુખ જીવનને પ્રવાહ વિશિષ્ટ રીતે વહેતો થવો જોઇએ. ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં રત રહે ત્યારે જે તે વાસના-ઇચ્છામાંથી ભિન્ન ભિન્ન વૃત્તિ પ્રગટ થાય છે. જેમ કે, સ્વાર્થ પૂરો કરવા માટે માણસ ગાંડી દોટ મૂકે છે ત્યારે જો તેને કોઇ અંતરાય નડે છે તો તેનામાં વેરવૃત્તિ જાગે છે. વાસના-ઇચ્છાને સ્વાર્થના સ્વરૂપે વ્યક્ત કરો તો તે વૃત્તિ બને અને તેને જ પરમાર્થ કાજે ત્યાગરૂપે પરિવર્તિત કરો તો તે ભાવનારૂપ બને છે.

જીવન વૃત્તિઓના ભારા જેવું નહીં, પરંતુ ભાવનાના તેજ અણુ જેવું તેજસ્વી બનતું જાય ત્યારે જાણવું કે અહિંસાની સાધનામાં આપણે પ્રગતિ કરી રહેલા છીએ.

જીવનની અંતર્મુખતા અને બહિર્મુખતા વચ્ચેનો ભેદ સમજવા જેટલી વિવેકશક્તિ અવશ્ય કેળવાઇ જવી જોઇએ. વિવેક વિના અહિંસાની સાધનાનો આરંભ પણ કઇ રીતે થઇ શકે? સ્થૂળ ચક્ષુથી જે કંઇ જોવાય છે તે બહિર્મુખતાનો અનુભવ છે અને સ્થૂલ ચક્ષુથી જોયા પછી દૃષ્ટા, દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચેનો જે વિવેક કળી શકાય તેને જીવનની અંતર્મુખતા કહી શકાય. આ કેવળ અનુભવગમ્ય સ્થિતિ છે. બહિર્મુખતાને શબ્દબદ્ધ કરવાનું સાધન ભાષા છે. જ્યારે અંતર્મુખતાને તો સદ્‌ભાવ દ્વારા જ વ્યક્ત કરી શકાય.

અહિંસાની સાધના માટે અનાસક્ત ભાવ કેળવવો અનિવાર્ય ગણાય. કારણ કે આસક્તિ જ બધા બાહ્યાંતર દોષોનું મૂળ છે. અનાસક્ત ભાવ એટલે જીવનમાં કેવળ ઉદાસીનતા કે વિષાદ નહીં, પરંતુ સંપૂર્ણ આસક્ત એવો બાહ્ય વ્યવહાર રાખીને પણ આંતરદૃષ્ટિએ અનાસક્ત રહેવું એ આવશ્યક છે. જ્યાં પોતાપણાની વૃત્તિ-અહંતા સ્થિર થાય ત્યાં જીવનનો પ્રકાશ મુક્ત ન રહેતા ઝાંખો પડી જાય છે. રાગદ્વેષ થવાનું કારણ જ આપણું મમત્વ હોય છે. અનાસક્ત ભાવ સ્થિર થયે કોઇ પણ સ્થિતિમાં સાચો સદ્‌ભાવ પ્રગટ થઇ શકે.

**જીવનમાં કેળવવા જેવો સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણ આદરભાવ છે.** સહુ પ્રત્યે આદરભાવ કેળવાય તેની ઉપર જ અહિંસાની સાધનાનું બીજું બધું ચણતર થાય છે. સહુ પ્રત્યે આદરભાવ-સદ્‌ભાવ રાખો, એવું બધા ધર્મોએ, પયગંબરોએ, જીવનદૃષ્ટાઓએ માનવજાતની પ્રગતિ માટે આવશ્યક માન્યું. પરિણામે, કોઇ મંદિરમાં તો કોઇ મસ્જિદમાં

*મચ્છરનો ડંખ લાગે, ત્યારે કેળાંની છાલના અંદરના ભાગને ડંખની જગ્યાએ ઘસવાથી સોજો અને બળતરા બધું મટી જાય છે.*

તો કોઇ દેવળમાં જઇને જીવમાત્ર પ્રત્યે સદ્‌ભાવ કેળવે છે. ઇશ્વરને નમવાથી કે મંદિરે જવાથી સ્થૂલ જીવનમાં સુખ મેળવવાની ઇચ્છા પૂરી થશે એવું માનવું એ આસક્તિમય ભાવ છે. આપણા જીવનમાં સહુની પ્રત્યે કેવળ સદ્‌ભાવ પ્રગટ થતો રહે એ દૃષ્ટિ રાખવી એ અનાસક્તિ છે. ધર્મમાં હાલતાં ચાલતાં બધે જ બે હાથ જોડી નમન કરવાની કે નાનામાં નાના કાર્યમાં, પવિત્રતાનું આરોપણ કરીને તેની પ્રત્યે આદર-સદ્‌ભાવ રાખવાની પ્રણાલિકા પાડવામાં આવી છે. તેનું રહસ્ય એટલું જ કે જીવનમાં સતત સદ્‌ભાવ સ્થિર રહે અને વ્યક્ત થતો રહે.

અહિંસક જીવનની સાધનાની એક સિદ્ધિ એ કોઇ પણ પ્રકારના સંજોગો કે પ્રસંગો વચ્ચે પણ આપણો સદ્‌ભાવ ચલિત કે વિક્ષિપ્ત ન થાય તે છે. વેદમાં અપમાનને અમૃતની ઉપમા અપાઇ છે. **અપમાનિત સ્થિતિમાં પણ ચિત્તની સમતુલા સચવાય અને સદ્‌ભાવ, જેવો માન મળતાં પ્રગટે તેવો જ સ્થિર રહે તો જાણવું કે અમૃતમય એવી અહિંસક જીવનની સાધનાના સારા માર્ગે આપણે છીએ.** એ માર્ગે આગળ વધતાં વધતાં આપણા સદ્‌ભાવનું સ્વાભાવિક પ્રાકટ્ય જ એવું બળવાન બની જાય કે અપમાન, વેર બધું શમી જાય છે.

અહિંસાની સાધનાનો આરંભ તો માતાએ ધવડાયેલા દૂધમાંથી બાળપણથી જ થાય. વાચન, મનન, ચિંતન, નિદિધ્યાસન કે અભ્યાસથી જીવનમાં અહિંસક ભાવનું ઉદ્દીપન થઇ શકે. માનવજાતની પ્રગતિ માટે અહિંસાને જેઓ અમૂલ્ય માને તેઓમાં ખાસ કરીને સ્ત્રી વર્ગે, માતાઓએ સદ્‌ભાવ-સર્વની પ્રત્યે આદર રાખવાની ભાવનાને દૃઢ કરવી અનિવાર્ય છે. નિઃસ્વાર્થપણે જ્યારે માતા સદ્‌ભાવનું પરિશીલન કરે ત્યારે એ સંસ્કારનો વારસો તેના બાળકને મળે છે. વ્રત, ઉપવાસ, દેવદર્શન, કથાપૂજાનો હેતુ આપણામાં છે. નિઃસ્વાર્થપણે જ્યારે માતા સદ્‌ભાવનું પરિશીલન કરે ત્યારે એ સંસ્કારનો વારસો તેના બાળકને મળે છે. **વ્રત, ઉપવાસ, દેવદર્શન, કથાપૂજાનો હેતુ આપણામાં સદ્‌ભાવને સતત જાગ્રત રાખવાનો છે.**

માનવમાત્રની અંદર વિષ અને અમૃત રહેલું જણાય છે. રાગદ્વેષરૂપી ઝેરનો નાશ કર્યા વિના અહિંસાની સાધના શક્ય નથી. માણસ દૃષ્ટિ, વાચા અને સ્પર્શથી વિષ કે અમૃત જે નિર્ણય કરે તે ફેલાવી શકે છે. આપણે કેવળ આપણી જાતનો સંકુચિત વિચાર કર્યા કરીએ તો તે આંતરજીવનનો એક પ્રકારનો સડો છે. એ સડાને, સ્વાર્થી વિચારને નિત્ય થોભાવવા કે દૂર કરવા ન મથીએ તો આંતરજીવનમાં સડારૂપી રાગદ્વેષ તીવ્રપણે જાગ્રત થાય છે. આવો સડો આપણામાં ન આવે તે માટે સદાય મન, વચન અને કર્મથી શુભ ભાવના-સદ્‌ભાવ પ્રગટ કરવો જોઇએ.

સદ્‌ગુણ કેળવવા માટે ઘણુંખરું એકલપંથી બનવું પડે છે. કારણ કે સ્થૂલ શરીર માટીનું હોવાથી તેને અમૃતમય-સદ્‌ગુણમય થવા તરફ સમભાવથી પ્રેરવું એ પણ એક વિવેક માગી લે તેવી આકરી કસોટી છે. જીવનને વિવેક વગર શરીર, મન અને કેવળ સ્થૂલ આચારવિચારના બળથી સદ્‌ગુણની સાધનામાં ખેંચી જઇએ તો પેલા તંતુવાદ્ય જેવી સ્થિતિ થાય. **તંતુવાદ્યને સાવ ઢીલું રાખો તો તે મધુર સંગીત નહીં આપે, બહુ ખેંચો તો કર્કશ ધ્વનિ આપશે. પણ મધ્યમસર ખેંચેલા તાર જ સુમધુર મંગલમય સંગીત નીપજાવી શકશે.** એવું જ આપણા જીવનનું સમજવું. જીવનને સાવ શિથિલ, યમનિયમ વગરનું રાખવું ન ઘટે, તેમ જ તેને નિયમો, તપશ્ચર્યા, સંયમ, તિતિક્ષા વગેરેથી એટલું બધું ખેંચાયેલું - ક્ષુબ્ધ પણ ન રાખીએ કે જેથી જીવનસ્વર જ ખેંચાઇને કર્કશ બની જાય. જીવનનો હેતુ વિવેકપૂર્વક સમજી રાખવો જોઇએ. જે સમાજ અને જીવમાત્રની વચમાં આપણે જીવીએ છીએ એમને આપણા જીવનમાંથી સહાનુભૂતિ, પ્રેમ, સદ્‌ભાવનો અનુભવ એવી રીતે થવો જોઇએ કે તેઓ આવું અહિંસક જીવન કેળવવા પ્રેરાય.

આપણે જેમ આપણા પરિચયમાં આવનાર સગાંસંબંધીઓની સાથે સમભાવ-સદ્‌ભાવ કેળવવાનો છે, તેમ આપણા આંતરજીવન સાથે આપણી પોતાની જાત પ્રત્યે પણ, કેવળ કઠોર વર્તન ન રાખતાં સમભાવથી કામ લેવાનું છે. આપણે જાતને છેતરીએ નહીં કે છેતરાઇએ નહીં એટલું અવશ્ય જોવું. આપણું જીવન એક એવો પ્રકાશ છે જે ભાવિ પેઢીને પ્રકાશમય સ્થિતિમાં જ સુપરત કરી જવાનો છે, તેની સતત કાળજી રાખવી જોઇએ. અહિંસા એટલે સંપૂર્ણ ન્યાયપૂર્ણ જીવનઆચાર દ્વારા જ જીવનના પ્રકાશને તેજસ્વી રાખી શકાય છે. આટલું સમજી લીધા પછી માનવજીવનને સહાયક થવાય તેવું જીવન જીવ્યે જવું. સિપાહીની અદાથી સંપૂર્ણ નમ્રભાવથી, છતાં તેજસ્વિતા સાચવીને સદ્‌ગુણને કોઇ પણ ભોગે સાચવી રાખવા જેટલું આચારબળ આપણે વ્યક્ત કરીશું તો માનવજીવનમાં સચવાયેલા એક ઉદાત્ત સંસ્કારને આપણી પૃથ્વી ઉપર સચેત-જીવંત રાખ્યાની ફરજ પૂરી કર્યાનો સંતોષ લઇ શકીશું. ■

## પુણ્ય સાથે આવે છે

ભૂખ્યાને ભોજન કરાવવું એ સૌથી મોટું પુણ્ય છે. કોઈ રોગીને દવા પીવડાવવી એ પણ પુણ્ય છે. દાન આપવાથી કદી ધન ઓછું નથી થતું. ભક્ત કબીરે કહ્યું છે કે :

*ચીડી ચોંચ ભલે ગયી, નદી ન ઘટ્યો નીર ।*
*દાન દીધે ધન ન ઘટે, કહ ગયે સંત કબીર ॥*

કોઈપણ દુઃખી માનવીની સહાયતા કરવી એ દરેક ધનવાનનું કર્તવ્ય છે. તેનાથી બે ફાયદા થાય છે એક તો જેને દાન આપવામાં આવ્યું છે તેના સંકટ દૂર થાય છે, બીજું જે દાન આપે છે તેના આત્માને અમર શાંતિ મળે છે.

મૃત્યુ બાદ દાન કદી પણ સાથે નથી આવતું. પરંતુ તમે જે દાન કર્યું છે તેનું પુણ્ય સાથે આવે છે.

*સાભાર : "પરિત્રાણ"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*કેળાંમાં 'બી' વિટામીન ભરપૂર પ્રમાણમાં હોવાથી, નર્વસ સીસ્ટમને તથા જ્ઞાનતંતુઓને માનસિક સમતોલપણું જાળવવામાં એ મદદરૂપ થાય છે.*

# દક્ષિણના જૈન મંદિર

● કાનજી જે. મહેશ્વરી ●

મદ્રાસ દક્ષિણનું પુરાણું શહેર છે. અહીં જૈનોની સારી વસતિ છે. અહીં પાંચેક જૈન મંદિર અને ઉપાશ્રયો છે. શાંતિનાથ ભગવાનનું પ્રથમ મંદિર છે.

શાહુકાર પેઠમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું ઘુમટવાળું મંદિર ઇ.સ. ૧૯૮૬ની આસપાસ બંધાવેલું છે. આ મંદિરમાં સ્ફટિકની એક પ્રતિમા છે. તથા બીજું જિનેશ્વર શ્રી ચંદ્રપ્રભનું શિખરબંધી મંદિર પણ ઇ.સ. ૧૯૧૬માં બંધાયેલું હોવાનું જણાય છે. ત્રીજુ ચંદ્રપ્રભ ભગવાનનું મંદિર વેકટાયલ મુદબી સ્ટ્રીટ મૂલેમાં ઇ.સ. ૧૭૬૧માં બંધાવેલુ છે અને શહેરથી ત્રણેક માઇલ દૂર દાદાવાડી નામના સ્થળમાં આવેલું છે. ચોથું સુમતિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી મંદિર શ્રીસંઘે ઇ.સ. ૧૯૨૯માં બંધાવેલું છે. પાંચમું મંદિર શહેરથી ૧૦ માઇલ દૂર પડીલ સ્થળે મૂળનાયકશ્રી આદીશ્વર ભગવાનનું ઘુમ્મટબંધી મંદિર જોવામાં આવે છે. આ મંદિરમાં મૂળનાયક ભગવાનની પ્રતિમા પ્રાચીન અને અત્યંત સુંદર છે.

મદ્રાસથી ૧૫૦ માઇલ દૂર સિતાનવાસવ નામે ગ્રામ્ય વિસ્તારમાં જૈનગુફા મંદિર છે. આ ગુફા મંદિરના ગર્ભદ્વારના અંદરના ભાગમાં ૩ પ્રતિમા લાંછન વિનાની છે. તો ગર્ભદ્વારના બહારના અર્ધ મંડપમાં પણ ૨ (બે) લાંછન વિનાની લગભગ સાતમા સૈકાની ગુપ્તેન્દ્રિય જૈન પ્રતિમાઓ છે. આ પ્રતિમાઓ પૈકી જમણા હાથના ગોખલામાં અર્ધ પદ્માસ્થ શ્રી પાર્શ્વનાથ ભગવાનના મસ્તક ઉપર નાગરાજની, પાંચ ફણાઓ સહિત જૈન પ્રતિમા છે. તેની પલાંઠીની પહોળાઇ ૩૭ (ઇંચ), શિખર સુધીની ઊંચાઇ ૫૦ (ઇંચ) અને નાગરાજના ફણારહિતની ઊંચાઇ ૩૭ (ઇંચ) છે. આંધ્ર પ્રદેશના બેઝવાડામાં શ્રી પદ્મનાથ ભગવાનનું શિખરબંધી મંદિર છે. શ્રી સંઘે ઇ.સ. ૧૯૦૪માં આ મંદિર બંધાવેલું છે. આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકરની મૂર્તિ મૂળનાયક તરીકે પધરાવેલ છે. અહીંના એકમોના મ્યુઝિયમમાં ૨ અર્ધ પદ્માસ્થ (પદ્માસનસ્થ) પ્રાચીન જિન પ્રતિમાઓ વિદ્યમાન છે. તે ૭મી સદીની હોય તેવું જણાય છે.

ગુડીવાડા નામના ગામે ‘મારવાડી ટેમ્પલ’ના નામે ઓળખાતું ભગવાન શ્રી પાર્શ્વનાથનું મંદિર શિખરબંધી છે. તે ઇ.સ. ૧૮૩૩માં બંધાયેલું છે. અહીંના દેરાસરની બાજુમાં જ ઉપાશ્રય પણ છે. અહીંના મંદિરમાં ભગવાનની મૂર્તિ શ્યામ પાષાણની અર્ધ પદ્માસનસ્થ અને પ્રાચીન છે. આ મૂર્તિનું શિલ્પ વિધાન, કલ્પાક ભાંદક અને અંતરીક્ષ ભગવાનના મંદિરોમાંની પ્રતિમાને મળતું આવે છે. મૂળ નાયકના મસ્ત ઉપરની ફણાઓ તો સાક્ષાત ધરણેન્દ્રે વિકૂર્વી રાખી હોય એવોય ભાસ થાય છે. તેનાલી નામે ગામમાં પણ શ્રી વાસુપૂજ્ય ભગવાનનું શિખરબંધી મંદિર છે. આ મંદિરની મૂળનાયક ભગવાનની મૂર્તિ પ્રાચીન છે. અને તે જમીનમાંથી બહાર નીકળી આવી છે. તેથી આ મંદિરનું મહત્ત્વ વધુ નોંધપાત્ર છે. એ જ રીતે હૈદ્રાબાદની નજીકમાં આવેલ પ્રાચીન જૈન તીર્થ કુલ્પાકજીનો મહિમા અધિક છે. ચારકમાન પાસે ભગવાનશ્રી પાર્શ્વનાથનું ઘુમ્મટવાળું મંદિર શ્રીસંઘે ઇ.સ. ૧૮૯૯માં બંધાવેલું છે. આ મંદિરની બાજુમાં ગોડી પાર્શ્વનાથનું મંદિર કીઠી તરીકે જાણીતું છે.

*- ૧૫૦, ગણેશ નગર,*
*ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : ૨૫૨૮૨૫, મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦*

## વિચાર મંથન

એક ધાર્મિક વૃત્તિવાળા સજ્જન પાસેથી મને એવું જાણવા મળ્યું કે જૈન માર્ગમાં દીક્ષિત સાધુ-સાધ્વી ગૃહસ્થની સેવા ચાકરી કરી ન શકે. ગૃહસ્થની સેવા લઇ શકે. સાધુની ઉંમર ૧૫-૨૦ વર્ષની હોય અને ગૃહસ્થની ઉંમર ૭૫-૮૦ વર્ષની હોય તો પણ બીમાર ગૃહસ્થની ચાકરી તે સાધુ ન કરી શકે આવું જૈન માર્ગમાં આદેશ છે.

આ વાત સાચી છે? સાચી હોય એવું મને લાગતું નથી. છતાં પણ ખરેખર આવો આદેશ હોય તો તે માટેના કારણો જાણવા જરૂરી છે. ખરેખર તો એવી આજ્ઞા હોવી જોઇએ કે કોઇ પણ દીક્ષિત સાધુ-સાધ્વી ગમે તે વ્યક્તિ — નાનામાં નાના બાળકથી માંડીને વૃદ્ધ બીમાર-લાચાર-દુઃખી હોય તેની સેવા ચાકરી કરવામાં એક મિનિટનો પણ વિલંબ ન કરવો જોઇએ. માત્ર મનુષ્ય જ શા માટે? પણ કોઇ પશુ-પંખી કે જીવજંતુ પણ જો ઘાયલ હોય-બીમાર હોય કે અન્ય રીતે દુઃખી હોય તો તમામ ધર્મક્રિયાઓને છોડવી પડે તો છોડીને પણ તે દુઃખી જીવની સેવા-ચાકરીમાં તે જ ક્ષણે લાગી જવું જોઇએ.

આ બાબતની જાહેર ચર્ચા-ધાર્મિક દૃષ્ટિએ નહીં પણ ગુણદોષની દૃષ્ટિએ થવી જોઇએ અને એવો કોઇ નિયમ હોય તો તે આજની તારીખથી રદ થવો જોઇએ.

દીન દુઃખિયાની સેવા વગર મુક્તિ મળે એ વાત પાંચસો શાસ્ત્રોમાં લખેલી હોય તો પણ માનવા જેવી નથી.

***શાંતિલાલ સંઘવી***

*અલ્સરની બીમારીમાં કેળાં એસિડિટી ભગાડવા તથા બળતરા ઓછી કરવા ભૂખ ગુણકારી નીવડે છે. એસિડિટી ઘટતાં દર્દી રાહત અનુભવે છે.*

# બહુ ગવાયેલી - બહુ વગોવાયેલી નર્મદા યોજનાના વિવિધ ચમકારા

• અશોક મહેતા •

નર્મદા નદી પરનો સરદાર સરોવર ડેમ તથા નર્મદાની કેનાલોના કામ ટ્રીબ્યુનલના ૧૯૭૯ના ચુકાદા બાદ મુખ્યત્વે વર્ષ ૧૯૮૭-૮૮માં શરૂ કરવામાં આવ્યા ત્યારે તેનો અંદાજિત ખર્ચ રૂા. ૬૦૦૦ કરોડ હતો. ખૂબજ ઢીલાશથી ચાલતી આ યોજનામાં ૨૨ વર્ષની જહેમત બાદ અત્યાર સુધી રૂા. ૨૯૦૦૦ કરોડ ખર્ચી નાંખવામાં આવેલ છે અને હજુ કદાચ પંદર-વીસ હજાર કરોડના ખર્ચ બાદ તે કદાચ પરિપૂર્ણ થઇ શકે.

વર્ષ ૨૦૦૬માં સરદાર સરોવર ડેમની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરે પહોંચ્યા બાદ નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પરમિશન વિના છેલ્લા ચાર વર્ષથી ડેમના કામ ટલ્લે ચડ્યા છે. એન.સી.એ.ની પર્યાવરણ સબ કમિટી તથા પુનઃવસન અને પુનઃસ્થાપન સબ કમિટીની લીલી ઝંડી વિના આ કામો આગળ ધપી શકતા નથી. રાજકીય રીતે વાત કરીએ તો ગુજરાતમાં પણ ભાજપ સરકાર છે અને મધ્યપ્રદેશમાં પણ ભાજપ સરકારનું રાજ છે તેમ છતાં મધ્ય પ્રદેશની રાજકીય આડોડાઇના કારણે આ પરમિશન મળી શકતી નથી.

સરદાર સરોવર ડેમની ઊંચાઇ વધારવાની આડે ઉપરોક્ત કારણ માની શકાય પરંતુ ગુજરાતભરમાં નહેરોના માળખાં ઊભા કરવામાં ગુજરાત સરકાર કે નર્મદા નિગમની અક્ષમ્ય બેદરકારી સિવાય કોઇ જ કારણ સંભવી ના શકે. આ પાછળ કદાચ કોઇ રાજકીય ગણના હોય તો તે સામાન્ય માણસની સમજ બહારની હકીકત છે. પરિણામ સ્વરૂપે ગુજરાત કરોડો રૂપિયાની નીપજ ગુમાવતું રહેલ છે.

આ સામે ચારે તરફથી પ્રજાકીય પોકારો, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીસનો સ્ટડી રિપોર્ટ, પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો રિપોર્ટ, કેગના તારણો વગેરે દ્વારા ઉહાપોહ બહાર આવતા છેલ્લા લગભગ બે મહિનાથી નર્મદા પ્રોજેક્ટ ગુજરાતભરમાં ગાજી રહેલ છે.

ઉપરોક્ત ઉહાપોહના કારણે ગુજરાત સરકાર જાગી ઊઠેલ હોય તેવા તારણો દ્દષ્ટિગોચર થાય છે પરંતુ આ તારણો આધારિત નક્કર કાર્યોની વિગતનો આવતા છ મહિના બાદ જ ખ્યાલ આવી શકે.

છેલ્લા બે મહિના દરમિયાન જનતાનું ધ્યાન દોરે તેવી મુખ્ય હકીકતોનું નીચે મુજબ તારવણ કાઢી શકાય.

### ૧) કેગનો રિપોર્ટ ('કચ્છ મિત્ર', તા. ૩૧-૩-૨૦૧૦)

તા. ૩૧-૩-૨૦૦૯ના પૂરાં થતાં વર્ષનો ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલનો રિપોર્ટ તા. ૩૦-૩-૨૦૧૦ના ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ કે જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ રહેવા પામેલ હતા.

★ રાજ્યમાં સિંચાઇ યોજનાની ચોક્કસ નીતિના અભાવે સરદાર સરોવર યોજના થકી કૃષિને સિંચાઇની સુવિધાનો લાભ પહોંચાડવામાં તંત્ર તદ્દન નિષ્ફળ નિવડેલ છે.

★ નાણાકીય વ્યવસ્થાપનમાં પણ તંત્ર નિષ્ફળ નિવડ્યું છે અને પરિયોજનાથી રાજ્યને જે લાભ થવો જોઇએ તે થઇ શકેલ નથી.

★ કચ્છ-સૌરાષ્ટ્ર જેવા પાણીની તીવ્ર જરૂરિયાતવાળા વિસ્તારોની અવગણના કરવામાં આવેલ છે.

★ નહેર નેટવર્કમાં રૂા. ૧૮૫૧૫.૫૮ કરોડનું રોકાણ કર્યા પછી પણ મરામત અને નિભાવનું કામ થયેલ નથી.

★ ૯૦૩૮૯ કિ.મી.ની કેનાલ સામે માત્ર ૧૮૮૦૩ કિ.મી. લંબાઇની કેનાલમાં કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

★ ૧૮.૨૯ લાખ હેક્ટરની કુલ ખેડાણવાળી સિંચાઇની જમીનમાંથી હજુ માત્ર ૩.૪૧ લાખ હેક્ટર જમીનને જ સિંચાઇનું પાણી આપી શકાયેલ છે. તેમાંથી ખેડાણવાળી સિંચાઇનો વિસ્તાર તો માત્ર ૧.૨૦ લાખ હેક્ટર જ રહેવા પામેલ છે.

★ વર્ટિકલ ઇન્ટિગ્રેશન અભિગમ નહીં અપનાવી નિગમે માત્ર શાખા નહેરનું જ નિર્માણ કરેલ હતું.

★ નિગમે સિંચાઇની પરિયોજનાને પીવાના પાણીની પરિયોજનામાં રૂપાંતરિત કરી દીધેલ છે.

નર્મદા પરિયોજના માટે કેગના તારવણ ગુજરાત સરકાર અને નર્મદા નિગમ માટે ખૂબજ નાલેશીજનક ગણાય પરંતુ અત્યારની પરિસ્થિતિમાં કોઇ પણ સરકાર કે અધિકારીઓ તેને ગણકારતા નથી. કોઇક એવા કાયદાનો કડકપણે અમલ કરાવવો જોઇએ કે બેદરકારી દાખવનાર સરકારના જે-તે વિભાગના મંત્રીશ્રી અને જે-તે અધિકારી જવાબદાર ઠર્યા બાદ તેમને દાખલો બેસાડવા લાયક સજા થવી જોઇએ. તેના અભાવે રીબાવવાનું સી.એમ. ને એટલે કે કોમન માણસને-સામાન્ય જનતાને જ આવવાનું છે. એન.જી.ઓ.એ સુપ્રીમ કોર્ટ દ્વારા આ બાબત

*ગર્ભવતી નારીને માટે તથા શારીરિક તાવ આવે ત્યારે કેળાં જેવો ઉત્તમ પર્યાય બીજો કોઈ નથી. થાઈલેન્ડમાં સ્ત્રીઓ બાળકનાં જન્મતાંની સાથે તાવ ન આવે તે માટે કેળાં ખાય છે.*

નિર્ણાયક અભિગમ નહીં દાખવે તો હોતી હૈ-ચલતી હૈ ચાલુ જ રહેવાનું.

**(૨) પર્યાવરણ સબ-ગ્રૂપની લીલી ઝંડી ('દિવ્ય ભાસ્કર' તા. ૩-૪-૨૦૧૦, 'કચ્છ મિત્ર' તા. ૩-૪-૨૦૧૦)**

નર્મદા કંટ્રોલ ઓથોરિટી (એન.સી.એ.) ના પર્યાવરણ સબ-ગ્રૂપની એક મિટિંગ ગુરુવાર તા. ૧-૪-૨૦૧૦ના નવી દિલ્હી ખાતે મળેલ હતી. આ બેઠકમાં ગુજરાતના અહમદ પટેલની આગેવાની હેઠળ દિલ્હીના મલ્ટીપક્ષ ધારાસભ્યોએ (ગુજરાતના વિવિધ પક્ષના ધારાસભ્યોએ સંગઠિત થઇ) ડેમની આગળની પરવાનગી માટે જોરદાર રજૂઆત કરેલ હતી. પરિણામ સ્વરૂપે જે ડેમની ઊંચાઇ વધારવાનું કામ વર્ષ ૨૦૦૬થી ખોરંભે પડેલ હતું તે ડેમને ૧૨૧.૯૨ મીટરથી ૧૩૮.૬૪ મીટર સુધી પૂર્ણ કક્ષાએ લઇ જવા એટલે કે નવી ૧૬.૭૨ મીટરની ઊંચાઇ વધારવાની પરમિશન આપી દેવામાં આવેલ છે.

ગુજરાતે આ એક મોટો અવરોધ પાર કર્યા બાદ હજી એક અવરોધ બાકી રહે છે. નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પુનઃવસન અને પુનઃસ્થાપન સબ ગ્રૂપની પરમિશન મેળવવાની બાકી રહે છે. નર્મદા ડેમની ઊંચાઇ ૧૬.૭૨ મીટર વધુ લેવાથી ડેમની પાણીની સપાટી ૧.૬ મીટર વધુ થવાની હોવાથી તેના કારણે ડૂબમાં જતા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિસ્થાપિતોને પુનઃ વસાવવાની યોજના પૂર્ણ ન થાય ત્યાં સુધી પુનઃવસન સમિતિની મંજૂરી મળી શકશે નહીં. આ માટે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ રાજકીય હૂંસાતુંસી છોડીને કાર્ય કરશે ત્યાર બાદ જ પુનઃવસન સમિતિની મંજૂરી મળી શકશે. આ રાજકીય આટા-પાટાની રમતને ગુજરાત સરકાર જેટલી જલદી નાથી શકશે તેટલી જલદી કાર્યવાહી આગળ ધપી શકશે. એક વખત પુનઃવસન સબ ગ્રૂપની મંજૂરી મળી ગયા બાદ નીચે મુજબના તારણો નીકળી શકે.

- ★ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ના ડેમની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરે પહોંચાડ્યા બાદ છેલ્લા ત્રણ વર્ષ કરતાં પણ વધુ સમયથી અટકી ગયેલ કામ આગળ ધપી શકે. (વિશાળ રાષ્ટ્રહિતની યોજના માટે પણ આ છે આપણા રાજકારણીઓની બલિહારી! ભૂતકાળમાં જ અમીચંદો જેવા રાષ્ટ્રદ્રોહીઓ આપણા દેશમાં પાકતા હતા એવું નથી. અત્યારે પણ આધુનિક અમીચંદોની ભારત દેશમાં ખામી નથી! આ કાર્ય માત્ર અને માત્ર રાજકારણીઓના કારણે જ અટકેલ છે.)
- ★ એક વખત આ કાર્ય શરૂ થયા બાદ તેને પૂર્ણ કરવાનો સમયગાળો ૩૦ મહિનાનો અંદાજવામાં આવેલ છે.
- ★ બાકી રહેતા આ કાર્યમાં ૩૦ પીલરોનું બાંધકામ કરવામાં આવશે. તેની વચ્ચે રેડિયલ ગેઇટસ મૂકવામાં આવશે. તેના પર પૂલ બાંધવામાં આવશે.
- ★ આ સમગ્ર બાંધકામ પાછળ રૂા. ૨૫૦/- કરોડના ખર્ચની ગણના કરવામાં આવેલ છે.
- ★ હાલની ૧૨૧.૯૨ મીટરની ડેમની ઊંચાઇ સામે ૧.૨૭ મિલિયન એકર ફીટ પાણીનો સંગ્રહ થઇ શકે છે. ૧૩૮.૬૪ મીટરની ઊંચાઇએ પહોંચ્યા બાદ ડેમમાં ૪.૭૬ મિલિયન એકર ફીટ પાણીનો સંગ્રહ થઇ શકશે. (દરિયામાં વહી જતું ઘણું બધું પાણી બચાવી શકાશે.)

**૩) ગુજરાત વિધાનસભામાં નર્મદા વિકાસમંત્રીશ્રીની રજૂઆત (સંદેશ, તા. ૧૩-૩-૨૦૧૦)**

ગુજરાત વિધાનસભામાં કચ્છના ધારાસભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી તથા શ્રી બાબુભાઇ મેઘજી શાહે પૂછેલ પ્રશ્નોના ઉત્તરમાં નર્મદા વિકાસ મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે તા. ૧૨-૩-૨૦૧૦ના જે જવાબો આપેલ તેના તારણો નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે. આ આંકડાઓ કચ્છ બ્રાંચ કેનાલના ખર્ચને લગતા અંદાજિતપણે આપવામાં આવેલ છે.

| | ટોટલ ખર્ચ (અંદાજિત) (કરોડમાં) | કરવામાં આવેલ ખર્ચ (અંદાજિત) (કરોડમાં) | બાકી ખર્ચ (અંદાજિત) (કરોડમાં) |
|---|---|---|---|
| **(એ) કચ્છ બ્રાંચ કેનાલ : પાટણ તથા બનાસકાંઠા જિલ્લા** | | | |
| • ૦.૦ થી ૨૦.૦૧ કિ.મી. | ૫૮.૧૬ | ૫૮.૧૬ | — |
| • ૨૦.૦૧ થી ૩૨.૯૭ કિ.મી. | ૪૪.૨૦ | ૪૪.૨૦ | — |
| • ૦.૦ થી ૩૨.૯૭ કિ.મી.ના ડિસ્ટ્રીબ્યૂટરી વગેરે કામો | ૫૨.૦૦ | — | ૫૨.૦૦ |

*કુદરતી (મૂડ) તથા ચુસ્તી સ્ફૂર્તિ માટે સૌથી સસ્તું અને સરળતાથી હજમ થઇ જાય તેવું ફળ, કેળાં રેગ્યુલર (નિયમિતપણે) ખાવા જોઇએ.*

| | | | |
|---|---|---|---|
| • ૩૨.૯૭ થી ૪૫.૦૦ કિ.મી. | ૪૩.૦૦ | ૨૦.૦૦ | ૨૩.૦૦ |
| • ૪૫.૦૦ થી ૫૪.૦૦ કિ.મી. | ૨૦૦.૦૦ | — | ૨૦૦.૦૦ |
| • ૫૪.૦૦ થી ૬૫.૦૦ કિ.મી. | ૩૨.૦૦ | — | ૩૨.૦૦ |
| • ૬૫.૦૦ થી ૮૨.૩ કિ.મી. | ૧૩૩.૦૦ | — | ૧૩૩.૦૦ |
| | *૫૬૨.૩૬* | *૧૨૨.૩૬* | *૪૪૦.૦૦* |
| **(બી) કચ્છ બ્રાંચ કેનાલ :- કચ્છ જિલ્લા શાખા :** | | | |
| • ૮૨.૩ થી ૧૧૨.૫ કિ.મી. | ૪૩૮.૦૦ | — | ૪૩૮.૦૦ |
| • ૧૧૨.૫ થી ૧૨૨.૨૧૯ કિ.મી. | ૪૩.૦૦ | ૩૧.૦૦ | ૧૨.૦૦ |
| • ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કી.મી | ૪૦.૨૩ | ૧૨.૨૩ | ૨૮.૦૦ |
| • ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭૭ કિ.મી. | ૩૯૮.૦૦ | — | ૩૯૮.૦૦ |
| • ૧૮૯.૯૭૭ થી ૨૭૩.૦૦ કિ.મી. | ૩૭૫.૦૦ | — | ૩૭૫.૦૦ |
| • ઉપરોક્ત શાખા નહેર ૧૮૯.૯૭૭ થી ૨૭૩.૦૦ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ વગેરેના કામો | ૧૫૮.૦૦ | — | ૧૫૮.૦૦ |
| • ૨૭૩.૦૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી. | ૩૮૮.૦૦ | — | ૩૮૮.૦૦ |
| • ઉપરોક્ત શાખા નહેર ૨૭૩.૦૦ કિ.મી. થી ૩૬૦.૦૦ કિ.મી.ની કેનાલ ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ વગેરેના કામો | ૧૫૬.૦૦ | — | ૧૫૬.૦૦ |
| • ગાગોદર સબ બ્રાંચ કેનાલના કામો (કચ્છ શાખા નહેર સાંકળ ૧૧૩.૦૭ કિ.મી.થી શરૂ થતી) | ૧૨૮.૦૦ | — | ૧૨૮.૦૦ |
| • ગાગોદર સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રીબ્યૂટરી વગેરેના કામો | ૧૨૮.૫૬ | — | ૧૨૮.૫૬ |
| • કચ્છ શાખા નહેર ૧૧૨.૫ થી ૧૮૯.૯૭૭ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ વગેરેના કામો | ૧૬૮.૬૪ | — | ૧૬૮.૬૪ |
| • વાંઢિયા સબ બ્રાંચ કેનાલના કામો (કચ્છ શાખા નહેર સાંકળ ૧૮૮.૦૪૯ કિ.મી. થી શરૂ થતી) | ૩૦.૦૦ | — | ૩૦.૦૦ |
| • વાંઢિયા સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ વગેરેના કામો | ૫૧.૬૨ | — | ૫૧.૬૨ |
| • દૂધઇ સબ બ્રાંચ કેનાલના કામો (કચ્છ શાખા નહેર સાંકળ ૧૯૨.૦૮ કિ.મી.થી શરૂ થતી) | ૭૫.૦૦ | — | ૭૫.૦૦ |
| • દૂધઇ સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ વગેરેના કામો | ૧૮.૯૧ | — | ૧૮.૯૧ |
| • કચ્છ બ્રાંચ કેનાલમાં આવતા ૩ પમ્પિંગ સ્ટેશનોના કામો | ૫૩૦.૦૦ | — | ૫૩૦.૦૦ |
| • કચ્છ બ્રાંચ કેનાલમાં આવતા ૩ પાવર સ્ટેશનોના કામો | ૩૦૦.૦૦ | — | ૩૦૦.૦૦ |
| | *૩૪૨૬.૯૬* | *૪૩.૨૩* | *૩૩૮૩.૭૩* |


*કેળાંમાં વિટામીન બી-૬, બી-૧૨, પોટેશિયમ તથા મેગ્નેશિયમ હોવાથી નિકોટિન ઓછું કરી તેને સંભાળી શકાય છે.*

આ રીતે ઉપરોક્ત અંદાજિત ખર્ચનું નિરીક્ષણ કરતાં કચ્છ બ્રાંચ કેનાલના પાટણ તથા બનાસકાંઠા જિલ્લાની કેનાલોના કામ અંદાજિત રૂા. ૪૪૦.૦૦ કરોડના બાકી રહે છે, જ્યારે કચ્છ જિલ્લાની કેનાલોના કામ (તેના પમ્પિંગ તથા પાવર સ્ટેશન સાથે) અંદાજિત રૂા. ૩૩૮૩.૭૩ કરોડના બાકી રહે છે કે જે ૨૦૧૨ સુધીમાં પૂરાં કરવાનાં આયોજનો વિચારાયેલ છે.

ઉપરોક્ત અંદાજિત આંકડાઓના હિસાબે જ્યારે કચ્છમાંથી કોઇને પણ બાકી રહેતાં કાર્યોની વિગતની જાણકારી મેળવવા માટે નર્મદા નિગમના જે-તે વિભાગમાં, તે દિવસ સુધી કરવામાં આવેલ ખર્ચના આંકડા પરથી જાણી શકે છે.

કચ્છના લોકોએ તથા કચ્છની સામાજિક સંસ્થાઓ જાગૃત રહી નર્મદા નિગમ સાથે અવાર-નવાર જરૂરી ચર્ચા કરવાથી અને બાકી રહેતા કામો સત્વરે પૂરા કરવા નર્મદા નિગમ પર દબાણ કરતા રહેવાથી આપણને પરિણામો ઝડપી મળી શકે તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે. ■

**નર્મદા નદીની સિંચાઈની વિવિધ કેનાલોની સમજ**




## લોકહિતના કામમાં રૂઢિ નડતર ન બને

સ્વામી દયાનંદ સરસ્વતી વેદોના ભાષ્યકાર હતા, તેની સાથોસાથ પરાધીન ભારતની સ્થિતિથી પણ વાકેફ હતા. તેમણે સમાજ જાગરણનું એક અભિયાન ચલાવ્યું હતું.

એકવાર ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને અન્ય વિદ્વાનોના આગ્રહથી તેઓ બંગાળ પ્રાંતમાં પ્રવચનો માટે ગયા. એમના આક્રમક છતાં આધુનિક સમયને અનુરૂપ વિચારોને જબરો પ્રતિભાવ મળ્યો. એમનાં પ્રવચનોમાં લોકો ઊભરાવા લાગ્યા, પણ, તેમાં મહિલાઓ દેખાતી નહોતી.

એકવાર તેમણે પૂછ્યું : પ્રવચનમાં બહેનો કેમ આવતી નથી? સમાજનું અર્ધું અંગ પડદા પાછળ પુરાઇ રહે તો પરિવર્તન કેવી રીતે આવશે?

જવાબ મળ્યો કે હકીકતમાં બહેનો પ્રવચનમાં આવવા ઉત્સુક છે, પણ આપ સંન્યાસી હોવાથી કમર ઉપરના ભાગે કોઇ વસ્ત્ર ધારણ નથી કરતા, તેથી તેમને ક્ષોભ થાય છે.

અને, બીજા દિવસે આશ્ચર્ય સર્જાયું. સ્વામીજી ભગવી ધોતી ઉપર બંધ ગળાના કોટ અને ભગવી પાઘડી સાથે આવ્યા. કારણ? **સમાજકાર્યમાં વેશ નડતો હોય તો બદલવામાં હરકત શી? સંન્યાસીનું કામ લોકસંગ્રહ અને લોકજાગરણનું છે. માત્ર વેશ નડતો હતો, તેથી બદલી નાખ્યો.**

એ પછી મોટી સંખ્યામાં બંગાળી મહિલાઓ એમને સાંભળવા આવતી.

પોતે જ સ્વીકારેલા કાર્યમાં રૂઢિ કે રિવાજને આડખિલી ન બનવા દેવાં એ પણ ક્રાંતિ જ છે.

***'પાથેય'માંથી સાભાર***

*બીડી સિગારેટ પીવાની આદત અથવા તમાકુ ખાવાની કૂટેવ હોય તો એમાંથી છૂટકારો મેળવવા કેળાં ખાવા જરૂરી છે.*

# પ્રેરક વ્યવસાયનું પ્રવેશદ્વાર

• શ્રીમતી મૃણાલિની દેસાઈ •

આપણા દેશે જો પ્રગતિ કરવી હોય તો દેશના સીમાડા પર શાંતિ હોવી જરૂરી છે. પરદેશી આક્રમણના ભયથી મુક્ત હોવો જોઇએ. શાંતિ જાળવવાની જવાબદારી આપણા સુરક્ષાદળોને શીરે છે. સુરક્ષા દળોની ત્રણ પાંખો છે : ભૂમિદળ, નૌકાદળ અને હવાઇ દળ.

જવાનોનું, નાવિકોનું અને વાયુસેનાનું નેતૃત્વ કરનારો અધિકારી વર્ગ સુરક્ષાદળનો આધારસ્તંભ છે. લશ્કરની આ ત્રણે પાંખો વચ્ચે પરસ્પર એકસૂત્રતા ખૂબ જરૂરી છે. તેથી બધા જ અધિકારીઓને એક સાથે એક જ સંસ્થામાં પ્રાથમિક તાલીમ આપવાની જરૂર જણાઇ. **આ હેતુથી પૂણે પાસે ખડકવાસલાના નિસર્ગરમ્ય પરિસરમાં નેશનલ ડિફેન્સ અકાદમી (NDA)ની સ્થાપના કરવામાં આવી.**

અકાદમી પાસે કેટલાક ચોરસ કિલોમીટરનો વિશાળ વિસ્તાર છે. અહીં સુંદર આવાસો, સુસજ્જ પ્રયોગશાળાઓ, વર્કશોપ, રમતની સુવિધાઓ, કવાયત માટેનાં મેદાનો, પુસ્તકાલય, મ્યુઝિયમ અને ભવ્ય સભાગૃહ છે. બધા જ પ્રાધ્યાપકો અને અધ્યાપકો પણ આ સુંદર પરિસરમાં વસે છે.

**દર છ મહિને કેન્દ્રીય લોકસેવા આયોગ (UPSC) અધિકારીઓ માટે સુયોગ્ય યુવકોની પસંદગી માટે અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખો જાહેર કરે છે.** સાડા સોળથી ઓગણીસ વર્ષ વચ્ચેની વયના અને ૧૨માં ધોરણમાં ઉત્તીર્ણ થયેલા યુવકો આ પરીક્ષા આપી શકે છે.

આ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારને વ્યક્તિગત મુલાકાત માટે પસંદગી સમિતિ સમક્ષ ઉપસ્થિત થવું પડે છે અને કડક દાક્તરી તપાસ પણ કરાવવી પડે છે. આ રીતે છેવટે ચૂંટાયેલા યુવકો રાષ્ટ્રના સર્વશ્રેષ્ઠ યુવકો હોય છે.

દર વર્ષે જાન્યુઆરી અને જુલાઇમાં NDA ખાતે કેડેટસ ૩ વર્ષો, ૬ સત્રોની તેમની લશ્કરી તાલીમ શરૂ કરે છે. સામાન્ય અભ્યાસ ઉપરાંત નેતૃત્વના ગુણો ખીલવવા, શિસ્ત અને લશ્કરી તાલીમ પર ખાસ ભાર મૂકવામાં આવે છે. 'સેવા પરમો ધર્મ' એ અકાદમીનો મુદ્રાલેખ છે. 'પાસિંગ આઉટ પરેડ' નામે ઓળખાતી ભવ્ય પરેડ સાથે તાલીમ પૂરી થાય છે. ચોથા વર્ષે કેડેટસ ભૂમિ દળ, નૌકાદળ કે વાયુસેનાની વિશિષ્ટ તાલીમ માટે જુદી જુદી સંસ્થાઓમાં તેમની પસંદગી પ્રમાણે જાય છે. તેમ છતાં NDAમાં તેમના નિવાસ દરમિયાન વિકસિત પારસ્પરિક સમજણ અને બંધુભાવ યુદ્ધના સમયે કે અન્ય કોઇ કામગીરીમાં તેમને ખૂબ જ ઉપયોગી નીવડે છે.

**જે કેડેટ તાલીમ સફળતાપૂર્વક પાર પાડે છે તેને દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીની B.A. કે B.Sc.ની ડિગ્રી આપવામાં આવે છે.** ફોટોગ્રાફી, ચિત્રકલા અને સંગીત જેવી ફુરસદના સમયમાં માણી શકાય તેવી કલાઓ અને હસ્તકલાઓ ઉપરાંત સાહસિક રમતો જેવી કે નૌકાવિહાર, અશ્વારોહણ અને હેંગ-ગ્લાઇડિંગ વગેરે શીખવાની તક મળે છે. NDAમાં કેળવાયેલો ઓફિસર ખડતલ, બહુમુખી અને ગર્વ લઇ શકાય તેવો લોકનાયક હોય છે.

NDA સિવાય પણ અન્ય માર્ગે લશ્કરી અધિકારીની તાલીમ માટે પ્રવેશ મળી શકે છે - જેમ કે મદ્રાસની 'ઓફિસર્સ ટ્રેઇનિંગ અકેડમી'

મહિલાઓને જો કે NDAમાં પ્રવેશ આપવામાં આવતો નથી પણ તેઓ અન્ય પ્રવેશ માધ્યમો દ્વારા ભૂમિદળ, નૌકાદળ કે વાયુસેનાની તાલીમ માટે હવે પ્રવેશ મેળવી શકે છે. મહિલાઓ હવે તાંત્રિક કે વહીવટી જવાબદારીઓ લઇ શકે છે અને પાઇલટ કે નેવિગેટર પણ થઇ શકે છે. ડૉક્ટરી સેવામાં તો અલબત્ત, મહિલાઓ ઘણા સમયથી પ્રવેશી ચૂકી છે.

**મહિલા ઓફિસરો પુરુષો કરતાં કંઇ ઓછી શક્તિશાળી નથી. સમય જતાં આ ક્ષેત્રે તેમની ભાગીદારી જરૂર વધવાની છે.**

એક વ્યવસાય તરીકે લશ્કરી સેવાઓ મહિલાઓ અને પુરુષોને હિતકારક અને સાહસપૂર્ણ જીવનપદ્ધતિ સાથે રાષ્ટ્રસેવાની તક પણ પૂરી પાડે છે.

*પ્રેષક :- શાંતિલાલ રામજી ગાલા*

## લોકસાગરનો મરજીવો

(અનુ. પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)

**કલાકારોની કલાને એમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરીને આપણા લુપ્ત થતા કલાવારસાને સજીવન કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. વળી આ કલાકારોને એમણે ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થા દ્વારા સર્વ પ્રકારે પ્રોત્સાહન પૂરું પાડ્યું.**

આમ જોરાવરસિંહની પ્રવૃત્તિઓ અનેકધા વિકસી છે. લોકસાહિત્યનું સંકલન અને સંપાદન કરે, લોકવિદ્યાના વારસાને જાળવવા માટે અથાગ પ્રયત્ન કરે, લોકકલાને બહાર લાવવા કોશિશ કરે - અને સાથોસાથ અનેક ધૂળમાં દટાયેલાં કલા રત્નોનું તેજ એમણે તખ્તા પર સુપેરે રજૂ કરી બતાવ્યું. સામાન્ય રીતે વ્યક્તિ એક ક્ષેત્રમાં ભેખ લેતી હોય છે, પણ જોરાવરસિંહનાં નમ્રતા, અથાગ પુરુષાર્થ, સંશોધનવૃત્તિ અને પોતાના ક્ષેત્રનું ઉત્તમ પ્રગટ કરવાની પ્રબળ ઇચ્છાએ એમને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં સફળતા અપાવી છે અને લોકજીવનના અફાટ સાગરમાં આ મરજીવાએ ઊંડી ડૂબકીઓ લગાવીને પાણીદાર મોતી જેવાં સર્જનો અને કલાકારો આપ્યાં છે. ■

*હાર્ટની બીમારી ધરાવતા દર્દીઓએ નિયમિત કેળાં ખાવાથી ૪૦ ટકા દર્દીઓનું અચાનક મૃત્યુ થતું અટકી શકે છે.*

# મે માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| *તારીખ* | *વર્ષ* | *વિશિષ્ટ વ્યક્તિનું નામ* |
|---|---|---|
| ૧ | ૧૬૭૨ | જોસેફ એડિસન (બ્રિટન) |
| ૧ | ૧૯૧૩ | બલરાજ સહાની |
| ૨ | ૧૮૮૭ | ચુનીલાલ વ. શાહ |
| ૨ | ૧૯૧૩ | સત્યજિત રાય |
| ૨ | ૧૯૨૧ | વી. કે. કૃષ્ણમેનન |
| ૩ | ૧૯૦૭ | સાબિર વટવા |
| ૪ | ૧૭૬૭ | ત્યાગરાજ |
| ૪ | ૧૮૦૦ | જોન બ્રાઉન (યુ.સ્ટે.) |
| ૫ | ૧૮૧૮ | કાર્લ માર્કસ (જર્મની) |
| ૫ | ૧૯૧૫ | જશવંત ઠાકર |
| ૬ | ૧૮૫૬ | સીગમંડ ફ્રોઈડ (ઓસ્ટ્રેલિયા) |
| ૬ | ૧૯૧૧ | મૃદુલા સારાભાઈ |
| ૭ | ૧૮૬૧ | રવીન્દ્રનાથ ટાગોર |
| ૭ | ૧૮૮૦ | પાંડુરંગ વા. કાણે |
| ૭ | ૧૮૮૯ | ગાબ્રિએલા મિસ્રાલ (ચીલી) |
| ૭ | ૧૮૯૬ | ગુરુદયાળ મલ્લિક |
| ૭ | ૧૯૧૨ | પન્નાલાલ પટેલ |
| ૮ | ૧૯૧૩ | દેવજી રા. મોઢા |
| ૯ | ૧૮૬૬ | ગોપાલકૃષ્ણ ગોખલે |
| ૧૦ | ૧૮૫૬ | હરિલાલ હ. ધ્રુવ |
| ૧૦ | ૧૮૮૧ | ગટુલાલ ગો. ધ્રુવ |
| ૧૦ | ૧૯૦૫ | પંકજ મલ્લિક |
| ૧૧ | ૧૮૯૫ | જે. કૃષ્ણમૂર્તિ |
| ૧૧ | ૧૯૨૮ | મૃણાલિની સારાભાઈ |
| ૧૨ | ૧૮૨૦ | ફ્લોરેન્સ નાઈટિંગેલ (બ્રિટન) |
| ૧૨ | ૧૮૯૨ | રમણલાલ વ. દેસાઈ |
| ૧૨ | ૧૯૨૭ | નયના ઝવેરી |
| ૧૩ | (ઇ.સ.પૂર્વે ૫૪૪) | ગૌતમ બુદ્ધ |
| ૧૩ | ૧૯૧૮ | બાલા સરસ્વતી |
| ૧૪ | ૧૬૮૬ | ગેબ્રિએલ ફેરહેનાઈટ (નેધરલેન્ડ્સ) |
| ૧૪ | ૧૯૨૩ | મૃણાલ સેન |
| ૧૫ | ૧૨૬૫ | ડેન્ટી એલીધીએરી (ઈટાલી) |
| ૧૭ | ૧૮૫૮ | બાલાશંકર કંથારિતા 'કલાંત' |
| ૧૭ | ૧૯૩૦ | કુમુદિની લાખિયા |
| ૧૮ | ૧૮૫૩ | બહેરામજી મલબારી |
| ૧૮ | ૧૮૭૨ | બર્ટ્રાન્ડ રસેલ (બ્રિટન) |
| ૧૮ | ૧૯૨૬ | નિરંજન ભગત |
| ૧૮ | ૧૯૩૬ | 'આદિલ' મન્સૂરી |
| ૧૯ | ૧૮૬૩ | દ્વિજેન્દ્રલાલ રોય |
| ૧૯ | ૧૮૯૦ | હો ચી-મીન (વિયેટનામ) |
| ૧૯ | ૧૯૩૮ | ગિરીશ કર્નાડ |
| ૨૦ | ૧૭૯૯ | ઓનોરે દ બાલ્ઝાક (ફ્રાંસ) |
| ૨૦ | ૧૮૦૬ | જોન સ્ટુઅર્ટ મિલ (બ્રિટન) |
| ૨૦ | ૧૯૦૦ | સુમિત્રાનંદન પંત |
| ૨૨ | ૧૭૭૨ | રામ મોહનરાય |
| ૨૨ | ૧૮૫૯ | આર્થર કોનન ડોઈલ (બ્રિટન) |
| ૨૨ | ૧૯૨૬ | રમણલાલ જે. જોશી |
| ૨૩ | ૧૮૯૯ | કાઝી નઝરુલ ઈસ્લામ |
| ૨૩ | ૧૮૯૯ | લીલાવતી મુન્શી |
| ૨૫ | ૧૮૦૩ | રાલ્ફ વા. એમરસન (યુ.સ્ટે.) |
| ૨૬ | ૧૮૯૪ | અંબાલાલ પુરાણી |
| ૨૬ | ૧૯૦૪ | હરિપ્રસાદ મ. વ્યાસ |
| ૨૬ | ૧૯૧૭ | હરિવલ્લભ ચૂ. ભાયાણી |
| ૨૭ | ૧૯૦૭ | રાશેલ કારસન (યુ.સ્ટે.) |
| ૨૯ | ૧૮૬૫ | રામાનંદ ચટ્ટોપાધ્યાય |
| ૨૯ | ૧૯૦૫ | હીરાબાઈ બરોડેકર |
| ૨૯ | ૧૯૧૪ | તેનઝિંગ નોરગે |
| ૨૯ | ૧૯૨૬ | ધીરુબહેન પટેલ |
| ૩૦ | ૧૯૨૧ | સુરેશ હ. જોશી |
| ૩૧ | ૧૯૩૪ | ભગવતીકુમાર હ. શર્મા |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

**સ્વર્ણિમ ગુજરાત**
**મહા-મહોત્સવ**

**લેખાંક-૨**

# ૧૯૪૯-૫૦નું ગુજરાત સામ્યવાદ, સાબરમતી હત્યાકાંડ : જયંતી પરીખ, જમનાદાસ મોદીની શહીદી

પંકજ પનવેલી

ગુજરાતનું ૧૯૪૯ના વર્ષનું ચોમાસું નિષ્ફળ ગયું હતું. ગુજરાતમાં ઘાસ અને પાણીની ભારે તંગી હતી. કેટલાક વિસ્તારોમાં તો લગભગ ભૂખમરા જેવી કપરી પરિસ્થિતિ હતી. અનેક સ્થળોએ રસ્તાઓ ઉપર મરેલા ઢોરના હાડપિંજરો પથરાયેલાં હતાં. પણ કોંગ્રેસ સંસ્થા કે કોંગ્રેસી સરકારના પેટનું પાણી પણ હાલતું નહોતું. આ સ્થિતિ-પરિસ્થિતિ પ્રભાતના ખમતીધર તંત્રી-માલિક કકલભાઈ કોઠારી અને પત્રકાર-સામાજિક ચિંતક ધનવંત ઓઝાએ જાતે પ્રવાસ કરીને જોઈ હતી. એમણે આ વિશે ઇંદુલાલભાઇ યાજ્ઞિકને વાત કરી. ઇન્દુભાઇ તો એમની સ્વભાવગત રીતે તરત જ પ્રવાસે નીકળી ગયા. જાતે દારુણ સ્થિતિનો ભાગ મેળવ્યા પછી એમણે આગ ઝરતાં નિવેદનો બહાર પાડ્યાં. પ્રવાસેથી પાછા ફરીને અમદાવાદના પ્રાર્થના સમાજ હોલમાં એક સભા બોલાવી. એ સભામાં 'દુષ્કાળ સહાયક સમિતિ' નામની એક સમિતિની રચના કરવામાં આવી. ઇન્દુભાઇ એ સમિતિના પ્રમુખ અને ધનવંત ઓઝા તેના મંત્રી હતા. આ સમિતિએ જે ભંડોળ એકત્ર કર્યું એ કંઇ આ આપત્તિને પહોંચી શકે તેવું ન હતું. પણ આ સમિતિએ જે ઉગ્ર પ્રચાર કર્યો તેને પરિણામે સુસ્ત કોંગ્રેસ પક્ષને જાગવું પડ્યું.

કોંગ્રેસે કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપદે એક જુદી દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરી. એ સમિતિએ લાખો રૂપિયા એકઠા કરીને રાહત પહોંચાડવાના પ્રબંધ કર્યા.

એ અરસાની ખાસ્સા મહત્ત્વની ઘટના વૈશ્વિક શાંતિ આંદોલનના આરંભની હતી. જાપાનના હિરોશીમા અને નાગાસાકી ઉપર બીજા વિશ્વયુદ્ધના અંતે અમેરિકાના અગ્રપદ હેઠળના સાથી યુરોપિયન શાહીવાદી સત્તાઓએ અણુબોમ્બ ઝીંકેલા ત્યારથી જ વિનાશક યુદ્ધો અટકાવવા અંગેની વિચારણા સર્વત્ર થવા લાગેલી. ૧૯૪૮માં રોકલો મુકામે, યુરોપના પોલેન્ડ દેશમાં યુરોપના સંસ્કાર સક્રિયોની, એટલે લેખકો, કવિઓ, કલાકારો, વિજ્ઞાનીઓ વગેરેની એક મહત્વાકાંક્ષી પરિષદ મળી હતી. એ પરિષદ પર રશિયાના સ્તાલિને જે સંદેશો મોકલ્યો હતો તેમાં વિશ્વશાંતિ આંદોલન સંગઠિતરૂપે ચલાવવાનું સૂચન હતું. દુનિયાની તત્કાલીન પરસ્થિતિમાં જો આવું આંદોલન સંનિષ્ઠ રીતે ચલાવવામાં આવે તો તે વખતની દુનિયાની પાંચેય મહાસત્તાઓ ઉપર પ્રભાવ પાડી શકે એવી છઠ્ઠી મહાસત્તાનું સ્થાન એ લઇ શકે, એમ સ્તાલિને સૂચવ્યું હતું. આ પરિષદને અંતે ૧૯૪૯ના એપ્રિલમાં પ્રથમ વિશ્વશાંતિ પરિષદ મળેલી. એ પછી દેશદેશમાં આ પ્રવૃત્તિ જેમ જેમ વિસ્તરતી હતી, તેમ ભારતમાં પણ વિસ્તરવા લાગેલી. ૧૯૪૯ના અંતમાં અમદાવાદમાં, ગુજરાતનાં બીજા કેન્દ્રોમાં, સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં પણ શાંતિ સમિતિઓ રચાયેલી. અમદાવાદની શાંતિ સમિતિના મંત્રી પદે ધનવંત ઓઝા નિયુક્ત થયેલા. આ લખનાર ત્યારે તરુણ વયમાં હતો અને કચ્છમાંની શાંતિ સમિતિના તરુણોના જૂથમાંનો સક્રિય, પણ વૈશ્વિક રાજકીય આટાપાટાઓનો નવતર, શિક્ષાર્થી હતો. કચ્છમાં પ્રાણલાલ શાહ, ડૉ. જયંત ખત્રી અને એમના નીકટના સાથીઓ આવાં આંદોલનોના હમદર્દો હતા.

૧૯૪૯ના ઓગસ્ટની ૧૩મી તારીખ ગુજરાતના સામ્યવાદી આંદોલનના ઇતિહાસમાં અવિસ્મરણીય રહેશે. ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં મળેલી સામ્યવાદી પક્ષની બીજી કોંગ્રેસે એક સાહસવાદી કાર્યક્રમ આપેલો. તેને અનુસરીને કારાવાસી સામ્યવાદીઓ પ્રવૃત્તિ કરતા હતા. એટલે જેલોમાં પણ એ સત્તાધીશોના અન્યાયનો બળ અને ઝનૂનપૂર્વક પ્રતિકાર કરતા હતા. તે વખતે એમની માન્યતા, સાચી, અધૂરી સાચી યા ભૂલભરેલી એવી હતી કે સશસ્ત્ર વિપ્લવ માટેની પરિસ્થિતિ પરિપક્વ બની રહી છે. માત્ર સ્ફોટક ચિનગારીની જ જરૂર છે. એવી ચિનગારી પૂરી પાડવા માટે સ્થળકાળનો ઝાઝો વિચાર કર્યા વગર સત્તાધીશોનો સશસ્ત્ર પ્રતિકાર કરવાનો આરંભ થવો જોઇએ. તે વખતના નિઝામી પ્રદેશના તેલંગણામાં વ્યાપક વિસ્તારોમાં મુખ્યત્વે ગ્રામીણ-જનતા આવો પ્રતિકાર કરતી હતી, જેના મૂળભૂત કારણોમાં કિસાનો, ધરતીપુત્રો, ખેતમજૂરોની પારાવાર આર્થિક દુર્દશા હતી. જમીનદારી, શાહુકારી શોષણ અને વહીવટી તંત્રની એમના તરફની સાવકી નીતિ-રીતી હતાં. તેલંગણાના ઘણા મોટા પ્રદેશ ઉપર ઠીક ઠીક સમય સુધી સામ્યવાદી-પ્રભાવવાળું શાસન સ્થપાયેલું રહ્યું હતું. અન્ય પ્રદેશોમાં પણ શોષિત સમાજનો પ્રતિકાર ફેલાતો જતો હતો. આ વ્યવસ્થા કે આંદોલન કે સ્થિતિ-પરિસ્થિતિની યોગ્યતા કે અયોગ્યતા, વાજબીપણું કે ગેરવાજબીપણું-એ વિવાદાસ્પદ રહ્યું છે અને કદાચ, લાંબા સમય સુધી રહેશે. પણ ક્રાંતિકારી આંદોલનની પ્રાયોગિક તાલીમ એમાંથી નિષ્પન્ન થયેલી જ. આ વ્યૂહ નીતિને જ્યારે જેલોની અંદર સુધી લઇ જવામાં આવી ત્યારે તો એ અનુચિત જ હતી. કારાગ્રહમાં નિશસ્ત્ર અટકાયતીઓ બળપૂર્વક સત્તાનો પ્રતિકાર કરે તો

*પગની નીચે થતી કપાસી (વોટ) પર કેળાંની છાલનાં અંદરનાં ભાગને એનાં પર લગાડી બહારના પીળા ભાગને ઉપર મૂકીને સર્જિકલ ટેપથી બાંધી દેશો તો કપાસીમાંથી રાહત મળશે.*

એ એમને માટે આત્મઘાતક જ નીવડે. પણ સામ્યવાદી પક્ષે આદેશ આપેલો હતો. પરિણામે, શિસ્તબદ્ધ સામ્યવાદીઓએ ભારતભરમાં અનેક કારાગૃહોમાં, વિવિધ કારણોસર પ્રતિકાર કર્યો હતો.

અમદાવાદના મધ્યસ્થ કારાગાર (સેન્ટ્રલ જેલ) સાબરમતીમાં જે પ્રતિકાર યોજાયો તે ગુજરાતના તટસ્થ રાજકીય ઇતિહાસમાં વિવિધ રીતે નોંધપાત્ર બનશે. એ ઘટના કરુણ પણ હતી, શિસ્તપાલનની પણ હતી અને શૌર્યની પણ હતી.

સાબરમતીના કારાગારમાં જે સામ્યવાદી અટકાયતીઓ હતા, એમને સ્થળાંતર કરીને ગુજરાત બહારની જેલોમાં પૂરી દેવાનું સરકારે નક્કી કરેલું હતું. સરકારનો આ નિર્ણય વાજબી નહોતો એટલે અટકાયતીઓએ તેને અસ્વીકાર્ય ગણ્યો હતો. જ્યારે જેલબદલીનો દિવસ આવ્યો ત્યારે અટકાયતીઓએ પોતાના ચક્કરના દરવાજા બંધ કરી દીધા. જેલના અધિકારીઓ દરવાજા ખોલવા આવ્યા ત્યારે તેમને હાંકી કાઢવામાં આવ્યા. એટલે, અધિકારીઓએ વધુ બળનો ઉપયોગ કરવા, બહારથી સશસ્ત્ર પોલીસ ફોજ બોલાવી. એ ફોજનો પણ અટકાયતીઓએ હિંમતભેર સામનો કર્યો. એ સામનામાં નિશસ્ત્ર અટકાયતીઓ પર સશસ્ત્ર પોલીસફોજે ગોળીબાર કર્યો. અનેક અટકાયતીઓ ઘાયલ થયા. એમાંના બે — જયંતી પારેખ અને જમનાદાસ મોદી શહિદીને પામ્યા. તે વખતે ગુજરાત-મહારાષ્ટ્ર સમેતનું મુંબઇ રાજ્ય હતું, જેના ગૃહપ્રધાન મોરારજી દેસાઇ હતા.

જેલમાંના આ હત્યાંકાંડના સમાચાર બહાર જ ન આવે તેની બહુ કડક તકેદારી રાખવામાં આવી હતી. પણ એજ સમયે જેલના બીજા વિભાગોમાં હતા એવા કેટલાક અટકાયતીઓએ જેલમાંની દીવાલો (કોઠાઓ) ઉપર ચડેલા હોવાને કારણે નિશસ્ત્ર, નિહથ્થા, અટકાયતીઓ ઉપરનો સશસ્ત્ર, સંપૂર્ણ સુસજ્જ પોલીસ ફોજનો અંધાધૂંધ ગોળીબાર નજરોનજર જોયો હતો. જે હિંમત અને બહાદુરીપૂર્વક જયંતી બળતાં લાકડાં ફેંકતો હતો અને જમનાદાસ પોલીસની આંખો ઉપર મરચાંની ભૂકી ફેંકતો હતો એ એમણે નજરે જોયું હતું. પોલીસની ગોળી એમણે વાગતી જોઇ હતી. આ નજરે જોનારાઓમાંના એક અટકાયતી મધુભાઇ બુચ હતા. સામ્યવાદી પક્ષની એ સમયની સાહસવાદી નીતિને જેલમાંથી જ એમણે નામંજૂર કરેલી હોવાને કારણે એમને બીજા અટકાયતીઓથી જુદા પાડવામાં આવ્યા હતા.

જે રાત્રીએ આ ઘટના બની તે પછીની વહેલી પ્રભાતે એમને મુક્ત કરી દેવામાં આવેલા. પણ એમણે નજરોનજર જે જોયેલું હતું તેથી એમના દિલમાં અરેરાટી તો વ્યાપેલી જ હતી. સામ્યવાદી પક્ષની તે વખતની નીતિના એ વિરોધી હતા, પણ એક રાજકીય સિદ્ધાંત તરીકે સામ્યવાદના એ વિરોધી ન હતા. એ પછી તો સારા જેવા લાંબા સમય સુધી એમણે શિક્ષકોના, વિદ્યાર્થીઓના, કામદારોના અને કિસાનોનાં આંદોલનોમાં સક્રિય ભાગ પણ લીધેલો.

જેલમાંથી એ છૂટ્યા પછી સીધા ધનવંત ઓઝાને મળ્યા ઓઝાના અને 'પ્રભાત'ના તંત્રી-માલિક કકલભાઇના સંબંધોની પોલીસને જાણ હતી જ. આ જુલમકાંડના સમાચાર પ્રગટ કરતાં પોલીસ સીધી તો ઓઝાને, કકલભાઇને કે 'પ્રભાત'ને અટકાવી શકે તેમ નહોતી. પણ અટકાવવા માગતી જ હતી. એટલે કકલભાઇની સાથે જેમને ઘનિષ્ટ સંબંધ હતો તેવા એક કોંગ્રેસી અગ્રણી અર્જુનલાલાને એમણે સાધ્યા. લાલા આ ગોળીકાંડ ન છાપવાનું સમજાવવા કકલભાઇને મળ્યા ત્યારે કકલભાઇ કોઠારીએ એમને જવાબ આપ્યો, જે શારિરીક તમાચાથી પણ આકરો હતોઃ 'અર્જુનભાઇ, અનાચારને ઢાંકવાની છાવરવાની તમે વાત કરો છો? જયંતી (પારેખ)ને તમે ઓળખો છો? એના જેવો લોકસેવક જડવો મુશ્કેલ છે...'

'પ્રભાત'માં સંપૂર્ણ અહેવાલ છપાયો. આખાંય અમદાવાદમાં હાહાકાર વ્યાપી ગયો. બીજા અખબારોમાં પણ અહેવાલો અને અગ્રલેખો પ્રસિદ્ધ થયા. બે દિવસ પછી શહીદોને અંજલિ આપવા જાહેર સભા મળી. પ્રેમાભાઇ હોલમાં પગ મૂકવાની પણ જગ્યા બચી નહોતી. જનતાએ જ્યારે આટલી ઉત્કટતાથી હમદર્દી બતાવી, ત્યારે તે વખતના જાહેર જીવનના અગ્રણીઓ, નિર્માલ્ય નીવડ્યા. સભા સંપૂર્ણપણે સફળ નીવડી. મુંબઇમાંથી પ્રકાશિત થતાં 'જન્મભૂમિ'માં તંત્રી-પત્રકાર અમૃતલાલ શેઠે સરકારી દમનને ઝંઝોડી કાઢ્યું. સામાન્ય રીતે સૌમ્ય ભાષામાં લખનાર કિશોરલાલ મશરૂવાળાએ (ગાંધીજી-સ્થાપિત) 'હરિજન' પત્રોમાં ઉગ્ર તહોમતનામા પ્રકાશિત કર્યા.

શહીદ જયંતી પારેખ મૂળ કચ્છ માંડવીના વતની હતા. એમના પિતા ગાંધીજીના મિત્ર અને પ્રશંસક હતા. ઇમારતી લાકડાના એ વેપારી વેપાર સંકેલીને આશ્રમવાસી બન્યા હતા. જયંતી તો આશ્રમમાં જ ઉછર્યા હતા. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે ગાંધીજીએ જે ઐતિહાસિક દાંડીકૂચનો આરંભ કર્યો તે દાંડીકૂચના એકોતેર (૭૧) પદયાત્રીઓમાંનો તે એક હતા. રિયાસતી, દેશી રજવાડાઓના આંદોલનોમાં પણ જયંતી પારેખ જોડાયેલા રહેલા. એમાંથી એ કોંગ્રેસ સમાજવાદી પક્ષમાં જોડાયા, જેના અગ્રણીઓ જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દેવ, અશોક મહેતા, યુસુફ મહેરઅલી, અરુણા અસફઅલી, ડૉ. રામમનોહર લોહીયા વગેરે હતા. એ પછી એ સામ્યવાદી બન્યા; કિસાન સભાના મંત્રી બન્યા. જમનાદાસ તો હજી યૌવનના ઉંબરે જ હતા. કોમર્સ કૉલેજના વિદ્યાર્થી હતા. જન આંદોલન માટે કૉલેજ છોડેલી. છેલ્લે ચીખલી વિસ્તારના કિસાનોમાં કામ કરતા. કિસાનો એમને મોતીભાઇ નામથી સંબોધતા.

આ શહીદો આજના ગુજરાતના સ્મૃતિપટ પર છે ખરા?

*(ક્રમશઃ)*

*મો. ૯૯૯૩૦૬ ૬૦૨૪૨*

# લોકસાગરનો મરજીવો – જોરાવરસિંહ જાદવ

• પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ •

એક દિવસ વહેલી સવારે સર્જક 'જયભિખ્ખુ'એ કહ્યું, 'રસપ્રદ શૈલીમાં લોકસાહિત્યને આલેખતા આ લેખક છે, મારે એને મળવું છે.' આમ કહીને એમણે અખબારમાં પ્રકાશિત થયેલા જોરાવરસિંહ જાદવના લોક સાહિત્ય વિષયક સંશોધનાત્મક લેખ દર્શાવ્યા અને મને એમનું સરનામું મેળવવા જણાવ્યું. થોડા દિવસમાં તો જોરાવરસિંહ જાદવ જયભિખ્ખુના ડાયરાના લાડીલા યુવાન સભ્ય બની ગયા. કવિ દુલા કાગ, દુલેરાય કારાણી, રતિકુમાર વ્યાસ આ બધાની મંડળી જામે અને એમાં યુવાન જોરાવરસિંહ એમની ધગશ, તરવરાટ અને લોકજીવનની કથાઓથી જુદા તરી આવે. વિશેષે તો લોકસાહિત્ય, લોકવિદ્યા અને લોકકળા- એ ત્રણેય માટેનો એમનો અવિરત પ્રેમ વહ્યા જ કરતો હોય! જરા કાન માંડીને સાંભળીએ તો એમના શ્વાસે શ્વાસમાં અને શબ્દે શબ્દમાં લોકસાહિત્યનો ધબકાર સંભળાય. એમની સાથેના પાંચ દાયકાના આત્મીય સંબંધને બાજુએ રાખીને કેવળ સાહિત્યિક વિકાસનો વિચાર કરું, ત્યારે એમ લાગે છે કે એ સમયના ડાયરાના આ યુવાન આજે આ કલાના ભેખધારી વિદ્વાન-સંશોધક બની ચૂક્યા છે.

પોતે જે ક્ષેત્રને અપનાવ્યું, એમાં સર્વ રીતે જીવ રેડનારા બહુ ઓછા સર્જકો હોય છે. **જોરાવરસિંહ જાદવે લોકસાહિત્યમાં સચિત્ર, નેત્રરંજક અને સંશોધનભર્યાં પુસ્તકોનું સર્જન કર્યું. લોકસાહિત્ય, લોકકલા અને લોકસંસ્કૃતિને સમાજમાં યોગ્ય સન્માન સાંપડે તે માટે સામે પૂરે તર્યા. એની સામગ્રી મેળવવા માટે જિંદગી આખી ભારે રઝળપાટ કરી. એ માત્ર સ્વ-સર્જનના વર્તુળમાં રહીને સંતુષ્ટ ન રહ્યા, બલકે લોકજીવનના બીજા કસબીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બહાર લાવનાર માવજત કરનાર માળી પણ બની રહ્યા.**

છેક કોલેજકાળથી જ જોરાવરસિંહને સાહિત્યકારો સાથે ગાઢ સંબંધ રહ્યો. એમના હૂંફાળા સૌજન્યશીલ સ્વભાવને કારણે જ્યાં જતા ત્યાં સહુનો પ્રેમ રળી આવતા. પુષ્કર ચંદરવાકર, કે.કા. શાસ્ત્રી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, બચુભાઇ રાવત, રવિશંકર રાવળ, ચાંપશી ઉદ્દેશી - એ બધાનો પરિચય તો છેક ૧૯૫૭માં સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસકાળ દરમ્યાન હોસ્ટેલ-નિવાસ વખતે થઇ ચૂક્યો હતો. આ પછી લોકસાહિત્ય વિશેના એમના લેખો અને ત્યારબાદ પુસ્તકો પ્રગટ થયાં. કવિ ઉમાશંકર જોશીને એમણે લખેલાં ભાલપ્રદેશનાં લોકગીતો અને ફટાણાં ખૂબ ગમ્યાં હતાં. **આ સમયે શ્રી ઉમાશંકર જોશી ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિના પ્રમુખ હતા** અને એ સમિતિ દ્વારા પ્રકાશિત થયેલ લોકસાહિત્ય માળાના મણકામાં જોરાવરસિંહનાં લોકગીતો પ્રગટ કર્યાં હતાં.

જોરાવરસિંહનું 'મરદ કસુંબલ રંગ ચડે' નામનું શૌર્યકથાઓનું પુસ્તક સ્વ. જયભિખ્ખુનાં ગમતાં પુસ્તકોમાંનું એક હતું. એની તળપદી લોકવાર્તાનાં ચિત્રો આપણા સમર્થ કલાકાર શ્રી ખોડીદાસભાઇ પરમારે તૈયાર કર્યા હતાં અને લોકસાહિત્યનું આવું સુંદર, સચિત્ર પ્રકાશન ગુજરાતી સાહિત્યમાં એ સમયે પહેલવહેલું જ થયું હતું. સને ૧૯૬૮ના વર્ષની એના વિમોચન-સમારંભની ઘટના આજેય માનસ પ્રત્યક્ષ છે.

કોલેજ કાળથી લોકસાહિત્યની કેડી પર ચાલનારા જોરાવરસિંહને રામાયણ, મહાભારત અને પુરાણોનાં કથાગીતોનો અભ્યાસ કરતાં રામ-વનવાસનું કથાગીત ખૂબ પસંદ પડ્યું. આ સંશોધકે 'આપણાં કથાગીતો' નામે એક વિવેચનલેખ તૈયાર કર્યો. એ વારાફરતી બધાં જ સામયિકોમાં મોકલ્યો. સાભાર પરત થયો. આખરે અંતિમ ઉપાય તરીકે આ વિવેચનલેખ 'બુદ્ધિપ્રકાશ'માં મોકલ્યો અને નક્કી કર્યું કે જો હવે 'પરંપરા' પ્રમાણે પાછો આવે, તો લખવાનું માંડી વાળવું! પણ બન્યું એવું કે થોડા સમય બાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજના એમના ગુજરાતીના અધ્યાપકે આશ્ચર્ય સાથે વર્ગમાં પ્રશ્ન કર્યો, 'અલ્યા, જોરાવરસિંહ, તું ખરેખર લેખો લખે છે ? 'બુદ્ધિપ્રકાશ'માં તારો વિવેચનલેખ પ્રગટ થયો છે. એ ખરેખર તેં લખ્યો છે?' અધ્યાપકના આ શબ્દોએ જોરાવરસિંહના ઉત્સાહમાં ઉમેરો કર્યો. પૂર્વે નિષ્ફળતા પામેલો લેખ અંતે જોરાવરસિંહને ફળ્યો. એ એટલો ફળ્યો કે શ્રી ખોડીદાસ પરમાર જેવા લોકકલાના ઉત્તમ કલાકાર પહેલાં એમના મિત્ર બન્યા અને પછી એમના વેવાઇ થયા. આ સમયે કોલેજકાળમાં ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ રસ લઇને જોરાવરસિંહને શુદ્ધ લેખન અને વ્યાકરણનું જ્ઞાન આપ્યું. ગુજરાતી વિષય સાથે સ્નાતકની પદવી મેળવ્યા પછી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયમાં એમણે અનુસ્નાતકની પદવી મેળવી.

લોકસાહિત્યમાં રસ તો ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર' વાંચી, ત્યારથી જાગ્યો હતો. એ કથાઓની વિશિષ્ટ શૈલી એમને એટલી બધી ગમી ગઇ કે આવી શૈલીમાં કોઇ પણ પ્રસંગ, ઘટના કે લોકવાર્તા લખાય તો લોકો જરૂર રસપૂર્વક વાંચે એમ લાગ્યું. એ પછી ર. વ. દેસાઇ, પન્નાલાલ પટેલ, 'જયભિખ્ખુ', દુલેરાય કારાણી, જયવદન પટેલ એ બધાની આગવી અને મૌલિક લેખનશૈલીનો અભ્યાસ કરતાં જોરાવરસિંહની કલમમાં નવું કૌવત પ્રગટ્યું. એમને સમજાયું કે લોકવિદ્યાના ક્ષેત્રે સંશોધન કરનારે લોકબોલીને સુપેરે

*થોડાંક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે... અને થોડાંક વધુ શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે!!*

પ્રયોજવી જોઇએ. લોકબોલી, કહેવતો અને દુહા પાસે માનવહૃદયને સ્પર્શવાની પ્રબળ શક્તિ પડેલી છે. જોરાવરસિંહ એને આત્મસાત કરવા લાગ્યા.

**વળી વ્રતકથાઓમાં પ્રયોજાયેલું લહેકાદાર ગદ્ય એમના હૃદયમાં બત્રીસે કોઠે આનંદના દીવા પ્રગટાવતું હતું. એમણે વિચાર્યું કે ભાટ, બારોટ, ચારણ, ભવાઇ કલાકારો બધા આ જ કથનકલા દ્વારા લોકસમૂહના હૃદય સુધી પહોંચીને સાક્ષર કે નિરક્ષર સહુને આનંદ આપતા હતા. આથી લોકવાણીનું સૌંદર્ય જોરાવરસિંહે એમના લેખનમાં ઉતારવા માંડ્યું અને એથી સહુનું ધ્યાન એમનાં લખાણો તરફ આકર્ષિત થવા લાગ્યું.**

લોકસાહિત્યના જગતમાં જ નહીં, પરંતુ શિષ્ટ સાહિત્યના વિશ્વમાં પણ તેઓના ગ્રંથોને આદર પ્રાપ્ત થવા લાગ્યો. ભારેખમ વિષયને પણ હળવી, તળપદી બોલીમાં ભાવનાં રંગછાંટણાં છાંટીને મૂકવાનો એમણે પ્રારંભ કર્યો અને એ રીતે આ ક્ષેત્રમાં એક જુદી જ કેડી કંડારી. પરિણામસ્વરૂપે એમનો 'લોકજીવનનાં મોતી' લેખસંગ્રહ પ્રગટ થયો. આ ગ્રંથને ૧૯૭૮માં લોકસંસ્કૃતિનું મૂંગે મોંએ ભગીરથ કાર્ય કરતી રાજસ્થાનના ચુરુ ગામે આવેલી લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન સંસ્થાએ એમને ઝવેરચંદ મેઘાણી સુવર્ણચંદ્રક આપ્યો. એ પછી તો લોકસાહિત્યને બહોળા વાચકવર્ગને માટે નવી શૈલીથી અખબારોમાં આલેખવા પ્રયત્ન કર્યો અને એમનાં અખબારમાં આવતાં લખાણોને લોકપ્રિયતા વરી.

૨૧મા વર્ષની વયે લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને લોકકલાના ક્ષેત્રમાં પદાર્પણ કરનાર જોરાવરસિંહે ઝવેરચંદ મેઘાણી, ગોકુળદાસ રાયચુરા, દુલેરાય કારાણી એ બધાના સાહિત્યનું આકંઠ પાન કર્યું. પ્રારંભે તો ગામડાંઓમાં રઝળી રઝળી ને કંઇ કંઠસ્થ સાહિત્ય મળ્યું, તેને મુગ્ધતાથી પોતાના ચોપડામાં ઉતારી લેતા હતા. ટેપરેકોર્ડર આવતાં એ સઘળું ધ્વનિમુદ્રિત કરવાનો પ્રારંભ કર્યો. આજે એમણે ધ્વનિમુદ્રિત કરેલી સામગ્રી ગુજરાતની લોકસંસ્કૃતિની મૂલ્યવાન સમૃદ્ધિ છે. એમાં વાદી-મદારી, ભાંડ-ભવાયા, ગાડરિયા, નટ, બજાણિયા, દેવીપૂજકો, રાજપૂતો, કાઠી દરબારો, ભરવાડો, દુહાગીરો, વાર્તાકારો, ડાકલિયા રાવળ, માતાના ભૂવા, ગાય, બળદ અને અશ્વના ખરબંદાઓ પાસેથી મળેલી કોઠાસૂઝભરી અનુભવમૂલક કથાઓ છે.

આ સામગ્રીને સંશોધિત કરીને જોરાવરસિંહે એમનાં જુદાં જુદાં પુસ્તકોમાં આલેખી, પરંતુ એની સાથોસાથ નેવું જેટલાં સચિત્ર પુસ્તકોમાં આ સામગ્રીના સંદર્ભો એમણે ઊંડાણથી તપાસ્યા છે. કોઇ નાગકથાની વાત આલેખતા હોય, તો છેક વેદકાળમાં, પુરાણમાં કે બૌદ્ધગ્રંથોમાં નાગવિષયક માહિતીનો સંદર્ભ આપે છે અને એને વિશે પ્રચલિત માન્યતાઓ દર્શાવે છે, એટલું જ નહીં પણ નાગ સાથે સંકળાયેલાં નામો, નાગના મંત્રો, શિલ્પમાં નાગમૂર્તિઓ, નાગપાંચમની પૂજા, નાગનો ગઢ, નાગનાં લોકગીતો, વિવિધ પંથકોની નાગકથાઓ, મહાભારતમાં મળતી નાગકથાઓ, નાગવિષયક દંતકથાઓ, ઉત્સવો - એમ સઘળી અભ્યાસસામગ્રી એમના ગ્રંથમાં એકસાથે ઉપલબ્ધ કરી આપે છે.

સાહિત્યની કેડી પર ચાલતાં-ચાલતાં વાચકોને સંસ્કૃતિના રાજમાર્ગ પર લઇ જાય છે. આમ કોઇ પણ વિષય પર વિસ્તૃત અભ્યાસ કરીને જોરાવરસિંહ એને વિશે પ્રાચીન ગ્રંથોમાંથી સંદર્ભો ટાંકીને અભ્યાસલેખ કરતા હોય છે. આ રીતે લોકસાહિત્યનું સંશોધન કર્યા પછી ગ્રંથરચયિતા જોરાવરસિંહે લોકજીવનના અથાગ સાગરમાં વધુ એક ઊંડી ડૂબકી લગાવીને લોકવિદ્યા અને લોકકલાથી સમૃદ્ધ એવા લોકજીવનનાં અનેક ક્ષેત્રોમાં સફળ ગતિ કરી. વર્તમાન યુગમાં ઉપેક્ષા પામનારી લોકવિદ્યાઓની માહિતી એકત્રિત કરવા માટે કેટલાય ભિન્ન ભિન્ન પ્રકારના લોકોને મળ્યા. એમાં **વર્ષાઋતુમાં આભના ગાભને જાણીને વરસાદના વરતારા કરનારા, ભડલી વાક્યોનાં જાણતલ શુકનશાસ્ત્રીઓ, ચૂંદડિયા મહારાજો, હોળીનો પવન જોઇ વરતારા કરનારા, જમીનના કસ જોઇ આપનારા પાણીકળા મહારાજો, ચોરનું પગેરું લેનારા કોઠાસૂઝવાળા ચૂંવાળિયા પગીઓ, કાગડાની અને પક્ષીઓની બોલીને ઓળખનારા લોકોને રૂબરૂ મળીને એમની કળાઓ વિશે વિગતે નોંધ કરી. આપણાં ગામડાંઓમાં દૂર દૂર સુધી પથરાયેલા લોકવિદ્યાના અનુભવીઓને જોરાવરસિંહ શોધી લાવ્યા.**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ ધૂળધોયા બનીને લોકસાહિત્યને ગુજરાતના જનજીવન અને સાહિત્યમાં ગૌરવ અપાવ્યું. એની લોકકથાઓ, કહેવતો, દુહા, લગ્નગીતો અને ફટાણાંની સાહિત્યિક સમૃદ્ધિની ઓળખ આપી. એ મશાલને લઇને જોરાવરસિંહ આગળ ચાલ્યા છે. એમણે લોકસાહિત્યનાં પુસ્તકો આપ્યાં, લોકજીવનની તળપદી, નિરાળી અને મૂલ્યવાન સંસ્કારસરિતાનો અનુભવ કરાવ્યો અને લોકજીવનમાં પડેલા જીવનમાધુર્યને રસાળ શૈલીમાં ગુજરાતને ધર્યું. ગુજરાત, રાજસ્થાન અને અન્ય રાજ્યોનાં ગામડાંમાં રહેલા લોકકલાકારોની કલાશક્તિને પારખવાનું, ઘડવાનું અને એમની લોકકલાને જનસમૂહ સમક્ષ રજૂ કરવાનું અવિસ્મરણીય કાર્ય કર્યું.

લોકસમાજમાં કામ કરતાં કરતાં એમને સમજાયું કે જે ધરતીના ગ્રામવિસ્તારમાં જન્મ્યો એ ગ્રામપ્રદેશોની પ્રજા પાસે વિશિષ્ટ લોકસંસ્કૃતિ છે, ધબકતી લોકકલાઓ છે. લોકવિજ્ઞાન અને લોકવિદ્યાનું અનેરું જ્ઞાન આ નિરક્ષર માનવીઓ પાસે છે. એ પોતાના વતનનું, જન્મભૂમિનું ઋણ અદા કરવા અને લોકસાહિત્ય, લોકકલા અને લોકવિદ્યાનો વારસો જાળવનારા અને જગતભરમાં જેનો જોટો ન જડે એવી ભાતીગળ સંસ્કૃતિના સર્જકોના વારસદારોની વિશ્વકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ઓળખ આપવાના શુભાશયથી આ કાર્યનો જોરાવરસિંહે આરંભ કર્યો. લોક અને શિષ્ટ નાગરિકો વચ્ચે સેતુ બનીને લોક, એની સંસ્કૃતિ અને કલાને ઊજળાં કરી બતાવવાનો સંનિષ્ઠ પ્રયોગ કર્યો અને આજે ૬૯મા વર્ષે જોરાવરસિંહ એમના આ કાર્ય માટે પરમ સંતોષ અનુભવે છે. **જેઓની કલા વિસ્મૃત બની ગઇ હોત, એવા અનેક**

*(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)*

*સંતાનને સારા સંસ્કાર આપવા ગમે તેટલા પ્રયાસ કરો... આખરે તો એ મા-બાપને જ અનુસરશે!!*

# કચ્છી સપૂત – વિપુલ શાહ

• ડૉ. ચંદ્રકાંત દેઢિયા •

૨૦૧૧માં હિંદી ફિલ્મ બોલતી થયાને આઠ દાયકા થશે. આ આઠ દાયકામાં એવું ક્યારેય નથી બન્યું કે કોઇ દાયકો ગુજરાતી દિગ્દર્શક-નિર્માતા વિના ખાલી ગયો હોય. વીત્યા એક જ દાયકામાં જેમણે ફિલ્મોદ્યોગમાં ખાસ્સી પ્રતિષ્ઠા સાથે નામ જમાવ્યું હોય તેવા નિર્માતા દિગ્દર્શકોમાં સંજય ભણશાળી, વિપુલ અમૃતલાલ શાહ, નીરજ વોરા, સંજય ગઢવી, અપૂર્વ લાખિયા, સંજય છેલ, રાહુલ ધોળકિયા વગેરે તરત યાદ આવે. આ નામોમાં વિપુલ શાહે ત્રણ-ચાર ફિલ્મો વડે જ જાણે ધાક ઊભી કરી છે. આ બધી ફિલ્મો જબરદસ્ત હતી એવું તો ન કહેવાય, પરંતુ વિપુલ શાહમાં ભારે સાહસિકતા છે અને મોટા રોકાણો સાથેની ફિલ્મ પાર પાડવામાં કુશળ છે.

વિપુલ શાહ મૂળ કચ્છ-માંડવીના નાગલપુરના વીસા વણિક વેપારી અમૃતલાલ શાહના પુત્ર. તેમનો જન્મ ૮-૬-૧૯૬૭ના મુંબઇમાં થયો અને શિક્ષણ પણ મુંબઇમાં લીધું. કૉલેજના અભ્યાસ દરમિયાન નાટકોમાં ભાગ લેતો થયો અને પછી ટી.વી. અને ફિલ્મમાં સક્રિય થયા. નાટકોમાં અભિનય સાથે દિગ્દર્શન પણ કરતા. એમના દિગ્દર્શિત નાટકો જબર સફળ થયા.

ટી.વી.માં 'સપનાનાં વાવેતર' સિરિયલ કરી પછી એજ સિરિયલ હિંદીમાં 'એક મહલ હો સપનો કા' જેવી લાંબી સિરિયલ આપી. આ ઉપરાંત ગુજરાતી ફિલ્મ ૧૯૯૯માં 'દરિયાના છોરુ' બનાવી અને હિંદી ફિલ્મો પણ બનાવી. તેની બનાવેલી ફિલ્મો પ્રોડક્શન વેલ્યૂ વાળી હતી. એની પહેલી હિંદી ફિલ્મ 'આંખે' હતી.

જીવનમાં 'ગુરુબ્રહ્મા' નાટકમાં શેફાલી છાયા સાથે પરિચય થયો આ પરિચય પરિણયમાં પરિણમ્યો. લગ્ન જીવનના નવ વર્ષમાં બે પુત્રો આર્યમાન અને મૌર્યની ભેટ મળી.

ગુરુ મહેન્દ્ર જોશી પાસેથી તીવ્ર અભિનિવેશ અને કામમાં પૂર્ણતાને શીખેલા વિપુલ શાહના ઘણાં સાહસો જોવા હજુ બાકી છે.

*(દિવ્ય ભાસ્કરની નવરંગ પૂર્તિમાં હરીશ રઘુવંશીના લેખને ટૂંકાવીને સાભાર)*

*પ્રેષક : ડૉ. ચંદ્રકાંત દેઢિયા*

*૧૨, મનાલી એપાર્ટમેન્ટ, અટીરાની સામે, અપંગ માનવ મંડળ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ.*

---

## બાળકો ભેગા થાય ને તેમાં પણ અંધબાળકો હોટલમાં ભેગા થાય તો ભાંગફોડ કેટલી?

અમારા મિત્ર ડૉ. પંકજભાઇ શાહે જણાવ્યું કે પિતાજીની શ્રાદ્ધ તિથિ આવે છે, તો અંધશાળામાં તપાસ કરો અને તેમને જે ખાવું હોય તે ખવરાવીએ. ભાવનગર અંધ ઉદ્યોગશાળામાં તપાસ કરી તો ત્યાં ૮૦ બાળકો હતાં અને તેઓનાં ગૃહમાતાને મળીને તેઓની હાજરીમાં પૂછ્યું કે બાળકો આપને સૌને શું ખાવું છે? મોટાભાગના બાળકો કહે સારી હોટલમાં ઢોસો ખવરાવો...

જ્યુબિલી હોટલમાં મેનેજરને મળીને ૮૦ બાળકો માટે હોટલનો સ્પેશિયલ ડાઇનિંગ હોલ બુક કરાવ્યો અને મેનેજરશ્રીને ખાસ જણાવેલ કે આ બાળકો અંધ છે ...તેઓથી કાચના ગ્લાસ કે ડીશ તૂટફૂટ થાય તો ખિજાતા નહીં. વેઇટરને ખાસ સૂચના આપજો કે વી.આઇ.પી. બાળકોની માફક આ અંધ બાળકો સાથે સન્માનથી વર્તે... કંઇ પણ નુકસાની થશે તો તે ભરપાઇ કરીશું. આ સમયે બીજા કોઇ ગ્રાહકો આ અંધ બાળકોને પરેશાન ન કરે. બાળકો હેરાન ન થાય તે માટે પૂરી તકેદારી રખાઇ...

આ બાળકોને સૂચના અપાયેલ કે તમારે જેટલા ઢોંસા ખાવા હોય તેટલા ખાવાની છૂટ છે, પરંતુ બગાડ ન કરશો. ભાંગફોડ ન થાય તેની તકેદારી રાખજો... ઘોંઘાટને બદલે શાંતિ રાખશો તો અનેરી મજા આવશે. તેઓ ખુશખુશાલ થઇને જમતા હતા ત્યારે ડૉ. પંકજભાઇ શાહને ત્યાંની મુલાકાતે બોલાવતાં તેમણે કહ્યું કે બાળકો આનંદમાં છે તે પૂરતું છે. તમને આશ્ચર્ય થશે આટલાં બધાં બાળકો અને તે પણ અંધ, ત્યારે તૂટફૂટ તો થાય જ ને... કેટલી તૂટફૂટ... જરા પણ નહીં...!

***શું આ રીતે શ્રીમંત લોકો પોતાના જન્મદિને - માતા-પિતાના જન્મદિને કે શ્રાદ્ધદિને કે બાળકોના જન્મદિવસે બહેરામૂંગા સ્કૂલનાં બાળકો, અનાથાશ્રમનાં બાળકો કે વૃદ્ધાશ્રમના વડીલોને હોટલમાં નાસ્તો કરવા, જમવા કે સરકસ જોવા લઇ જાય તો કેવું સારું...!***

ભાવનગર જેસીઝ બાલાશ્રમના બાળકોને ભાવનગર મુંબઇ પ્લેનની મુસાફરીએ લઇ ગયેલ તો માવતર સંસ્થાના સંચાલક શ્રીમતી વિભાવરીબહેન દવે ધારાસભ્યશ્રી તો દર વર્ષે વડીલો માટે નવરાત્રીમાં દાંડિયારાસ, યાત્રા, પ્રવાસ વગેરે કાર્યક્રમો યોજે છે.

જાગો જાગો જાગો... શક્ય હોય તો આવા કાર્યક્રમો જરૂર કરો.

*– જયસુખ પટેલ*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*બરફ જેવી છે આ જિંદગી... જેનો ભૂતકાળ પણ પાણી અને ભવિષ્યકાળ પણ પાણી....*

# અદ્‌ભુત સફળતા

• હરખચંદ સાવલા •

*એપલ કમ્પ્યુટરના સ્થાપક - સંચાલક શ્રી સ્ટીવ જોબ્સની જીવન કથા મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૦૫માં 'Stay Hungry - Stay Foolish'ના શીર્ષકથી અને ઓક્ટોબર-૨૦૦૫ના અંકમાં 'અદ્‌ભુત સફળતા'ના શીર્ષકથી પ્રકાશિત થઈ. જે આપ સૌએ વાંચી હશે.*

*જેમણે આ જીવનકથા ન વાંચી હોય તેમના માટે અને જે યુવાનો પોતાની કારકિર્દી શરૂ કરી રહ્યા હોય તેમના માટે ખાસ ફરી ગુજરાતીમાં પ્રકાશિત કરીએ છીએ. વાચકો તરફથી જરૂરિયાત આવશે તો આવતા મહિને તેને અંગ્રેજીમાં પ્રસારિત કરવામાં આવશે.*

*શ્રી સ્ટીવ જોબ્સને જન્મ્યા પહેલાં જ ત્યજી દેવામાં આવ્યા. જન્મ્યા પછી જે દંપતી એમને ગોદ લેવાના હતા, તેમણે પણ ના પાડી. આખરે સાધારણ પરિસ્થિતિના, ભણતર વગરના કુટુંબમાં ઉછર્યા. તે છતાં આજે દુનિયાના સૌથી વિકસિત એવા કેલિફોર્નિયામાં સૌથી વધુ સફળ કંપની સ્થાપી અને ચલાવે છે.*

*આજના આપણા સમાજમાં મામૂલી નિષ્ફળતાથી નિરાશ થઈ, આપઘાત કરવા પ્રેરાતી યુવા પેઢીએ આ જીવનકથા ફરી ફરી વાંચી બોધપાઠ લેવો.*

*આ વિષયમાં જો કોઈને મારી સાથે ચર્ચા કરવાની ઈચ્છા હોય તો જરૂર મારો સંપર્ક કરશો. મને આનંદ થશે.*

**– હરખચંદ સાવલા**
*hksavla@yahoo.com*

# સ્ટીવ જોબ્સ - એક અદ્‌ભુત સફળતા

**– અનુવાદકાર : હરખચંદ સાવલા**

***શ્રી સ્ટીવ જોબ્સ એપલ કોમ્પ્યુટર કંપનીના સંસ્થાપક અને સંચાલક છે. તેમના ઉત્પાદનો મકીનટોસ કોમ્પ્યુટર અને એપલ આઈપોડ ખૂબ સફળ રહ્યા છે. તેમની કંપનીનો વાર્ષિક વ્યવસાય રૂા. ૪૦,૦૦૦ કરોડથી વધુ છે.***

***સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના જૂન-૨૦૦૫ના પદવીદાન સમારંભમાં શ્રી સ્ટીવ જોબ્સ અતિથિ તરીકે આવ્યા અને પોતાના જીવનની વાતો કહી તેનો આ સંક્ષિપ્તમાં અનુવાદ છે.***

***'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૦૫ના અંકમાં આ વક્તવ્ય અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. આ અંકમાં તેનો અનુવાદ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.***

**- હરખચંદ સાવલા**

આજે દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટીના આ પદવીદાન સમારંભમાં આવીને હું ગર્વ અનુભવું છું. મેં કોઈ કોલેજનું ભણતર પૂરું કર્યું નથી. સાચું કહું તો યુનિવર્સિટી ડિગ્રીથી આટલો નજીક હું ક્યારેય આવ્યો નથી. મારા જીવનની ત્રણ વાતો હું કહેવા માગું છું. ફક્ત ત્રણ વાતો.

પહેલી વાત જીવનની તકોને ઓળખવાની. હું રીડ કોલેજમાં ફક્ત ૬ મહિના ગયો. ત્યાર પછી ૧૮ મહિના કોલેજની આજુબાજુ રહ્યો અને પછી ભણવાનું તદ્દન છોડ્યું. આવું કેમ બન્યું? આ વાતની શરૂઆત મારા જન્મથી પહેલાં જ થઈ.

મારી માતા એક અપરિણીત કોલેજ વિદ્યાર્થીની હતી અને મારા જન્મ પહેલાં મને દત્તક આપી દેવાનું નક્કી કર્યું. મારી મા ની તીવ્ર ઈચ્છા હતી કે મને દત્તક લેનારા દંપતી કોલેજ ગ્રેજ્યુએટ્સ હોય, એટલે એક વકીલ કુટુંબને મને સોંપવાનું નક્કી થયું. પણ હું જ્યારે જન્મ્યો ત્યારે એ વકીલ દંપતીએ જણાવ્યું કે એમને તો એક દીકરી જોઈએ છે. એટલે મારા અત્યારના વાલીઓને મધરાતે ફોન આવ્યો કે એક બાબો જન્મ્યો છે, શું આપને દત્તક લેવાની ઈચ્છા છે? તેમણે કહ્યું 'જરૂર છે.'

મારી માતાને એ પછી ખબર પડી કે મારા નવા વાલીઓ હાઈસ્કૂલ સુધી પણ ભણેલા નથી. એટલે મહિનાઓ સુધી તેણીએ મારા દત્તક પત્રો પર સહી કરવાની ના પાડી. પછી જ્યારે મારા વાલીઓએ ખાતરી આપી કે મને જરૂરથી કૉલેજ ભણતર પૂરું કરાવશે ત્યારે માન્યા.

અને ૧૭ વર્ષ પછી હું કોલેજ ગયો.

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

પણ અજાણતા મેં સ્ટેનફર્ડ જેવી મોંઘી કોલેજ પસંદ કરી. મારા મધ્યમવર્ગના વાલીઓની જિંદગીની બચત ૬ મહિનાની કોલેજ ફી ભરવામાં વપરાઈ ગઈ. મને એ કોલેજ ભણતરની કોઈ ઉપયોગિતા જણાઈ નહીં. જિંદગીમાં હું શું કરવાનો છું અને એમાં આ કોલેજ ભણતર કઈ રીતે મદદરૂપ થશે એ મને સમજાયું નહીં. એટલે મેં કોલેજ છોડી અને ભવિષ્યમાં કંઈક રસ્તો નીકળશે એમ ધાર્યું. ત્યારે મને ડર ખૂબ લાગ્યો પણ હવે પાછું જોતાં એ મારી જિંદગીનો સૌથી સારો નિર્ણય લાગે છે.

એ દિવસો બહુ આનંદદાયક નહોતા. રહેવા માટે હોસ્ટેલ રૂમ પણ નહીં એટલે મિત્રોની રૂમમાં જમીન પર સૂઈ જતો. કૉકની ખાલી બોટલો ભેગી કરી, પાછી આપી, પૈસા કમાવી, માંડ માંડ ખાવાનું મેળવતો. અને રવિવારે સાંજે તો ૧૨ કિ.મી. ચાલી હરેકૃષ્ણ મંદિરમાં ભરપેટ મફત જમી આવતો. તે વખતે જીવનમાં મેં જોયું અને જાણ્યું તે જીવનમાં ખૂબ ઉપયોગી નીવડ્યું.

રીડ કોલેજમાં તે વખતે કેલીગ્રાફીના સૌથી સારા ક્લાસ ચાલતા હતા. એ કોલેજના દરેક પોસ્ટર અને લેબલ ખૂબ સુંદરતાથી હાથે બનાવેલા હતા. મને તેમાં રસ પડ્યો અને મેં કેલીગ્રાફીના ક્લાસ ભર્યા. જોકે આ કળાની મને ભવિષ્યમાં ઉપયોગિતાની કોઈ શક્યતા જણાતી નહોતી.

પરંતુ દસ વર્ષ પછી જ્યારે અમે મકીન્ટોશ કોમ્પ્યુટર ડિઝાઈન કર્યું ત્યારે એ કેલીગ્રાફીનું જ્ઞાન ઉપયોગી થયું. વિન્ડોઝમાં પણ આજે એની ઝલક દેખાય છે. એટલે જો મેં રીડ કોલેજ છોડી ન હોત અને કેલીગ્રાફીના ક્લાસ ભર્યા ન હોત, તો આજના પર્સનલ કોમ્પ્યુટર કદાચ આટલા સારા ન હોત. પણ ત્યારે આ તકને જોવી અશક્ય હતી. ભવિષ્ય તરફ જોઈને તકને ઓળખવી મુશ્કેલ હોય છે. દરેકે પોતાના અંતરાત્માના અવાજને, નસીબને કે કર્મને ઓળખીને આગળ વધવું. ભવિષ્યમાં તકો જરૂર આવશે. આ વિચારથી મને હંમેશા સફળતા મળી છે.

બીજી વાત છે પ્રેમ અને ત્યાગની. હું નસીબદાર હતો કે મને જે પ્રવૃત્તિમાં રસ હતો તેમાં જ વ્યસ્ત હતો. મિ. વોઝ અને મેં વ્યવસાયની શરૂઆત મારા ઘરના ગેરેજમાં કરી. મારી ઉંમર ત્યારે ૨૦ વર્ષ. અમે ખૂબ મહેનત કરી અને આવતા દસ વર્ષોમાં ખૂબ સફળતા મળી. ૪૦૦૦નો સ્ટાફ થયો અને રૂા. ૯૦૦૦ કરોડનું વેચાણ. અને ત્યારે જ મને મારી કંપનીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. આવું કેમ બને? વાત એમ હતી કે જ્યારે અમારી કંપનીનું કામકાજ વધ્યું ત્યારે અમે પ્રોફેશનલ ડિરેક્ટરો કંપની ચલાવવા રાખ્યા અને મારા અને એમના ભવિષ્યના પ્લાન માટે મતભેદો ઊભા થયા. બધા ડિરેક્ટરો સામે પક્ષમાં, એટલે મને કાઢી મૂકાયો.

થોડા વખત પછી મને જ્યારે સમજાયું ત્યારે માફી માંગી. પછી મને પણ સારું લાગ્યું. મોટી કંપની ચલાવવાની જવાબદારી માથે ન હતી એટલે કંઈક નવું કરવામાં રસ પડ્યો અને આ હતો મારા જીવનનો સૌથી વધુ ઉપયોગી (creative) સમય.

આગલા પાંચ વર્ષોમાં મેં નવી કંપનીઓ શરૂ કરી NEXT અને PIXAR ANIMATION અને ત્યારે હું એક સ્ત્રીના પ્રેમમાં પડ્યો, જે અત્યારે મારી વહાલી પત્ની છે. મારી નવી કંપનીઓ ખૂબ સફળ રહી અને ત્યારે એક અજબ વાત બની. ઍપલ કોમ્પ્યુટર કંપનીએ મારી નવી કંપનીઓ ખરીદવાનું નક્કી કર્યું. અને હું પાછો ઍપલમાં આવી ગયો. મારી નવી કંપનીઓમાં વિકસાવેલ ટેક્નોલોજી ઍપલમાં ખૂબ ઉપયોગી થઈ અને અમને સારી સફળતા મળી.

મને ઍપલમાંથી કાઢી મૂકાયો તેનું એકંદરે સારું પરિણામ આવ્યું. એ દવા ત્યારે બહુ કડવી લાગી હતી, પણ મારા જીવનમાં જરૂરી હતી.

ઘણીવાર જીવનમાં મોટી નિરાશાઓ આવે છે. ત્યારે વિશ્વાસ રાખો અને તમારા રસના વિષયમાં આગળ વધો, સફલતા મળશે જ. તમારી કારકિર્દીની શરૂઆતમાં જ એ પ્રવૃત્તિ શોધી કાઢવી, જેમાં તમને કામ કરવાની મજા આવે. તમારા જીવનનો મોટો ભાગ એ કાર્ય કરવામાં જશે, વખત જતાં તમને સંતોષ અને સફળતા મળશે.

મારી ત્રીજી વાત છે મૃત્યુ વિષે. ૧૭ વર્ષની ઉંમરે મેં એક જગ્યાએ વાંચ્યું 'રોજ સવારે જો તમે એમ ધારો કે આજે તમારા જીવનનો છેલ્લો દિવસ છે, તો એક દિવસ તમે જરૂર સાચા પડશો.' છેલ્લા ૩૩ વર્ષથી આની મારા પર ખૂબ અસર રહી છે. રોજ સવારે અરીસામાં જોઈને હું પ્રશ્ન કરું છું 'જો આજે આ મારો છેલ્લો દિવસ હોય તો હું જે કામ કરવા જઈ રહ્યો છું તે ખરેખર કરવા જેવું છે?' અને લગાતાર દિવસો સુધી જવાબ 'ના' આવે તો એ કામ હું પડતું મૂકું છું. જીવનના અગત્યના નિર્ણયો લેવા માટે મૃત્યુનો વિચાર મને બહુ મદદરૂપ રહ્યો છે. કારણકે મૃત્યુ સામે બધી બહારની ઈચ્છાઓ, અભિમાન, ડર, અપમાન, નિષ્ફળતા વગેરે વરાળ બનીને ઊડી જાય છે. ફક્ત અગત્યની વાતો જ રહી જાય છે. એટલે તમારા અંતરાત્માના અવાજ પ્રમાણે ચાલવા સામે કોઈ કારણ રહેતું નથી.

કોઈને મરવું નથી. જે લોકો સ્વર્ગમાં જવા માંગે છે તેમને પણ નહીં. તે છતાં એ મંજિલ પર આપણે બધાએ જવાનું જ છે. હજી સુધી આમાં કોઈ અપવાદ નથી અને એ જ પ્રમાણે હોવું જોઈએ. જન્મ પછી મૃત્યુ એજ સૌથી અગત્યની ઘટના છે. તેનાથી જૂનું જતું રહે છે અને નવા માટે જગ્યા કરે છે.

અત્યારે તમે નવા છો પણ ભવિષ્યમાં તમે જૂના થશો અને જવું પડશે. આ કહેવા બદલ માફી ચાહું છું પણ આજ સત્ય છે. આપનો સમય મર્યાદિત છે. એટલે બીજાઓના દિલ દિમાગથી જીવવાનું છોડી દેજો. તમારા આત્માના અવાજને જીવનના કોલાહલમાં ડૂબાડશો નહીં. તમારો આત્મા જાણે છે તમે શું બનવા માંગો છો! બીજું કંઈ જ અગત્યનું નથી. ■

# એકાંત અને એકલતાનો ફરક

• અમૃતલાલ નાનજી માલદે •

એકાંત અને એકલતા એક જ નથી. એકાંત શાંત સરોવર પર વિહરતા મૌન જેવું છે અને એકલતા ઊંડા અંધારિયા કૂવામાંથી ઊઠતી ચીસ જેવી છે. એકાંત સ્વેચ્છાએ સહર્ષ સ્વીકારેલી સ્થિતિ છે, એકલતા અનિચ્છાએ આવી પડેલી પરિસ્થિતિ છે. એકાંત 'Give me a space'ની કરેલી અરજના આવકારરૂપે સાંપડેલી સ્પેશ છે. જ્યારે એકલતા 'ન માગે દોડતું આવે' જેવો વણમાગ્યો શૂન્યાવકાશ છે. એકાંત આશીર્વાદ છે તો એકલતા અભિશાપ છે. આવી વ્યથાભરી એકલતાની વંદનાને વાચા આપતા હિંદી સિનેમા ગીતોના ગુંજારવને યાદ કરીએ.

*દેખો જમાને કી યારી,*
*બિછડે સભી બારી બારી,*
*ક્યા લેકે મિલે ઇસ દુનિયા*
*આંસુ કે સિવા કુછ પાસ નહીં.*
*યહાં ફુલ હી ફુલ થે દામન મેં*
*યહા કાંટો કી ભી આંસ નહીં,*
*મતલબ કી દુનિયા હૈ સારી,*
*બિછડે સભી બારી બારી.*

ફિલ્મ 'કાગઝ કે ફૂલ'ના નાયકની આ વ્યથા ઘૂંટાતી એકલતાની દારુણતા દર્શાવે છે. એક પછી એક સઘળા ત્યજીને જતાં માનવીને એકલતાની એવી ગર્તામાં ધકેલી દે છે જ્યાં ફુલો તો શું કાંટાઓ પણ નસીબ ન થાય. આવો એકલો પડી ગયેલો માણસ વ્યથાથી ગાઇ ઊઠે છે :

*'કોઈ હમદમ ના રહા,*
*કોઈ સહારા ના રહા,*
*હમ કિસી કે ના રહે,*
*કોઈ હમારા ના રહા'*

*(ફિલ્મ : ઝુમરુ)*

એકાકી જીવને ખબર છે કે તેનું કોઇ આ દુનિયામાં નથી અને છતાં પોતાનું કોઇ હોવાની એક આછેરી આશા બંધાય છે.

*'કોઈ નહીં હૈ,*
*ફિર ભી હૈ મુઝકો ના જાને કિસ કા ઈન્તઝાર'*

*(ફિલ્મ : પથ્થર કે સનમ)*

કોઇ એવી વ્યક્તિની આશા જેને ન જોઇ છે ન જાણી છે છતાં આવો ઇન્તઝાર એકાકી વ્યક્તિ માટે જીવવાનું બહાનું બની જાય છે. એકમાત્ર સહારાની આવી વિમુખતાએ એકાએક આવી અભાગી વ્યક્તિને એકલતાની ગર્તામાં ધકેલી દે છે, ત્યારે એ હતાશાભર્યા સૂરે ગાય છે.

*'હમ થે જીનકે સહારે,*
*ના હુએ વો હમારે,*
*ડૂબી જબ દિલ કી નૈયા,*
*સામને થે કિનારે'*

(ફિલ્મ સફર)

સાવ સામે જ સહારાનો કિનારો હતો જે એકાએક અલોપ થઇ જતાં મધદરિયે સંવેદનશીલ હૃદયની નૌકા ડૂબી ગઇ ત્યારે એકાંકી જીવે પહેલી વાર મહેસૂસ કર્યું કે

'ઇસ ભરી દૂનિયા મેં કોઇ ભી હમારા ના હુઆ'

*(ફિલ્મ : દો બદન)*

અને એ જ વેદનાનો પ્યાલો હદ ઉપરાંત છલકાઈ જતાં

*'ના કોઈ ઉમંગ હૈ ના કોઈ તરંગ હૈ,*
*મેરી જિંદગી હૈ ક્યા, એક કટી પતંગ હૈ'*

*(ફિલ્મ : કટી પતંગ)*

અને એમાંથી જાકારો મળતાં જાણે જગત આખામાંથી જાકારો મળ્યો હોય તેમ બધાથી ત્યજાયેલો આ દુઃખી જીવ નિરાશા અને હતાશાના ભારણ હેઠળ આવું કાંઇક ગાઇ ઊઠે છે :

*'દુઃખી મન મેરે સુન મેરા કહના,*
*વહાં નહીં રહેના જહાં નહીં ચૈના'.*

*(ફિલ્મ : ફન્ટુસ)*

***અમૃતલાલ નાનજી માલદે - દહીંસર (ભુજપુર)***

## સંગતની અસર

ખાં સાહેબ અબ્દુલ કરીમ ખાં પાસે એક કૂતરો હતો. ખાં સાહેબ જ્યારે રિયાઝ કરતા, કે વિદ્યાર્થીઓને સંગીત શીખવતા ત્યારે એ કૂતરો પાસે બેસી રહેતો. પછી તે કૂતરાને સપ્તકના બારે બાર સ્વરો પોતાના ગળામાંથી કાઢતાં આવડી ગયેલું.

ખાં સાહેબે પૂના અને સતારામાં આ કૂતરાનું પબ્લિક ડેમોન્સ્ટ્રેશન કરેલું. મુંબઇમાં પણ એકવાર આ કૂતરાના સંગીત-સ્વરનું પબ્લિક ડેમોન્સ્ટ્રેશન કરેલું. **તે વખતે આ કૂતરાએ સરગમના બાર સ્વરો ઉપરાંત તેણે રાગ શંકરા, શ્યામ કલ્યાણ, મુલતાની પુરિયા-ધનાશ્રી વગેરે રાગો તાન ગાઇ હતી.**

આ ડેમોન્સ્ટ્રેશન વખતે સભાગૃહમાં ડૉ. એનીબેસન્ટ, સરોજિની નાયડુ, જમનાદાસ દ્વારકાદાસ, ડૉ. હોર્નિમેન, બોમ્બે ક્રોનિકલના તંત્રી બ્રેલવી તથા મુંબઇ સમાચારના તંત્રી સોરાબજી કાપડિયા તથા થોડા સરકસના મેનેજરો હાજર હતા.

આ અબ્દુલ કરીમ ખાં સાહેબ એટલે 'કિરાના ઘરાના' ના સ્થાપક.

***'નવનીત સમર્પણ' સપ્ટેમ્બર ૨૦૦૮ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*માતા કદી મરતી નથી અને બાળક કદી મોટો થતો નથી*

નર્મદા - સરદાર સરોવર
TISS REPORT
સંશોધન લેખ શ્રેણી
(૭)

# 'નર્મદા'નું મૂ-ળ આયોજન સિંચાઇ-વિકાસનું હતું કે ઉદ્યોગો માટેનું?

પ્રવીણચંદ્ર શાહ

## નર્મદા બંધની ઊંચાઇ વધારવા લીલીઝંડી

03 : 04 : 10

### હાલના ૧૨૧.૯૨ મીટરથી ડેમને ૧૩૮.૬૪ મીટરે લઇ જવાશે : એનસીએની પર્યાવરણ સમિતિની બેઠકના નિર્ણયથી વિરોધીઓને લપડાક

ગાંધીનગર, તા. ૨ (અમારા પ્રતિનિધિ તરફથી) : ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાની ઊંચાઇ ૧૨૧.૯૨થી વધારી ૧૩૮.૬૪ કરવાની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ સબ ગ્રુપે મંજૂરી આપી દીધી છે. આ વધારાની ઊંચાઇનું બાંધકામ આગામી ૩૦ માસમાં પૂર્ણ કરવા જણાવ્યું છે પરંતુ (એનસીએ)ની અંતિમ મંજૂરી મેળવતા પહેલાં રાજ્ય સરકારે ઓથોરિટીની પુનર્વસવાટ અને પુનર્વસન કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

નર્મદા ડેમ યોજનાના ઊંચાઇના મામલે લાંબા સમયથી દરખાસ્ત કેન્દ્રમાં પડતર હતી અને જ્યાં સુધી એન[illegible] આપે ત્યાં સુધી નર્મદા ડેમની ઊંચાઇનું બાંધકામ હાથ ધરી શકાય તેમ ન હતું. ગઇકાલે નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પર્યાવરણીય સબ કમિટીની બેઠક મળી હતી. પર્યાવરણીય અને વન વિભાગ સચિવ વિનય શર્માની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નર્મદા ડેમની હાલની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૪ મીટર સુધી લઇ જવા મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરીના પગલે નર્મદા ડેમ ઉપર ૩૦ પિલરોનું બાંધકામ થશે અને તેની વચ્ચે રેડિયલ ગેટ્સ મૂકવામાં આવશે તેમજ તેની [illegible]ધવામાં આવશે. આ સમગ્ર બાંધકામ પાછળ અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે.

એનસીએના સબ ગ્રુપે ડેમની ઊંચાઇ વધારવા આપેલી મંજૂરીના પગલે સમગ્ર બાંધકામ ચોમાસાના સમયને બાદ કરતાં ૩૦ માસના સમયગાળામાં બાંધકામ પૂર્ણ કરાશે. ડેમ ઊંચાઇની આ મંજૂરી ડેમ વિરોધી તાકાતો સામે ગુજરાત માટે લાભદાયી રહેશે તેમ ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે. બેઠકમાં હાજર રહેલા ગુજરાતના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, નર્મદા ડેમની ઊંચાઇને મંજૂરી આપવામાં આવે તો સેન્ટ્રલ વૉટર કમિશને જે ગણતરી કરી છે તેના

(જુઓ પાનું ૨)

---

નર્મદા-સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણીનો આ આર્ટિકલ નંબર ૭નો છે. છેલ્લા આર્ટિકલ નં. ૬ એપ્રિલ ૨૦૧૦ ના અંતમાં નોંધ્યું હતું કે ઉદ્યોગો માટે જરૂરી પાણીનો જથ્થો અને નગરોનો મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે જરૂરી પાણીનો જથ્થો તો ૨૦૦૨ માં જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) ૧૦૦ મીટરે પહોંચવા ઉપર હતી ત્યારે જ પર્યાપ્ત થઇ શકે તેમ હતું, પૂરું પડી શકે તેમ હતું. આમ છતાં હવે કે જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) તેના લક્ષ પ્રમાણે પહોંચી ચૂકી છે, તે છતાં પીવાના પાણી માટેનું લક્ષ તો અદ્ધરતાલ લટકતું ને લટકતું જ રહ્યું છે.

આમ છતાં ૩ એપ્રિલ, ૨૦૧૦ના અખબારોમાં નર્મદા બંધની ઊંચાઇ હજુય વધારે ઊંચી કરવા માટેની મંજૂરી મળી હોવાના વિસ્તૃત અહેવાલો પ્રકાશિત થયા છે. તેનો સારાંશ એવો છે કે નર્મદા યોજનાની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારી ૧૩૮.૬૪ મીટર કરવાની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ સબ ગ્રૂપે મંજૂરી આપી દીધી છે. આ વધારાની ઊંચાઇનું બાંધકામ આગામી ૩૦ માસમાં પૂર્ણ કરવા જણાવાયું છે પરંતુ એન.સી.એ. (નર્મદા કંટ્રોલ ઓથોરિટી)ની અંતિમ મંજૂરી મેળવતાં પહેલાં રાજ્ય સરકારે ઓથોરિટીની પુનર્વસવાટ અને પુનર્વસન કમિટીની મંજૂરી મેળવવાની રહેશે. નર્મદા ડેમ ઊંચાઇના મામલે લાંબા સમયથી દરખાસ્ત કેન્દ્રમાં પડતર હતી અને જ્યાં સુધી એનસીએ મંજૂરી ન આપે ત્યાં સુધી નર્મદા ડેમની ઊંચાઇનું બાંધકામ હાથ ધરી શકાય તેમ નહોતું. ૧-૨ એપ્રિલ, ૨૦૧૦ના નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પર્યાવરણીય-સબ કમિટીની બેઠકમાં હાલની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૪ મીટર સુધી લઇ જવા મંજૂરી અપાઇ હતી. આ મંજૂરીના પગલે નર્મદા ડેમ ઉપર ૩૦ પીલ્લરોનું બાંધકામ થશે અને તેની વચ્ચે રેડિયલ ગેઇટ્સ મૂકવામાં આવશે અને તેની ઉપર પુલ બાંધવામાં આવશે. આ સમગ્ર બાંધકામ પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે. રાબેતા મુજબના નવા આશ્વાસનો પણ સમગ્ર બાંધકામ ચોમાસાનાં સમયને બાદ કરતાં ૩૦ માસના સમયગાળામાં પૂર્ણ કરાશે. ડેમ ઊંચાઇની આ મંજૂરી "ડેમ વિરોધી તાકાતો સામે ગુજરાત માટે લાભદાયી રહેશે" તેમ ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે. એક અતિ ઉત્સાહી અને વાસ્તવિક્તાઓથી બેખબર પ્રાદેશિક જિલ્લા સ્તરના અખબારે ફ્રન્ટ પેઇજ- પરના આ અહેવાલ (૩ એપ્રિલ, ૨૦૧૦) ના શીર્ષકમાં એમ પણ છાપી માર્યું હતું કે ઊંચાઇ વધારવાના આ નિર્ણયથી (જે હકીકતમાં આખરી નથી) નર્મદા-વિરોધીઓને 'લપડાક' મળી છે!

- **વધતી ઊંચાઇથી લાભ કોને?**

વર્ષો પહેલાં મળી ચૂકેલી મંજૂરીઓ પ્રમાણે થયેલા બાંધકામો માટેના મૂળ આશયો અને હેતુઓ બર આવ્યા નથી. દલા તરવાડીની પ્રચલિત કહેવત નર્મદાની ઊંચાઇના બારામાં ખરી પડતી રહી છે. ઊંચાઇની મંજૂરીઓ તો ક્રમે ક્રમે વધુને વધુ મેળવાતી રહી છે. પણ

*'મા'નો અર્થ દુનિયાની બધી જ ભાષાઓમાં મા જ થાય છે*

તેથી ગ્રાઉન્ડ લેવલ, મૂળભૂત ગ્રામ પ્રદેશોના વિસ્તારોની જરૂરિયાતો પૂરી પડાઇ છે, ખરી? ખેડૂતો માટે ખરેખરી જરૂરિયાતો વાળી કેનાલ-વ્યવસ્થા ગોઠવાઇ છે ખરી? હકીકતમાં આ અંગેની વાસ્તવિક્તા નર્મદા-આયોજનની પારાવાર અરાજકતાના નક્કર પ્રમાણો છે. TISS REPORT અને 'ભૂમિપુત્ર' જેવાં જનતાલક્ષી સામયિકોએ સતત આવી અસહ્ય અરાજકતાને કોઇની પણ શેહ-શરમમાં આવ્યા વગર પ્રકાશમાં આણી છે. નર્મદા-યોજના અને તેના અમલીકરણમાં તબક્કાવાર સન્નિષ્ઠ અભ્યાસી અને તટસ્થ આલોચક શ્રી રજની દવેએ 'ભમિપુત્ર'માં (૧૬ જૂન, ૨૦૦૯) ગુજરાતના વાગરા તાલુકાની દુર્દશાની આપેલી વિગતો, માત્ર પ્રતીક-દૃષ્ટાંતરૂપે જ નહીં, પણ લગભગ સમગ્ર અરાજકતા પર સમયસરનો પ્રકાશ પાડનારી છે.

વાગરા તાલુકાનો અનુભવ પારાવાર દુઃખદ નીવડ્યો છે. નર્મદાના પાણી કચ્છના નાના રણમાં લઇ જઇને જમીન સુધારણા કરીને ગુજરાતને અન્ન સ્વાવલંબનની દિશામાં આગળ લઇ જવાનું પ્લાનિંગ થયું હતું. વર્ષોના ઇંતજાર પછી વાગરા તાલુકામાં નહેરો આવી. પરંતુ આજે ત્યાં ચિત્ર બદલાઇ ચૂક્યું છે. સરકાર ઔદ્યોગિક વિકાસના નામે ખેડૂતોને હડધૂત કરી રહી છે. વાગરા તાલુકામાં ખેડૂતો સાથેની રજની દવેની પ્રત્યક્ષ વાતચીતો દરમ્યાન જાણવા મળ્યું કે આ જે નહેરો દેખાઇ રહી છે, તે ખેડૂતો માટે નથી. આ તો કારખાનાવાળાઓ માટે છે. ખેડૂતોના કહેવા પ્રમાણે અહીંના ઘણાં બધાં ગામો ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના હવાલે કરવાના છે. આ વિસ્તારને ઉદ્યોગો માટે 'નોટિફાય' (નિશ્ચિત) કરેલો છે માટે ખેડૂતોને નહેરના પાણી આપવામાં નહીં આવે. ગુજરાતની કહેવાતી જીવાદોરી-લાઇફલાઇન વાગરા તાલુકાનાં ગામો માટે કપાઇ ચૂકી છે. ગ્રામજનો પાસેથી જમીનો પડાવી લેવાનો આ અધમોઅધમ માર્ગ છે. ગામોના લોકોએ લાચારીથી જમીનો આપવા માંડી છે. આ જમીનો વેચીને જે પૈસા આવશે તે પૈસામાંથી ગુજરાતમાં અન્ય સ્થળે સિંચાઇવાળી જમીન મળવાની નથી. આ ખેડૂતોના ગામ આવાસો કારખાનાઓથી ઘેરાઇ જશે. જમીનથી હાથ ધોઇ નાંખેલા ખેડૂતોને રહેઠાણમાંથી પણ ખસવું પડશે. મને કમને તેઓ વિસ્થાપિત થશે. ડેમના ડૂબતા વિસ્તારમાંથી વિસ્થાપન, ડેમનાં પાણી નહેરો દ્વારા જ્યાં પહોંચ્યા છે ત્યાં પણ વિસ્થાપન! આ ગામોમાં નર્મદાના પાણીને ફિલ્ટર કરીને પીવા માટે આપવાને બદલે, અમેરિકન DOW ડોવ કેમિકલ કંપનીએ લગાવી આપેલા રિવર્સ ઓસ્મોસીસ (R.O.) પ્લાન્ટનું પાણી મળે છે. ડોવ કેમિકલ કંપનીએ આ વિસ્તારમાં પ્રવેશ પામવા માટે કદાચ 'સેવા'નો આ માર્ગ પકડયો લાગે છે. નર્મદા યોજના મૂળમાં કોના માટે હતી અને આજે તે કોના માટેની થઇ રહી છે?

- **વિસ્થાપન નીતિમાં કપટી-બદલાવ**

ડૂબતા વિસ્તારમાંના લોકોના વિસ્થાપનના પ્રશ્નને સત્તાધારીઓએ બેહદ પ્રમાણમાં ગૂંચવાવી નાંખ્યો છે. નર્મદા વોટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યૂનલ એક્ટ (NWDTA)ના ધારાધોરણ પ્રમાણે ડૂબમાં આવતા લોકોને જમીનને બદલે જમીન ફાળવવાની નીતિ નક્કી કરવામાં આવી હતી. પરંતુ ૧૫ મે, ૨૦૦૧ના રોજ નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટી (NVDA) એ જમીન ફાળવવાની નીતિમાં સુધારો (Amendment) સૂચવ્યો, જેને રૂપાળું નામ સ્પેશિયલ રિહેબિલિટેશન પેકેજ (SRP) આપ્યું. આ પેકેજ પ્રમાણે કાયદાની રુએ જમીન સામે જમીન મેળવવાના જમીન માલિક-ખેડૂતના હક્કને જતો કરવામાં આવે અને અન્ય સ્થળે પોતાની પસંદગી પ્રમાણે જમીન ખરીદવા માટે જે પૈસા આપવામાં આવે તે સ્વીકારી લેવામાં આવે- એવી ભૂલભૂલામણીવાળી જોગવાઇઓના સમાવેશ કરવામાં આવ્યા.

**હકિકતમાં અને નૈતિકતાની કસોટીએ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાનો આ ભંગ હતો અને છે.** તે ચુકાદા પ્રમાણે ૨૦૨૪ સુધી વિસ્થાપન માટે નક્કી કરાયેલી નીતિમાં ફેરફાર કરી શકાતો નથી. નર્મદા કંટ્રોલ ઓથોરિટીની ૨૦ નવેમ્બર, ૨૦૦૧ની મિટિંગમાં મિનિસ્ટ્રી ઓફ સોશિયલ જસ્ટીસના સેક્રેટરીએ આ વાતનો વિરોધ કરેલો, અને જણાવ્યું હતું કે લૉ (કાયદા કાનૂન)ની મિનિસ્ટ્રી સમક્ષ સઘળી વિગતો રજૂ કરીને આવો સુધારો કરાય કે નહીં, તે જાણવું જોઇએ.

મધ્ય પ્રદેશ સરકારે યેનકેન પ્રકારે થોડી શબ્દોની રમત રમીને જમીનની સામે જમીન આપવાને બદલે પૈસા આપવાની વાત ચલાવ્યે રાખી.

જે રીતે જમીનને બદલે જમીન આપવાની નીતિમાં ઢીલાશ લાવવામાં આવી તે રીતે ડૂબના અસરગ્રસ્ત પરિવારોને આવાસ માટે પ્લોટથી જમીન અને અન્ય સેવાઓ પૂરી પાડવાની નીતિમાં પણ ઢીલાશ અખત્યાર કરાતી રહી. **પ્રતિ પરિવાર એક જ સભ્યને રૂા. ૫૦,૦૦૦ (પચાસ હજાર) તે માટે આપવામાં આવ્યા, જે પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાની અવગણના હતી અને છે.**

- **સરકારી ચાલાકીઓ અને લુચ્ચાઇઓ :**

જ્યાં જ્યાં સામાન્ય સીધા સરળ ખેડૂતો સાથે કે ગ્રામ્યજનો સાથે સત્તાધારીઓએ સતત ચાલાકીઓ અને લુચ્ચાઇ જ અમલી બનાવ્યા છે. આવી ચાલાકી અને લુચ્ચાઇમાંની એક વિસ્થાપિતોને ઓછા બતાવતા રહેવાની છે. તેને અમલી એ રીતે બનાવાઇ કે 'કાયમી ડૂબમાં જનારા અને ક્વચિત ડૂબમાં જનારા' એવા બે કૃત્રિમ વિભાગો ખડા કરવામાં આવ્યા.

ગુજરાતને ડેમની ઊંચાઇ તબક્કાવાર વધારતા જવાની ઉતાવળ હતી. બીજી બાજુ, મધ્યપ્રદેશમાં ડૂબમાં જનારાઓને યોગ્ય સ્થળે વસાવવાની પ્રક્રિયા ન્યાયી અને સુચારુ રીતે આગળ ધપાવવામાં જરા પણ રસ દાખવતું નહતું. ધીરે ધીરે ચાલાકી એવી કરવામાં આવી કે ઝીણવટથી ન જોનારાને ખબર પણ ન પડે કે વિસ્થાપનનો પ્રશ્ન ઉકેલાઇ ગયો છે, યા નહીં! મધ્યપ્રદેશની સરકારે વિસ્થાપિતોના બે પ્રકાર ગણાવ્યા : (૧) કાયમી ડૂબમાં જનારાઓ કે જેમની ખેતીની જમીન પર કાયમી સ્વરૂપે ડેમના પાણી ફરી વળવાનાં છે, (૨) જેમના રહેઠાણની જગ્યા ૧૦૦ વર્ષે એક વખત ડૂબમાં જવાની છે, અથવા ડેમની ઊંચાઇ જ્યારે

*માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે મા અને સૌથી સુંદર સાદ હોય તો તે છે, 'મારી મા!'*

આગળ ઉપર વધારવામાં આવે ત્યારે તે ડૂબમાં જશે.

આ બે પ્રકારના ભાગ પાડીને ડૂબમાં જનારાઓની સંખ્યાની વાતને એટલી બધી ગૂંચવી નંખાઇ કે વિસ્થાપનનું કામ કેટલું બાકી છે તેનું ચિત્ર સ્પષ્ટ જ બને નહીં. જ્યારે ડેમની ઊંચાઇ વધારવા માટે સમિતિની મિટિંગ મળે ત્યારે આંકડાઓની માયાજાળ રજૂ કરવામાં આવે. ૧૪ નવેમ્બર, ૨૦૦૨ ના વિસ્થાપિતોની સંખ્યાના આવા એક કોષ્ટક (વિગતોનું ચોકઠું) નીચે આવી નોંધ મૂકવામાં આવેલી :

This number may change after declaration of land Acquisition awards. (આ આંકડા, સંખ્યા એવી છે જે લેન્ડ અક્વિઝિશનના નિર્ણયો પછી બદલાઇ શકશે, તેમાં ફેરફાર થવાનું શક્ય છે.) Project Affected Families (PAF) whose lands are temporarily submerged due to 1 in 100 years flood have not been considered for resettlement and rehabilitation (R & R) (સો વર્ષ દરમ્યાનમાં એકાદ વખત આવી શકનારા પૂરને કારણે કામચલાઉ થોડા સમય માટે ડૂબેલા પરિવારોના પુનવર્સવાટ માટેની ગણતરી આ આંકડાઓમાં ધ્યાનમાં લેવામાં આવી નથી.)

મતલબ? મતલબ એ કે ઉપરના કોષ્ટકમાં દર્શાવાયેલી સંખ્યામાં તેમની વ્યાખ્યા પ્રમાણેના ટેમ્પરરી ડૂબમાં જનારાઓની સંખ્યા ગણતરીમાં લેવામાં આવી નથી.

હવે આ બાબતમાં સુપ્રીમ કોર્ટના ૧૫ માર્ચ, ૨૦૦૫ વાળા ચુકાદામાં સ્પષ્ટપણે આવા ડૂબમાં જનારાઓની સંખ્યાના પ્રકાર કે વર્ગીકરણનો સાફ ઇન્કાર કરાયો છે. કાયમી કે હંગામી, પરમેનન્ટ કે ટેમ્પરરી એવા કોઇ ભાગ-વિભાગને સુપ્રીમ કોર્ટ માન્ય જ કરતી નથી. વિસ્થાપિતો એટલે વિસ્થાપિતો, બસ! સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે બધાયને એકસરખા વિસ્થાપિતો ગણીને તેમને ન્યાય અપાવો જોઇએ.

- પણ વાસ્તવમાં આમ થાય છે ખરું?

(નિઃસહાય વનવાસીઓને, આદિવાસીઓને, અંતરિયાળ ગ્રામ્ય પ્રદેશોને ઉજાડીને, રફે દફે કરીને, ખેતી વગરના, જમીન વગરના, ઝૂંપડા વગરના કે કાચાં ઘર વગરના આપણે બનાવતા જઇએ, સરકારો એમની સાથે ધરાર બેઇમાનીથી વર્તે, સુપ્રીમ કોર્ટમાંથી પણ સા-ચો, પૂ-રો, અસરકારક ન્યાય એમને મળે નહીં. એમાંના કેટલાક ન છૂટકે નક્સલવાદીઓ ન બને તો શું બને?)

*(ક્રમશઃ)*

*નવરંગ જનરલ સ્ટોર્સ*
*ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ-૪૧૦ ૨૨૧.*
*ફોન : ૦૨૧૪૩-૨૨૦૦૮૦, મો. ૦૯૯૩૦૬૬૦૨૪૨*

## શક્તિશાળી માણસ

આપણી સાથેના માણસ સાથે કેમ કામ લેવું તે મોટી કલા છે. ભલભલા ઉદ્યોગપતિઓ આ કળામાં બુઠ્ઠા છે. આ જગતમાં સૌથી શ્રેષ્ઠ શક્તિવાળો માણસ એ જ છે કે જે બીજા માણસો પાસેથી સરસ રીતે કામ લઈ શકે. તમામ લોકોને સરખી રીતે સાચવીને નમ્રતાથી કામ લેવું તેના જેવી બીજી કોઈ કળા નથી.

*સાભાર : "પરિત્રાણ"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## મધુર વાણીનો પ્રતાપ

ગરીબ - ગુરબાં એક ઘરડાં માજી હતા. આમ તો દુઃખી હતા પણ સ્વભાવ એવો સારો કે જે મળે તેને સારી રીતે બોલાવે અને તેને માટે સારુ સારુ કહે. એક દિવસ માજી જંગલમાં લાકડાં વીણવા ગયા. ત્યાં ઉનાળાની ઋતુ સામે મળી. ઉનાળાએ માજીને પૂછ્યું, 'માજી, મારી ઋતુનો સમય તમને કેવો લાગે?' માજીએ તરત જ જવાબ આપ્યો, 'બહેન, ઉનાળાની ઋતુ મને બહુ ગમે. કડકડતી ઠંડી પછી તું આવે એટલે સારું લાગે. રાતે બહાર ખુલ્લામાં સૂઈએ, રાતનો શીતળ પવન માણીએ, ચંદ્ર ને તારા જોઈએ. બધી વનસ્પતિમાં પ્રાણ આવે. સવાર પણ શીતળ અને મીઠી લાગે.'' ઉનાળાની ઋતુએ ખુશ થઈને માજીને ભેટરૂપે ઘણા રૂપિયા આપ્યા.

માજી થોડે દૂર ગયા ત્યાં વર્ષાઋતુ આવી. તેણે માજીને પૂછ્યું, 'માજી, મારી ઋતુ તમને કેવી લાગે?' માજીએ વર્ષાને વંદન કરીને કહ્યું, 'તું તો મને બહુ સારી લાગે. તારા વગર દુનિયા સાવ ફિક્કી ને સૂકી લાગે. તું આવે ને બધામાં તાજગી આવે. કુદરત પુનર્જિવિત થાય, ઝરણા વહેવા માંડે, બાળકો છબછબિયા કરે, કવિઓ કવિતા લખે, મોર નાચે, બધે આનંદ આનંદ થઈ જાય.'' વર્ષા રાજી થઈ. તેણે ભેટરૂપે માજીને કિંમતી વસ્તુઓ અને પૈસા આપ્યા.

માજી તો આગળ ચાલ્યા. ત્યાં વનમાં શિયાળાની ઋતુ મળી. શિયાળાની ઋતુએ માજીને એ જ સવાલ પૂછ્યો, 'માજી, શિયાળો તમને કેવો લાગે?' માજીએ તો એવો જ મધમીઠો જવાબ આપ્યો, 'બહેન, શિયાળા જેવી કોઈ ઋતુ નથી. ગરમ કપડાં અને શાલ પહેરીએ, સરસ મજાની હૂંફ મળે, કૂણા તડકામાં બેસીએ, કકડીને ભૂખ લાગે, પેટ ભરીને ખાઈએ, ગમે તેટલું કામ કરીએ તોય ન થાક કે ન કંટાળો.' બીજી ઋતુઓની જેમ શિયાળાને પણ માજીની વાતોથી ટાઢક થઈ. તેણે માજીને ભેટ સોગાદો ને ધન આપ્યા.

માજી તો ભેટ સોગાદો અને મબલક ધન લઈને ઘેર આવ્યા. દુઃખના દહાડા ગયા. બાજુમાં એક કુહાડજીભા ડોશી રહેતા હતા. જેને ને તેને તે વખોડતા ને વગોવતા. ડોસીએ માજીને પૂછ્યું, 'આટલું બધું ધન ક્યાંથી ઉપાડી લાવ્યા?' માજીએ ડોશીને કહ્યું, ક્યાંયથી ઉખાડી નથી લાવી; મને જંગલમાં ઉનાળા, ચોમાસુ અને શિયાળાની ઋતુઓ મળી હતી. તેમણે બધી જ ભેટ સ્વરૂપે રૂપિયા આપ્યા. આ સાંભળી ડોશી પણ વનમાં ચાલ્યા. તેમનેય ઋતુઓ મળી. પણ ડોશીએ તેમના સ્વભાવ પ્રમાણે બધી ઋતુઓને વખોડી, ન કહેવાનું કહ્યું અને ગાળો ભાંડી. એકે ઋતુને ડોશીનું કહેવું ગમ્યું નહીં. તેમણે ડોશીને ભેટ કે રૂપિયા તો ન આપ્યા, ઊલટાનું ડોશીને તેમણે ઝાપટો મારીને ઠમઠોરી. ડોશી માર ખાઈને પાછા આવ્યા. **ખુશામત ખુદાને પણ પ્યારી હોય છે. કોઈપણ વ્યક્તિમાં કંઈક સારા ગુણ હોય જ છે. તે ગુણો ધ્યાનમાં લઈ વખાણ કરવાથી સામાને સારું લાગે છે.**

*સાભાર : "પરિત્રાણ"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*બીમાર પડતો કોઈ પણ માણસ સૌથી પહેલો શબ્દ અને વારંવાર જે શબ્દ બોલે છે તે 'મા' છે.*

# જડભરત

● ચિરાગ મૈશેરી ●

આ એક સત્યઘટના આધારિત છે. ઘણી વખત આપની આસપાસ રહેલી વ્યક્તિને પણ જાણી શકતા નથી તેવો આ એક કિસ્સો તમને જણાવું છું, જે મેં જાણ્યો છે એ તમને જણાવવામાં આનંદ થશે.

બધા એને જડભરત કહેતા. ગામને પાદરે એક મોટો લીમડો હતો. ત્યાં એ ભીખારી પડ્યો રહેતો. જે દિશામાં લીમડાની છાયા ઢળે તે દિશામાં લબાચો ફેરવ્યા કરે. તેની પાસે નાનકડું પોટલું હતું. એમાં એની બધી માલમતા આવી જતી હતી. તે સુનમુન પડ્યો રહેતો. એટલે સૌ એને જડભરત કહેતા. એક વખત એવું બન્યું કે એ જડભરતમાં પણ થોડોક જીવ આવ્યો. અત્યાર સુધી તે જ્યાં પડ્યો રહેતો હતો ત્યાં એને કોઈ કટકું બટકું રોટલો આપે તો ખાય. કોઈ ન આપે તો છાનોમાનો પડ્યો રહે. એટલે એક દિવસ આવા જડભરત જેવાને અમારા ગામમાં ભીખ માંગતા જોયા ત્યારે નવાઈ લાગી. હાથમાં એક ડબલું હતું ને ઘેર ઘેર ભીખ માંગતો હતો. બધાને નવાઈ લાગી કે આ જડભરતને વળી કયો સંસાર સાચવવાનો છે તે આમ ઘેર ઘેર માંગવા નીકળે છે? એનું એક પેટ ભરાય એટલું તો ગામમાંથી કો'ક ને કો'ક એને લીમડા નીચે બેઠાં આપી દેતું હતું. એને વળી આ નવી ઉપાધિ ક્યાંથી સૂઝી? પહેલાં તો કોઈ સમજ્યું નહિ કે જડભરતભાઈ કેમ માંગવા નીકળ્યા છે? પણ ધીમે ધીમે જડભરતની વાત સમજાઈ. ને વાત સમજાઈ ત્યારે તો બધાને થઈ ગયું કે ઓહો... આ જડભરત જેવો માણસ ત્યાં સૂનમૂન પડ્યો રહેતો હતો, એનામાં પણ આવું ઉમદા જ્ઞાન છે! આ જ્ઞાન જોઈને બધા છક્ક થઈ ગયા. વાત એમ બની હતી કે જડભરતની પાસે ભીખારણ બાઈ રહેવા આવી હતી. તે અપંગ ને આંધળી હતી. તેનાથી કંઈ ઉઠબેસ થાય તેવું હતું નહિ. જડભરતે એને જોઈ અને મનમાં વિચાર આવ્યો કે આને કોણ ખાવાનું આપશે? પહેલા તો એને થયું કે, કોઈને કોઈ હરિનો લાલ નીકળશે જ. પણ પછી કોણ જાણે શું થયું, એના મનમાં સાચો વિચાર આવી ગયો કે કોણ જાણે શું થયું - એ પોતે જ ગામમાં ભીખ માંગવા નીકળી પડ્યો. ધાનનાં જે કટકા બટકાં ભેગા થયાં એ બધાં લઈને પેલી બાઈને આપી આવ્યો. પણ એને આ કામ મળ્યું એટલે એનું મન વધારે ને વધારે સમજણ લેવા માંડ્યું. એક વખત કોઈ પણ માણસ કોઈ સારું કામ માથે લે એટલે એના મનમાંથી જ એને સમજણનો દીવો પ્રગટે છે. એ દીવો એમને માર્ગ બતાવે છે. જડભરતને પણ એમ જ થયું. પછી તો એમને થયું કે મને કોઈ કામ આવડતું નથી. ભીખ સિવાય બીજો કોઈ ધંધો મને સૂઝતો નથી. હવે પાકે ઘડે કાંઠા ચડાવા જાઉં તો વખતે ફાવું કે ન ફાવું, પણ ભગવાને મને ફિકરું મજબૂત શરીર આપ્યું છે તો એ શરીરને ઘસીને જ જે કામ થાય તે કરું. એમાંથી જડભરત મોટા ભગત જેવા થઈ ગયા. તે સવારમાં માંગવા નીકળે તે છેક બપોર સુધી માંગે. જે કંઈ આવે તે અપંગ જેવા, આંધળા જેવા ભીખારીઓને વહેંચી દે. એમાંથી તો એમની ઊંચેરી આબરૂં બંધાઈ. લોકોને પણ લાગ્યું કે આ જડભરતે તો "સેવા પરબ" શરૂ કરી છે. એટલે તો એમને ત્યાં પછી ચારે તરફથી લોકો કંઈ ને કંઈ દાન પણ આપવા માંડ્યા. જડભરત તો કહેવા માંડ્યા કે, "ભાઈઓ, તમે જે આપશો તે તમારા વતી હું એવાને આપી દઈશ કે જે સાચા અપંગ-નિરાધાર હોય. એમાં દાન તમારું, સેવા મારી. વસ્તુ તમારી, મહેનત મારી." પણ લોકોએ જ્યારે એને પૂછ્યું કે : "એ બધું તો ઠીક, તમે સૂનમૂન જેવા પડ્યા રહેતા હતા, એટલે અમે તો માનતા હતા કે તમારામાં કંઈ બુદ્ધિ નથી. એમાંથી અચાનક આવી વાત ક્યાંથી જન્મી?" જડભરતે હસીને કહ્યું : 'એની તો મને ખબર નથી. પણ ભાઈઓ! મને લાગે છે કે જે ઘડીએ તમારા મનમાં કોઈ સારો વિચાર આવે તેનો તે જ ઘડીએ અમલ કરો તો ભગવાન તરત વધુ પ્રકાશ આપતો રહે છે. મારો આ જાત-અનુભવ છે!' અકસ્માતે આવી ગયેલા એક સારા વિચારને માણસ જીવનમાં ઉતારે તો તો બેડો પાર થઈ જાય છે. પણ ઘણા ઘણા સારા વિચાર એમ ને એમ ચાલ્યા જાય છે. આપણે પૈસાની જેટલી સંભાળ લઈએ એના કરતાં પણ ખરી રીતે વધારે સંભાળ કોઈ ધન્ય પળે આવી ગયેલા સારા વિચારની લેવી જોઈએ. આ જડભરતના જીવનમાંથી આટલું આપણે સૌએ સમજવા જેવું છે.

આવી જ કોઈક ધન્યપળમાં ગયા અંક (એપ્રિલ-૨૦૧૦)માંના લેખકો કુ. સલોની નવીનભાઈ લાલકા (પેજ નં.-૭૫)એ અને પીયૂષ સાવલા (પેજ નં.-૯૯)એ ખૂબ જ સરસ વિચાર પ્રસ્તુત કર્યો હતો. હું તેમને એક વિનંતી કરીશ કે આવા ધન્ય વિચારને તમે નવા મુકામે લઈ જાવ અને મને વિશ્વાસ છે કે તમને આપણી "સેવાપરબ" જેવી સંસ્થા "શ્રી કચ્છી જૈન સેવા સમાજ" મદદ કરવા તત્પર થશે... અને આ તમારા આ મહિમ કાર્યમાં મારા જેવા ઘણા સભ્ય તમને સાથ અને સહકાર આપવા તત્પર હશે જ.

*ચિરાગ મૈશેરી*

*મો. ૯૯૭૮૮ ૭૭૭૬૬*

આપના પ્રતિભાવો જરૂરથી જણાવશો.

# મણિબહેનની માનવતા (અનુકરણીય)

● પ્રેષક : મધુ બજરિયા ●

પૂજ્ય જગજીવનજી મહારાજ અને પૂજ્ય જયંતમુનિજી બી.બી. હરિયામાં વારાણસી પધાર્યા. હરિયામાં ઘણા સજ્જન માણસો રહેતા હતા. તેમાં આપણા ગુજરાતી મનુભાઇ ઝવેરીનું ઘર પણ એકદમ પાસે હતું. એક ગુજરાતી ઘર નજદીક હોવાથી ઘણી જ અનુકૂળતા હતી. મનુભાઇ સુરતના પટેલ પરિવારના હતા. ખરેખર, તેઓ ઘણા જ સજ્જન હતા અને માનવતાથી તેમનું હૃદય છલકાતું હતું. મુનિજી પ્રત્યે પણ અપાર ભાવના હતી. સુખી સંપન્ન હોવાથી ઘરમાં બધી વ્યવસ્થા હતી. અહીં મનુભાઇના માતુશ્રી મણિબહેન વિશે આપણે પૂરો ઉલ્લેખ કરીશું તો જ તેમના ઉત્તમ ચરિત્રને ન્યાય મળશે. ખરેખર, **સાચું ધર્મમય જીવન કેવું હોય તે પાઠ મણિબહેન પાસેથી શીખવા જેવો છે.**

મણિબહેન પારકી છઠ્ઠીના જાગનારાં હતા, આ ગુજરાતી કહેવત તેમના જીવનમાં સોળ આના ચરિતાર્થ થઇ છે. તેમના ઘરમાં બે પુત્રવધૂઓ પણ હતી. જયંતિ મુનિ જ્યારે પણ ગોચરી પાણી માટે જતા ત્યારે મણિબહેન પૂરા એક ગાંસડી કપડાં આંગણાંમાં ધોઇ રહ્યા હોય તે નજરે પડતું. મુનિજીને થતું આજકાલની વહુઆરુ આ સાસુ પાસેથી વધારે પડતું કામ લેતી લાગે છે.

સમય મળતાં જયંત મુનિજીએ મણિબહેનને પૂછ્યું 'બહેન, શું આ તમારી વહુ પોતે કામ કરતી નથી? સાસુ પાસે કેટલું કામ કરાવે છે, તમે કહો તો હું તેમને સમજાવીશ.'

મણિબહેન હસીને બોલ્યા, 'ગુરુદેવ, મારી બંને વહુઓ તો હીરા માણેક જેવી છે. આ મારા ઘરનાં કપડાં નથી. ઘરનાં કપડાં તો નોકર-ચાકર ધૂએ છે. હું નિયમ પ્રમાણે આસપાસના બીમારની ખબર પૂછવા જાઉં છું. આપણા સમાજના ગરીબ ઘરમાં જ્યારે ઘરધણિયાણી માંદી હોય, ધણી નોકરી કરવા ગયો હોય, ચાર-પાંચ બાળકોનાં મેલાં કપડાં ભેગા થયાં હોય અને ઘરમાં કામ કરનારું કોઇ ન હોય, ત્યારે એ બધાં કપડાં હું ગાંસડી બાંધીને ઘરે લાવું છું. આ કપડાં હું જાતે ધોઉં છું. મારે પૂણ્ય કમાવું હોય, ત્યારે બીજા પાસે કપડાં ધોવરાવાય નહીં. મારા ઘરનો ફક્ત સાબુ વપરાય છે અને થોડી ઘણી મારી મહેનત છે. કપડાં ધોઇ, સૂકવી, ગડી વાળીને પાછા ત્યાં આપી આવું છે. એ બહેન ખુશી થાય એજ આપણી કમાણી છે. મને આ કામમાં ઘણોજ આનંદ આવે છે.'

**મણિબહેનની વાત સાંભળીને જયંત મુનિજી તો આશ્ચર્યમાં ડૂબી ગયા. ધન્ય છે મણિબહેનને! અને ધન્ય છે તેની પરમાત્મ વૃત્તિને! ખરેખર મણિબહેન મનુષ્યતાને વરેલાં હતાં.**

મુનિશ્રી જેમ જેમ મણિબહેનના પરિચયમાં આવ્યા તેમ તેમ તેમની બીજી ઘણી ખાસિયતો અને સેવાવૃત્તિ જાણવા મળી. મણિબહેન જ્યારે પણ કોઇ માંદી બહેનના ઘેર જતાં ત્યારે જોવા મળતું કે ઘરધણી હાજર ન હોય, બાળકો રડતાં હોય, વલોપાત કરતા હોય અને ઘરમાં રાંધનાર કોઇ ન હોય ત્યારે મણિબહેન તે પરિવારમાં ગોઠવાઇ જતાં. આખા ઘરનું કામ કરી આપતા. મણિબહેન બાળકોને સ્નાન કરાવે, પોતે જ રસોઇ કરી આપે અને માંદી પાડોશણને પણ જમાડે. તેનું ઘર આપણા જેવું ચોખ્ખું ચણાક કરી, પછી જ પોતાને ઘેર આવતાં. **જમવાની વાત તો ક્યાં રહી, કોઇના ઘરનું પવાલું પાણી પણ ન પીએ.**

**તેમના મોટા વહુ કહેતા, 'મહારાજજી અમારી સાસુ તો દેવતા છે દેવતા. સાત સાત જન્મ સુધી તેનાં ચરણ ધોઇને પીએ તો પણ ઉપકાર વળે તેમ નથી.** પારકાનું કામ કરીને ક્યારેક તો ત્રણ-ચાર વાગે ઘરે આવે અને પછી જમે.'

સવારમાં સ્નાન કરીને બીજા ઘરોમાં નીકળી પડવાનું મણિબહેનનું મુખ્ય કામ હતું. બધાંનાં ખબર અંતર પૂછે. માંદા-સાજા હોય તેને માટે દવાખાને જઇ દવા લાવી આપે, ક્યારેક મુનિશ્રી ગોચરી માટે પધાર્યા હોય ત્યારે મણિબહેન સામે મળે. તેના હાથમાં પાંચ-સાત દવાની બાટલી હોય.

મુનિજી પૂછે 'મણિબહેન આટલી બધી દવા કોના માટે?'

મણિબહેન હસીને કહે, 'ગુરુજી આમાં મારી કે મારા ઘરની કોઇની દવા નથી.' કોની કોની દવા છે તે બધું મણિબહેન ગણાવી દે અને હસતાં હસતાં આગળ ચાલ્યા જાય.

મણિબહેન આ સેવા કાર્યમાં પોતાના પાંચ-પચાસ રૂપિયા પણ વાપરે. મનુભાઇ પૂરો સહયોગ આપે. ક્યારેય માતુશ્રીને ટોકે નહીં. હસીને કહે, 'બા અમારા પૈસાનો સદ્ઉપયોગ કરાવે છે.' **પુત્રો માતાને દેવી તુલ્ય માનતા.** બંને વહુઓ એટલી જ ગુણવંતી હતી.

પાસેજ ઘર હોવાથી મણિબહેન મુનિજીની સેવામાં ચારે પહોર તત્પર રહેતાં. મનુભાઇ પણ રોજ દર્શન કરવા આવે. મણિબહેન તો અચૂક આવે. મણિબહેન મણિ નહીં પણ પારસમણિ જેવાં હતાં. કોઇ ઘરમાં કલહ-કંકાસ હોય તો પ્રેમપૂર્વક સૌનું સમાધાન કરાવી આપતાં.

નિકટમાં આવ્યા પછી લાગ્યું કે મણિબહેન ધર્મગ્રંથોનું પણ સારું જ્ઞાન ધરાવે છે. સમય મળે ત્યારે તેઓ પુસ્તકોનું વાંચન કરતાં રહેતાં. **મણિબહેનને ઉપદેશ આપવો તો દૂર રહ્યો, પરંતુ એમના જીવનમાંથી ઘણું શીખવાનું મળ્યું.** આવી પરગજુ બાઇ બહુ ઓછી જોવા મળે છે. વારાણસી અભ્યાસ દરમ્યાન જયંતિમુનિ નાના હોવાથી મણિબહેન માવડી સમાન નીવડ્યા.

***('સાધુતાનું શિખર અને માનવતાની પહેલ' પુસ્તકમાંથી સાભાર)***

***પ્રેષક : મધુ બજરિયા - રૂરકેલા***

*મૈત્રીનો અભાવ છે, મિત્રનો નહિ.*

# આ છે આપણું 'મહાન' ભારત

• શાંતિલાલ સંઘવી •

વાત ઓક્ટોબર ૧૯૯૨ની છે. ઓરિસ્સા રાજ્યના કટરા ખાતે એક જાહેર સભામાં રાજ્યના એક સેવક (પ્રધાન) દામોદર રાવત અચાનક રંગમાં આવી ગયા અને તાલુકા પક્ષ પ્રમુખ બસંતી બોરાની છાતી પર હાથ ફેરવવા લાગી ગયા. મહિલાએ નારાજ થઇને ફરિયાદ કરી. પણ પોલીસ, પત્રકારો, બીજા રાજકારણીઓ સૌએ આ હરકતને એક સાધારણ જોક-મજાક ગણાવીને હસી કાઢી અને પક્ષના અગ્રણી નેતાઓએ એ મહિલા તાલુકા પક્ષ પ્રમુખ પર ભારે દબાણ લાવીને ફરિયાદ પાછી ખેંચાવી. છતાં જો કે મામલો ચર્ચાતો રહ્યો. એક પત્રકારે તે વખતના મુખ્યસેવક બીજુ પટનાયકને પૂછ્યું કે 'તમે આવા કૃત્યને કેવી રીતે મૂલવો છે?' તે 'મહાન' મુખ્યસેવકે જવાબ આપ્યો કે દામોદર રાવતનો આ પ્રકારનો વ્યવહાર એ તો 'એન એક્ટ ઓફ મેન્લીનેસ' (એટલે કે મર્દાનગીનું કૃત્ય) કહેવાય. આ જવાબના કારણે રાજ્યમાં ભારે ઉહાપોહ થયો. ચોંકી ગયેલા બીજુ પટનાયકે 'તપાસ' સમિતિ નીમી. આ સમિતિના અધ્યક્ષપદે એક મહિલા હતા - એ કોઇ સાધારણ મહિલા ન હતા પણ બે વખત ઓરિસ્સા રાજ્યના મુખ્ય સેવક બનનાર શ્રીમતી નંદિની સત્પતિ હતા. આટલું વાંચીને તમને લાગશે કે જરૂર પેલા દુરાચારીને આકરી સજા થઇ હશે. તો તમે ભોળા નાગરિક છે. નંદિની સત્પતિએ પેલા દુરાચારીને નિર્દોષ ઠરાવ્યા! મહિલાને ન્યાય ન મળતાં તેણે નેશનલ કમિશન ફોર વીમેન સમક્ષ ફરિયાદ કરી પ્રધાને કેવી ગંદી ચેષ્ટા કરી હતી - જાહેરમાં- તે જણાવ્યું. કમિશન આ બાબતે સક્રિય બન્યું ત્યાં જ પેલા નાલાયક સેવકે શું કર્યુ-જાણો છો? એણે સામેથી શ્રીમતી બસંતી બોરા ઉપર બદનક્ષીનો કોર્ટમાં કેસ કર્યો અને રાષ્ટ્રીય મહિલા પંચ સામે પણ નુકસાનીનો દાવો માંડ્યો!

તે સમયે શ્રીમતી રેણુકા ચૌધરી રાજ્યસભાના મેમ્બર હતા (આજે કેન્દ્રમાં સેવક (પ્રધાન) છે) તેણે જણાવ્યું કે - (બરાબર સાંભળો) બસ! માત્ર શારીરિક છેડતી? એમાં શું થઇ ગયું? અને નિર્ણય આપ્યો કે આપણા સામાજિક માળખામાં જાતીય છેડછાડ એ ગંભીર બાબત નથી, માત્ર બળાત્કાર જ ગંભીર ગણાય અને મિસ્ટર દામોદર રાવત બાઇજ્જત નિર્દોષ ઠર્યા!

આ છે આપણું 'મહાન' ભારત.

(૨) બિહાર વિધાન સભાના એક વિધાન સેવક શ્રી યોગેન્દ્ર નારાયણે શાળામાં ભણતી એક તરુણીનું અપહરણ કર્યું. પછી કમાન્ડોથી ઘેરાયેલા પોતાના ઘરમાં એના પર બળાત્કાર કર્યો.

એ તરુણીને ઘરમાં ગોંધી રાખી વારંવાર બળાત્કાર કર્યો અને જાત જાતની વિકૃત હરકતો કરી. આવી જ એક અતિ વિકૃત હરકતથી તે છોકરી ખૂબ ખીજાઇ ગઇ ને તે ધારાસેવકની ઇન્દ્રિય પર બચકું ભરી લીધું (મિત્રો, જરા અશ્લીલ લાગે તો માફ કરજો પણ માત્ર હકીકત જણાવેલ છે) ધારાસેવક લોહી નિંગળતે અંગે બૂમાબૂમ કરતા રહ્યા અને છોકરી એ તકનો લાભ લઇ ભાગી નીકળી.

અચ્છા. તો તમે શું માનો છો કે યોગેન્દ્ર નારાયણને સજા થઇ? તે સુધરી ગયો? જો તમે આવું માનતા હો તો ફરી તમે ભોળા છો એ માણસે તો ઊલટાનો એવો કોર્ટ કેસ કર્યો કે મારા કોઇ વિરોધીએ કાવતરું કરીને દલિત વર્ગની છોકરીને ખંજર લઇને મારા ઘરમાં ઘુસાડી અને મારી ઊંઘ દરમ્યાન મારા અંગને જખ્મી કર્યો.

આ યોગેન્દ્ર નારાયણ ધારાસેવક તરીકે ચાલુ જ રહ્યા રાજીનામું આપવાની જરૂર ન પડી. ઉપરાંત તે પછીની ચૂંટણીમાં તેણે ઉમેદવારી પણ કરી!

આ છે આપણું 'મહાન' ભારત

(૩) બિહારના જ એક અન્ય ધારાસેવક અભયસિંહે રાંચી ખાતે એક આદિવાસી બાળાને ઘરમાં પૂરીને એના પર વારંવાર બળાત્કાર કર્યો. આવું જ 'મર્દાનગી'નું કામ ઉત્તર પ્રદેશના હમીરપુરના ધારાસેવક ઉદયપ્રકાશે કર્યુ. આ કેસ જિલ્લા મેજિસ્ટ્રેટ-કલેક્ટર-શ્રીમતી ઉમા વર્મા પાસે આવ્યો. તેણે ધારાસેવક સામે પગલાં લેવા પોલીસને સૂચવ્યું. (તમે રાજી થયા? તો તમે ભોળા છો) તે ધારાસેવક પર કશા જ પગલાં લેવાય તે પહેલાં જ ઉમા વર્માની બદલી થઇ ગઇ. ધારાસેવક અપરાધી ન ઠર્યા.

આ છે આપણું 'મહાન' ભારત

(૪) નેવુંના દાયકામાં પંજાબના એક ધારાસેવક બલદેવસીંગ ભટ્ટી ઉપર અપહરણ અને બળાત્કારના ઘણા કેસ થયા. તેમણે બેધડક જાહેર કર્યું કે આમાંનો એક પણ કેસ સાબિત થશે નહીં. તપાસ થતાં જાણવા મળ્યું કે જે સ્ત્રીઓ સંબંધે ભટ્ટી પર આરોપો હતા તેમાંની ઘણી સ્ત્રીઓ ગુમ થઇ ગઇ હતી!

આ છે આપણું 'મહાન' ભારત

(૫) નવેમ્બર ૧૯૯૪માં ઉત્તર પ્રદેશમાં વિપિન બિહારી નામના યુવક પર શાળાની એક બાળાના અપહરણ તથા બળાત્કારનો કેસ થયો. વિપિનના પિતા સમાજવાદી પાર્ટીની સરકારમાં સેવક (પ્રધાન) હતા. પેણી બાળાના વાલીઓએ ફરિયાદ નોંધાવી પણ એ બાબતમાં કશી જ તપાસ થાય તેથી પહેલાં જ બાળાના પરિવારના મકાનને સળગાવી દેવામાં આવ્યું.

આ છે મારું 'મહાન' ભારત.

આવા તો અગણિત કિસ્સા છે પણ

*એક શબ્દમાં કહેવું હોય તો હું વ્યાખ્યા બાંધુ કે પરિવર્તનશીલ હોય તે જ યુવાન કહેવાય.*

આટલેથી અટકીએ

*-: વિગતો ગાર્ગીબહેન વૈદ્યના લેખમાંથી લીધેલ છે*
*રજૂઆત મારી છે :- શાંતિલાલ સંઘવી*

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

*નોંધ :- શ્રી શાંતિલાલભાઈ સંઘવીએ ઉપરોક્ત દાખલાઓ માત્ર છેડતીના કે બળાત્કારના જ આપેલ છે પરંતુ 'સ્ખલનતા' ભારત દેશના નાગરિકમાં દરેક ક્ષેત્રે પ્રવેશી છે. નૈતિકતાના મૂલ્યોનું ધોવાણ થઈ ગયેલ છે. ફરજ પાલન, સમય પાલન, નાણાકીય લેવડ-દેવડ, વચન-પાલન, વિશ્વસનીયતા, પ્રામાણિકતા એમ કોઈ પણ પ્રકારનું ક્ષેત્ર એવું નથી કે જે ક્ષેત્રમાં ભારત દેશના મોટા ભાગના નાગરિકનું અધઃપતન ના થયેલ હોય.*

*જે વર્ગે નૈતિકતા જાળવી રાખેલ છે, વિચારશીલ છે, નીતિમત્તાના પ્રહરી છે, તેઓ આ સમયે નિષ્ક્રિય થઈને બેસી રહેશે તે નહીં ચાલે. તેઓએ આ પ્રકારના અધઃપતનના નિવારણ અર્થે વહેલા કે મોડા આગળ આવવું પડશે. સક્રિય બનવું પડશે અને યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. અને ત્યારે જ આપણે સાચા અર્થમાં કહી શકશું કે 'મેરા ભારત મહાન'*

*– મુખ્ય તંત્રી*

## જૂની પેઢીની સલાહને અવગણવી નહીં

પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પર બે પેઢી વચ્ચેના અંતરની અસર જરૂર થતી હોય છે, પરંતુ સમજદાર વ્યક્તિઓ નવી પેઢીના ઉત્સાહમાં ઓર વધારો કરતા હોય છે. શ્રીરામ અને રાવણની શૈલીમાં આ જ અંતર હતું. **રાવણે જૂની પેઢીને નકારી કાઢી હતી અને શ્રીરામે તેમની સલાહને માથે ચઢાવી હતી.** આ વાતનું પ્રતીક જામવંત છે. જ્યારે અંગદ દૂત બનીને રાવણના દરબારમાં પહોંચ્યા હતા તો રાવણે રામજીના સૈન્યની મજાક ઉડાડીને જણાવ્યું હતું કે, 'જામવંત મંત્રી અતિ બૂઢા. સોકિ હોઈ અબ સમરારૂઢા.' એટલે કે મંત્રી જામવંતની તો હવે ઉંમર થઈ ગઈ છે અને તે લડાઈમાં શું કામમાં આવશે. પરંતુ શ્રીરામે જામવંતને ઘણું જ સન્માન આપ્યું અને તેમની સલાહ પર ધ્યાન પણ આપ્યું. **જામવંતે જ શ્રી હનુમાનને તેમની શક્તિની યાદ અપાવતા જણાવ્યું હતું કે દુનિયામાં એવું તે કયું કપરું કામ છે જે તારાથી ના થઇ શકે.** શ્રીરામના કામ માટે જ તમારો અવતાર થયો છે. આ સાંભળતાંની સાથે જ હનુમાનજી વિશાળકાય બની ગયા. જામવંતે જ અંગદના દુઃખને દૂર કર્યું હતું. **તેમણે જ સલાહ આપી હતી કે લંકા જવા માટે જે પુલ બનાવવાનો છે તેને નલ અને નીલ બનાવશે.** લક્ષ્મણ જ્યારે બેભાન થયા ત્યારે તેમની ઉપયોગિતા સૌથી વધુ પુરવાર થઈ. કોઈ એ સમજી શકતું ન હતું કે હવે શું કરવું. **ત્યારે જામવંતે જ લંકામાંથી સુષેણ વૈદ્યને બોલાવી લાવવાની સલાહ આપી હતી.** એટલે કે જૂની પેઢીના લોકોની સલાહ નવી વ્યવસ્થામાં પણ અસરકારક અને ઉપયોગી પુરવાર થાય છે. જૂની પેઢીની સલાહને ક્યારેય અવગણવી જોઈએ નહીં. શ્રીરામ અને રાવણના નિર્ણયોને આ અંતરે સ્પષ્ટ કરી દીધું છે. જે જૂની પેઢીની, ઉંમરની રાવણે મજાક ઉડાડી હતી, શ્રીરામે તેને જ સન્માન આપીને સફળતા મેળવી.

*પં. વિજયશંકર મહેતા, સાભાર : 'દિવ્ય ભાસ્કર'*

# ઘરનું દાન

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

આ વાત શ્રી રવિશંકર મહારાજના જીવનમાં બનેલા પ્રસંગની છે. અને આ પ્રસંગ ભારતીય સંસ્કૃતિના હાર્દ સમાન ત્યાગ ભાવનાનો છે. શ્રી રવિશંકર મહારાજ જુદા જુદા નાના મોટા ગામડાંઓમાં ફરતા અને લોકો સાથે અવનવી વાતો કરી તેમને પરોપકાર માટે સમજાવતા અને ગામ લોકો પણ સહેજ સૂચન થતા રંક અને રાય જે હોય તે ઉમળકાથી દાન કરતા અને જીવનની કૃતાર્થતા અનુભવતા.

એક વખત શ્રી રવિશંકર મહારાજ સાબરકાંઠાના ગામડાંઓમાં ફરતા હતા. સાંજના સમયે અંગ ઉપર એક ફાટેલો સાડલો પહેરેલા અને મોં ઉપર કરચલીઓ પડી ગઈ હતી એવા દ્રરિદ્રતાના અવતાર સમા લાગતા ડોશીમા તેમની પાસે આવ્યા.

મહારાજને થયું કે આ બાઈ કાંઈ માંગવા આવી લાગે છે પરંતુ એણે જ્યારે વાત કહી ત્યારે મહારાજ તો આશ્ચર્યચકિત થઈ ગયા. બાઈએ કહ્યું, 'હું તો મારું આપવા આવી છું. આમ તો હું ગરીબ છું, આપવા માટે બહુ નથી પણ મારી પાસે દસ બકરીઓ છે તેમાંથી એક દુઝણી બકરી આપું, તો તે તમે લેશો?'

મહારાજે કહ્યું, 'કેમ નહીં. અમે તો બકરીનું દાન પણ સ્વીકારીએ છીએ. હું અહીં રહેવાનો નથી અને બકરી પણ સાથે લઈ જવાનો નથી એટલે અહીંયાં જ કોઈ લાયક-જરૂરિયાતમંદ માણસને બકરી આપી દઈશું - તમે કહો તેને આપી દઈએ.'

થોડીવાર વિચાર કરીને માજી એ કહ્યું અમારા ગામમાં એક હરિજનનો છોકરો છે બિચારો એકલો છે... એને તમે આપો.

મહારાજે એ છોકરાને બોલાવ્યો. એ તો હસતો હસતો ત્યાં આવ્યો. એટલે મહારાજે કહ્યું આ માજી તને એક બકરી આપવા માગે છે. તે તું લઈશ? તેને પાળીશ...? છોકરાએ ખુશીથી હા પાડી. બકરી તેને આપવામાં આવી. એના આનંદનો પાર નહોતો.

બીજે દિવસે બપોરે ડોશીમા ફરી આવ્યા અને બોલ્યા, 'મહારાજ... હું એકલી છું. મારે બે ખોરડા છે. એકમાં હું રહું છું અને બીજામાં બકરીઓને રાખું છું. બકરીઓ તો વાડામાં પણ રહી શકે તો મારું બીજું ઘર છે તે તમે દાનમાં લઈ લો.'

ઘડીભર તો મહારાજ ડોશીમાની સામે તાકી જ રહ્યા. બીજા માટે ત્યાગવાની વૃત્તિ જોઈ તેમને ખૂબ આનંદ થયો. થોડીવાર પછી મહારાજે પૂછ્યું માજી તમારા ગામમાં કોઈ ઘર વગરનો માણસ છે?

થોડીવાર વિચાર કરી ડોશીમાએ કહ્યું, 'હા. એક રાવળિયો છે. જો તમે એને ઘર આપશો તો બહુ રાજી થશે.'

મહારાજે રાવળિયાને બોલાવ્યો અને પૂછ્યું તારી પાસે ઘર નથી?

રાવળિયા એ કહ્યું... નથી મારા'જ.

મહારાજે કહ્યું તો પછી બાંધતો કેમ નથી?

રાવળિયાએ કહ્યું ગભાણની જમીન કોઈ આપતું નથી

મહારાજે કહ્યું આ ડોશીમા તને ઘર આપે તો લઈશ?

રાવળિયાએ કહ્યું... શું કામ ન લઉં?

મહારાજે કહ્યું... પણ ઘર થોડું ઠીક કરાવવું પડશે.

રાવળિયા એ કહ્યું એ હું કરાવી લઈશ. મહારાજે કહ્યું.... પણ એક શરત છે. આ ડોશીમા જીવે ત્યાં લગી તારે એમની સેવા કરવી પડશે.

ત્યાં જ વચ્ચે ડોશીમા બોલ્યા... સેવા કરાવવા હું ઘર આપતી નથી. એની પાસે નથી ને મારી પાસે વધારાનું છે એટલે હું આપું છું. મારે એની પાસે સેવા કરાવવી નથી પણ એક વિનંતિ કરવાની કે એવું કોઈ લખીને એને આપો કે હું મરી જાઉ પછી પણ એની પાસેથી કોઈ લઈ ન લે. ડોશીમાની દાન ભાવનાની સચ્ચાઈ અને સંપૂર્ણતાએ મહારાજના હૃદય ઉપર ઊંડી અસર કરી... પછી તો રીતસરના કાગળ કરી રાવળિયાને ઘર આપવામાં આવ્યું. ડોશીમાએ રાવળિયાના કપાળે ચાંદલો કરી ગૃહ પ્રવેશ કરાવ્યો... મહારાજને ડોશીમા હજારો વર્ષ જૂની ત્યાગપ્રધાન સંસ્કૃતિની જીવંત મૂર્તિસમ લાગ્યા.

રાવળિયાનો ઘર મેળવવાનો આનંદ મેં તો નહોતો જોયો પણ તાજેતરમાં જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ પ્રેરિત આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારોહમાં જેને જેને ઘર મળ્યા તેમના મોં પર જોયેલો આનંદ રાવળિયાના આનંદથી પણ સવાયો હતો એમાં જરા પણ શંકા નથી.

મોંઘવારીના આ કપરા કાળમાં કે જ્યાં સામાન્ય માણસ માટે ઘરનું ઘર કરવું અત્યંત મુશ્કેલ છે ત્યાં કચ્છી દાનવીરોએ આવું અત્યંત ઉત્તમોત્તમ પગલું ભરી મહાન ઉમદા કામ કર્યું છે... એ ખરેખર ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. ત્યાગપ્રધાન સંસ્કૃતિનો સીલસીલો આવા દાનવીરો જ — માનવતાવાદી દાનવીરો જ જીવતો રાખી શકે...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

# વન ભોજન

• અશોક શાહ •

તારીખ ૨૭ ફેબ્રુઆરીથી ૧લી માર્ચ સુધી ત્રણ દિવસનું સરકારી કચેરીઓ તથા શાળામાં મિની વેકેશન પડતાં જ મને મિત્રો સાથે એક નાનો કાર્યક્રમ ઘડવાનો વિચાર આવ્યો. વસંતઋતુનું આગમન થઇ ચૂક્યું હતું. વસંતઋતુમાં પ્રકૃતિના ખોળે વૃક્ષોના પર્ણો ખરી રહ્યા છે અને વૃક્ષો નવી કૂંપળો માટે સજીધજીને વનશ્રી અમને આવકારી રહી હતી. ત્યારે પ્રકૃતિનાં ખોળે એક વનભોજન કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કર્યુ. મેં મારા મિત્રો શ્રી જગદીશભાઇ તથા શ્રી ચંદુભાઇ સાથે મળી કાર્યક્રમની રૂપરેખા ઘડી કાઢી. સમગ્ર કાર્યક્રમમાં અમે ૨૫ જેટલા મિત્રોને નિમંત્રણ પાઠવ્યા. તા. ૨૭-૨-૧૦ના રોજ વહેલી સવારે ૧૦.૦૦ કલાકે રૂપાલ ખાતે શ્રી વરદાયિની માતાના મંદિરે બધા એકત્રિત થયા. ત્યાંથી અમે માતાજીના દર્શન કરી સૌ મારા મિત્ર શ્રી જગદીશભાઇના ખેતરે જવા નીકળ્યા. ધુળિયો રસ્તો, બન્ને બાજુ થોરની વાડ એક પ્રકારનો નાળિયો જ. શાંત વાતાવરણ. ક્યાંક ખેતમજૂરો તથા ખેડૂતો કામ પર જતા જોવા મળ્યા. થોડીવારમાં તેમના ખેતરમાં આવી પહોંચ્યા. ત્યાં લીમડાના ઝાડ નીચે ૧૩થી ૧૪ જેટલા ખાટલાઓ ઢાળેલા હતા. અમે બધાએ ત્યાં બેઠક લીધી. એવામાં એક અલમસ્ત સફેદ શ્વાને દરેકના પગ પાસે આવી તેની ઘ્રાણેન્દ્રિય શક્તિ દ્વારા અમારી નોંધ લઇ લીધી. સૌ પ્રથમ ચા-પાણીથી સૌનું સ્વાગત થયું. આજુબાજુના ખેતરમાંથી પણ ખેડૂતોના બાળકો તેમને ત્યાં કોઇક પ્રસંગ હોય તેમ કુતૂહલવશ કામમાં મદદરૂપ થવા લાગ્યા. બીજી તરફ સૌ બહેનો શાકભાજી સાફ કરી સમારી તથા કચુંબર અને બાજરીના રોટલાઓ ચૂલા પર ઘડવા લાગ્યા. આ પ્રક્રિયા શરૂ થઇ તે સાથે જ બાજુમાં ઘઉંના ખેતરમાંથી ઘઉંની ઉંબીઓ લાવી તેને ગરમ કરી ખાટલા પર ઘસી ઘઉંનો પોંક પાડવાનું શરૂ કર્યું. પોંક અમારી હાજરીમાં જ સાફ કરી તૈયાર થયો. ગરમ તાજા પોંક સાથે તીખી સેવ ભેળવી સૌ મિત્રોએ પોંકનો નાસ્તો કર્યો. આ એક અનોખો અનુભવ હતો. પોંક ખાઇને બાજુમાં આવેલ વરિયાળીના ખેતરમાં ગયા. ત્યાં લીલીછમ વરિયાળી જોઇ દરેક મિત્રોના મોંમા પાણી આવ્યું. ખેતર માલિકે દરેક મિત્રો માટે સારી તૈયાર થયેલ વરિયાળી તોડી આપી. હાથમાં વરિયાળી ખાતા ખાતા મરચાંના ખેતર જોવા ઉપડ્યા. લાલઘૂમ મોટા મરચાંઓના છોડ અને લાલ મરચાંના ડીંડવાના મોટા ઢગલાઓ જોતા તથા વાતાવરણમાં તીખી સુવાસ એક નવો અનુભવ કરાવતો હતો. થોડા મિત્રોએ અહીં ફોટા પણ પાડ્યા. ખેતરમાં થોરની વાડ પર પતંગો બાંધેલા જોઇ આશ્ચર્ય થયું. તેનું કારણ પૂછતા જાણવા મળ્યું કે પવનથી તેના કારણે થતા અવાજથી નીલગાય દૂર રહે છે. આ ઉપરાંત ઠેર ઠેર ખેતરમાં માંચડાઓ પણ દશ્યમાન થયા. આકાશ એકદમ સ્વચ્છ હતુ તથા ધરતી ચોમેર ખેડૂ મિત્રોની મદદની ચાડી ખાતી હતી. અમારા ખેતર પરિભ્રમણ કરતા કરતા ભોજન તૈયાર થઇ જતા તેના માટે સાદ પડતા અમે સૌ ભારતીય બેઠક લઇ જમવા બેઠા. રોટલા, રીંગણ, બટાકા, વટાણાનું શાક, ફૂલવડી, ગોટા, બૂંદી, કચુંબર, મરચાં, ઘી અને ગોળ, આચાર તથા છાશ સાથેનું ગામઠી ભોજન લેવામાં મઝા પડી. શહેરમાં ભાગદોડભરી જિંદગીમાંથી થોડો સમય કાઢી આ રીતે જમવામાં બધાને ભોજનમાં ખૂબ જ મીઠાશ લાગી.

અમારા કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સરઢવ કેળવણી મંડળના મંત્રી શ્રી શંકરભાઇ પટેલને બોલાવેલા કે જેઓ પોતાની કારકિર્દી દરમ્યાન રાજયનો તથા રાષ્ટ્રપતિ ઍવૉર્ડ મેળવી ચૂકેલા છે તથા ૭૨ વર્ષે પણ અવિરત નિ:સ્વાર્થભાવે શિક્ષણ સેવા કરતા હોવાનું જાણી આનંદ થયો. શિક્ષણ તથા આરોગ્યક્ષેત્રે તેઓ જીવનપર્યંત કાર્યરત રહેવાના છે. ઇશ્વરે માનવને સોના જેવું જીવન આપ્યું છે અને ચંદન જેવું શરીર આપ્યું છે. ચંદન જેમ ઓરસીયા પર ઘસી ઘસીને તેની સુવાસ પ્રસરાવે છે તેમ માનવે પણ આવા શંકરભાઇ પાસેથી પ્રેરણા લઇને જીવનમાં બાંધેલું અનુભવરૂપી ભાથું વ્યક્તિ, સમાજ, ગામ અને દેશ માટે આપીને ચંદનની જેમ સુવાસ ફેલાવીએ. બધા મિત્રોને સતત પ્રવૃત્તિઓથી મદદરૂપ થવા તથા યુવા રહેવા જણાવ્યું. ત્યારબાદ લીમડાના વૃક્ષ નીચે પુનઃ બધા આરામ કરવા બેઠા. લીમડાના વૃક્ષના પર્ણો સતત ખરતા ખરતા ધીમું ધીમું સંગીત વગાડતા હતા. ભેંસો ભાંભરતી હતી. કપાસ વાઢેલાં ખેતરની જમીન શેકાતી હતી. ખેડૂતનો પાળેલો શ્વાન ખેતરમાં ચોમેર ચક્કર લગાવતો હતો. કિંગફીશર, બગલા જેવા પક્ષીઓ ઊડાઊડ કરતા હતા. સૂર્ય મધ્યાહ્ને આવી ચૂક્યો હતો. સૌ મિત્રોનું આભાર દર્શન કરી કાર્યક્રમનું સમાપન કરી અમે પ્રકૃતિના ખોળે માણેલ આનંદને વાગોળતા વાગોળતા ખેતરની પગદંડીએથી ઘર તરફ પ્રસ્થાન કર્યું.

આજના આ ટી.વી., ઇલેક્ટ્રોનિક અને કોમ્પ્યુટરના યુગમાં માનવી પણ યંત્રવત્ બની ગયો છે, ત્યારે કુદરતના ખોળે ખુંદવાનો લહાવો લેવો એક અમૂલ્ય ગણાય. સતત ભૌતિક સુખ સગવડોથી દૂર રહીને અઠવાડિયામાં એક વાર ઇશ્વરે નિર્માણ કરેલ પ્રકૃતિના ખોળે જવાનો સંકલ્પ કરીએ ત્યારે જ આપણને અનુભૂતિ થાય કે હાશ કુદરતે માનવને રોજિંદા જીવનમાંથી એક દિવસ જેમ પક્ષી ગગનમાં મુક્ત બની વિહરે છે તેમ હું પણ પ્રકૃતિના ખોળે વિહરવાનો શું આનંદ ન લઇ શકું?

*સેક્ટર-૨૭, બ્લોક નં. ૧૦૯૧*
*સ્વસ્તિક સોસાયટી, ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*

*તમારા સંતાનોને યુવાનીમાં ભણાવો જેથી તમારી વૃદ્ધાવસ્થામાં તેઓ તમને ભણાવે નહિ.*

# જયાં જયાં નજર મારી ફરે...

• ડૉ. ગિરીશ વીછીવોરા •

શેતરંજી જેવડા સાપુતારા ગિરિમથકની કરાડ જેવી કોરે ઊભેલા સરકારી અતિથિગૃહના કમરામાં દાખલ થયા કે દૃષ્ટિ દોડી સામે દીસતી ગેલેરીમાંથી ઠેકડો મારતી દૂરના ડુંગરાઓ પર ચડી બેઠી. ઠરીઠામ થવાનો સવાલ નો'તો. ગેલેરીમાંથી દેખાતું દૃશ્ય ભૂખ્યો અકરાંતિયાની જેમ લુસ લુસ, લચકલચક ખાતો રહે તેવું જ અમે કરી રહ્યા. ઊભા રહો કે ખુરશીમાં બેસી જાઓ દૃશ્ય ન બદલે. પહેલું જ દેખાય પ્રાંગણમાં ઊભેલું હાલકડોલક થતું, ઝોલા ખાતું ને વા થી વિંધાતાં આનંદની અવનવી કિકિયારીઓ પાડતું શરૂનું ઝાડ. ક્યારેક ઝોલો એટલો લાંબો થાય જાણે હસ્તધૂનન થયું. આજુબાજુ પ્રાંગણમાં ને પણેની જરાક ઊંચી ટેકરીના આવાસોની આજુબાજુ એનાજ જાત ભાઇઓ સાથે જુગલબંધી કરતું રહે. બધા સંપીને રહેતા દેખાય. સુલેહ સમાધાન થઇ ગયું હશે એટલે હલન, ડોલન ને ગાયન બધું સાથે જ કોરસમાં થતું હતું. વડીલવૃક્ષોની છત્રછાયામાં નાના તરુણ તરુઓ લાગ મળે જરાકશા અટકચાળા કરી લેતા હતા. છતાં મોટા વડીલ તરુવરોની આમન્યાથી આવર્તિત હતા. થયું, મોટાઓ થાકી ઊંઘણશી થતા હશે, ત્યારે આ છોકરડાઓને મોકળું મેદાન મળતું હશે.

છૂટો દોર પામેલી દૃષ્ટિ દોડતી રહે ને સ્થિર થાય દૂરસુદૂર પથરાયેલી જડસુ, ઊંઘણશી ટેકરીઓ પર. એનાથી દૂર દૃષ્ટિ ટૂંકી પડે. માઇલોના માઇલ પર નજર ફરતી રહે, ચરતી રહે, ને ભૂખ ભાંગતી રહે.

અવારનવાર અહીં સુધી આવીને છુપાઇ જતા રસ્તા પર માર માર કરતી માનુની મોટરો કે વજનના ભારથી ભારેપગા થયેલા ભારખાના, વાંઉં વાંઉં કરતા શ્વાસની ધમણ ધમધમાવતા. ક્યારેક થાય, શ્વાસ બંધ થયો, જીવ ઉચાટે ચડે પણ બીજી જ પળે, ઊંડો શ્વાસ લેતા ઉપર ચડતા ને છેવટે મેદાનમાં દેખા દેતા દોડતા રહે. અદીઠ રહી ફક્ત પોતાના શ્વાસની ધમણથી જ પોતાની હાલતનું આબેહૂબ ચિત્ર ઉપસાવતા, આપણા હૃદયમાં પોતાની મનોવ્યથા મૂકી જતા ભારખાના કુદરત વચ્ચે યાંત્રિક આક્રમણ કરતા હોવા છતાં આપણા હૈયાનો કબજો થોડીવાર લેતા રહે. એની રીબાપણ સાંભળી થોડી હમદર્દી જરૂર ઊભરાઇ આવે.

નજર જમીન સરસી જ રાખી વિસ્તાર વધારવા જઇએ તો આપણો દૃષ્ટિ વિસ્તાર વિસ્તરતો જાય ને લીલાંછમ ડોલતાં ને મલકતાં રસ્તાની બન્ને બાજુએ ઊભેલાં વૃક્ષો નજરમાં ભરાય. કોઇની નજર ન લાગે એટલા માટે ખોળામાં બેસાડી ધાવણ ધવડાવતી માતા છાયલનો છેડો ઓઢાળી દે તેમ આ વૃક્ષોએ પણ રસ્તાને શિરછત્ર આપી દીધું છે. ફળસ્વરૂપ રસ્તો સ્વસ્થ, ઠંડક સભર ને આરામદાયી ભાસે છે. એ વૃક્ષોની વહી જતી હાર પર ચાલ્યા કરીએ એટલે નજર નાગમોડ લેતી રહે ને વહેતી પણ રહે. છેવટે જરાક દૂર નીચેના ખુલ્લા ઘાસિયા મેદાનમાં વૃક્ષોની માળાના મણકા અહીંતહીં ગાયબ થયેલા દેખાય. ફળસ્વરૂપ રસ્તો વસ્ત્રહીન થતો ભાસે ને છેલ્લે માળાના મણકા ગાયબ થાય. રસ્તો તદ્દન નગ્નાવસ્થામાં દોડતો શરમનો માર્યો ક્યાંક છુપાવા અહીંતહીં ભાગતો ને ભમતો દીસે. રસ્તો સમજે તમારી નજર એની પર મંડાયેલી છે. એટલે વધુ હાંફળોફાંફળો થાય. હડી કાઢે. છેવટે ઉચાટ ને અવઢવમાં અટવાઇ એનો બહાબરો બને સ્વસ્થતા ગુમાવે. દૂધને પાણી બન્નેમાં પગ રાખવા પ્રયત્ન કરતાં કરતાં બન્નેથી જાય. સ્વત્વ ગુમાવે ને ટુકડા થાય. એક દર્દભરી રાડ સંભળાય. એક ટુકડો પશ્ચિમે તો બીજો દક્ષિણે દોડતો જાય. નેમ બન્નેની એકજ. ક્યાંક કોઇક પાસેથી માંગી પોતાની શરમ ઢાંકવી. વ્યક્તિ પોતાનું સ્વત્વ અકબંધ રાખવા કેવા જીવ સટોસટના ખેલ ખેલી નાખે છે. એને ખબર છે. વ્યક્તિત્વ વગરના વેવલા થઇ રહેવું એના કરતાં મોતને વહાલું કરવું શ્રેય. દૃષ્ટિ ક્યાં સુધી વંકાઇ શકે? બન્ને રસ્તા નજરમાંથી ખસે ત્યાં સુધી નવજાત શિશુ જેવા જ દીસે.

રસ્તા પર આટલું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું તે કમ્પાઉન્ડમાં જ જરા દૂર ખૂણે ઊભેલા નીલગિરિ વૃક્ષને નહિ ગમ્યું હોય તે ભાઇસાહેબ હાલકડોલક થઇ ધીમું ધીમું આક્રંદ કરવા લાગ્યું. એની સામે મીટ માંડી કહી દીધું, ભઇલા શું કામ ગભરાય છે? તું તો ઘરની જ વ્યક્તિ છો. રસ્તા પર નજરને જરા વિહરવા દીધી એમાં શું બગડ્યું. નજરને નજરબંધી ઓછી જ ગમે છે. જરા પગ છૂટો કરી આવે તો પાછી તાજી થાય.

નીલગિરિ વૃક્ષ હતું તો સોહામણું. ઊંચાઇની વાત મૂકો. જેમ ઊંટને પાછો ઉકરડે ચડે એવું જ એનું હતું. પોતાને કંઇક સમજતું પણ હશે. ભલેને લાટસાહેબ સમજે, આપણું શું બગડ્યું? આમ જરા જડસુ એદી, ને પાછું ગમાર પણ ખરું. મલક આખાનું પાણી પીતું રહે, ક્યારેય ધરાય નહિ ને દુકાળમાં અધિકમાસની જેમ પાણીની ટંચાઇને વધારતું જ રહે. પાણી પીવાનો ને સંગ્રહ કરવાનો બડો શોખીન. શોખ હદ વટાવી, સ્વાર્થના સ્વાંગ પહેરી લે તે ન જ પોસાય. એની કોઇ ડાળીના કટકા કરીએ તો સંગ્રહી રાખેલા પાણીનાં ટીપાં ખરે. આવી સંગ્રહખોરી ન કરવાની નજર માંડીએ તો ગર્વિષ્ઠ માનુનીની જેમ છણકો કરી બેસે. ઠીક ભઇ, તારાં પાંદડાં ને છાલ કામના છે, છતાં તું આમ જમીન બગાડે તે કેમ પાલવે.

દૃષ્ટિપથ ફરી વિસ્તર્યો. અહીંતહીં દોડતા નગ્ન રસ્તા વચ્ચોવચ્ચ વનરાઇની ખાઇમાં ખોડાયો. કોરીધાકોર જમીન વચ્ચે વહી જતી આ વૃક્ષમાળા જમીન સરસી જ હતી. એટલી ઘટ્ટ ને ઘનઘોર. અંદર શું હશે તેની જાણ દૃષ્ટિને ન થવા દે ને પોતાની અસલિયત સલામત રાખે. કોઇક જમાનામાં ધરતીકંપ જેવી કોઇ કુદરતી ઘટનાને લીધે જમીન ફાટી હશે, સમયાંતરે બધું ઠરીઠામ થયું હશે ને ખીણ જેવું થયું કે ઝરણું ફૂટ્યું જ સમજો. ખાતર, પાણી

*યુવાનો માટે હું મારો સંદેશ ફક્ત ત્રણ શબ્દોમાં કહીશ – મહેનત, મહેનત અને મહેનત.*

હાથવગાં થયાં કે સૃષ્ટિ સાગમટે ઉતરી આવે. ઝરણાંની બન્ને કોરે એનું જ પાણી પી ઊભેલાં અલમસ્ત તરુવર શું કામ ગર્વિષ્ટ ન બને? ભરપૂર ખાવાનું મળે. આજુબાજુની ભેખડો એમને સૂર્યસ્નાન પણ ખપપૂરતું જ કરાવે. મરુત ભૂલેચૂકે અંદર ગયો તો અભિમન્યુની જેમ એમના ચક્રવ્યૂહમાં એવો ફસાઇ જાય, ભાગવું ભારે પડે. આવી કોઇ એકાંત, અલાયદી, અદ્‌ભુત ખીણ સમીપે થવાય તો કુદરત સન્મુખ થઇ શકાય. એવો હેલો પણ આવી જાય મનમાં કે નાખીએ ધામા અહીં જ. આ ફળફૂલને વારિ તો છે જ વૃક્ષોની ગુફતેગુ સાંભળતાં કદાચ કંઇક થઇ પણ જાય. આવી સુરક્ષિત વનરાઇ સહેજે જરા ઉચ્ચભ્રૂ ખરી. એમના શિરે નજર દોડાવતાં એમનો પર્ણ વૈભવ, રંગવૈભવ, અવનવાં રૂપ, રંગ ઢબને છબ જોઇ હૈયામાં હેત ઊભરાય.

આવું બધું જોતાં છેવટે નજર અટકે. સહેજે એ ટેકરીઓ જ હોય. આજુબાજુની તો ઢુકળી, વૃક્ષાચ્છાદિત, મોહમયી ને રૂપગર્વિતા. એમના ગર્વનો નજરઅંદાજ કરી થોડુંક સૌંદર્ય માણવા મળતું હોય તો શું ખોટું? એ સૌંદર્યને સહારે એમની કોઇ શિલા પર બેસી રહ્યાનો ભાસ કે આભાસ થાય, શિલા હલબલે ને એમની વધુ નજદિક લઇ જાય, થોડીક બોલચાલ પણ થઇ જાય કે કંઇ વધુ પણ થઇ જાય તો શું ખોટું? સૌંદર્યપાન થઇ શક્યું એ જ મહત્ત્વનું છે. સામેની ટેકરીઓ તો બહુ દૂર ભાસે. શરમાળ હશે એટલે છેટે ચાલી ગઇ. પોતાનું રૂપ સંતાડવા એમણે તો ધુમ્મસની ચાદર પણ ઓઢી લીધી છે. ઠીક છે, એ ચાદર નીચે કેટલું અવનવું સૌંદર્ય નીખરતું હશે એની કલ્પના કરતાં કોણ રોકી શકે છે!

સૂર્યદેવ સંધ્યાને શરણે ગયા. અજબ ગજબની લાલીમા ફેલાઇ ગઇ. લાલીમાનો મધ્યાહ્ન માણતાં માણતાં જ ઉતરેલા અંધકારના ધાડાં એને ઘેરી વળ્યાં ને થોડીવારમાં એને હતી ન હતી કરી નાખી. અંધકારના અનુગામી હોય તેમ જરાવારમાં તો અહીં તહીં ટમટમાટ થતો ચાલ્યો તારલિયાનો. સાવ ઢુકળા ને ઝગારા મારતા. ક્યાંક કોઇ ટમટમવા, કોઇ ઝબૂકતા કે કોઇ ભાગદોડ કરતા, પડતા આખડતા ને ધવલ લકિર બની અકાળે અવસાન પામતા. સૃષ્ટિના એ રત્નજડિત ચંદરવાને માણતો, હૃદયમાં ભરતો, હોઠે આવેલું ગીત લલકારતો રહ્યો. ■

## 'વિચાર વૈભવ'

આજે લોકોનું ધ્યાન ધર્મની જ્યોતમાંથી નીકળતા પ્રકાશમાં નથી, પણ જ્યોતિ કયા દીવામાંથી નીકળે છે તેમાં છે. જ્યોતનું મહત્ત્વ ઘટી ગયું છે, દીવાનું મહત્ત્વ વધી ગયું છે. દીવો સોનાનો છે કે ચાંદીનો, એની વાટ દેશી છે કે વિદેશી, એ ઊંચે છે કે નીચે, તેમાં વાટો દસ છે કે વીસ એનું મહત્ત્વ વધી ગયું છે.

વાત વાતમાં લોકો 'શ્રદ્ધા'ની વાત કરે છે. આ શ્રદ્ધા આખર શું ચીજ છે? માણસમાં જો વિચારશક્તિ જ ન હોત, એની પાસે બુદ્ધિ જ ન હોત, તર્ક જ ન હોત, તો આ શ્રદ્ધા પણ હોત ખરી? તર્ક અને સમજ વગરની શ્રદ્ધા ચાખ્યા વિનાના ઘઉં જેવી છે. તર્ક રૂપી ચાળણીનો ઉપયોગ કરીએ ત્યારે વહેમ અને પૂર્વગ્રહરૂપી કાંકરા ખરી પડે છે.

*લેખક : યાસીન દલાલ - તેમના પુસ્તક 'વિચાર વૈભવ'માં*
*પ્રેષક : શાંતિભાઇ વ. શાહ*

# ડૉક્ટરો ગરીબ દર્દીઓને ખર્ચના ખાડામાં ઉતારે છે

• સુપાર્શ્વ મહેતા •

*ભારત દેશનો એક ઉજળિયાત વર્ગ કે જે ઉચ્ચ શિક્ષણ પામેલ છે, શિક્ષિત છે, સંસ્કારી છે અને ઉમદા વ્યવસાય સાથે સંકળાયેલ છે, એ વર્ગની આ વાત છે.*

*જેમને લોકો દેવની જેમ પૂજે છે, જેમનો ઉચ્ચારેલ બોલ કોઇ પણ જાતની આનાકાની વગર સ્વીકારી લે છે, જેમના પર લોકો સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, તેવા વર્ગની આ વાત છે.*

*પરંતુ ભારત દેશની જનતાની કમનસીબી એ છે કે આ વર્ગ શિક્ષિત છે પરંતુ તેમાંના મોટાભાગના લોકો નીતિમત્તાના ધોરણોમાં છેક તળિયે બેસી ગયેલ છે. જેમની પાસેથી ઉમદા સેવાની અપેક્ષા રાખવામાં આવે છે તેઓ પોતાના દરદીઓને વગર ઓપરેશને દરરોજ ચીરે છે - કાપે છે - લૂંટે છે. આ વર્ગને પાછા વળીને જોવાની ફૂરસદ જ નથી. માત્ર અને માત્ર વ્યાપારમાં કરેલ રોકાણની વસૂલી કરવાની જ માનસિકતા છે. નફા-નુકસાનના ત્રાજવે તોલવાની જ અભિલાષા છે. અન્યોની જેમ કરોડપતિ બની જવાની લાલસા છે.*

*આ વર્ગ એટલે ભારતીય ડૉક્ટરનો વર્ગ. કદાચ બધા જ ડૉક્ટરો તેવા ન પણ હોય. પાંચ આંગળી કોઇ કાળે સરખી ન હતી અને ભવિષ્યમાં પણ સરખી નથી થઇ શકવાની. અમૂક ડૉક્ટરોની ગેર-વર્તણૂકના કારણે સમગ્ર વર્ગ બદનામી વહોરી રહેલ છે. પરંતુ જનતાને કઇ રીતે ખ્યાલ આવે કે આ ડૉક્ટર ઉમદા વર્ગનો છે અને આ ડૉક્ટર નિમ્ન સ્તરનો છે. તે માટે તો સારોયે વર્ગ એક જ ભાવનાથી - ઉચ્ચ ભાવનાથી કાર્યરત બને ત્યારે જ સંપૂર્ણ સમુદાય શંકાના ડાયરામાંથી બહાર આવી શકે.*

*ઇલાજ એકજ છે. શિક્ષણના ઉચ્ચ સ્તરે પહોંચવા જે રોકાણ કરેલ છે તે નીતિમત્તાના ધોરણે જ પરત મેળવવાની ભાવના સેવી શકે, ત્યારે જ આ રોગનો ઇલાજ શક્ય બની શકે. આ વ્યવસાય સાથે સંકળાયેલ ઉમદા વિચારસરણીવાળો વર્ગ અથવા તો તેમનું સંગઠન સ્ખલિતને પોતાના વ્યવસાયમાંથી બહાર નીકળી જવાની ફરજ પાડતા કાયદા બનાવે, ધારા ધોરણો અપનાવે, તે તેનો બીજો ઇલાજ.*

*એક અન્ય વાત પણ છે. માત્ર નાણાકીય વ્યવહારમાં સ્ખલિતતા આવેલ છે તેવું નથી. તેના વ્યવહારમાં પણ સ્ખલિતતા પેસી ગયેલ છે. સામેવાળાને ગરજ છે એટલે પોતે મનમાની કરે છે. સમયપાલન જેવી કોઇ હકીકત આ વર્ગ સમજી શકતો જ નથી. પોતાના કારણે કેટલા દરદીઓનો કેટલો સમય બગડ્યો, એ આ વર્ગ વિચારતો જ નથી. અને તેના કારણો - બહાના આપવામાં એક્કા બની રહે છે. પોતે સ્વર્ગમાંથી ઉતરી આવેલ હોય તેથી તેમને સમય પાલનની ફરજ નડતી નથી તેવો તોર રાખે છે. આ પણ નૈતિકતાના નિયમને નેવે મૂકવાની વાત છે. અને આ હકીકતનો અનુભવ તો ભારત દેશના કયા નાગરિકને નહીં થયેલ હોય!*

*અને તેથી જ તા. ૨-૪-૨૦૧૦ના ગુજરાત સમાચારની 'ન્યૂઝ ફોકસ' કોલમમાં સુપાર્શ્વ મહેતાની કલમે લખાયેલ આ લેખને અત્રે રિ-પ્રિન્ટ કરવાની લાલચ અમે રોકી શકેલ નથી.*

*અગર આ લેખ વાંચી કોઇ ડૉક્ટરને તેના વર્તનમાં સુધારો કરવાની પ્રેરણા જાગશે તો સૌથી વિશેષ આનંદ અમને થશે.*

***- મુખ્ય તંત્રી***

મુંબઇના એક ઉપનગરમાં રહેતાં શ્રીમતી મહેતા જ્યારે પણ તેમના ફેમિલી ડૉક્ટર પાસે દવા લેવા જાય ત્યારે ડૉક્ટર તેમને હિપેટાઇટિસ-બીની રસી લેવાની પ્રેરણા કરતા હતા. ડૉક્ટર તેમને હિપેટાઇટિસ-બી ની રસી ન લેવાને કારણે કેવી રીતે જીવનું જોખમ થઇ જાય છે, તેનો પણ ભય બતાવતા હતા. એક વખત એક મેડિકલ રિપ્રેઝન્ટેટિવ ડૉક્ટરને મળવા આવ્યો ત્યારે કેબિનની અંદર ચાલતી વાતચીતના શબ્દો તેમના કાને પડ્યા. **દવા કંપનીનો પ્રતિનિધિ ડોક્ટરને કહી રહ્યો હતો કે અમારી કંપની રસીના એક ડોઝની ખરીદી ઉપર તમને ૩૦૦ રૂપિયાનું કમિશન આપશે.** આ વાતચીત સાંભળી શ્રીમતી મહેતાને ડૉક્ટરના રસી માટેના આગ્રહનું કારણ સમજાઇ ગયું. રસીનું પ્રયોજન રોગો સામે પ્રતિકાર કરવાનું હોય છે, પણ કેટલાક ડૉક્ટરો માટે તે પૂરક આવકનું સાધન પણ છે.

કોઇ પણ બાળકનો જન્મ થાય એટલે ડૉક્ટર તેને પોલિયો, ટ્રિપલ અને ટી.બી.ની

*મને દસ યુવાો આપો અને હું દુનિયા બદલી દઈશ. – સ્વામી વિવેકાનંદ*

રસી લેવાની ભલામણ કરે છે. આ રસી કોઇ પણ સરકારી આરોગ્ય કેન્દ્રમાં મફત મળતી હોય છે અને તેની કોઇ કિંમત વસૂલ કરવામાં આવતી નથી. સરકાર દ્વારા પલ્સ પોલિયોની જે ઝુંબેશ ચલાવવામાં આવે છે તેમાં પણ ઑરલ વેક્સીન મફતમાં આપવામાં આવે છે. મફતમાં મળતી આ રસીઓ ઉપરાંત એવી કેટલીક રસીઓ છે જે ફરજિયાત નથી હોતી પણ મરજિયાત હોય છે. ડિપ્થેરિયા, હિપેટાઇટિસ (એ-બી-સી-ડી), ટિટેનેસ, ઈન્ફલુએન્ઝા, ચિકન પોક્સ વગેરે રોગોની સારવાર માટે વપરાતી આ રસીઓ કેમિસ્ટની દુકાનમાંથી ખરીદવાની હોય છે અને ડૉક્ટર પાસે મૂકાવવાની હોય છે. પોલિયોની ઑરલ વેક્સીન ઓછી અસરકારક પુરવાર થતાં હવે બજારમાં વધુ અસરકારક બનતી ઈન્જેક્ટિબલ વેક્સીન પણ મળે છે, જે ખૂબ મોંઘી હોય છે. ઘણા ડૉક્ટરો હવે દવા કંપનીઓના એજન્ટ બનીને આ રસીનું પોતે જ વેચાણ કરવા લાગ્યા છે.

સામાન્ય રીતે કોઇપણ ડૉક્ટરની આવકનું મુખ્ય સાધન તેની કન્સલ્ટિંગ ફી હોય છે. ડૉક્ટરો કેમિસ્ટો પાસે દવા લખી આપે અને તેમાં પોતાનું કમિશન રાખે તો તેને અનૈતિક ગણવામાં આવે છે. કોઇ ડૉક્ટર જો આ રીતે કેમિસ્ટ પાસેથી કમિશન લેતો પકડાઇ જાય તો તેનું લાઇસન્સ રદ કરવામાં આવે છે. કેમિસ્ટો પાસેથી કમિશન લેવાને બદલે હવે ડૉક્ટરો કેટલીક રસીઓ પોતાની ક્લિનિકમાં જ રાખવા લાગ્યા છે. ડૉક્ટરો રસીના જેટલા ડોઝ વેચે તે મુજબ તેમને દવા કંપનીઓ તરફથી કમિશન આપવામાં આવે છે. **આ કમિશનના લોભમાં ડોક્ટરો જે રસીની ખરેખર જરૂર ન હોય તે લેવા માટે પણ દર્દીઓ ઉપર દબાણ કરવા લાગ્યા છે.**

દિલ્હીની ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝના ડૉક્ટર રાકેશ લોઢાએ છત્તીસગઢની જન સ્વાસ્થ્ય સહયોગ સંસ્થાના ડૉક્ટર અનુરાગ ભાર્ગવના સહયોગમાં એક અભ્યાસ અહેવાલ બહાર પાડ્યો છે. જેના ઉપરથી ખ્યાલ આવે છે કે મોંઘીદાટ રસીઓનું માર્કેટિંગ પોતાના દર્દીઓમાં કરીને ડૉક્ટરો કેવી રીતે કમાણી કરી રહ્યા છે. આ અહેવાલ મુજબ ડિપ્થેરિયા, ટિટેનસ, પોલિયો અને ઈન્ફલુએન્ઝા-બીની સારવારમાં વપરાતી રસી પેન્ટાક્ષીમની છાપેલી કિંમત ૨૦૬૬ રૂપિયા છે, પણ દવા બનાવતી કંપની ડૉક્ટરોને આ રસી માત્ર ૧૪૪૬ રૂપિયામાં આપે છે. **એટલે ડોક્ટર આ રસી એક દર્દીને આપે તો તેમને ૬૨૦ રૂપિયાની કમાણી થાય છે.** પોલિયોની ઈન્જેક્ટિબલ વેક્સીનની છાપેલી કિંમત ૩૬૫ રૂપિયા છે. પણ દવા બનાવતી કંપની ડૉક્ટરને આ રસી ૨૮૦ રૂપિયામાં આપે છે. **એક રસીના ડોઝદીઠ ડોક્ટર ૮૫ રૂપિયાની કમાણી કરે છે.** પર્ટુસીસ, ડિપ્થેરિયા અને ટિટેનસની સારવારમાં વપરાતી ટ્રિપાસેલ નામની રસીની છાપેલી કિંમત ૧૨૧૧ રૂપિયા છે, પણ તે ડૉક્ટરને ૭૬૨ રૂપિયામાં મળે છે. **એક ડોઝ પાછળ ડોક્ટરને ૪૪૯ રૂપિયાની કમાણી થાય છે.**

## મોંઘીદાટ રસીઓના માર્કેટિંગની રામકહાણી - ડૉક્ટરોને બખા

કેટલાક ડૉક્ટરો હવે પોતાના દવાખાનામાં જ મોંઘીદાટ રસીઓ રાખે છે અને દર્દીને જરૂરત ન હોય તો પણ તે રસીના વપરાશનો આગ્રહ રાખે છે. આ આગ્રહ પાછળનું કારણ ડૉક્ટરને કમાણીનો લોભ લાગેલ હોય છે. આ વિગતનો નીચેના સ્ટેટમેન્ટ પરથી ખ્યાલ આવી જશે.

| *રસીનું નામ* | *રસી પર દવા કંપનીએ છાપેલી કિંમત* | *દવા કંપની ડૉક્ટરને નીચે મુજબના ભાવે આ રસી વેચે છે* | *ડૉક્ટરની દરેક રસી પાછળ કમાણી* |
|---|---|---|---|
| • ડિપ્થેરિયા, ટિટેનસ, પોલિયો અને ઈન્ફલુએન્ઝા-બીની સારવારમાં વપરાતી રસી 'પેન્ટાક્ષીમ' | રૂા. ૨૦૬૬ | રૂા. ૧૪૪૬ | રૂા. ૬૨૦ |
| • પોલિયોની ઈન્જેક્ટિબલ વેક્સીન | રૂા. ૩૬૫ | રૂા. ૨૮૦ | રૂા. ૮૫ |
| • પર્ટુસીસ, ડિપ્થેરિયા અને ટિટેનસની સારવારમાં વપરાતી 'ટ્રિપાસેલ' રસી | રૂા. ૧૨૧૧ | રૂા. ૭૬૨ | રૂા. ૪૪૯ |
| • અછબડાની સારવાર માટે આપવામાં આવતી 'ઓકાવેક્સ' રસી | રૂા. ૧૪૬૮ | રૂા. ૯૯૬ | રૂા. ૪૭૨ |
| • હિપેટાઇટિસ-એ ની રસી | રૂા. ૯૫૨ | રૂા. ૬૬૫ | રૂા. ૨૮૭ |
| • ઈન્ફલુએન્ઝાની સારવાર માટે વપરાતી રસી 'એક્ટહિબ' | રૂા. ૪૧૬ | રૂા. ૨૫૧ | રૂા. ૧૭૫ |

*વીતી ગયેલી કાલ એ કેન્સલ થયેલા ચેક જેવી છે. એમાંથી કંઈ મળવાનું નથી. આવતીકાલ એ પ્રોમિસરી નોટ છે.*

અછબડાની સારવાર માટે આપવામાં આવતી આ ઓકાવેક્સ નામની રસીની છાપેલી કિંમત ૧૪૬૮ રૂપિયા છે, પણ તે ડૉક્ટરોને ૯૮૬ રૂપિયામાં જ મળે છે. **આ રસીના એક ડોઝ દીઠ ડોક્ટરને ૪૮૨ રૂપિયાની કમાણી થાય છે.** હિપેટાઇટિસ-એ ની રસીની છાપેલી કિંમત ૯૫૨ રૂપિયા છે, પણ તે ડૉક્ટરને ૬૬૫ રૂપિયામાં મળે છે. **એક દર્દીને રસી આપીને ડોક્ટર ૨૮૭ રૂપિયાની કમાણી કરે છે.** ઈન્ફ્લુએન્ઝાની સારવાર માટે વપરાતી એક્ટહિબ નામની રસીની છાપેલી કિંમત ૪૨૬ રૂપિયા છે. પણ તે ડોક્ટરને ૨૫૧ રૂપિયામાં મળે છે. **ડોઝદીઠ ૧૭૫ રૂપિયા ડોક્ટર કમાય છે.**

**ભારતના બજારમાં લગભગ ૬૦,૦૦૦ એલોપથી દવાઓ વેચાય છે. આ બધી દવાઓ મૂળભૂત રીતે તો ૫૦૦ જેટલી પાયાની દવાઓનાં મિશ્રણ જેવી હોય છે.** ઘણી વખત એક જ દવા અલગ-અલગ બ્રાન્ડ નેમથી વેચાતી હોય છે. આ દવાની ગુણવત્તામાં અથવા તેની માત્રામાં કોઈ ફરક નથી હોતો પણ તેના ભાવોમાં ક્યારેક આસમાન-જમીનનો તફાવત હોય છે. તેનું કારણ એ હોય છે કે એકજ દવા બનાવતી અલગ-અલગ કંપનીઓનો નફાનો ગાળો અલગ અલગ હોય છે. કોઈ કંપની દવાના માર્કેટિંગ પાછળ વધુ ખર્ચ કરતી હોવાથી દવાની કિંમત વધુ રાખે છે. બીજી કંપનીના નફાનો ગાળો ઓછો હોવાથી તે બજારમાં ઓછી કિંમતે દવા વેચે છે. **આપણા ફેમિલી ડોક્ટરની ફરજ એ હોવી જોઇએ કે બજારમાં એક જ દવા અલગ અલગ ભાવે વેચાતી હોય ત્યારે આપણને સૌથી સસ્તી દવા લખી આપે.** પરંતુ ડૉક્ટરો એવી દવા જ લખી આપે છે, જેની કિંમત વધુ હોય પણ તેમને તેમાંથી કમિશન મળવાનું હોય. આ

## સમાન પ્રકારની જિનેરીક દવાઓ

ભારતના બજારમાં લગભગ ૬૦,૦૦૦ જેટલી એલોપથી દવાઓ વેંચાય છે. આ બધી દવાઓ મૂળભૂત રીતે ૫૦૦ જેટલી પાયાની દવાઓના મિશ્રણ જેવી હોય છે. આ દવાઓ અલગ બ્રાન્ડ-નેઈમથી અલગ અલગ કંપનીઓ અલગ અલગ પ્રકારના ભાવથી વેચે છે.

સમાન તત્ત્વ એટલે સમાન જિનેરીક દવાને અલગ અલગ પ્રકારના બ્રાન્ડ નેઈમ આપતી કંપનીઓ પોતાની જરૂરિયાત પ્રમાણે ખૂબ જ અલગ અલગ ભાવથી વેચે છે. સમાન તત્ત્વ ધરાવતી દવામાંથી ડૉક્ટર પોતાના હિતને ખાતર ઊંચામાં ઊંચા ભાવની દવા લખી આપે છે કે જે નૈતિકતાથી ખૂબ જ દૂર છે. સમાન જિનેરીક ધરાવતી દવાના માર્કેટ ભાવમાં કેટલો બધો તફાવત રહેલ છે તે નીચેના દાખલા પરથી સમજાશે.

| *સમાન મૂળતત્ત્વ -જિનેરિક તત્વ* | *કંપની* | *બ્રાન્ડ નેઈમ* | *દવાનો જથ્થો* | *દવાની બજાર કિંમત* | *તફાવત* |
|---|---|---|---|---|---|
| ૧) રિસ્પેરિડોન | જોન્સન એન્ડ જોન્સન | રિસ્પરડલ | ૨ મિલિગ્રામની ૧૦ ટેબ્લેટ | રૂા. ૨૭૦ | |
| | ટોરન્ટ | રિસ્પરડલ | ૨ મિલિગ્રામની ૧૦ ટેબ્લેટ | રૂા. ૧૭ | – રૂા. ૨૫૩ |
| ૨) રિઝરડ્રોનેટ | સેનોફી એવેન્ટીસ | એક્ટોનેલ | ૩૫ મિલિગ્રામની ૪ ટેબ્લેટ | રૂા.૨૦૦૦ | |
| | સિપ્લા | રિસોફોસ | ૩૫ મિલિગ્રામની ૪ ટેબ્લેટ | રૂા. ૧૧૦ | – રૂા.૧૮૯૦ |

ઉપરોક્ત પ્રકારે માત્ર બેજ ઉદાહરણ આપવામાં આવેલ છે, પરંતુ આજ પ્રકારનો તફાવત ભારતના બજારમાં લગભગ બધા જ પ્રકારની દવામાં ચાલુ છે.

મેન્યુફેક્ચરિંગ કંપની, ડૉક્ટર તથા કેમિસ્ટની નાકલીટી તાણવાવાળું કોઈ જ નથી! કદાચ સરકારી તંત્ર પણ તેમાં જોડાયેલું હશે! આ તંત્રની મીઠી નજર વગર આ શક્ય જ નથી!

મરો તો સામાન્ય માણસનો જ થાય છે!

નૈતિકતાના મૂલ્યની સહુથી વધુ આશા ડૉક્ટરો પાસેથી સેવવામાં આવે છે કેમકે તેમનો વ્યવસાય એ એક પ્રકારની સેવાનો ઉમદા વ્યવસાય છે.

ભારતના ડૉક્ટરો પોતાનો અંગત સ્વાર્થ છોડીને (આમે તેઓ મબલખ નાણા તો કમાય જ છે) તથા નૈતિકતાના મૂલ્યો દાખવી શું પોતાના દરદીને સમાન ગુણધર્મ જાળવતી સસ્તી દવા લખી આપશે? **ટ્રસ્ટની હોસ્પિટલમાં કામ કરતા ડોક્ટરો પાસેથી આ પ્રકારની અપેક્ષા ખાસ રાખવામાં આવે છે કેમકે તેઓ એક પ્રકારની સેવા સંસ્થા સાથે સંકળાયેલ છે.**

*વર્તમાનથી ભવિષ્યને ખરીદી શકાય છે.*

કારણે ગરીબ દર્દીઓને નાહકના ખર્ચના ખાડામાં ઉતરવું પડે છે. ડૉક્ટરો ઉપર આંધળો વિશ્વાસ રાખવાને કારણે તેઓ મોંઘી દવા ખરીદીને છેતરાય છે.

કોઇ પણ દવામાં જે મૂળ તત્ત્વ હોય છે તેનું જેનું જિનેરિક નેમ કહેવામાં આવે છે. આ મૂળ દવાનો ઉપયોગ કરીને ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા પેકિંગ કરવામાં આવે ત્યારે તેનું માર્કેટિંગ તેના બ્રાન્ડ નેમથી કરવામાં આવે છે. આ રીતે એક જ જિનેરિક નેમ ધરાવતી દવાઓ બજારમાં જુદાં જુદાં બ્રાન્ડ નેમથી વેચાય છે, જેની કિંમતોમાં પણ ભારે તફાવત જોવા મળે છે. દાખલા તરીકે 'રિસ્પેરિડોન' નામની દવાનું જોનસન એન્ડ જોન્સન કંપની 'રિસ્પરડલ' બ્રાન્ડ નેમથી વેચાણ કરે છે. આ દવાની બે મિલિગ્રામની ૧૦ ટેબ્લેટની કિંમત ૨૭૦ રૂપિયા છે. આ જ દવાનું વેચાણ ટોરન્ટ નામની કંપની 'રિસ્પરડલ' બ્રાન્ડ નેમથી વેચાણ કરે છે. આ દવાની બે મિલિગ્રામની ૧૦ ટેબ્લેટ માત્ર ૧૭ રૂપિયામાં વેચાય છે. **વિચાર કરો કે ક્યાં ૧૭ રૂપિયા અને ક્યાં ૨૭૦ રૂપિયા!** ૧૭ રૂપિયા ખરીદનારને જે દવા મળે છે તે જ દવા માટે અમુક દર્દીઓ ૨૭૦ રૂપિયા ચુકવે છે : કારણ કે તેમના ડૉક્ટરે મોંઘી દવા લખી આપી છે. દર્દીને તો ખબર પણ નથી હોતી કે તે જે દવા ૨૭૦ રૂપિયામાં કેમિસ્ટ પાસેથી ખરીદે છે, તેની બીજી બ્રાન્ડ ૧૭ રૂપિયામાં પણ મળે છે. આ વાતની તેના ફેમિલી ડૉક્ટરને ખબર હોય છે, પણ ૧૭ રૂપિયાની દવા કરતાં ૨૭૦ રૂપિયાની દવામાં તેને વધુ કમિશન મળતું હોવાથી તે દર્દીને નાહકના ખર્ચના ખાડામાં ઉતારે છે.

બજારમાં મળતી એક જ જિનેરિક નેમની દવાની વિવિધ બ્રાન્ડોના ભાવો વચ્ચેનો તફાવત આપણા ભવાં ચઢાવી દે તેવો છે. રિઝરડ્રોનેટ નામની મૂળ દવા સેનોફી એવેન્ટીસ નામની વિદેશી કંપની 'એક્ટોનેલ' બ્રાન્ડ નેમથી વેચે છે. આ દવાની ૩૫ મિલિગ્રામની ચાર ટેબ્લેટની કિંમત ૨,૦૦૦ રૂપિયા છે. આ જ દવા સિપ્લા નામની ભારતીય કંપની 'રિસોફોસ' નામની બ્રાન્ડ નેમથી વેચે ત્યારે તેની કિંમત માત્ર ૧૧૦ રૂપિયા હોય છે. **બજારમાં ૨,૦૦૦ રૂપિયામાં અને ૧૧૦ રૂપિયામાં વેચાતી દવામાં કોઇ જ ફરક નથી હોતો.** કોઇ પણ દર્દીને ડૉક્ટર 'એક્ટેનોલ' નામની દવા લખી આપે ત્યારે દર્દી કેમિસ્ટને ત્યાં જઇને 'એક્ટેનોલ' જ ખરીદશે તેની ડૉક્ટરને પણ ખબર હોય છે. આ દર્દીને કોઇ કેમિસ્ટ એવી સલાહ નથી આપતો કે આ દવા અલગ બ્રાન્ડ નેમ હેઠળ ૧૧૦ રૂપિયામાં પણ મળે છે. કારણ કે કેમિસ્ટને ૨,૦૦૦ રૂપિયાના ભાવે મળતી દવામાંથી તોતિંગ કમિશન મળે છે. આ રીતે એક્ટેનોલ દવા બનાવતી કંપનીને નફો થાય છે, આ દવા લખી આપનારા ડૉક્ટરને નફો થાય છે, આ દવા વેચતા કેમિસ્ટને નફો થાય છે, પણ આ દવા ખરીદતો દર્દી લૂંટાઇ જાય છે. **તેને એ વાતની ખબર નથી હોતી કે તે જે દવા ૨,૦૦૦ રૂપિયામાં ખરીદે છે તે ૧૧૦ રૂપિયામાં પણ મળી શકે છે.** આ તો વિવિધ દવાઓના ભાવોમાં મળતાં તફાવતનાં એકાદ-બે ઉદાહરણ છે. આવી રમત લગભગ તમામ દવાઓમાં ચાલી રહી છે.

અખબારો જો ગરીબ દર્દીઓની સેવા કરવા માંગતા હોય તો તેમણે પોતાના છાપાંઓમાં વિવિધ બ્રાન્ડ નેમ હેઠળ વેચાતી એક જ દવાના નામોની યાદી મેળવીને તેને સમયાંતરે પ્રગટ કરતા રહેવું જોઇએ. આ યાદીનો કોઇ પણ દર્દી દવા ખરીદવા જાય ત્યારે રેડી રેકનર તરીકે ઉપયોગ કરી શકે છે. **સેવાભાવી સંસ્થાઓ જો ગરીબ દર્દીઓનું કલ્યાણ કરવા માંગતી હોય તો તેમણે આ પ્રકારની યાદીઓ છપાવીને બહાર પાડવી જોઇએ અને હોસ્પિટલોમાં વહેંચવી જોઇએ.** જાગૃત દર્દીએ ડૉક્ટર કોઇ પણ દવા લખી આપે ત્યારે ડૉક્ટરને પૂછવું જોઇએ કે આ જ દવા અલગ બ્રાન્ડ નેમથી બજારમાં ઓછી કિંમતે મળી શકે ખરી? દર્દી અથવા તેના સ્વજનો મેડિકલ સ્ટોરમાં દવા ખરીદવા જાય ત્યારે કેમિસ્ટને પણ સવાલ પૂછવો જોઇએ કે આ દવા અલગ બ્રાન્ડ નેમથી સસ્તામાં મળી શકે ખરી? જો કેમિસ્ટ સેવાભાવી અને ઇમાનદાર હોય તો તેણે પોતાની દુકાનની બહાર આ પ્રકારની માહિતી આપતું બોર્ડ લગાવવું જોઇએ. સૌથી શ્રેષ્ઠ રસ્તો એ છે કે સરકારે કાયદો કરીને દવાઓ ઉપર અમુક ટકાથી વધુ નફો લેવાનો પ્રતિબંધ ફરમાવી દેવો જોઇએ. **ભારતમાં દર વર્ષે આશરે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની અલોપથી દવાઓ વેચાય છે. જો આવો કાયદો કરવામાં આવે તો ગરીબ દર્દીઓના ઓછામાં ઓછા ૩૦,૦૦૦ કરોડ રૂપિયા બચાવી શકાય તેમ છે.**

***સુપાર્શ્વ મહેતા***
***(ગુજરાત સમાચાર, તા. ૨-૪-૨૦૧૦ના સૌજન્યથી)***

## આંક શીખવાની કચ્છી રીત

(૧) એકડે એક, પાપડ શેક
પાપડ કચ્યોં, મુંજો દાખલો સચો

(૨) એક દૂ દૂએ, તું તો રૂએં
તોકે પઇ માર
બે દું ચાર

(૩) પંદર એકાં પંદર
લાડી કરે ઓનર
લાડે કે ચડઇ રીસ
પંદર દૂ ત્રીસ.

(૪) સોળ એકાં સોળ,
ઘરમાં આવ્યા ચોર
ચોરે લીધી છત્રી
સોળ દૂ બત્રી.

(૫) વી એકાં વી ઘરમાં આવ્યું ઘી
ઘીના ડબા ખાલી, વી દૂ ચાલી.

***કુંજલતા રમણિકલાલ શાહ***

# ઉપવાસ

• ડૉ. ધીરેન ગાલા •

બધા જ તીવ્ર રોગો અને મોટા ભાગના ઉગ્ર રોગો સામેના યુદ્ધમાં પ્રાકૃતિક ચિકિત્સક માટે ઉપવાસ એ પ્રથમ પસંદગીનું અને અચૂક હથિયાર છે.

શરીરમાં અમ્લો અને વિષદ્રવ્યોનો સંચય થાય ત્યારે જ રોગનું નિર્માણ થાય. આ વિષદ્રવ્યોને બહાર કાઢવાના શરીરના પ્રયત્નોને આપણે રોગનાં લક્ષણો કહીએ છીએ. શરીરમાં વિષદ્રવ્યો નિશ્ચિત પ્રમાણ કરતાં વધી જાય ત્યારે તેમને બહાર કાઢવા માટે શરીર ઉગ્ર અને જોરદાર પ્રયાસો કરે છે અને પરિણામે તીવ્ર રોગ જન્મે છે. શરીર પોતાની પૂરેપૂરી શક્તિ વિષદ્રવ્યોના નિકાલમાં કામે લગાડે છે. આવા સંજોગોમાં શરીરને ખોરાકની જરૂર હોતી નથી. આ કારણે ભૂખ મરી જાય છે અને મોઢાનો સ્વાદ બગડી જાય છે. **આવા સમયે આહાર લેવાથી શરીરની અમૂલ્ય શક્તિ ખોરાકના પાચનકાર્યમાં વેડફાઇ જાય છે, વિષદ્રવ્યોનો નિકાલ અટકી જાય છે અને રોગ લાંબો સમય ચાલે છે અથવા જીર્ણ (chronic) બને છે.**

**આપણા દેશમાં અનાદિકાળથી ઉપવાસ કરવાની પરંપરા છે. છતાં, આજના સમાજમાં ઉપવાસ કરવાનું કંઇક અઘરું બની ગયું છે.** દરદીને તાવ આવ્યો હોય, તે સ્પષ્ટ શબ્દોમાં કહે કે, 'મને ભૂખ નથી, ખાવાની જરા પણ ઇચ્છા નથી, મોઢું કડવું થઇ ગયું છે' તો પણ દરદીના સ્વજનો, મિત્રો, પાડોશીઓ આગ્રહ કરે છે કે, 'કંઇક તો ખાવું પડશે, ચા, કોફી, દૂધ, ફળનો રસ, કાંજી-જે ફાવે તે લો, નહિતર નબળાઇ આવી જશે.' તેઓ વારંવાર આગ્રહ કરતાં રહે છે અને દરદીને ખવડાવીને જ જંપે છે. આ રીતે દરદી ઇચ્છા ન હોવા છતાં ખાય છે, ખોરાક પચતો નથી અને રોગ નાહક લંબાય છે. **વાસ્તવમાં માનવી જ એકમાત્ર એવું પ્રાણી છે જે રોગી અવસ્થામાં તથા ભૂખનો અભાવ હોવા છતાં પણ ખાતો રહે છે, અન્ય કોઈ પ્રાણી માંદગીમાં ખાતું નથી એ વાત નિઃશંક છે.**

કેટલાક લોકો તો એમ માને છે કે એક ટંક પણ ખાવાનું છોડીશું તો અપોષણ થશે અને મોત આપણને ભરખી જશે. આ માન્યતા સાવ હાસ્યાસ્પદ છે. સુપ્રસિદ્ધ ડૉ. ડીવીના આ શબ્દો યાદ રાખવા જેવા છે : **માંદગીમાં લેવાયેલો ખોરાક રોગીને નહિ કિંતુ રોગને પોષે છે.**

ઉપવાસ શરૂ કરતાં પહેલાં કેટલીક પૂર્વ તૈયારી કે થોડો પૂર્વાભ્યાસ કરેલો હોય તો પાછળથી વધુ સુગમતા રહે છે. દા.ત. દિવસમાં એક જ વખત ખાઇને ચલાવવાનો જેને અભ્યાસ હોય તે વ્યક્તિ એકાદ-બે દિવસના ઉપવાસ સહેલાઇથી કરી લે છે. તે જ રીતે જેને એકાદ-બે દિવસના ઉપવાસ કરવાનો મહાવરો હોય તે માણસ ચાર-પાંચ દિવસના કે અઠવાડિયાના ઉપવાસ કરવામાં ગભરાટ કે તકલીફ અનુભવતો નથી.

ફ્લુ, તાવ, શરદી, ખાંસી જેવા મોટા ભાગના તીવ્ર રોગો તો બે-ત્રણ દિવસના ઉપવાસથી જ મટી જાય છે. લાંબા સમયના જીર્ણ રોગોમાં ઉપવાસનું આયોજન વિચાર અને ગણતરીપૂર્વક કરવું જોઇએ. તેવા રોગોમાં વધુ દિવસના ઉપવાસ જરૂરી બને છે. આવા દાખલાઓમાં ઉપવાસ શરૂ કરતાં પહેલાં ત્રણ-ચાર દિવસ હળવો, કાચો આહાર કે રસાહાર લેવો જોઇએ. આમ કરવાથી ઉપવાસની શરૂઆત પહેલાં જ લોહી અને શરીરના શુદ્ધીકરણની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. તદુપરાંત, કાચા આહારમાં રહેલાં પ્રજીવકો અને ક્ષારો શરીરમાં સંચિત થાય છે જે પાછળથી ઉપવાસકાળમાં ઉપયોગી થાય છે.

જૂના અને હઠીલા રોગને દૂર કરવા માટે કેટલા દિવસના ઉપવાસ કરવા પડશે તેનો અંદાજ પ્રથમથી આવી શકતો નથી. દીર્ઘકાળના ઉપવાસ કોઇ નિષ્ણાતની દેખરેખ હેઠળ જ થાય તે ઇચ્છનીય છે. લાંબા સમયના ઉપવાસ દરમિયાન વખતોવખત દરદીના લોહી કે પેશાબની તપાસ આવશ્યક બને છે. ઉપવાસકાળ દરમિયાન મૂત્રમાં કિટનોદ્રવ્યોની હાજરી જણાઇ આવે અથવા તો રક્તમાં યુરિયાનું પ્રમાણ ૪૫ મિ.ગ્રા. ટકાથી વધુ જણાય તો ઉપવાસની પૂર્ણાહુતિ જરૂરી બને.

ઉપવાસની પૂર્ણાહુતિ યોગ્ય રીતે થાય એ ખૂબ જ મહત્ત્વનું છે. વાસ્તવમાં તો તેનું મહત્ત્વ સ્વયં ઉપવાસ કરતાં પણ વધુ છે. ઉપવાસકાળ દરમિયાન પાચન અવયવો શિથિલ થયા હોય છે. **ઉપવાસની પૂર્ણાહુતિ પછી આડેધડ ખોરાક લેવામાં આવે તો યોગ્ય પાચન થતું નથી અને વિષદ્રવ્યો બનવા લાગે છે. આ તો નવીન રોગને નોતરું આપવા જેવું થાય.**

એક દિવસના ઉપવાસ પછી બીજે દિવસે સવારે ફળરસ, દિવસ દરમિયાન થોડાં ફળો તેમજ સાંજે એક રોટલી અને બાફેલું શાક એ પ્રકારની આહાર યોજના કરવી જોઇએ. ત્રીજા દિવસથી સામાન્ય આહાર લઇ શકાય. બે દિવસના ઉપવાસ પછી, ત્રીજા દિવસે માત્ર ફળરસો, ચોથા દિવસે સવારે ફળરસ, દિવસ દરમિયાન ફળો અને સાંજે રોટલી-શાક જેવો આહાર લેવો જોઇએ. પાંચમા દિવસથી દરમિયાન ફળો અને સાંજે રોટલી-શાક જેવો આહાર લેવો જોઇએ. પાંચમા દિવસથી સામાન્ય આહાર પર આવી શકાય. ટૂંકમાં, **જેટલા દિવસના ઉપવાસ કર્યા હોય એટલા જ બીજા દિવસો ખૂબ હળવો આહાર અને રસાહાર લેવો જોઇએ.**

આ એક એવો નિયમ છે જેનું ચુસ્ત પાલન કરવામાં ન આવે તો ઉપવાસ નિરર્થક નીવડે અને ક્યારેક વિપરીત અસર પણ થઇ શકે. ખાવાપીવામાં નિયમિતતા, ઔચિત્ય અને પ્રમાણ ન જાળવવાથી જ ઉપવાસ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. ઉપવાસ કર્યા પછી જો આવી જ અનિયમિતતા, અનૌચિત્ય અને અવિચારીપણું દાખવવામાં આવે તો શરીર પુનઃ દોષો અને વિષદ્રવ્યોનો ભંડાર બની શકે.

સ્વસ્થતામાં પણ દસ-બાર દિવસે એકાદ ઉપવાસ કરવાથી શરીરશુદ્ધિ થઇ જાય છે અને રોગોના પ્રાદુર્ભાવને અટકાવી શકાય છે.

*પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા*

*જો તમે એકવાર બોલતા પહેલા બે વાર વિચારશો તો તમે સારું જ બોલશો.*

# ક્રોધ

## (પ્રકરણ-૧)

ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)

- **કેસ સ્ટડી :**

૪૫ વર્ષના સફળ વેપારી નીતિનને વારંવાર ક્રોધ આવતો હતો. નાની નાની બાબતોમાં તથા નજીવી બાબતોમાં તો ક્રોધ કરવા લાગતો હતો. ઘરમાં બધા નીતિનથી ખૂબ ડરતા હતા. નીતિન ઘરની બહાર હોય ત્યારે ઘરમાં શાંતિ રહેતી હતી. બંને બાળકો પોતાની રીતે રમી શકતા હતા. થોડી ઘણી સામાન્ય મસ્તી (તોડફોડ નહીં) કરી શકતા હતા. બાળકો દોડાદોડી કરી શકતા હતા. ઘરમાં નિખાલસપણે વાતચીત થઇ શકતી. નીતિનની ગાડી સોસાયટીમાં દાખલ થાય કે ઘરમાં એકદમ શાંતિ થઇ જતી હતી. કોઇ વ્યક્તિ અવાજ ન કરે. બધા પોત પોતાની જગ્યાએ ગોઠવાઇ જાય. બાળકો અભ્યાસ કરવા માંડે. પત્ની પણ શાંતિથી પોતાના કામમાં લાગી જાય. ઘરમાં ટાંચણી પડે તો પણ અવાજ સંભળાય એવી (સ્મશાન જેવી) શાંતિ થઇ જાય. જરાપણ અવાજ થાય તો નીતિનનો પિત્તો જાય. જેણે પણ અવાજ કર્યો હોય એનું આવી બને. બાળકો કે પત્ની, મિત્રો/બહેનપણી જોડે નીતિનની હાજરીમાં ફોન પર વાતચીત ન કરી શકે.

ધંધામાં પણ નીતિનને ક્રોધ આવી જતો હતો. ઓફિસમાં કર્મચારીઓ પર ક્રોધ આવતો હતો. જો કોઇ કર્મચારી ભૂલ કરે તો નીતિન એના પર ખૂબ જ ગુસ્સે થઇ જતો. નીતિનના આ ક્રોધને લીધે કર્મચારીઓ વધારે વખત ઓફિસમાં ટકતા ન હતા.

ગ્રાહકો પર પણ નીતિનને ઘણી વખત ક્રોધ આવી જતો. પણ આ ક્રોધ નીતિનને મનમાં દબાવી દેવો પડતો હતો. કોઇક વખત ક્રોધ બહાર આવતો. એક વખત નજીવી બાબતમાં ગ્રાહક જોડે મતભેદ થવાથી નીતિનને ક્રોધ આવી ગયો. બોલવામાં ચડસા-ચડસી થઇ ગઇ. જેને લીધે ધંધાનો મોટો સોદો હાથમાંથી નીકળી ગયો. આ સોદામાં નીતિનને પાંચેક લાખનો ચોખ્ખો નફો થાત તથા વર્ષો સુધી દરેક વર્ષે ધંધો મળી રહેત. પાછળથી નીતિનને પસ્તાવો થયો.

એક વખત નીતિન પોતાની ગાડી ચલાવતો હતો ત્યારે એક રિક્ષા ચાલકે બાજુમાંથી આવી ખોટો વળાંક લીધો. સમયસરની બ્રેકને લીધે નીતિનની ગાડીનો અકસ્માત થતાં રહી ગયો. પરંતુ ગાડીને થોડુંક નુકસાન થયું. નીતિનનો પિત્તો ગયો. રિક્ષાચાલક જોડે ઝગડો થયો, ગાળાગાળી થઇ અને વાત મારામારી પર પહોંચી. મામલો પોલીસ ચોકીએ પહોંચ્યો. પોલીસ ઇન્સપેક્ટર જોડે પણ નીતિન ગુસ્સેથી વાત કરતો હતો. પોતે સાચો છે તથા રિક્ષાચાલકની ભૂલ છે એજ મુદ્દા પર ક્રોધ આવતો ગયો અને રિક્ષાચાલકને શિક્ષા આપવાની વાત કરતો રહ્યો. અંતે કલાક પછી ઇન્સ્પેક્ટરે રિક્ષા ચાલકને ઠપકો આપી છોડી દીધા. ઇન્સ્પેક્ટરે નીતિનની ધર્મપત્ની, જે એ વખતે સાથે હતી એને મનોચિકિત્સકની સલાહ લેવાનું કહ્યું.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
*એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.*

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


આ બધામાં નીતિનના બે-એક કલાક વેડફાયા. મન અસ્વસ્થ થયું. કામમાં મન ન ચોંટ્યું. બેંકમાં કામ માટે મોડેથી પહોંચાયું. સમયસર ન પહોંચવાથી બેંકમાં પૈસા ન ભરાયા. જેને લીધે નીતિનને બીજે દિવસે (દંડ) પેનલ્ટી ભરવી પડી. એ દિવસે કામમાં મન ન ચોંટવાથી ધંધા માટે દિવસ વેડફાઇ ગયો.

ઈન્સ્પેક્ટરની સલાહ પર નીતિને શાંતિથી વિચાર કર્યો. પત્ની જોડે ચર્ચા કરી લેખકને કન્સલ્ટ કર્યા. ઊંડાણમાં જતા નીચેની મહત્ત્વની માહિતીની જાણકારી મળી.

- **અન્ય લક્ષણો :**

નીતિનને ઘણી વખત ઊંઘ બરોબર આવતી ન હતી. સવારમાં ઊઠીને સ્ફૂર્તિ લાગતી ન હતી. અઠવાડિયામાં બે-ત્રણ દિવસ પરોઢિયે પાંચેક વાગે ઊંઘ ઊડી જતી પછી ઊંઘ ન આવતી. આ સમયે બેચેની થતી હતી. બપોર પછી એને સારું લાગતું હતું. રોજિંદું નિત્યક્રમ પણ ત્યારે પરાણે કરતો. ઓફિસે બપોરે બે-એક વાગ્યા બાદ જ જતો. સાંજના સારું લાગતું.

ઘણી વખત માથું દુઃખતું કે ભારી ભારી લાગતું હતું. પેટ ભારી રહેતુ હતું. ખાવાની ઇચ્છા ઓછી થઇ જતી. પેટમાં એસિડીટી તથા ગેસ થતો હતો. ખાટા ઓડકાર આવતા. નબળાઇ લાગતી હતી. આવું વારંવાર થતું. પરંતુ વચ્ચે વચ્ચે ખૂબ સારું લાગતું હતું. બહારગામ હોય ત્યારે આ તકલીફો ન થતી. વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ (બ્લડ, સુગર, થાઇરોઇડની તપાસ, કોલેસ્ટેરોલ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન વગેરે) બધું જ નોરમલ હતું.

- **નીતિનનું વ્યક્તિત્વ :**

નીતિનને કાંઇ પણ ખોટું થાય તો એ

*વિચાર કર્મનું બીજ છે.*

સહન થતું ન હતું અને ક્રોધ આવી જતો હતો. કોઇ વ્યક્તિ ખોટું કરતી હોય, ખોટું બોલતી હોય તો નીતિન તરત જ ક્રોધિત થઇ જતો. એ વ્યક્તિ જોડે કે એ કાર્ય જોડે નીતિનને કાંઇપણ સંબંધ ન હોય છતાં પણ નીતિન પોતાના ક્રોધને કાબૂમાં ન રાખી શકતો. એક વખત બીજી ગાડીના ડ્રાઇવરે રોડ અકસ્માત કરી, રસ્તે ચાલતા રાહદારીને ઇજા પહોંચાડી ગાડી હંકારી ગયો. નીતિને આ જોયું. પોતાની ગાડી ઝડપથી હંકારી નીતિને એને બીજા ટ્રાફિક સિગ્નલ પાસે પકડ્યો. પોલીસને ફોન કરી બોલાવી એ ડ્રાઇવરની ફરિયાદ નોંધાવી. સાક્ષી તરીકે પોતાનું નામ આપ્યું. નીતિન એ રાહદારી કે ડ્રાઇવરને ઓળખતો પણ ન હતો. આવી જ રીતે રસ્તામાં એક ઝઘડામાં નીતિન વચ્ચે પડ્યો. ઝઘડો કરનાર બંને પક્ષને નીતિન ઓળખતો પણ ન હતો.

- **મનોનિદાન :**

૧. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ (International Classification of Diseases-ICD-10) મુજબ નીતિનનો કેસ લાગણીના આવેશને કાબૂમાં રાખવામાં અસમર્થતાનો (Impulse Control Disorder) છે.

૨. સાથે સાથે સ્ટ્રેસ ડિસઓર્ડરના (તણાવયુક્ત બીમારીના શારીરિક લક્ષણો) (Stress Disorder) લક્ષણો પણ છે.

૩. સ્વભાવ દોષ (Personality Disorder) આ બીમારી માટેનું કારણભૂત મહત્ત્વનું ઘટક છે. (સહનશક્તિનો અભાવ, બાંધછોડ કરવાની વૃત્તિ ન હોવી, વધારે પડતો આત્મવિશ્વાસ, બીજાની ભૂલો જ શોધવી, વગેરે)

- **નીતિનના જીવન પર બીમારીની નકારાત્મક અસરો :**

૧. ધંધાકીય : ગ્રાહકો જોડેના સંબંધો જળવાઇ ન રહેતા થોડા ગ્રાહકોએ નીતિન જોડેનો ધંધાકીય વહેવાર બંધ કર્યો હતો જેથી ધંધો ઓછો થતો હતો.

૨. કૌટુંબિક : પત્ની અને બાળકો સતત ભયના વાતાવરણમાં જીવતા હતા. બંને બાળકોના વ્યક્તિત્વના ઘડતર અને વિકાસ પર નકારાત્મક અસર થયેલ. બાળકો હોંશિયાર હતા પરંતુ આત્મવિશ્વાસનો અભાવ હતો. ભણતરમાં આથી પાછળ રહેતા હતા.

૩. સામાજિક : છ મહિના પહેલાં થયેલ સમાજની સંસ્થાકીય ચૂંટણીમાં નીતિનનો પરાજય થયેલ જેનું મુખ્ય કારણ નીતિનનો ક્રોધિત સ્વભાવ હતો તથા પરસ્પરના સંબંધો જાળવી રાખવાની ક્ષમતા ન હતી.

- **સારવાર :**

૧. દવાઓ : નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ-અમેરિકાના વિજ્ઞાનીઓ દ્વારા કરવામાં આવેલા સંશોધનો દ્વારા એવું જાણવા મળ્યું છે કે "લાગણીના આવેશને કાબૂમાં રાખવામાં અસમર્થ" બીમારીમાં (Impulse Control Disorder) મગજના લિમ્બિક સિસ્ટમમાં રાસાયણિક ફેરફારો થાય છે જેને લીધે સીરોટોનીનની (serotonin) માત્રા ઓછી થઇ જાય છે. જેને લીધે બીમારીના લક્ષણો જોવા મળે છે. સિલેક્ટીવ સીરોટોનિન રિઅપટેક ઇન્હીબીટર (SSRI) દવાઓ આપી. જેને લીધે ક્રોધમાં ફરક પડ્યો.

૨. કોગ્નિટીવ બીહેવિયર થેરાપી : નીતિનને ડાયરીમાં ક્રોધની વર્તણૂકની નોંધ રાખવાની સલાહ આપી. (અ) ક્રોધ આવ્યાની પહેલાં થતાં પ્રસંગો/બનાવ/ઘટનાની નોંધ કરવાની (Antecadent Incidences) તથા (બ) ક્રોધની વર્તણૂક બાદના પરિણામ (Consequences) વિશે નોંધ રાખવા બદલ ચર્ચા કરી.

પત્નીને પણ ઉપર પ્રમાણે અલગથી નોંધ રાખવાનું સમજાવ્યું. નીતિન અને પત્નીએ યોગ્ય સહકાર આપ્યો.

આ નોંધની મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી પૃથક્કરણ (analysis) કર્યું. આથી નીતિન તથા એની પત્નીને ક્રોધ આવવાના કારણોની સમજ પડી.

ઘટનાઓ વિશેનો પોતાનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા બદલાવવાની અલગ અલગ પદ્ધતિઓ વિશે સમજણપૂર્વકની ચર્ચા કરી. ક્રોધ ન આવે એ માટે તથા ક્રોધ આવે તો એ કેવી રીતે વ્યક્ત કરવો જેથી સમસ્યાનો રસ્તો નીકળે તથા નકારાત્મક પરિણામ ન આવે એ પદ્ધતિઓ નીતિને અપનાવી. આથી ક્રોધમાં અપેક્ષિત પરિણામો મળ્યા.

ત્રણેક મહિનામાં નીતિનને ૭૦થી ૮૦% જેટલો ફાયદો થયો. ક્રોધ ઓછો થવાથી ઘરનું વાતાવરણ આનંદમય રહેવા લાગ્યું. પત્ની અને બાળકોનો ડર ઓછો થઇ ગયો. ઓફિસમાં તથા ગ્રાહકો પરની વર્તણૂકમાં ફેરફાર થયો. જેના સારા પરિણામો ધંધા પર થયા.

૩. સ્ટ્રેસ ડિસઓર્ડર માટે સાથે સારવાર કરી. જીવન શૈલીમાં ફેરફાર કરવાના સૂચનો કર્યા. (અ) સવારમાં ચાલવાનું (morning walk) શરૂ કર્યું. (બ) નીતિને પોતાનો મનોરંજન તથા રિલેક્ષેશન માટે સમય ફાળવ્યો. (ક) સ્કૂલની રજામાં બધા બહારગામ ફરી આવ્યા. આ બધાથી સ્ટ્રેસ ડિસઓર્ડરના લક્ષણો દૂર થયા. માથું દુ:ખવાનું, એસિડિટી, ઓડકાર, અનિંદ્રા વગેરે પર કાબૂ આવ્યો.

૪. મનોવિશ્લેષણ (કાઉન્સેલિંગ) : નીતિનના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, અપેક્ષા વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી અભિગમ બદલાવવા વિશે કાઉન્સેલિંગ કર્યું. આદર્શવાદી અભિગમ જતો કરી વ્યવહારુ અભિગમ (practical) અપનાવવા વિશે પ્રામાણિકપણે ચર્ચા કરી. નીતિને પોતાનામાં સમજણપૂર્વકના ફેરફારો કર્યા. આથી સહનશક્તિ વધી. તણાવનો સામનો કરવાની માનસિક શક્તિમાં (Stress Management) વધારો થયો.

*(અનુસંધાન : જુઓ પાના નં.-૮૯ ઉપર)*

*લખેલા કે બોલેલા શબ્દની શક્તિ કરતાં મને વિચારની શક્તિમાં વધુ શ્રદ્ધા છે.*

# મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા

(લેખાંક-૭)

• શાંતિલાલ વ. શાહ •

આજે આપણે ACRONYMS : SHORT AND FULL FORMS OF WORDS અંગે વાત કરીશું. પણ એ લાંબાટૂંકા શબ્દોની લાંબીટૂંકી વાત કરતાં પહેલાં, ગાંધીજીને યાદ કરીને, થોડુંક નવું જાણી લઈએ.

ગાંધીજીના ત્રણ વાંદરાઓની સૌને ખબર છે, ખરેખર તો આ વાંદરા જાપાનની લોકકથાના પાત્રો છે. ગાંધીજીએ એમની વાતને આગ્રહપૂર્વક સ્વીકારી, અપનાવી છે. એટલે આ જાપાનીસ ત્રિપુટીને આપણે 'બાપુના' છે એવું માન્યું છે. તેમના જાપાનીસ નામો છે :

(૧) MAZARU – ખોટું / ખરાબ જુએ નહીં તે, મઝારુ.

(૨) MIZARU – ખોટું / ખરાબ બોલે નહીં તે, મિઝારુ.

(૩) MICAZARU – ખોટું / ખરાબ સાંભળે નહીં તે મિકાઝારુ.

આનો સાદોસીધો અર્થ એટલો જ કે, ન તો કોઈનું આપણે ખરાબ બોલવું, ન બુરું સાંભળવું કે ન તો બુરું જોવું. બીજા શબ્દોમાં કોઈના દોષો જોવા નહિ, ને દેખાઈ જાય તો એ સૌને કહેતા ફરવું નહિ, નિંદા કરવી નહીં, જોયું ન જોયું કરવું, માફ કરવું, ભૂલી જવું. જિંદગી જીતવાની આ એક જડીબુટ્ટી છે. આ સંદેશ છે, આ ત્રિપુટીનો.

આ ત્રણેય સજ્જનો (!) જાપાનના કોઈ તીર્થના બારણે મૂકેલી કમાનમાં મૂર્તિરૂપે બિરાજમાન છે અને જાપાની પ્રજામાં પૂજનીય મનાય છે.

★ ★ ★

ત્રણનો આંકડો આવ્યો એટલે ત્રણ - R યાદ આવ્યા. આ ત્રણ R એટલે READING, WRITING અને ARITHMATIC. એવું કહેવાય છે કે, દરેકે આ ૩ વિદ્યાઓ શીખી લેવી જોઈએ. વાંચન, લેખન અને (પ્રાથમિક) ગણિત. કૉમર્સના વિદ્યાર્થીને કે ધોરણ-૧૦/૧૨ના વિદ્યાર્થીને ૨૨ x ૬ અથવા ૨૮ x ૮ ન આવડે તે ન ચાલે. ૩૦ સુધીના ઘડિયા (TABLES) ધોરણ-૧૦ સુધી પહોંચેલાને પણ આવડવા જોઈએ. પાનાના પાના ગોખી નાખનાર આજના વિદ્યાર્થીને ત્રીસ એકા સુધીના Table ન આવડે તે તો નવાઈ લાગે તેવું છે. મને વાંક માતા-પિતાનો દેખાય છે.

Reading અને Writing બાબતે આપણા સમાજની સાક્ષરતા સો ટકા છે તે વાત સદ્‌ભાગ્ય અને સંતોષની છે.

૩–R ની વાત પછી, એવી કેટલીક ENGLISH ત્રિપુટીની વાત કરીએ જે દરેક જિજ્ઞાસુ વિદ્યાર્થીને બેશક ઉપયોગી થઈ પડશે.

★ **TOM - DICK - AND HARRY :** અંગ્રેજ સમાજમાં આ નામો બહુ જ કોમન છે, આપણા શાંતિલાલ - કાંતિલાલ અથવા રમેશ ને સુરેશ જેવા. (જો કે આપણે ત્યાં ન સમજાય તેવા, જેનો અર્થ ન હોય તેવા નામો પાડવાના શરૂ થયા છે તે જુદી વાત છે. દા.ત. રીહેન, કુશીલ, જપેન) અને એ જ અર્થમાં વપરાય છે. દા.ત. અરે એમાં શું? આવું તો ટૉમ, ડીક કે હેરી પણ કરી શકે! મતબલ, સાવ સામાન્ય હોય તેવું.

★ **BUY - BORROW - OR STEAL :** કોઈ બાબત તમારા માટે અગત્યની હોવા છતાં તમારી પાસે ન હોય ત્યારે કોઈ કહે : ભાઈ, કાંઈપણ કરો એ તો હોવું જ જોઈએ. ચાહે ખરીદી લાવો, ઉછીનું લાવો કે છેવટે ચોરીને લાવો, પણ લાવો. દા.ત. 'સમય' બહુ જ જાણીતી વાત છે. બાળવર્ગથી કરીને સ્નાતક વિદ્યાર્થી પાસે 'ટાઈમ નથી.' નવાઈ લાગે તેવું છે ને?

આ 'સમય' એટલે પ્રભુએ આપેલું છૂપું ધન. એને હાથવગો કરતાં શીખવું જ પડે. BUY કે BORROW ન કરો તો ચોરી લો - તમારી ઊંઘમાંથી! માત્ર એકાદ કલાક ઓછી ઊંઘ કરશો, તો ૩૦ કલાક બચશે. આટલા સમયમાં તો ઘણું શીખી શકાય. ફક્ત ૧૫-૨૦ કલાકમાં તો તમે મોટર ચલાવતા શીખી શકો. અમારી ઓફિસના colleague શીખી આવ્યા. સમયનો સદુપયોગ કરો, વધુ સમૃદ્ધ બનો. ૨૫ કલાકમાં તમારા Englishને તમે Polished કરી શકો.

★ **VENI - VIDI - VICI :** I came, I saw and I conquered. હું આવ્યો, જોયું ને જીતી લીધું! સમ્રાટ સિકંદર અથવા અશોક જેવા પરાક્રમી રાજા જ આવું બોલી શકે. પણ આજે આ Phrase જ્યારે કોઈ ઝપાટાભેર સફળતા હાંસલ કરે ત્યારે તેને માટે વપરાય છે.

★ **CITIUS - ALTIUS - FORTIUS :** ઝડપ, ઊંચાઈ ને ખડતલપણું. આ વાત સદીઓ જૂની OLYMPIC GAMESની છે. ચાલવા-દોડવામાં ઝડપ, કૂદવા ઠેકવામાં ઊંચાઈ અને સર્વાંગી ખડતલપણું હાંસલ કરો એવો આ રમતોનો ઉદ્દેશ છે. આધુનિક રમતોમાં પાંચ RINGS પણ પ્રતીક તરીકે મૂકાય છે. એ છે પાંચ ખંડો. ૨૦૦૮માં થયેલા રમતોત્સવમાં ૧૨ હજાર રમતવીરોએ ભાગ લીધેલો. હવે ૨૦૧૨માં લંડન ખાતે ભવ્ય ઑલિંપીકોત્સવ ઉજવાશે.

★ **HURRY - WORRY and CURRY :** આ ત્રિપુટીથી દૂર રહેવા જેવું છે! ઉતાવળ, ચિંતા અને કઢી (એટલે વધુ પ્રમાણમાં ખોરાક, પ્રતીક તરીકે ને પ્રાસ માટે આ કઢીને લીધી છે) વળી ઉતાવળા

*વિવાદોથી દૂર રહેવું એ સફળ માણસનું લક્ષણ છે.*

સો બહાવરા – Haste is waste – કોને નથી ખબર?

ચિંતા તો વળી ચિતા સમાન ગણાય છે. આ ચિંતા કર્યે વાસ્તવિક્તામાં કાંઈ ફેર ન પડે. કઢી એટલે Over eating. આથી શરીરને લાભ કરતાં ગેરલાભ વધુ થાય. આમ, Hurry અને Worry કરવા નહી અને ખોરાક પ્રમાણસર લેવો.

★ **HAND - HEAD and HEART :** આ વાત છે, કામ કરવાના પ્રકારની. હાથની કુશળતા બતાવે તે કારીગર. માથું-મગજ વાપરીને કામ કરે White Collar વાળા. અને ત્રીજા, હૃદયથી કામ કરે, સંવેદના તેમની કળામાં ઉતારે તે, કળાકાર. કવિઓ, શિલ્પીઓ અને ચિત્રકારો આ કક્ષામાં આવે.

★ ★ ★

## ACRONYMS અથવા ABBREVIATIONS (સંક્ષેપ)

ACRONYMSની વાત કરતાં, છેલ્લે આપણે AUTOMATED TELLER MACHINE (ATM) ની વાત કરી હતી. હવે આગળ.... ATKT. કૉલેજના વિદ્યાર્થીઓ આ ATKT છૂટથી બોલે છે, પણ અર્થ કરી શકતાં નથી. ક્યારેક તો જેને ATKT મળે છે, એટલે જેને ATKTની સજા થઈ છે તેને પણ જાણ નથી. જાણકારી? બોલતા જ નહીં. કોઈ એક જીગરભાઈને તેમની કૉલેજે તેમના નામ આગળ Ms લખીને તેમને જીગરબહેન બનાવી દીધેલાં! એટલું જ નહિ, આગળ ચાલીને એ સર્ટિફિકેટમાં તેમના માટે HISને બદલે HER વાપર્યું છે! પણ મજા જુઓ. હોંશેહોંશે સર્ટિ. લઈને ફરતા ભાઈને ખબર નહિં કે પોતે હવે જીગરબહેન થઈ ગયો છે! (આ સર્ટિ.ની ઝેરોક્ષ મારી પાસે છે.) Engineer થવા જતો વિદ્યાર્થી કદાચ Ms માં ન સમજે પણ HIS/HER માં તો સમજે ને? પણ સર્ટિ.ની ૪ લીટી વાંચે કોણ? સમજે કોણ? Msની વાત અહીં થઈ ચૂકી છે, પુનરાવર્તન નહીં કરીએ.

આ ATKTને ખોલી નાખીને એક વિદ્યાર્થીએ હસાવેલા. Abhi Thoda Kabhi Thoda! અભી થોડા, કભી થોડા! બીજા નમુના પણ જોવા જેવા છે. Aa Te Kevu Tapasyum? આ તે કેવું તપાસ્યું? અથવા Aa Te Kevi Takaleef! આ તે કેવી તકલીફ! પણ સાચું Deabbreviation છે : Allowed To Keep Term. આગળ જાવ, નવી ટર્મ ભલે ભરો, પણ આ વિષયનું વધારાનું પેપર, તે દરમ્યાન ક્લિયર કરવું પડશે, જેમાં તમને ATKT મળી છે.

આવા જ બે શબ્દો બીજાં જોયા પછી આગળ વધશું. જુદા જુદા ક્ષેત્રે વપરાતા Acronym અનેકાનેક છે. અને હજી નવાનવા રચાયા કરે છે. કારણ સૌએ SPACE, શાહી, કાગળ અને Energy બચાવવા છે. છાપું વાંચતા વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુ વાચકને અવારનવાર જેનો ભેટો થઈ જાય, તેવા થોડા શબ્દો નોંધીશું. મેડિકલ, શૈક્ષણિક, Sports, NGO એટલે સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે દરેક ક્ષેત્રમાંથી ચૂંટેલા ૮/૧૦ શબ્દો જ જોઈશું.

બે નવા શબ્દો છે : FAMILY અને VIBGYOR.

★ **FAMILY :** Father and Mother I Love You. પરિવારમાં માતા-પિતા ચાહવા જેવા છે તે વાત યુવા પેઢીને સમજાવવા જેવી છે.

★ **VIBGYOR :** RAINBOW (મેઘધનુષ)ના સાત રંગો – Violet, Indigo, Blue, Green, Yellow, Orange and Red. આ VIBGYORનું સરળ - સરસ - સીધું ગુજરાતી છે : જાનીવાલીપીનારા (જાંબલી, નીલો, વાદળી વગેરે)

General Categoryમાં આવે તેવા અને સૌ કોઈને જાણવા ગમે તેવા વધુ શબ્દો જોઈશું. દા.ત. CCTV, YMCA, ABCD આવા શબ્દો અપાર છે, અસંખ્ય. આ જનરલ પ્રકારના શબ્દો સિવાયના જુદા જુદા ફિલ્ડમાંથી બે બે શબ્દો પહેલા જોઈએ.

★ **Education :**

3G : Third Generation

TOEFL : Teaching of Eng. as Foreign Language.

★ **NGO : Non Govt. Organisation.**

CRY : Children Relief and You.

AAG : Alliance of All Guj. Women.

★ **Development :**

SEZ : Special Economic Zone.

P.A.P. : Project Affected People.

★ **Business :**

IPO : Initial Pub. Offering.

PPP : Private and Pub. Partnership.

★ **Medical :**

TKR : Total Knee Replacement

ECG : Electro Cardiao Graph.

★ **Social :**

DINKI : Double Income, No Kids.

NIMBY : Not in My Back-Yard.

★ **Sports**

SAI : Sports Authority of India.

GOLF : Gentleman Only, Ladies Forbiden.

★ **Police**

CID : Crime Investigation Dept.

CBI : Central Bureau of Investigation.

*લગ્નની ફતેહ યોગ્ય વ્યક્તિ શોધવામાં નહિ પણ યોગ્ય વ્યક્તિ થવામાં રહેલી છે.*

★ **Science**

FSL : Forensic Sc. Lab.

SCUBA : Self Contained Underwater Breathing Apparatus.

★ ***અને હવે General Category :***

ABCD : American Born Confused Deshi.

AKA : Also Known As (ઉર્ફે)

BPO : Business Process Outsourcing.

BVQI : Bureau Veritis Quality Intern'l.

CAG : Comptroller and Auditor General

CFL : Compact Florescent Light

CTSCAN : Computerize Temography

DAMA : Discharge Against Medical Advice

DIY : Do It Yourself.

ECG : Electro Cardiograph

FAQ : Frequently Asked Question

FSI : Floor Surface Index

IMFL : Indian Made Foreign Liquor

INSAF : Indian Soc'l Action Forum

PP : Per Pro (ને બદલે)

SOS : Save Our Souls.

SEWA : Self Employed Women Association

SEZ : Special Economy Zone.

TDS : Tax Deduction at Source.

TINA : There Is No Alternative.

TRP : T.V. Ratting Points

UFO : Unidentified Foreign Object.

*છેલ્લે દરેક વાંચકને મમળાવવા જેવું એક નાનું વાક્ય :*

There is so much good in worst of us, and so much bad in the best of us that, it hardly makes any of us to talk about rest of us.

આવા જ મતલબની સંત કબીરે કરેલી વાત :

*"બુરા બુરા સબ કોઈ કહે, (મુજે) બુરા ન દિસે કોઈ*
*જો જગ શોધું 'અપના', મુજસે બુરા ન કોઈ."*

*(સંપૂર્ણ)*

***એ-૫, મલ્હાર એપાર્ટમેન્ટ,***
***ટેલિફોન એક્સચેન્જ પાછળ, વાસણા,***
***અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૦૭૯૯૦***

બાળ વાર્તા

# ''હું એમ કરવાની નથી!''

• ઇનિડ બ્લાઈટન •

એક જમાનામાં ફેની નામની એક નાની છોકરી હતી. તે આઠ વરસની હતી. (વધુ પડતા લાડથી) તે બગડી ગઇ હતી. તે ખૂબ બીમાર હતી અને માને તેને માટે દિલગીરી થતી હોવાથી તેણે ફેનીને મન ફાવે તેમ વર્તવા દીધી હતી.

જ્યારે જ્યારે તે ફેનીને તેને ન ગમતું કામ કરવા કહેતી ત્યારે એ નાની છોકરી 'હું એમ કરવાની નથી!' એમ કહીને જીભ કાઢી ગુસ્સો વ્યક્ત કરતી.

''તું જઇને મારો આ પત્ર ટપાલમાં નાખી આવીશ?'' તેની મા તેને કહેતી ત્યારે ફેની તેનો જવાબ હંમેશાં આપતી :

''હું એમ કરવાની નથી.''

અચ્છા, તમે, જો આવી વાત વારંવાર કહેતા રહો તો પછી તમે પોતાને રોકી ન શકો. થોડા વખતમાં ફેની દિવસમાં સો વાર 'હું એમ કરવાની નથી,' એમ કહેવા લાગી.

'લાડ લડાવી છોકરીને કેટલી બગાડી નાખી છે!' લોકો કહેતાં. 'ખરેખર જ તે અત્યંત ત્રાસદાયક છે.'

તેની દાદીએ તેને સખતાઈપૂર્વક કહ્યું, ''ફેની, દરેક વાતે, 'હું એમ કરવાની નથી' એમ કહી દેવાની તારી આદત મને (બિલકુલ) પસંદ નથી. તું આ ટેવ છોડી દેવાનો પ્રયાસ કર.''

તરત જ ફેની બોલી, ''હું એમ કરવાની નથી!''

આવા છોકરાઓને તમે શું કરી શકો, વારુ?

એક વાર ફેની ખેતરોની બીજી બાજુ ગઇ હતી. તે રસ્તો ભૂલી ગઇ. થોડી વારે પોતે એક અજબ નાના મકાન પાસે પહોંચી ગયાનું તેને જણાયું. નજીકમાં જ એક કૂવો હતો અને એક ડોશી તેમાંથી પાણી ભરેલી બાલદી ઉપર ખેંચવા માટે મૂઠ (હેન્ડલ) ફેરવી રહી હતી. ફેની તેની નજરે પડી એટલે તેણે તેને ઇશારો કરીને બોલાવી.

''છોકરી, અહીં આવીને મને પાણી કાઢવામાં મદદ કર.''

''હું એમ કરવાની નથી,'' ફેનીએ તરત જ જવાબ દીધો.

એ ડોશી ચિડાઇ ગઇ. તેણે બાલદી ઉપર ખેંચી પછી તેને ગાળિયામાંથી બહાર કાઢી નીચે મૂકી.

''આ (બાલદી) તું મારે ખાતર ઘરમાં લઇ આવ,'' એ ડોશીએ કહ્યું. ફેનીએ કહ્યું, ''હું એમ કરવાની નથી.'' ''તને તો જાણે 'હું એમ કરવાની નથી,' તે સિવાય બીજું કંઇ બોલતાં જ આવડતું નથી એમ લાગે છે. થોડો ફેરફાર કરીને બીજાં ખુશ થાય એવું કંઇ તું બોલી શકતી નથી?''

''હું એમ કરવાની નથી!'' ફેનીએ કહ્યું.

''અચ્છા, ભલે ન કરતી!'' એ ડોશીએ કહ્યું. હવે પછી તું ''હું એમ કરવાની નથી'' એમ જ બોલી શકીશ અને બીજું કશુંય નહિ. અને શક્ય છે કે થોડા વખતમાં તને બદલાઇ જવાનું મન થાય.

અને એમ કહીને તે કેડી પર ચાલી પોતાની ઝૂંપડી પાસે ગઇ અને બારણું ઉઘાડી અંદર દાખલ થઇ. તેણે બારણું અંદરથી બંધ કર્યું. ફેની થોડી ગભરાઇ. તેને યાદ આવ્યું કે તે ડોશીની આંખો લીલી હતી. કદાચ તે પરીઓની જાતમાંની પણ હોય.

તે તરત જ દોડવા લાગી અને તેને રસ્તો જડી ગયો. તે ઘેર પાછી ફરી. રસ્તામાં તેને તેની નિશાળમાંની સખી જેન મળી.

''ફેન! ચાપાણી કરીને મારી સાથે રમવા આવ અને મારી ઢીંગલી જોજે.'' જેને કહ્યું.

''હું એમ કરવાની નથી,'' ફેનીએ કહ્યું. અને તે બદલ તેને પોતાને જ ખૂબ આશ્ચર્ય થયું કારણકે તેને જેન પાસે જવાનું ઘણું મન હતું. પોતાની નવી ઢીંગલી જાતે જ કેવી ઊભી રહે છે અને 'બા' બોલે છે તે જેને નિશાળમાં દરેક જણને કહ્યું હતું.

''ભલે ત્યારે, નહિ આવતી!'' જેને ખોટું લગાડતાં કહ્યું. ''હું મેરીને બોલાવીશ.'' ફેની બેચેન થઇને ઘેર પહોંચી. તેની મા તેને બારણા પાસે મળી.

''ફેની બેટા, અંદર આવે તે પહેલાં જઇને તારે માટે કંઇક મીઠાઇ લઇ આવ,'' માએ કહ્યું. ''ગયે અઠવાડિયે તને શનિવારે મળતા છ પેન્સ મળ્યા નહોતા. જા અને હમણાં જ લઇ આવ.''

''હું એમ કરવાની નથી!'' ફેનીએ કહ્યું. તેની મા તેની તરફ આશ્ચર્ય સાથે જોઇ રહી. ફેની સુદ્ધાં પોતાની મા તરફ ફાટી આંખે જોઇ રહી. તેને ખરેખર આવું બોલવું નહોતું. તેને મીઠાઇ ભાવતી હતી અને બહાર જઇને તે લાવવામાં મજા આવે તેમ હતી. તેણે કહેવું જોઇતું હતું, ''હું જરૂર જાઉં છું!'' પરંતુ તેના મોંમાંથી ફરી એકવાર આ શબ્દો નીકળ્યા, ''હું એમ કરવાની નથી!''

''મારી લાડકી દીકરી, તારે ન જવું હોય તો ન જતી.'' તેની માએ કહ્યું, ''ક્યારેક ક્યારેક તું કેટલી પજવે છે! હું તારા છ પેન્સ બાજુવાળા જોનને આપીશ.''

ફેની રડતી રડતી તેના સૂવાના ઓરડામાં ગઇ. રસ્તામાં તેને રસોયણ મળી.

''હું કેક બનાવું છું,'' રસોયણે કહ્યું, ''ચાલ નીચે અને થાળીઓ માંજી-વીછળી કાઢ જોઇએ.''

એ કામ ફેનીને ખૂબ ગમતું હતું. પરંતુ તમે કલ્પના કરી શકો છો તેમ તેની જીભે જવાબ આપી જ દીધો, ''હું એમ કરવાની નથી.''

*એક વાર પરણવું ફરજ છે, બીજીવાર ભૂલ છે, ત્રીજીવાર ગાંડપણ છે.*

''ભલે, મને એમ લાગ્યું હતું કે આ કામ તને ખૂબ ગમશે,'' રસોયણે ગુસ્સે થઇને કહ્યું અને તે ટટાર માથું રાખીને નીચેના મજલા પર ગઇ.

બિચારી ફેની! એ દિવસ તેનો ખૂબ જ ત્રાસદાયક વીત્યો. એમ લાગ્યું કે દરેક જણ તેનું કંઇક ભલું કરવાની જ વાત કરતું હતું અને તે માત્ર ''હું એમ કરવાની નથી!'' એમ જ કહેતી રહી.

છેવટે દરેક જણ તેના પર ચિડાયું હતું. તેની માએ તેને સૂવા મોકલી દીધી. ''જા, સૂવાના ઓરડામાં અને ત્યાં જ રહે!'' માએ કહ્યું.

''હું એમ કરવાની નથી!'' ફેનીએ કહ્યું. પરંતુ તેમ છતાં તેને જવું પડ્યું.

હવે તે પથારીમાં મોઢે ઓઢીને રડતી રડતી પડી હતી ત્યારે બારણા પર હળવો ટકોરો પડ્યો અને બીજા કોઇનું નહીં પણ તેણે કૂવા પાસે જોયેલી પેલી ડોશીનું જ આગમન થયું.

''રામ રામ,'' તેણે ફેનીને કહ્યું. ''તારી જીભ હવે કેવીક ચાલે છે (તારું બોલવાનું એવું જ ચાલુ છે કે)? શું તું નક્કી કરે તો યોગ્ય રીતે બોલી ન શકે?''

ફેની કશો જવાબ ન આપી શકી કારણ કે તે જાણતી હતી કે તેની જીભ તો ''હું એમ કરવાની નથી!'' એમ જ બોલી નાખશે. અને હવે તેણે પ્રયત્નપૂર્વક પણ યોગ્ય રીતે જ બોલવું જોઇએ તેવું સમજાઇ રહ્યું હતું.

''અચ્છા,'' એ ડોશીએ કહ્યું. ''તારી સાથે હું એક કરાર કરું છું. તું જો એક સારી છોકરી તરીકે વર્તવાની કોશિશ કરશે અને ફાવે તેમ તથા ઉદ્ધતાઇથી નહિ વર્તે તો હું તારી જીભને ફરી સુધારી દઇશ. પરંતુ હું તને એવી પણ ચેતવણી આપું છું કે એક દિવસમાં તું 'હું એમ કરવાની નથી' એમ એકથી વધુ વાર બોલશે તો એ જાદુઇ શ્રાપ પાછો આવશે અને (હું એમ કરવાની નથી) તે સિવાય બીજું કંઇ પણ બોલવાનું તારે માટે શક્ય નથી એમ તને જણાશે.''

''આભાર તમારો,'' ફેનીએ કહ્યું. ''હું તમારી સાથે ઉદ્ધતાઇથી વર્તી હતી તે બદલ દિલગીર છું. હું હવે ઉદ્ધતાઇથી કે ખરાબ માણસની જેમ નહિ વર્તુ.''

''આ જ રીત છે વાત કરવાની!'' પેલી ડોશીએ કહ્યું. તે સ્મિત કરીને બોલી, ''આવજે. કોઇ દિવસ આવીને મને મળજે અને કદાચ તારી જીભ ''હું એમ કરવાની નથી!'' ને બદલે કંઇક વધુ સારું બોલશે.''

ફેનીને પડેલી કુટેવમાંથી છુટકારો મેળવતાં ખૂબ મુશ્કેલી પડી. પરંતુ દિવસમાં એકથી વધુ વાર ''હું એમ કરવાની નથી!'' એમ બોલવાથી પેલો મંત્ર અવળી અસર કરશે તેની તેને પૂરી ખાતરી હોવાથી તે (બોલવામાં) ખૂબ સાવચેત રહેવા લાગી. એ જાદુની અવળી અસર થઇ નહિ અને તેથી કદાચ તે હવે સુધરી ગઇ હશે.

પોતે સુધરી ગઇ છે એમ કહેવા માટે તે પેલી ડોશીની ઝૂંપડી શોધી કાઢવાનો પ્રયાસ કરે છે. ''હું પણ તેની સાથે જઇ શકું તો સારું! એ ડોશી તેની લીલી આંખો મટકાવતી મારી સામે જોઇ રહી છે એમ જોવાનું મને ગમશે. તમને પણ એમ નથી લાગતું?''

*પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા*

## ક્રોધ

(અનુ. : પાના નં.-૮૪ ઉપરથી ચાલુ)

- **ક્રોધિત વર્તણૂક :**

ક્રોધિત વર્તણૂક મનની બીમારીનું લક્ષણ છે.

આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ ICD-10 મુજબ લાગણીના આવેશને કાબૂમાં રાખવામાં અસમર્થન (Impulse Control Disease) તરીકે નિદાન થાય છે. આમાં નીચેના એક અથવા વધારે લક્ષણો જોવા મળે છે.

૧. વારંવાર ક્રોધ આવવો.

૨. ક્રોધની માત્રા વધારે હોવી.

૩. નજીવા/ક્ષુલ્લક કારણને લીધે ક્રોધ આવવો.

૪. ક્રોધની નકારાત્મક અસરો થવી.

૫. ક્રોધની નકારાત્મક અસરો લાંબો સમય સુધી રહેવી.

જેવી રીતે તાવ આવવો એ શારીરિક બીમારીનું લક્ષણ છે, યોગ્ય નિદાન (ટાઇફોઇડ, મલેરિયા, ક્ષય, વાયરલ વગેરે) કરી સારવાર કરાય છે, તેવી જ રીતે ક્રોધિત વર્તણૂક એ મનની બીમારીનું લક્ષણ છે. મૂળ મનની બીમારીનું નિદાન કરી યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

આવતા લેખમાં મનની કઇ બીમારીઓમાં ક્રોધિત વર્તણૂક થાય છે, એના કારણો શું છે, એમાં થતાં શારીરિક ફેરફારો તથા મનોચિકિત્સા વિશે ચર્ચા કરીશું.

*(ક્રમશઃ)*

## LIVE YOUR LIFE

| | |
|---|---|
| Life is a Book | Study it |
| Life is a Beauty | worship it |
| Life is a challange | meet it |
| Life is a opportunity | Utilize it |
| Life is a sorrow | overcome it |
| Life is a Dream | Realise it |
| Life is a tragedy | Face it |
| Life is a Song | Sing it |
| Life is a love | Enjoy it |
| Life is a Game | Play it |
| Life is a Adventure | Dare it |
| Life is a promise | fulfil it |
| Life is a struggle | Accept it |
| Life is a Blids | test it |
| Life is a Duty | Perform it |
| Life is a Journey | End it |

*અમૃતલાલ નાનજી માલદે*

*આગળ વધવા માટે પહેલા તો આપણે આપણામાં શ્રદ્ધા રાખવી જોઈએ, તે પછી ઈશ્વરમાં.*

હળવાશની ક્ષણોમાં

# ફુટપાથ પર ગાય!

• ચિત્રસેન શાહ •

'સંદેશ'ની અવળીગંગા વાળા અમારા મિત્ર જાણીતા હાસ્યલેખક શ્રી નિરંજન ત્રિવેદીનો એક હાસ્યલેખ વર્ષો પહેલાં વાંચેલો. જેનું શીષર્ક હતું 'બેન્કમાં ગાય!' આજે તે યાદ આવવાનું પણ એક કારણ છે. આજે જ્યારે હું મોર્નિંગવોકમાં નીકળ્યો હતો ત્યારે બે ગાયો પણ મોર્નિંગવોકમાં નીકળી હતી! હું ફુટપાથ પર ચાલતો હતો અને થોડે દૂર ગયો હોઇશ ત્યાં સામેથી બે ગાય આવતી દેખાઇ. તે પણ ગાંધીનગરના નવાનકોર ફુટપાથ પર ચાલતી- આખો ફુટપાથ રોકીને-આવતી દેખાઇ. (ઘણા કોલેજિયન ઘણીવાર આખો રસ્તો રોકીને ચાલતા હોય છે તે જ રીતે!) એક જ ટ્રેક પર ઘણીવાર સામસામે ટ્રેઇનો આવી જાય છે (અને હવે તો એક જ રન-વે પર સામ સામે પ્લેન આવી જવાના બનાવ પણ બનવા લાગ્યા છે!) તે જ રીતે હું અને બે ગાયો એક જ ફુટપાથ પર સામસામે આવી ગયા હતા! શિયાળાની સવાર હતી છતાં ધુમ્મસ ન હોવાને કારણે મને ગાયો આવતી દેખાઇ હતી અને ગાયોને હું પણ દેખાયો જ હોઇશ!

છતાં આવું બન્યું હતું!

તે સમયે મને પંચતંત્રની વાર્તા યાદ આવી ગઇ! અને તેનો સાર મને કામમાં લાગ્યો! પંચતંત્રની વાર્તામાં આવે છે કે એક નાળાં પરના સાંકડા પુલ પર સામ સામે બે કૂતરાં આવી જાય છે. લાકડાનો પુલ એટલો સાંકડો છે કે તેના પરથી એક જ વ્યક્તિ કે પ્રાણી પસાર થઇ શકે. એક કૂતરો બેસી જાય તો બીજો તેના પર થઇને જઇ શકે પરંતુ પ્રથમ તેમના અહમ ટકરાયા! (માણસ પાસેથી જ પ્રેરણા લીધી હશે ને!) અને ત્યારબાદ તેમના શરીર! કોણ બેસે તે અંગે ઝઘડો થયો અને ઝઘડામાં ને ઝઘડામાં બંને નીચે નાળામાં પડી ડૂબી ગયા! ત્યારબાદ બે બકરીઓ સામ સામે પુલ પર ભેગી થઇ ગઇ. પરંતુ બકરીઓ સમજુ હતી. તેથી એક બકરી બેસી ગઇ અને બીજી તેના પર થઇને પસાર થઇ ગઇ. (પંચતંત્રની એ વાર્તાનું શીર્ષક હતું-સમજુ બકરી!) અમારા (એટલે કે મારા અને બે ગાયોના) કેસમાં હું ફુટપાથ પરથી નીચે ઉતરી ગયો ને ગાયને રસ્તો કરી આપ્યો!

આ વાત અમે જ્યારે અમારા એક મિત્રને કહી ત્યારે તેણે અમારી મજાક કરતાં કહ્યું - 'એટલે તમે સમજુ બકરીને?!'

અમે જવાબ આપ્યો - 'હા. નહીં તો અમે કૂતરા સાબિત થાત!'

ફુટપાથનો ઉપયોગ પ્રાણીઓ ઉપરાંત સાઇકલ સવાર કે સ્કૂટર ચાલકો પણ અવારનવાર કરતા હોય છે! આવા સંજોગોમાં રાહદારીને રસ્તા પર આવી જવું પડે છે! અને ત્યારે એક્સીડેન્ટનો ભય વધારે એટલા માટે રહે છે કે વાહનચાલકો તો સમજે છે કે રાહદારીઓ તો ફૂટપાથ પર જ ચાલતા હશે ને! તેથી તેઓ તો આંખો બંધ કરીને એક્સલરેટર દબાવે રાખે છે અને એક્સિડેન્ટ થાય છે. ત્યારે ટ્રાફિક પોલીસ પિક્ચરમાં આવે છે! તે સીધો રાહદારીને જ સવાલ પૂછે છે - 'તમે ફુટપાથ પર કેમ નો'તા ચાલતા?!' અહીં 'અંધેરી નગરી ને ગંડુરાજા' વાળી વાર્તા જેવું થયું!

મોર્નિંગવોકમાં થોડે દૂર ગયો હોઇશ ત્યાં એક ભાઇએ તે વિસ્તારમાં રહેતી એક વ્યક્તિના ઘરનું સરનામું પૂછ્યું. તે વ્યક્તિ મારા પરિચયમાં હતી. સરળ વ્યક્તિત્વ અને નિખાલસ સ્વભાવને કારણે તે અમારા સર્કલમાં 'સીધા માણસ' તરીકે ઓળખાતો હતો. મેં પેલા ભાઇને કહ્યું- જુઓ સામે રસ્તો જ્યાં વળાંક લે છે ત્યાં જ સીધા માણસનું ઘર છે! એટલે એમ પણ કહી શકાય કે બહારના પરિબળો ભલેને આરોહ-અવરોહ વાળા હોય, વાંકાચૂંકા હોય પરંતુ સીધો માણસ સીધો જ રહે છે!

મોર્નિંગ વોકમાં આગળ વધીએ તો-

આગળ જતાં મેં એક પેઇન્ટરને મોરના ઇંડા ચિતરતો જોયો!

મેં તેને કહ્યું- 'ભાઇ, પેઇન્ટર, તમે કહેવત નથી સાંભળી કે મોરના ઇંડાને ચિતરવાના ન હોય?!' તેણે જવાબ આપ્યો- 'કહેવત તો મેં પણ સાંભળી છે પરંતુ આ ઇંડું જેનું છે તે મોર-ઢેલની જોડી ચીનથી આયાત કરેલી છે! અને ચાઇનીઝ આઇટેમનું ભલું પૂછવું. અને ખરેખર એ મોર પર મેં પાણી છાંટ્યું તો તેનો કલર ઉતરતો હતો! તેથી આગમચેતી રૂપે ઇંડાને ચિતરું છું!'

અને છેલ્લે :

એક ઝેબ્રા ક્રોસિંગ પાસે મેં એક કુંભાર અને કેટલાક ગધેડાને ઝેબ્રા ક્રોસિંગ ક્રોસ કરતા જોયા! ગધેડા પટ્ટા કરેલા ભાગ પરથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા-કુંભાર પટ્ટા વગરના ભાગ પરથી ક્રોસ કરી રહ્યો હતો!

આને કહેવાય-

કુંભાર કરતાં ગધેડા ડાહ્યા!

આજે આ લેખમાં 'ડરના મના હૈ' પિક્ચર જેવું થયું છે! એ પિક્ચરમાં અલગ અલગ છ નાની નાની વાર્તાઓ છે. આ લેખમાં પણ નાના નાના બનાવોને જોડીને લેખ બનાવ્યો છે!

આજે મોર્નિંગ વોકમાં જતી વખતે થયેલા અનુભવો કે કાઇટ ફેસ્ટીવલના માહોલમાં આવેલ વિચારોને કાલ્પનિક રંગોમાં ઝબોળીને માનસિક આકાશને રંગબેરંગી પતંગોથી ભરવા વાઇબ્રન્ટ પ્રયાસ કર્યો છે!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

*વિશ્વાસ અશક્યને શક્ય બનાવે છે.*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે કોમ્પ્લેક્સમેં જુકો વિડિયો સી.ડી.જી દુકાન આય તેંજો માલિક ચીટર આય... ક કુરો? પાંજે નીચે જે ફ્લેટવાળા આસુમલ કડુણા અન સાથે મથાકુટ કંઈયે તા ક કાલ સાંજીજો જ આંઈ હી સી.ડી. ગેને વ્યો અઈયા. અનમેં નતો કીં અવાજ અચેતો ને નતો કીં ડસાજે તો. હેડી કેડી સી.ડી. ડીંયેતો? સે જરા તપાસ ત કર દુકાનવારો હેડો કુલા કરેતો? કન પિક્ચરજી સી.ડી.લા કરે ઝઘડો થીયેતો?

બચુડો : તપાસ કે ને ચેં ક આસુમલ જુકો સી.ડી. ખણેને આવ્યા આંઈ સે કોઈ પિક્ચરજી નાંય પણ ઈ તા "હેડ ક્લીનર" આય. અતરે અનીંકે અનમેં કીં ડસાજે નતો ને કીં સુણાજે નતો.

## ખિલજા મ ભલા

મંછાબહેન : અરે ચંપાબહેન, તમે આખો દિવસ ઘરમાં હોય એટલો સમય તમારા પતિને કાંઈને કાંઈ સંભળાવતા જ હોવ છો... અને બોલતા બોલતા થાકી જાવ ત્યારે રેડિયો ચાલુ કરી દ્યો છો. આમ કેમ? થોડીવાર તો એમના કાનને શાંતિ મળે એવું કરો...

ચંપાબહેન : આ તો મારી વાત સાંભળવાની એમની આદત છૂટી ન જાય એટલા માટે હું એમને રેડિયો સંભળાવતી રહું છું.

☺ ☺ ☺ ☺ ☺

કાવ્યેશ : (દુકાનના સેલ્સમેનને) શું તમારી પાસે એવું કાર્ડ છે જેમાં લખેલું હોય 'તારો અને ફક્ત તારો જ...'

સેલ્સમેન : હા જી.

કાવ્યેશ : તો મને એવા પચ્ચીસ કાર્ડ આપો.

☺ ☺ ☺ ☺ ☺

કિંતન : અરે કેતકી, સાંભળ, ડૉક્ટરોનું કહેવું છે કે વધારે બોલવાથી ઉંમર ઓછી થઈ જાય છે.

કેતકી : હવે તો તમે માનશો ને કે મારી ઉંમર ૩૮માંથી ઘટીને ૨૮ કેવી રીતે થઈ ગઈ?

☺ ☺ ☺ ☺ ☺

આદિત્ય : પપ્પા, તમે મને ઢોલ લઈ આપો.

પપ્પા : પણ ઢોલ વગાડી વગાડી તું મને સુવા નહીં દે.

આદિત્ય : એ તો તમે સૂઈ જશો પછી જ વગાડીશ.

☺ ☺ ☺ ☺ ☺

પ્રિયતમા : તું વારંવાર કહ્યા કરે છે કે તારા માટે તો હું મોતનો પણ મુકાબલો કરું.

પ્રિયતમ : હા.. હા... જરૂર આ વીરનું વચન છે.

પ્રિયતમા : તો આ સામે આવી રહ્યો છે એ સિંહનો સામનો કરો.

પ્રિયતમ : પણ આ સિંહ ક્યાં મરેલો છે! મેં તો મોતનો મુકાબલનો કરવાનું કહ્યું હતું.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : તારો જન્મ ક્યારે થયેલો?

મોન્ટુ : શુક્રવારે.... પણ તારો ક્યારે થયેલો?

ચીન્ટુ : રવિવારે.

મોન્ટુ : ખોટું ન બોલ... રવિવારે તો રજા હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

ભીખારી : સાહેબ, તમારું પર્સ તો ખોવાયું નથી ને?

શેઠ : ના.

ભીખારી : તમારું પર્સ તો તમે ઘરે નથી ભૂલી ગયા ને?

શેઠ : ના.

ભીખારી : તમારા પર્સમાંથી પરચૂરણ પડી તો નથી ગયું ને?

શેઠ : ના.... પણ કેમ?

ભીખારી : તો પછી હવે મને એક રૂપિયો આપો.

☺ ☺ ☺ ☺ ☺

જગલો : સાહેબ, મને પકડીને અહીં પોલીસ ચોકીમાં કેમ લાવવામાં આવ્યો છે?

પોલીસ ઈન્સ્પેક્ટર : દારૂ પીવા માટે.

જગલો : તો પછી કોની રાહ જુઓ છો? શરૂ કરો ને...

☺ ☺ ☺ ☺ ☺


યુવતી : આટલો હટ્ટોકટ્ટો થઈને ભીખ કેમ માંગે છે?

ભીખારી : તું તો બહુ જ સુંદર છે. હીરોઈન બનવાને બદલે ઘેર કેમ છે?

યુવતી : ઊભો રહે... તારા માટે ઘેરથી શાક, રોટલી, દાળ-ભાત વગેરે લઈ આવું છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*વૃદ્ધો જોડે ખરાબ વર્તન કરતી વખતે એ વાત યાદ રાખવી કે તમે પણ વૃદ્ધ થવાનાં જ છો.*




## મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૦૯નો અંક

'મંગલ મંદિર' જેવા સ્વચ્છ, સુઘડ અને રસપ્રદ સામયિક બદલ આપ સૌને મારા અભિનંદન.

અચાનક અને અનાયાસે કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં આવવાનું બન્યું ત્યાં સમય પસાર કરવા માટે દીપોત્સવી અંક - ૨૦૦૯ અનાયાસે હાથ લાગ્યો અને ત્યાંજ જરૂરિયાત કરતાં વધુ સમય ખાસ રોકાઈ, મહત્ત્વના લેખો વાંચ્યા. લેખોની શિષ્ટ, સૌજન્યભરી અને માહિતીપ્રદ રજૂઆત રસસભર રહી.

થોડા દિવસ પછીની આવી જ બીજી મુલાકાતે ડિસેમ્બર-૨૦૦૯નો અંક વાંચ્યો. ઠીક ઠીક વાંચન અપૂરતું રહેતાં ડૉ. દક્ષાબહેનની પરવાનગીથી અંક વાંચવા માટે ઘરે લઈ આવી. ઘણા લેખો જેવા કે શ્રી અશોક મહેતાના બંને લેખો, શ્રી બકુલ, શ્રી પ્રવીણચંદ્ર શાહ, પ્રા.શ્રી જિતેન્દ્ર અંતાણી વગેરે રસપ્રદ રહ્યા. ૫૯મા પાના પરનો લીલાધર ગડા વિશેનો 'પગમેં ભમરી' વાંચ્યો ત્યારે જ જાણ થઈ કે તેનો બીજો ભાગ બહાર પડ્યો છે. તેનો પ્રથમ ભાગ મારા પ્રિય પુસ્તકોમાંનું એક થાય છે. આપને સૌને મારી આ કાર્યમાં શુભેચ્છાઓ.

નીચેના સુંદર સુવાક્યોની નોંધ લીધા વિના ચાલે તેમ નથી.

ઠીક ઠીક સામયિકો વાંચવાનું બને છે છતાં આ એવું સૌપ્રથમ સામયિક જોયું જેમાં પાછા ફરેલા અંકોની યાદી સામેલ છે. તે થકી તમારા વ્યવસ્થા શક્તિ તેમજ તે અંગેની ચીવટ સરાહનીય છે. વાંચકોનો આટલે દરજ્જે ખ્યાલ કરવાની વૃત્તિ આનંદ ઉપજાવે છે.

### <u>ભૂલ સુધાર – આવશ્યક</u>

પાના-૧૦૮ : અમેરિકન સેનેટ

ઉપર્યુક્ત લેખમાં જણાવ્યું છે કે અમેરિકાની સેનેટમાં લગભગ ૫૦૦ ચુંટાયેલા સભ્યો છે. આ માહિતી સદંતર ખોટી છે. અમેરિકાની ધારાસભા (જે કાયદાઓ ઘડવાનું કામ કરે છે)ના બે ગૃહો છે જેમાં ઉપલાગૃહનું નામ 'સેનેટ' છે. તે જ રીતે તેના નીચલા ગૃહનું નામ 'હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ' છે. આ બંને ગૃહો વિશે એક સાથે વાત કરવી હોય ત્યારે તેને 'કોંગ્રેસ' તરીકે સંબોધન કરવામાં આવે છે. બીજા શબ્દોમાં તેની ધારાસભાને 'કોંગ્રેસ' નામથી ઓળખવામાં આવે છે.

અમેરિકાની 'સેનેટ'માં તેના દરેક રાજ્યને બંધારણ દ્વારા બે પ્રતિનિધિ મોકલવાની જોગવાઈ કરવામાં આવી છે. એનો અર્થ એ છે કે અમેરિકાના કુલ પચાસ રાજ્યો તેના બે પ્રતિનિધિ મોકલે એટલે સેનેટની કુલ સભ્ય સંખ્યા પૂરા ૧૦૧ પ્રતિનિધિની છે. આ વિગતો આપની જાણ સારું.

આમ છતાં નિતાંત સુંદર અંક. ડિસેમ્બર-૨૦૦૯ માટે આપની સમગ્ર ટીમને અભિનંદન.

*રક્ષા શાહ / વ્યાસ - અમદાવાદ*

• • • • •

## માર્ચ-૨૦૧૦ના અંકનો પ્રતિભાવ

માર્ચનો અંક હાથમાં છે. વ્યાવસાયિક વ્યસ્તતાને લીધે હમણાં વાંચવા મળ્યો છે.

<u>*કચ્છી લિપિ*</u> : આ પહેલાં પણ ડૉ. રાજુલનો આ અંગે લેખ આવેલ છે. પણ પૂરતી વિગતો નથી. જેવી કે તેમણે આ લિપિ શોધી છે તેવું તેમનું કહેવું છે કે તંત્રીમંડળનો અભિપ્રાય છે? જો શોધી હોય તો વધુ વિગતો 'મંગલ મંદિર'માં મોકલાવે અને ખરેખર તેમણે આ લિપિ શોધી હોય તો કઈ રીતે અને ક્યાં શોધી તેની વિગત મંગલ મંદિરમાં આપવી યોગ્ય છે, નહિં કે અમુક શબ્દો અને નીચે વધારે પડતી જગ્યા કોપીરાઈટની નોટિસ રોકે.

અને જો આ કચ્છી લિપિ તેમણે પોતે બનાવી હોય તો તે લોકોમાં ઉપયોગી થાય અને વપરાશ યોગ્ય થાય તે જરૂરી છે, નહિં કે કોપીરાઈટ અને તેના કાનૂની પ્રમાણપત્રો.

મારા મતે કોઈપણ લિપિ ભાષા કે બોલી જ્યાં સુધી લોક ઉપયોગી અને લોકમાન્ય ન હોય ત્યાં સુધી તેમની કાયદાકીય માન્યતા કે કોપીરાઈટનો કોઈ મતલબ નથી.

ડૉ. રાજુલની મહેનતને ઉતારી પાડવાનો કોઈ આશય નથી પણ આ લિપિ, નાના હતા ત્યારે અમારી પોતાની સિક્રેટ - જાસૂસી ભાષા બનાવતા, તેવી લાગે છે. ડૉ. રાજુલને વિનંતી કે તેઓ એ ભાષાની લિપિ કઈ રીતે બનાવી અને આવી રીતે લખવા પાછળનું લૉજિક શું છે તે જણાવે તો વધારે લોકોને વિશ્વાસ આવશે અને એ રીતે લખવા કે જાણવાની કોશિશ પણ કરીશું. નહિતર આ રીતે 'મંગલ મંદિર'ના પાનાઓ પર લોકો, ખાલી નજર કરી આગળ વધી જશે અને મંગલ મંદિરના પાના વ્યર્થ જશે.

બીજા લેખોમાં 'સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો' લેખકની મહેનત નજરમાં આવે છે.

મનુષ્ય ઉત્પત્તિ અંગે ડૉ. રામજીભાઈ સાવલિયાનો લેખ ખૂબ જ સુંદર છે અને ખૂબજ માહિતીપ્રદ પણ છે. દશાવતાર ઘણા વખત પહેલા અમર ચિત્ર કથામાં વાંચેલી ત્યારે પણ મનમાં તે વિચાર આવેલો કે દશાવતાર બીજું કંઈ નહીં પણ ઉત્ક્રાંતિનો સિદ્ધાંત છે.

મૂરજીભાઈ ગડાના લેખો ખરેખર મમળાવવા જેવા હોય છે. વર્ષોથી સમજાવવામાં આવેલી અને બીજા શબ્દોમાં કહીએ તો "બ્રેઈન વૉશ" કરેલી માન્યતાઓનું ખંડન કરવું ખૂબ જ જરૂરી છે. તે આ લેખમાં "સ્વર્ગ અને નરકની કલ્પનાનું ગપગોળ" પણ ઉમેરી શક્યા

*આ દુનિયામાં તમારો કોઈ મિત્ર કે શત્રુ નથી. તમારો પોતાનો વ્યવહાર જ મિત્ર કે શત્રુ બનાવવા માટે જવાબદાર છે.*

હોત.

ગાલીબ એટલે જ કહે છે કે :

*"હમકો માલૂમ હૈ જન્નત કી હકીકત લેકિન*
*દિલ કો ખુશ રખને કો ગાલીબ યે ખ્યાલ અચ્છા હૈ."*

પરંતુ એક વાત એ પણ જરૂરી છે કે જો આમ માણસના મનમાંથી પાપ પુણ્યની વ્યાખ્યા અથવા કર્મની વાત નીકળી જાય તો શક્ય છે, આપણી સામાજિક વ્યવસ્થા તૂટી જાય. તો આવા સંજોગોમાં શું આપણી પાસે ઓલ્ટરનેટ સામાજિક વ્યવસ્થા છે? નહિતર આ આમ જ ચાલવા દો ભાઈ....

શાંતિલાલ સંઘવીનો લેખ પણ સારો છે. પણ ખરેખર આ રેસ બાળકોની નથી પણ તેમના વાલીઓની છે. જેમ ઘોડાની રેસમાં ઘોડાને વિજેતા બનવાનો આનંદ આવતો હશે કે કેમ તે ખબર નથી પણ તેના ઉપર બેઠેલા અસવાર ખૂબ ખુશ થાય છે કે રેસ તે જીતી ગયો. આપણે પણ બાળકોને આવી રેસ માટે તૈયાર કરીએ છીએ. તે રેસમાં આગળ રહેવાનું અભિમાન આપણને વધારે હોય છે અને આગળ જતાં તે બાળકોના વિચારમાં પણ આવે છે.

વડીલ શ્રી હરખચંદ સાવલાનો લેખ પણ સુંદર છે. ખરેખર કલા, સંગીત, સ્થાપત્ય ત્યારે જ આવે જ્યારે માણસ ઠરીઠામ થયો હોય. તેની પાસે વિશેષ સમય હોય અને તેને કેમ ઉપયોગમાં લેવા તે વિચાર થાય ત્યારે પોતાના આનંદ માટે ઉપાયો શોધે અને જો વર્તમાનમાં જ આનંદ આવે તો તેને નવી શોધ કરવાની જરૂર ન પડે. વડીલશ્રીનો આ મુદ્દો પણ વિચારવા યોગ્ય છે. પણ મારા મતે આ એક ચક્ર છે. માણસ સૌપ્રથમ કામ કરે, પછી પ્રમાદ કરે. પ્રમાદમાં કામ ભૂલી જાય એટલે અને પાછી જરૂરિયાત ઊભી થાય. આમ, આ એક કાળચક્ર છે.

પત્ર પૂરો કરતાં પહેલાં એક વિચાર જે તાજેતરની ચીનયાત્રામાં આવ્યો. ચીનમાં લગભગ બધા જ લોકો કોમ્પ્યુટરનો ઉપયોગ ચીની ભાષામાં કરે છે. મને ખબર છે કે ચીની ભાષા ખૂબ અઘરી છે. છતાં તેમણે કોમ્પ્યુટરની ભાષા તરીકે ચીની વિક્સાવી છે. કોમ્પ્યુટરની દૃષ્ટિએ જેવી કે હિંદી, ગુજરાતી, મરાઠી વગેરે કોમ્પ્યુટરની દૃષ્ટિએ તેમજ અર્થ સમજવાની દૃષ્ટિએ ખૂબ જ લોજિકલ છે છતાં આપણા મગજમાંથી અંગ્રેજીની ગુલામી ગઈ નથી અને કોમ્પ્યુટરની ભાષા તરીકેનો વિકાસ ખૂબ જ ઓછો છે. જે થોડું ઘણું થાય છે તે ઉપરછલ્લું છે. અસ્તુ.

***મયૂર દેઢિયા - અંધેરી (મુંબઈ)***

• • • • •

## ધર્મ અંગે વિચારગોષ્ટી

મંગલ મંદિર પૃષ્ઠ-૧૩૧ ઉપર 'સંકલ્પ'ના તીર્થ પ્રવાસ અંગેના અહેવાલ નીચે આપે કરેલી સરસ નુક્તેચીની અંગે બે શબ્દો.

આવા આયોજનના વિચાર માટે તમને ધન્યવાદ. જો ગોઠવાય તો મજા પડી જાય! આ સ્નેહગોષ્ઠીમાં થોડુંક પણ બદલવાની તૈયારી સાથે સૌએ આવવું પડે — અમારે પણ. જો બદલાવની તૈયારી ન હોય તો પછી એ જ જડતાભરી, પરંપરાવાળી, ચીલાચાલુ ઘરેડિયા અને કોઈપણ લોજિક વગરનું પેઢીઓથી ચાલી આવતું, જોયા સમજ્યા વગર, તપાસ્યા વગર નાણ્યા વગર — એવું ને એવું જ ચાલુ રહે.

બીજી એક વાત છે. ઈશ્વરીય સાક્ષાત્કાર અને વગર બળદે દોડી જતા ગાડા જેવી કોઈ એક બે વાત, વૈજ્ઞાનિકોની ટીમની હાજરીમાં પુરવાર થાય તો રૂા. ૨૫ લાખનું ઈનામ ૧૯૭૫'/૮૦થી કોઈ 'વીર વિજેતા'ની વાટ જોતું પડ્યું છે.

ચારેબાજુ ચમત્કાર જોનારા આપણે આ ઈનામ અંકે કરી લેવા કમર કસવી જોઈએ. પ્રયત્નો કરનારાઓને ઑલ ધી બેસ્ટ.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

• • • • •

## "નરેગા" સો (ખિસ્સા) ભરેગા

નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ જે ટૂંકમાં "નરેગા"ના નામથી ઓળખાય છે. ગામડાંમાં યુવાનોને રોજગારી માટે સહાય આપવા આ યોજનામાં કેન્દ્ર સરકાર દર વર્ષે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. આમ આદમી માટેની આ યોજનામાં ગામડાંના વગદાર રાજકારણીઓ અને સરકારી બાબુઓ ધનપતિ બની રહ્યા છે. મહાત્મા ગાંધીજીનું નામ જોડીને સંસદની મંજૂરી મેળવીને મહાત્મા નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટના નામે ઓળખાશે. હાલમાં આ યોજના હેઠળ ખૂબ ભ્રષ્ટાચાર થાય છે. ગ્રામ પંચાયતના મતળિયાઓ અને સરકારી બાબુઓ લાખો - કરોડો રૂપિયા બનાવી રહ્યા છે. ખાવાની પદ્ધતિ એ જ વર્ષો જૂની છે. ખાનાર પણ એના એ જ છે. બે દાયકા પહેલાં રાજીવ ગાંધીએ કહ્યું હતું કે સરકારી યોજનાના ૧ રૂપિયામાંથી પંદર પૈસા જ છેવાડાના પીડિત લાભાર્થી સુધી પહોંચે છે. જેમના માટે આ યોજના છે એ ગરીબો આમાં ગરીબ જ રહી જાય છે અને વચેટીયાઓ મલાઈ ખાઈ જાય છે.

રોડ, કૂવા, વૃક્ષારોપણ, ટ્રી ગાર્ડન વગેરે જુદા જુદા પ્રકારના ઘણાં કામો આ યોજનાના નામે ફક્ત કાગળ ઉપર જ થાય છે.

ગાંધીજીનું નામ આપ્યા પછી ગાંધી છાપ નોટની ખાયકી બંધ થશે ખરી? ભવિષ્યમાં 'નરેગા'ની ખાયકી સામે ગાંધીગીરી થાય તો નવાઈ નહીં!

***સંકલન : અમૃતલાલ નાનજી માલદે (ભુજપુર - દહીંસર)***

• • • • •

## સામયિક ચલાવવું સહેલું નથી

સામયિક ચલાવવું કદી પણ સહેલું નથી. તંત્રી / સંપાદકને ઘણીવાર નીચે દર્શાવેલ બાબતો અવશ્ય સાંભળવા મળતી હોય છે.

ટુચકા છાપીએ તો સંશોધક વાચકો કહે છે, તમે મૂર્ખ છો અને ટુચકા ન છાપીએ તો કહે છે તમે વધુ પડતા ગંભીર છો.

*સામાન્ય મનુષ્યો સાથે કરેલા વ્યવહાર પરથી મહાપુરુષો એમની મહત્તાનો પરિચય આપે છે.*

બહારથી આવતી કૃતિઓ ન છાપીએ તો કહેવાય છે તમને પ્રતિભા પારખતા આવડતું નથી અને એવી કૃતિઓ છાપીએ તો કહે છે કે કચરો છપાય છે.

કોઈની કૃતિ મઠારીએ તો જરૂર કરતાં વધુ ભૂલો શોધનારા કહેવાઈએ છીએ અને કૃતિને મઠારીએ નહીં તો કહે છે સંપાદન કરો છો કે ઊંઘો છો?

બીજા સામયિકમાંથી લઈને કૃતિઓ છાપીએ તો કહે છે આળસુ છો, જાતે લખવામાંથી બચવા માંગો છો. જાતે લખીએ તો એવો આરોપ મૂકાય છે કે તમને માત્ર તમારું જ લખાણ પસંદ પડે છે.

બાળવાર્તા છપાય તો કહે છે ટી.વી. સીરિયલના જમાનામાં બાળ વાર્તા કોણ વાંચતુ હશે? અને છપાતી બંધ થાય તો બાળકો માટે તો કાંઈ છપાતું જ નથી.

આ પરિસ્થિતિમાં ચામયિક ચલાવવું કેમ?

જવાબ એક જ આવે છે : “જાડી ચામડી રાખો.”

***ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

● ● ● ● ●

**ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ**

ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ, શ્રી પ્રવીણભાઈ શાહનો મનનીય અભ્યાસલેખ ઘણું બધું કહી જાય છે. આજના કહેવાતા રાજકીય મહાનુભાવો, આવા કપરા કાળમાં રાજકીય કાવાદાવામાં કેટલી હદે જનતાનું હિત નેવે મૂકી દઈ પોતાની રોટલી શેકી લઈ, ભયંકરમાં ભયંકર પરિસ્થિતિને તદ્દન ગૌણમાં ખપાવી દઈ, શ્રી પ્રવીણભાઈએ લખ્યું છે તે અનુસાર “ઓ સોદાગરો, લાચારીની સોનેરી તક આવી, ઘણી મજબૂર છે દુનિયા, સહારા વેચવા મંડો.”

આ ચાર લીટીમાં તો ઘણું બધું આવી જાય છે અને આપણા કહેવાતા આ લેભાગુ નેતાઓની નગ્નતા નરી આંખે દેખાય છે. આ માટે તો એટલું જ કહી શકાય કે પ્રભુ, તું જ આવાઓથી બચાવજે. આવો આંખ ઉઘાડતો લેખ વાંચી કચ્છની આમજનતા સમક્ષ ભૂકંપ કૌભાંડોને પાધરા કરવા બદલ શ્રી પ્રવીણ શાહ અભિનંદનના અધિકારી છે.

અન્ય લેખોમાં, શ્રી અશોક મહેતાનો બજેટની ભાષા, વાંચવા સમજવા યોગ્ય છે. બજેટ એ જીવનનાં દરેક પાસા માટે કેટલી અગત્યતા અને અનિવાર્યતા ધરાવે છે તેનું નિરૂપણ કરાવે છે.

નર્મદા પ્રોજેક્ટના રિપોર્ટમાં મુખ્ય સૂચનોનો ત્વરિત ગતિથી અમલ થાય એ માટે યોગ્ય ઝુંબેશ ઉપાડવાની જરૂરિયાત છે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***

● ● ● ● ●

**મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૦ના અંકનો પ્રતિભાવ**

એપ્રિલ અંકમાં ભાઈશ્રી પ્રવીણભાઈના પ્રત્યુત્તર બાબત એટલું જ કહેવાનું કે દલીલોનો કોઈ અંત હોતો નથી. એટલે એમના જેવા નીવડેલા લેખક પત્રકારની સામે દલીલોમાં ઉતરવા કરતાં આ બાબતનું અહીં જ પૂર્ણવિરામ કરીએ.

અન્ય લેખોમાં શ્રી મૂળજીભાઈ ગડાની સામે પ્રવાહે તરવાની લેખમાળા રસપ્રદ અને વિચારપ્રેરક રહી છે. એપ્રિલ અંકમાં ભારતીય અને પશ્ચિમની સંસ્કૃતિની સરખામણી, ખાસ કરીને યુવા વર્ગના સંદર્ભમાં સારી રીતે કરી છે. હંમેશ મુજબ તેમની રજૂઆત સૌમ્ય અને તટસ્થ રહી છે.

યુવા વર્ગને સંબંધ છે ત્યાં સુધી આપણી સંસ્કૃતિએ છેલ્લા ૪-૫ સૈકાનો ઇતિહાસ જોઈએ તો તેઓને અનેકવિધ બંધનોમાં જકડીને પ્રગતિને રુંધવાનું જ કામ કર્યું છે. કુટુંબના, પરંપરા અને રિવાજના બંધનો, જ્ઞાતિ અને સમાજના બંધનો અને વિદેશયાત્રા જેવા અનેક પ્રતિબંધો સામે યુવાવર્ગ સ્વતંત્રપણે કંઈ વિચારી જ ન શકે અને વિચારે તો પણ અમલીકરણ શક્ય જ ન બને. જીવનસાથી પસંદ કરવાની કે પોતાની કારકિર્દી પસંદ કરવાની સ્વતંત્રતા આજે પણ કેટલાય કુટુંબોમાં નથી મળતી. આ પરિસ્થિતિમાં આપણે આપણી સંસ્કૃતિના ગુણગાન કયા મોઢે ગાઈ શકીએ?

સામે પશ્ચિમમાં વ્યક્તિને પસંદગીની સ્વતંત્રતા અને વિકાસને પૂરો અવકાશ મળે છે. આપણા નોબેલ વિજેતા વૈજ્ઞાનિકો અને અર્થશાસ્ત્રીઓ વિદેશમાં સ્થાયી થયેલા ત્યાંના નાગરિકો છે.

ત્યાં યુવા પેઢીને અપાતી સ્વતંત્રતાનો અતિરેક થયો છે અને એના માઠા પરિણામ પણ દેખાઈ રહ્યા છે, પણ એ સમાજ પરંપરાવાદી ન હોઈ, પરિવર્તનને પણ સહજ રીતે સ્વીકારી શકશે. જ્યારે આપણે કોઈપણ ક્ષેત્રમાં પરિવર્તનને મજબૂરીથી જ સ્વીકારીએ છીએ.

દુનિયા દિવસોદિવસ નાની થઈ રહી છે ત્યારે બહારની હવાને કોઈ રોકી નહીં શકે. આપણી સંસ્કૃતિની સારી બાબતોની અસર વિદેશોમાં પણ થઈ જ રહી છે.

એક વાત નક્કી છે કે માનવ સંસ્કૃતિ અખતરા કરીને જ આગળ વધી છે અને વધશે. આજનો યુવા વર્ગ પણ અખતરા કરી રહ્યો છે. આમાં કેટલીક બાબતો જૂની પેઢીને ન ગમે એવી પણ આવશે.

અન્ય લેખોમાં કુ. સલોનીનું લખાણ તેની ઉંમરના હિસાબે નોંધપાત્ર રહ્યું. અભિવ્યક્તિ ઘણી સારી છે. પ્રગતિ કરે એવી શુભેચ્છા.

વર્ષોથી શ્રી ગુલાબચંદભાઈનું સંકલન (બાલુડેં જી ગાલિયું) બધા વાંચીએ છીએ. તેમની જહેમત દાદ માંગી લે છે. જોક્સમાં પણ કંઈ ને કંઈ નવીન હોય જ છે. અભિનંદન.

પ્રા. પૃથ્વી શાહની પુનર્વસન કથાઓ પણ હૃદયસ્પર્શી હોય છે. સમાજ દ્વારા ઉપેક્ષિત જગ્યાના શુભ કાર્યનો પરિચય કરાવવા બદલ ધન્યવાદ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

**"ગુજરાતી ભાષાનું ભવિષ્ય" પર નિબંધ સ્પર્ધા**

સૌથી પહેલા તો સલોની નવીન લાલકાને મારા ખૂબ ખૂબ અભિનંદન કે તેણે જે ગુજરાતી વિશ્વ પરિષદ દ્વારા યોજાયેલ 'ગુજરાતી ભાષાનું ભવિષ્ય' વિષય પરની નિબંધ સ્પર્ધામાં ભાગ લઈને જે નિબંધ મોકલેલ હતો તે અમે સૌએ મંગલ મંદિર દ્વારા વાંચ્યો અને અમે સૌ તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા છીએ.

આમ તો સલોની સ્વભાવે ખૂબ જ શરમાળ, ઓછું બોલનારી અને કાયમ હસતી રહેનારી છોકરી છે. પણ આ નિબંધમાં તેણે ગુજરાતી ભાષા પ્રત્યેનો જે પ્રેમ, દર્દ અને લાગણીઓ વ્યક્ત કરી છે તે જાણે કોઈ મોટા પત્રકાર કે અનુભવી લેખકની જેમ તીક્ષ્ણ પ્રહારો સાથે વ્યક્ત કરી છે. જે ખૂબ જ બિરદાવવાલાયક બાબત છે.

આટલી નાની ઉંમરમાં ગુજરાતી ભાષા પ્રત્યેનું આટલું સરસ જ્ઞાન અને ગુજરાતી ભાષાને બચાવવા તથા જીવંત રાખવા માટેની તેની જે ભાવનાઓ અને ઉચ્ચ કોટીની મહત્ત્વાકાંક્ષાઓ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આટલી નાની ઉંમરમાં આપણા સમાજની કોઈ યુવતી ગુજરાતી ભાષા પ્રત્યે અને તેને બચાવવા માટે જો આટલી ઉચ્ચ વિચારધારા ધરાવતી હોય તો તે આપણા સમાજ માટે ખરેખર ગર્વ લેવા જેવી બાબત છે.

જે સમાજનાં યુવાનો આટલી ઉચ્ચ વિચારધારા ધરાવતા હોય, તે સમાજના ભવિષ્યની ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી. તે સમાજનું ભાવિ ઉજ્જવળ જ હોય છે અને આપણા સમાજે પણ આવા યુવા-યુવતીઓને પ્રોત્સાહિત કરતા રહી તેમના ઉત્સાહમાં વધારો કરતા રહેવું જોઈએ અને તેમને આ પ્રકારના પ્રયાસો માટે દરેક પ્રકારની મદદ કરવાની તત્પરતા બતાવવી જોઈએ.

જેથી કરીને આવા યુવા-યુવતીઓ ખાલી ગુજરાતમાં જ નહીં પણ આખા ભારતભરમાં આપણા સમાજનું નામ રોશન કરી શકે.

અને આ કાર્યના પ્રયાસ બદલ સલોની, તને ફરીથી ખૂબ ખૂબ અભિનંદન અને બેસ્ટ ઑફ લક.

*પીયૂષ સાવલા - અમદાવાદ (મો. ૯૨૭૬૮ ૭૫૩૫૦)*

• • • • •

**વયસ્ક સમિતિની તીર્થયાત્રા**

સહર્ષ જણાવવાનું કે તા. ૨૩-૨-૧૦ અને તા. ૨૪-૨-૧૦ વયસ્ક સમિતિ આયોજિત સિનિયર સિટીઝનની તીર્થયાત્રા માણી. તેમાં પ્રથમ બ્રાહ્મણવાડા, માઉન્ટ આબુ, દેલવાડા, માનપુર, પાવાપુરી, શિરોડી, ભેરુતારક, જીરાવલ્લા, દંતાણી, કુંભારિયાજી અને અંબાજી. બે બસમાં ભાઈઓ-બહેનો મળીને ૯૦ જણા હતા.

આ સૂચન લખતા પહેલાં કહીશ કે બે દિવસની યાત્રામાં કોઈને પણ સહેજે જરાપણ તકલીફ પડી નથી. એ વયસ્ક સમિતિના યાત્રાનું આયોજન અને વ્યવસ્થા કરનાર રમણિકભાઈ ગોસર, રજનીભાઈ પારેખ અને કે.ડી. શાહને ફાળે જાય છે. આ સમિતિને ખૂબ ખૂબ ધન્યવાદ.

ખુશ થવાની વાત એ છે કે બંને બસમાં બેઠેલા ભાઈ-બહેનોને મેં પૂછ્યું કે વિના સંકોચે કહો 'આ યાત્રા કેવી લાગી?' સૌએ કહ્યું, 'અમને કોઈ પણ પ્રકારની તકલીફ થઈ નથી. પરંતુ જુદા જુદા પરિવારના હોવા છતાં પણ બે દિવસ એક જ પરિવારના છીએ એવો આનંદ થયો છે.'

મેં પૂછ્યું કે, 'કોઈ ફરિયાદ?' 'કોઈ ફરિયાદ નથી' એમ કહેવામાં આવ્યું. આના આધારે સૌની સંમતિથી લખી રહી છું. સમિતિના ત્રણે જણને ખૂબ ખૂબ ધન્યવાદ.

હવે વાત આગળ કરીએ. દાનવીર દાતાઓને પણ ખૂબ ખૂબ અભિનંદન આપવાના રહે કે ડોનેશન તો પ્રેમથી મળ્યું. સાથે સાથે અનેકઘણો આદર અને અઢળક સ્નેહ પણ મળ્યો. આવી ઉમદા સમાજની લાગણીએ ભાવવિભોર કર્યા. દાનવીરોને સેવા કરવાની તક મળી. ને આજ સમાજસેવા કરવાનું ઋણ છે. સંપ, સાથ, સહકાર અને સમર્પણ.

આપીને જે આનંદ વધારે તે અમીર, લઈને જે લાલસા વધારે તે ગરીબ.

ફુલમાં રહેલી સુગંધને જાણવી કે માણવી હોય તો ફુલને તોડવા ના બેસાય.

કોઈનું ખાઈને ખુશ ના થવું, ખવડાવીને ખુશ થવું. એ દાનવીર દાતાઓની લાગણી હોય છે.

ખાવા-પીવાની, રહેવાની અને બસમાં પણ ઉત્તમ સગવડો સાથે મોસમ પણ ફુલગુલાબી ખુશનુમા હોવાથી અતિ આનંદભેર યાત્રા માણી.

*વર્ષા પારેખ*

• • • • •

**મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૦ના અંકનો પ્રતિભાવ**

એપ્રિલ-૨૦૧૦ના મંગલ મંદિરનું વાંચન માણ્યું. નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલની વાતો તરફ તમે સતત અભ્યાસપૂર્ણ રજૂઆતો કરી તેના પડઘા પણ પડ્યા તે સત્ય હકીકતો સમજી આ પ્રાણ પ્રશ્નને સધિયારો, સહકાર સાંપડશે તે વાતનો સાનંદ સ્વીકાર ને ધન્યવાદ.

સમાજના જાગૃત પ્રહરીને દાતાઓ, સમજુ વાચકોનો પ્રતિઘોષ અવશ્ય મળશે. તમારો આત્મવિશ્વાસ જ ડગે તેવો નથી. ૨૦૦૯ના સરવૈયાનો સરવાળો સફળતા દર્શાવનાર છે.

આંજો કાગરને વિભાગીય રીતે વહેંચ્યા એ તમારી સૂઝ ને સંશોધનવૃત્તિ દર્શાવે છે. ગૌરવયુક્ત વાત છે.

માત્ર વ્યાપારી કુનેહ વાપરી વિકાસ સાધવો એ બિલકુલ યોગ્ય

*મિત્રતા અને શત્રુતાના ભાવ તો વાદળા જેવા જ છે જે દરેક ક્ષણે બદલાયા કરે છે.*

નથી. વ્યાપારમાં નૈતિકતા હોવી ખૂબ જ જરૂરી છે. મુકુંદભાઈની આ વાત દરેક ક્ષેત્રને લાગુ પડે છે. વંદન.

ભૂસ્તરશાસ્ત્રીઓ અને પર્યાવરણ વિજ્ઞાનીઓની વાત હજીયે ગંભીરતા સાથે ખતરાની ઘંટડી બજાવે છે. પાણી ને વિદ્યુતનો બેફામ બગાડ, વૃક્ષો, પંખીઓ ને વૃક્ષોની કતલ તેમજ ચોરી, લુંટફાટ, જાતીય આક્રમકતા તરફ પ્રજા જાગશે?

બજેટની ખાસ પ્રકારની ભાષા, અર્થો ભાવાર્થ ને જોગવાઈઓના રહસ્યો સમજાવવાની તમારી મથામણ ને ફાવટને આવકાર. ખરેખર અમે ઘણું સમજતા જ નથી એ સ્પષ્ટ છે.

*"સુખના બે ચાર શ્વાસ તો આપો,*
*જીવનનો આભાસ તો આપો." વાહ!*

સલોનીનો ભાષા પ્રેમ, ભાષાની સમજ, ભાષાશુદ્ધિ, દ્દષ્ટાંતો ને સંશોધનયુક્ત વાત માટે ધન્યવાદ. આટલી નાની ઉંમરે આવી સફળ કલમને તમે સ્થાન આપ્યું એ મંગલમય છે. ધન્યવાદ.

મગનભાઈ સંઘવી અને પ્રવીણચંદ્ર શાહ જેવી વિદ્વાન વ્યક્તિઓનો શાસ્ત્રાર્થ વિદ્વતા ને જ્ઞાનની સમજ તરફનો અભિગમ છે.

લેખો, સંપાદન, પ્રિન્ટીંગ, અંક પ્રકાશન માટેની દાન મેળવવાની સૂઝને ધન્યવાદ, વંદન.

***રમેશ છબીલાલ દવે - ભુજ***

● ● ● ● ●

### Quality of Mangal Mandir

We are happy to receive "Mangal Mandir" magazine regularly and we congratulate you for ever increasing its quality with every magazine. The articles specially Tantri-Lekh and other articles under the heading of (1) Kutchh, (2) Mahiti, (3) Jain Dharma, (4) Jeevan Charitra and (5) Vichar Vimarsh etc. etc. are worth reading.

Please convey my regards to Sri Soorajlalbhai, Sri Manubhai and your all committee members.

***Premchand Motta - Kolkata***

● ● ● ● ●

### એકી બેઠકે

'મંગલ મંદિર'નો માર્ચ-૨૦૧૦નો અંક એકી બેઠકે વાંચી ગયો.

સ્વ. પ્રેમજીભાઈ, સ્વ. શંભુદાનજી, બિદડા સર્વોદય ટ્રસ્ટ, વાવણી, પ્રવાસ વર્ણન વગેરે લેખો ગમ્યા. સૌને અભિનંદન. તંત્રીલેખ પણ મનનીય છે.

***પ્રા. જે. એન. અંતાણી - ભુજ***

● ● ● ● ●

### માર્ચ-૨૦૧૦નો અંક

આજે મંગલ મંદિરનો માર્ચ-૨૦૧૦નો અંક મળ્યો છે. તેમાં લેખો તથા અન્ય માહિતી સારા છે. તે માટે તમોને લેખકોને / પ્રકાશકશ્રીને / કાર્યકરોને મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું.

***મણિલાલ કે. છેડા - ડોંબીવલી (ઈસ્ટ)***

● ● ● ● ●

### પૂ.શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર

'મંગલ મંદિર' માર્ચ-૨૦૧૦નો તમારો, પૂ.શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કરની જન્મ શતાબ્દી અવસર સંબંધી લેખ વાંચી આનંદ થયો. તમે પરિશ્રમપૂર્વક હકીકતોની નોંધ તૈયાર કરી કચ્છના લોકપ્રિય સપૂત શ્રી પ્રેમજી ઠક્કરની સ્મૃતિને (અમારા માટે તો) તાજી જ કરી છે. ધન્યવાદ!

શ્રી પ્રેમજી ઠક્કરની એક અનોખી કાર્યસિદ્ધિ, તે તેમણે દાખલ કરેલી ખેડૂત પોથી હતું. મને યાદ છે ત્યાં સુધી સ્વયં વડાપ્રધાન ઇંદિરા ગાંધીએ (મુખ્ય મંત્રીઓની સભામાં) તેની પ્રશંસા કરી હતી અને બધા રાજ્યો તેનું અનુસરણ કરે એવી ભારપૂર્વક ભલામણ કરી હતી.

અમને પત્રીવાળાને તેમનો સારો અનુભવ હતો. પ્રેમજીભાઈની ખોટ તો ખોટ જ રહી ગઈ છે.

***રામજીભાઈ ટી. દેઢિયા - અંધેરી (ઈસ્ટ), મુંબઈ***

## શ્રીમદ રાજચંદ્ર

એકવાર ગાંધીજીએ જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણ્યા છે તેવા શ્રીમદ રાજચંદ્રે સત્સંગ માટે આવેલા કાવિઠા ગામના વિદ્યાર્થીઓને પૂછ્યું 'બાળકો જો તમારા એક હાથમાં છાશનો લોટો અને બીજા હાથમાં ઘીનો લોટો હોય અને રસ્તે જતાં કોઇનો ધક્કો વાગે તો તમે ક્યા લોટાને સાચવશો? ઘીનો જ સાચવશો ને? બંને એક જ દૂધના પદાર્થમાંથી બન્યા હોવા છતાં છાશ તો ઘણા વિના મૂલ્યે આપે અને ઘી તો મોંઘા દાનથી મળે એટલે ઘીનો જ લોટો આપણે સાચવીએ છીએ, કેમકે છાશના જેવો આ દેહ છે અને આત્મા તો ઘી જેવો મૂલ્યવાન છે. છતાં માણસો દેહને સાચવ સાચવ કરે છે અને આત્મા તરફ બેધ્યાન રહે છે. પણ આ અવળી સમજ છે. આત્માને ઘી જેવો મહામૂલ્યવાન સમજીને સાચવવો જોઇએ અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરવો જોઇએ કેમકે દેહ તો એની મેળે જ કર્મ ઉપાર્જન થયાથી ભોગવવા માટે વિનામૂલ્યે મળવાનો જ છે ને?'

***મહેન્દ્ર દામજી છેડા***
***('જીવનમાંથી જડેલી વાતો'માંથી સાભાર)***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રતિનિધિ મંડળની નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથેની મુલાકાત

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના એક પ્રતિનિધિમંડળે મંગળવાર તા. ૩૦-૩-૨૦૧૦ના સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ઉચ્ચ અધિકારીશ્રીઓની મુલાકાત લીધેલ હતી. આ મુલાકાતનું આયોજન અગાઉથી નક્કી કરવામાં આવેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં શ્રી અશોક મહેતા (ચેરમેન-કેડીસી), શ્રી કીર્તિભાઈ ખત્રી (મુખ્ય તંત્રીશ્રી-કચ્છ મિત્ર), શ્રી છબીલદાસ પટેલ (ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી-માંડવી વિભાગ), શ્રી શશીકાંત ઠક્કર (એડવોકેટ અને કટાર લેખક), શ્રી અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા (ખબર પત્રી-કચ્છ મિત્ર), શ્રી પંકજભાઈ મહેતા (મંત્રીશ્રી-કચ્છ જિલ્લા ભાજપ), ડૉ. ચંદ્રકાંત દેઢિયા (કેડીસી-સભ્ય), શ્રી હીરજી પાસુ શાહ (કેડીસી-સભ્ય) તથા શ્રી કે.આર. શાહ (કેડીસી)નો સમાવેશ થયેલ હતો.

જેઓની સાથે મુલાકાત ગોઠવાયેલ હતી તે સરદાર સરોવર નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીશ્રીઓ શ્રી એસ. જગદીશન (મેનેજિંગ ડાયરેક્ટરશ્રી), શ્રી કે. શ્રીનિવાસ (જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટરશ્રી), શ્રી કે. એસ. શ્રીનિવાસ (ઇનચાર્જ ડાયરેક્ટર-સિવિલ), શ્રી એસ.ડી. મિસ્ત્રી (ઇનચાર્જ ચીફ એન્જિનિયર-કચ્છ બ્રાંચ કેનાલ તથા એસ.ઇ.), શ્રી યાજ્ઞિક (ઇન્ચાર્જ ચીફ એન્જિનિયર-પાટણ તથા બનાસકાંઠા વિભાગ) વગેરે ઉપસ્થિત રહેલ હતાં.

મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જગદીશને જણાવ્યું કે હવે અમે કચ્છ બ્રાંચ કેનાલના બધા જ વિભાગોના કામ એક સાથે શરૂ કરી દેવાના આયોજનો વિચારેલ છે. **આ માટે બનાસકાંઠા, પાટણ તથા કચ્છ જિલ્લામાં ટોટલ ૨૮૦ એન્જિનિયર્સ (ટેક્નિકલ સ્ટાફ)ની જરૂરિયાત રહેશે કે જે જગ્યાઓ ભરવાની શરૂઆત કરી દીધેલ છે.** દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત વગેરે સ્થળેથી ફાઝલ થયેલ એન્જિનિયર્સને કચ્છ બ્રાંચ કેનાલ પર શિફ્ટ કરવાની શરૂઆત કરી દીધેલ છે. કચ્છ બ્રાંચ કેનાલ પર એક ચીફ એન્જિનિયર તથા અલગ-અલગ વિભાગમાં ૪ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયરોની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલના બધા જ વિભાગોના ટેન્ડરો તૈયાર કરવાના આયોજનો શરૂ કરી દીધેલ છે. આવતા ૪ મહિનામાં બધા જ ટેન્ડરો બહાર પાડી, વિવિધ કોન્ટ્રેક્ટરો પાસેથી ભરાઈને આવી જશે. ત્યારબાદ નિર્ણય લેતા અમને ૨ મહિના જેટલો સમય લાગશે. આવતા ૬ મહિના બાદ સંપૂર્ણ કચ્છ બ્રાંચ કેનાલ પર કાર્યો શરૂ થઇ શકશે. ત્યારબાદ દરેક કામને પૂર્ણ થતાં ૨ વર્ષ લાગશે. એટલે સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન કચ્છના ખેતરોમાં પાણી વહેવડાવવાની હાલે ગણના રાખવામાં આવેલ છે.

**કેનાલોની સાથે સાથે પમ્પિંગ સ્ટેશનોના કામો પૂરા કરાવવાના આયોજનો પણ વિચારાયેલ છે.**

**અત્યાર બાદ જે-તે વિસ્તારની જંત્રીના ભાવ મુજબ જમીન સંપાદન કરવામાં આવશે કે જેથી જમીન-ધારકો પાસેથી સહેલાઇથી નિગમને જમીન પ્રાપ્ત થઇ શકશે.** દરેક કેનાલ માટેની લાઈન દોરી નર્મદા નિગમ તરફથી આપવામાં આવશે. દરેક કાર્ય EPC (એન્જિનિયરીંગ, પ્રોક્યોરમેન્ટ તથા કમિશનિંગ) પદ્ધતિના ધોરણે કરાવવામાં આવશે. જે વિભાગની કચ્છ બ્રાંચ કેનાલના કામ જે કોન્ટ્રાક્ટરને આપવામાં આવશે, એ જ કોન્ટ્રાકટરે બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ, માઈનોર કેનાલ તથા સબ માઈનોર કેનાલના કામો પૂરાં કરવાનાં રહેશે કે જેથી મુખ્ય કેનાલની સાથે સાથે જે-તે ગામ સુધી પાણી પહોંચાડવાની કેનાલોના કાર્યો પણ થઇ શકશે.

દરેક વિભાગમાં પાણી મંડળીની રચના કરવામાં આવશે અને આ પાણી મંડળીને ફીલ્ડ કેનાલ (ધોરિયા) બનાવવાના ખર્ચના પૈસા નિગમ તરફથી આપવામાં આવશે કે જેથી આ પાણી મંડળીઓ ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડી, તેના થતા પાણીના બિલીંગના પૈસા જે-તે ખેડૂત પાસેથી મેળવી શકે.

કચ્છ બ્રાંચ કેનાલની કચ્છ જિલ્લામાંની નહેર હાલના છેલ્લા આયોજન મુજબ સાંકળ ૮૨.૩ થી શરૂ થાય છે. એટલે કે એ ૮૨.૩ કિ.મી.થી કચ્છમાં પ્રવેશે છે અને તેની લંબાઇ માંડવીના મોડકુવા સુધી સાંકળ ૩૬૦ પ્રમાણે આયોજનમાં લેવાયેલ છે.

ત્યારબાદ કચ્છ બ્રાંચ કેનાલની કચ્છ જિલ્લાના દરેક વિભાગના ટેન્ટેટીવ અંદાજો, જે-તે વિભાગની ડિસ્ટ્રીબ્યૂટરી કેનાલ સુધીના અંદાજો, ગાગોદર સબ બ્રાંચ, વાંઢિયા સબ બ્રાંચ તથા દૂધઈ સબ બ્રાંચના પણ ટેન્ટેટીવ અંદાજોની જાણકારી આપશ્રીએ અમને સમજાવેલ હતી.

ઉપરોક્ત વિગતો જાણ્યા બાદ પ્રતિનિધિ મંડળે આ કામો યોગ્ય રીતે ચાલે છે કે નહીં તે જાણવા થોડા સમય બાદ ફરી મળવા જણાવ્યું ત્યારે મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જગદીશને જણાવ્યું કે એકાદ મહિના બાદ આ વિગતો ચકાસવા ફરી આપણે કચ્છ ખાતે જ મળીશું.

ત્યારબાદ પ્રતિનિધિ મંડળ પોતાની સાથે જે પ્રશ્નાવલીની વિગતો લાવેલ તે પત્ર, ઉપસ્થિત નર્મદા નિગમના દરેક અધિકારીશ્રીને રૂબરૂમાં આપેલ કે જેના વિગતવાર જવાબો નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તરતમાં મોકલી આપશે તેવું જણાવેલ હતું.

ચર્ચાના અંતે પ્રતિનિધિ મંડળને એવું લાગેલ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની ગતિ હવે નજદીકના ભવિષ્યમાં જ પકડાઇ શકશે.

ત્યારબાદ આ મિટિંગ બરખાસ્ત થયેલ હતી.

*નોંધ :-* આજ પદ્ધતિથી વધારાના પાણીના આયોજનો અંગેની તપાસ કરવા જળસિંચાઇ વિભાગના અધિકારીશ્રીઓને નજદીકના ભવિષ્યમાં મળવાનું પ્રતિનિધિ મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ હતું.

*સ્વસ્થ શરીર આત્માનું અતિથિભવન છે અને અસ્વસ્થ શરીર આત્માનું કારાગાર છે.*

## મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને મુંબઈ સમાચાર આયોજિત વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી પ્રસંગે અનોખી નિબંધ સ્પર્ધા

આ વર્ષના ઓગસ્ટની ૨૪મીએ પહેલી વાર ઉજવાનારા "વિશ્વ ગુજરાતી ભાષા દિવસ" પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને મુંબઈ સમાચાર તરફથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. નિબંધ માટેનો વિષય છે : **"વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી શા માટે? કઈ રીતે?"**

૧૬ વર્ષથી વધુ ઉંમરની કોઈ પણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ દિવસની ઉજવણી કરવાની જરૂરિયાત શા માટે છે તથા એ ઉજવણી કઈ રીતે થઈ શકે એનાં સૂચનો નિબંધમાં આપવાના રહેશે. નિબંધ ચાર ફુલસ્કેપ કાગળથી વધુ લાંબો ન હોવો જોઈએ અને કાગળની એક બાજુએ લખેલ હોવો જોઈએ. સ્પર્ધકે પોતાનું નામ - સરનામું તથા ફોન નંબર અલગ કાગળ પર લખીને પોતાના ફોટોગ્રાફ નિબંધ સાથે મોકલવાનો રહેશે. નિબંધ પર આમાંની કોઈ વિગત લખવી નહીં. નિબંધ ૩૦મી જૂન સુધીમાં નીચેના સરનામે મોકલવાનો રહેશે. પસંદગી સમિતિનો નિર્ણય છેવટનો અને દરેક સ્પર્ધકને બંધનકર્તા ગણાશે.

આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા. ૨૧ હજાર, દ્વિતીય વિજેતાને રૂા. ૧૧ હજાર, તૃતીય વિજેતાને રૂા. ૭ હજાર, ચતુર્થ વિજેતાને રૂા. ૫ હજાર અને એક હજારના આશ્વાસન ઈનામો આપવામાં આવશે. કુલ ૧૦ વિજેતાઓને રૂા. ૫૦ હજારના ઈનામો 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' ૨૪ ઓગસ્ટે યોજાનાર કાર્યક્રમમાં આપવામાં આવશે.

***નિબંધ મોકલવાનું સ્થળ :*** હેમરાજ શાહ, કાર્યાધ્યક્ષ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી, C/o. રેખા પ્રકાશન, ૪૧ કરેલ વાડી, ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. (નિબંધ કુરિયરથી મોકલવો.)

## S.M.S.ની દુનિયા

(૨) જાના કહાં થા ઔર કહાં આ ગયે
દુનિયામેં બનકર એક મહેમાં આ ગયે
અભી તો જિંદગી કી કિતાબ પૂરી પઢી ભી ન થી
ઔર ન જાને કીતને ઈમ્તિહાં આ ગયે.

(3) END is not end.
In fact E.N.D. is 'Effort Never Dies'
No is not denial
N.O. is 'Next Opportunity.'
always be +ve

(4) Its not important whether a good person goes to heaven when he/she leaves. But its most improtant that he/she creates a heaven where he/she Lives.

*("નયા માર્ગ", તા. ૧૬-૧-૧૦ના અંકમાંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# "મંગલ મંદિર" — શ્રેષ્ઠ લેખક — શ્રેષ્ઠ આંજો કાગર

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટે મંગલ મંદિરમાં પ્રસિદ્ધ થતા મૌલિક લેખોમાંથી 'શ્રેષ્ઠ લેખ' તથા તેના પર આવતા 'આંજો કાગર' વિભાગમાંના પત્રોમાં 'શ્રેષ્ઠ પત્ર' બાબતે નિર્ણય કરવાનું આ વિષયના જાણકાર, સાહિત્ય રસિક તેમજ યોગ્ય મિમાંસા કરી તારવણ કાઢી શકે એવી એક સમિતિની રચના કરવામાં આવેલ હતી અને એ સમિતિમાં સેવા આપવા નીચે મુજબના તજજ્ઞોને વિનંતી કરવામાં આવેલ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | **શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી** | - ભાષાવિદ્ | સંયોજક |
| ૨. | **શ્રી હંસરાજ ઠાકરશી કંસારા** | - કોમ્યુનિકેશન કન્સલ્ટન્ટ | સભ્ય |
| ૩. | **શ્રી ભોલાભાઈ એન. ગોલીબાર** | - ખ્યાતનામ સાહિત્યકાર તથા 'ચંદન'ના મુખ્યતંત્રીશ્રી | સભ્ય |

ઉપરોક્ત સમિતિએ મંગલ મંદિરના એપ્રિલ-૨૦૦૯થી માર્ચ-૨૦૧૦ના અંકોમાં પ્રસારિત કરવામાં આવેલ દરેક લેખ અને આંજો કાગર વિભાગના દરેક પત્રોની ચકાસણી કરી, દરેક લેખ તથા પત્રની વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂલવણી કરી અને પોતાના નિર્ણયો જાહેર કરેલ છે.

સમિતિના જણાવ્યા પ્રમાણે તેમનું કામ ખૂબ જ કઠિન હતું. લેખોના વિવિધ વિભાગો - કચ્છ, માહિતી, ઈતિહાસ, વિચાર-વિમર્શ, સમાજ દર્પણ, સાહિત્ય આચમન, પ્રવાસ વર્ણન, તંદુરસ્તી, હળવું વાંચન, હાસ્ય — વગેરે વિભાગમાંથી સરખામણી કરી શ્રેષ્ઠ લેખની મૂલવણી કરતા કોઈ લેખ-લેખકને અન્યાય ના થઈ જાય તે ખાસ જોવાનું હતું. તેઓશ્રીનું એ પણ સૂચન હતું કે હવે પછી એક જ લેખને પસંદ કરવાને બદલે એકથી વધુ લેખની પસંદગી કરવામાં આવે તો તે વધુ યોગ્ય રહેશે.

એ જ રીતે 'આંજો કાગર' વિભાગમાં આવતા વિવિધ પ્રકારના પત્રો - મંગલ મંદિરમાં આવતી માહિતીઓનું વિવરણ, સ્વતંત્ર વિષય પરના પત્રો, અભિપ્રાયો, કોઈ એક લેખની સામેના પ્રત્યાઘાત, કચ્છ, ધર્મ, ઈતિહાસ, તારવણ, મૂલ્યાંકન, વિવિધ વિષયો પરના અભિપ્રાયો — વગેરેનું નિરીક્ષણ કરી, બધા જ દૃષ્ટિકોણથી વિચારી કોઈ એક પત્રને શ્રેષ્ઠ કહેવો એ ખૂબ જ કઠિન કાર્ય હતું.

સમિતિએ ઉપરોક્ત બધા જ કોઠા ભેદી, એક અવાજે જે પરિણામોની જાહેરાત કરેલ છે તે નીચે મુજબ છે.

- **સમિતિની જાહેરાત :**

આ સાથે મંગલ મંદિર (૨૦૦૯-૧૦) માટે આપની સંસ્થા દ્વારા ગઠિત 'ચયન સમિતિ'ના અવલોકન તેમજ નિર્ણય પ્રેષિત છે, જેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

- **ચયન સમિતિનું અવલોકન :**

★ સામયિકના વિશાળ વાંચક વર્ગને એની અપેક્ષા અનુસાર માહિતી, શિક્ષણ અને રસપ્રદ વાંચન સામગ્રી આપવાનો, સમાજલક્ષી સામયિકનો મૂળભૂત અભિગમ.

★ સામયિકમાં પ્રકાશિત લેખોના લેખકોનો સમાજસેવાલક્ષી અભિગમ (પુરસ્કારની અપેક્ષા વિના.)

★ સમાજનું મુખપત્ર હોઈ સમાજની મૂળભૂત નીતિઓ અને મર્યાદાઓ જાળવવાનો તંત્રી મંડળનો અભિગમ.

ઉપરોક્ત બાબતોને લક્ષમાં લઈ, જે લેખ 'સર્વતોમુખી' સમાજના મોટા ભાગને સ્પર્શતા વિષયને, એ વાંચકવર્ગ સમજી શકે તેવી સરળ ભાષામાં સ્પષ્ટ શિક્ષાત્મક, પ્રેરણાદાયક અને રસપ્રદ રીતે સાંપ્રત સમસ્યાનું વિશ્લેષણ જે લેખોમાં જોવા મળ્યું તે લેખોમાં ભાષા, શબ્દપ્રયોગ અને અભિવ્યક્તિ શૈલીની દૃષ્ટિએ, શ્રેષ્ઠ જણાયેલા લેખોને પ્રાથમિકતા આપવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી.

એ જ રીતે 'આંજો કાગર' વિભાગમાં પણ શ્રેષ્ઠ પત્ર કે જેમાં સાંપ્રત સમસ્યાની સમજ અને વ્યવહારુ સૂચન પ્રસ્તુત થયેલ છે તેને પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

- **ઘોષિત પરિણામો :**

*<u>લેખ વિભાગ</u> :*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ભણતર અને ગણતર | માર્ચ-૨૦૧૦ | પૃષ્ઠ-૪૪ | લેખક : **શાંતિલાલ સંઘવી** |
| ૨. | વિદ્યાર્થીઓના આપઘાતના બનાવની ભીતરમાં | માર્ચ-૨૦૧૦ | પૃષ્ઠ-૪૬ | લેખક : **પૃથ્વી શાહ.** |

ઉપરોક્ત બંને લેખનો વિષય મંગલ મંદિરના મોટા ભાગના વાંચક પરિવારોને - સીધી અથવા આડકતરી રીતે સાંપ્રત સમયે સ્પર્શે છે. બંને લેખ એકબીજાના પૂરક છે. માટે સમિતિનો અભિપ્રાય છે કે આ બંને લેખને એકસરખા 'વજન' અને 'વજૂદ'થી ગણવા જોઈએ અને એના લેખકોને બિરદાવવા જોઈએ.

*સારું કામ કરવા માટે ધન કરતાં પણ વધુ સરળ હૃદય અને સંકલ્પની જ જરૂર છે.*

- **આંજો કાગર વિભાગ :**

કચ્છનું પોતાનું પાણી ડિસેમ્બર-૨૦૦૯, પૃષ્ઠ-૭૩ **કાંતિસેન શ્રોફ,** 'શ્રુજન'

*ભવદીય*

***મહેન્દ્ર સાકરચંદ દોશી - સંયોજક***

***હંસરાજ ઠાકરશી કંસારા - સભ્ય***

***ભોલાભાઈ એન. ગોલીબાર - સભ્ય***

**નોંધ :**

૧. ખૂબ ખૂબ આભાર નિર્ણાયક સમિતિનો - તેના દરેક સભ્યશ્રીનો.
ખૂબ જ કઠિન કાર્યને અથાગ જહેમત ઉઠાવી પરિણામલક્ષી બનાવ્યું.
તેઓશ્રીમાં મૂકેલ વિશ્વાસને સાર્થક કરી બતાવ્યું.
તેઓશ્રીએ વિગતવાર પત્રો દ્વારા કરેલા સૂચનોનો આવતા વર્ષોમાં અમલ કરવા જરૂરથી પ્રયાસો કરવામાં આવશે.

૨. ખૂબ ખૂબ અભિનંદન **શ્રી શાંતિલાલ સંઘવીને, શ્રી પૃથ્વી શાહ**ને તથા **શ્રી કાંતિસેન શ્રોફ**ને.
તેઓએ પોતાના લેખો રજૂ કરવા તથા પત્ર લખી તેને પ્રસારિત કરવા 'મંગલ મંદિર'ના માધ્યમને સ્વીકાર્યું અને મંગલ મંદિરને શક્ય ઊંચાઈએ પહોંચાડવા પોતાના પ્રયાસો આદરી તંત્રી મંડળને સાથ સહકાર આપ્યો.

૩. અન્ય અનેક લેખો તથા અનેક પત્રો તેટલા જ શ્રેષ્ઠ છે પરંતુ ક્રમાંક આપવા ક્યાંક તો નિર્ણય લેવો પડે તેવું આ સમિતિએ વિગતે લખીને અમને અન્ય પત્ર દ્વારા જણાવેલ છે. તેથી અન્ય લેખકો તથા આંજો કાગર વિભાગમાં પત્રો પાઠવનાર દરેક વ્યક્તિના પણ અમે તેટલા જ આભારી છીએ

***– મુખ્ય તંત્રી***

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ માર્ચ-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામ:*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નાની પાલખીવાલા | પાના-૫૭ |
| ૨. | પાના નંબર ૪૮ ઉપર છે. | પાના-૪૮ |
| ૩. | તંત્રીલેખ, ભારતીય સમાજ - અધ્યાત્મવાદ - ભૌતિકવાદ | પાના-૫/૬ |
| ૪. | શ્રી શાંતિલાલભાઈ સંઘવી | પાના-૪૪ |
| ૫. | ૬૦ ડૉક્ટર | પાના-૧૧ |
| ૬. | ફકરા-૮ માં | પાના-૪૨ |
| ૭. | સોક્રેટીસે | પાના-૪૩ |
| ૮. | બિદડા સર્વોદય હોસ્પિટલે | પાના-૩૧ |
| ૯. | સ્વ. શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર | પાના-૩૩ |

★

| | | |
|---|---|---|
| ૧. | જયોત્સના અરવિંદ શાહ | - અમદાવાદ |
| ૨. | વર્ષા રવિલાલ પારેખ | - અમદાવાદ |
| ૩. | કલ્પના શશીકાંત ગાલા | - અમદાવાદ |
| ૪. | કામિની સ્નેહલ શેઠ | - અમદાવાદ |
| ૫. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૬. | રમણિકલાલ કુંવરજી ગોસર | - અમદાવાદ |
| ૭. | મધુરી રમણિકલાલ ગોસર | - અમદાવાદ |
| ૮. | અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૯. | જિતેન્દ્ર ચંદુલાલ શાહ | - અમદાવાદ |
| ૧૦. | અલકા એ. સંઘવી | - અમદાવાદ |
| ૧૧. | જયોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |
| ૧૨. | કલ્પના હરખચંદ શાહ | - અમદાવાદ |
| ૧૩. | મૈત્રી જયેશ શાહ | - અમદાવાદ |
| ૧૪. | જાગૃતિ અરુણકુમાર જૈની | - અમદાવાદ |
| ૧૫. | ભાગ્યવંતી અમૃતલાલ શાહ | - અમદાવાદ |
| ૧૬. | ચારુલ એ. સંઘવી | - અમદાવાદ |
| ૧૭. | ભારતી સુરેન્દ્રકુમાર જૈની | - અમદાવાદ |
| ૧૮. | જયશ્રી ભરત શાહ | - અમદાવાદ |
| ૧૯. | કૃપાલી ભરત શાહ | - અમદાવાદ |
| ૨૦. | વિનોદ કાનજી મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |
| ૨૧. | લીલાધર એલ. વિસરિયા | - મુંબઈ |
| ૨૨. | ગીરા રાહુલ નાગડા | - અમદાવાદ |
| ૨૩. | નવલ શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૨૪. | દીપલબહેન તુષારભાઈ શાહ | - અમદાવાદ |

★

માસ ફેબ્રુઆરી-૨૦૧૦ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

૨૬. મોના જિતેન્દ્રકુમાર શાહ - હૈદ્રાબાદ

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક, માસ એપ્રિલ, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
૧૦ પ્રશ્નોમાંથી કોઈપણ ૮ ખરા ઉત્તર હશે તો બધા સાચા જવાબમાં ગણતરી થશે. (પ્રશ્ન-૧૧ ફરજિયાત છે.)

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર **જૂન-૨૦૧૦ના અંકમાં**

★ **સરનામું :** રાબેતા મુજબ.

★

★ **માસ એપ્રિલ-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. નિરાધાર વૃદ્ધોને ઘેર બેઠાં વિના મૂલ્યે ભોજન મળે તેવી વ્યવસ્થા ભુજમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવી છે?

૨. માનવ અંગના કયા ભાગનું હાડકું જન્મતી વખતે પૂરેપૂરું વિકસિત હોય છે?

૩. કેશવજી શેઠે અંજન શલાકામાં સર્વ મળી કેટલા લાખ રૂપિયાનો ખર્ચ કર્યો?

૪. જ્યારે વાસ્કો-ડી-ગામા આફ્રિકા પાસે ભટકી પડ્યા ત્યારે માંડવીના કયા નાવિકનો તેમને ભેટો થયો હતો?

૫. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી પોતે વિ.સં. ૧૫૬૫માં નારાયણ સરોવર પધાર્યા ત્યારે કયા ઋષિના આશ્રમમાં ભાગવત સપ્તાહ કરી હતી?

૬. આલ્બર્ટાનું કયું સિટી ઓઈલ, ટીમ્બર, એગ્રિકલ્ચર ડેવલપમેન્ટ, એડવાન્સ ટેક્નોલોજી અને ટૂરિઝમના ઉદ્યોગને લીધે ફૂલયુંફાલ્યું છે?

૭. "સંદેશ વ્યવહાર, મીડિયા, વાહન વ્યવહાર, કોમ્પ્યુટર એ બધાના લાભથી આપણે અનેક લોકોની નજીક આવી રહ્યા છીએ. તો બે ભાઈઓ નજીક ન આવી શકે? આવી શકે." આવું લખાણ કયા લેખમાં છે?

૮. કયા લેખકના પુસ્તકના અંતમાં લખ્યું છે કે : "....દુનિયાની કોઈ તાકાત નથી કે ભારતના આર્થિક વિકાસને કે એની સમર્થતાને રોકી શકે."

૯. આવક કરતાં જાવક વધવાથી જે ખાધ પેદા થાય, તે ફિસ્કલ ડેફિસીટ ગણાય. તે ખાધને સરકાર કઈ રીતે પૂરી કરતી હોય છે?

૧૦. હાલતો, ચાલતો, ઉઠતો, બેસતો, ખાતો પીતો, હરતો ફરતો ટેલિફોન છે. એનું નામ શું છે?

૧૧. "ગુજરાતી ભાષાનું ભવિષ્ય" આ લેખ વાંચીને આપશ્રીના પ્રત્યાઘાત / અભિપ્રાય ખૂબ જ ટૂંકામાં જણાવશો. (ફરજિયાત)

***દરેકને અભિનંદન.... ખૂબ આભાર.***

**— *દિનેશ મહેતા***

*સંકલ્પથી જ મનની ઉપર વિજય મળી શકે છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*માર્ચ તથા એપ્રિલ-૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **ગાંગજી મોણશી સાલિયા**
  ૭, પુષ્પમણિ સોસાયટી, ઝવેર રોડ,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **સુનીલ ખીમજી શાહ**
  ૧૮/૧, ન્યુબેંક કોલોની,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **વાડીલાલ મોતીલાલ સંઘવી**
  ૭/૮, પારસમણિ, વી.એન. પૂરવ માર્ગ,
  ટાટા નગર સામે, ચુનાભઠ્ઠી,
  મહેતા મેન્શન પાછળ, સાયન,
  મુંબઈ-૪૦૦ ૦૨૨.
- **એલ. ડી. શાહ**
  નં.-૧૫૬, બીજે માળે,
  ૧, કર્ણાટક લે આઉટ,
  કુરૂબારાહલ્લી પાસે, બેંગ્લોર-૫૬૦ ૦૮૬.
- **લલિત નરપાર લોડાયા**
  ૧૩, પાંડુ પદ્મ નિવાસ,વાલજી લધા રોડ,
  મુલુંડ (વેસ્ટ),મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **મહેન્દ્ર ચીમનલાલ શાહ**
  બી-૪, વિભાગ-૨, ન્યુ વૃંદાવન વિહાર,
  ધરણીધર દેરાસર પાસે, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **ઉદયભાઈ કે. ભટ્ટ**
  પ્લોટ નં.-૧૦૩, આઈયા નગર,
  મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **શ્રી અચલગચ્છ જૈન સંઘ**
  શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસર,
  પ્લોટ નં.-૫૯, નવી કોલોની,
  જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૩૯૩ ૦૦૨.
- **શામજી મેઘજી નંદુ**
  સી-૦૩, વ્રજેન્દ્ર પાર્ક,
  ઓ.એન.જી.સી. સામે, અવની ભવન,
  વિસત પેટ્રોલ પંપ પાસે,
  સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫.
- **નીતિન બાબુલાલ શાહ**
  ૧૦૯/બી, વિજય નગર,
  હોસ્પિટલ ચાર રસ્તા,રોટરી હોલ સામે,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

### ૩ વર્ષનું લવાજમ

- **સંજય પ્રેમજી શાહ**
  C/o. લક્ષ્મી ટ્રેડર્સ, કલ્યાણ ભવન,
  બંદર રોડ,માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
- **ધીરેન્દ્ર કરમશી મોતા**
  ૨૯૮/૩, ક્રિષ્ના વિનાયક સોસાયટી,
  સર ભાલચંદ્ર રોડ, માટુંગા (સે.રે.),
  મુંબઈ-૪૦૦ ૦૧૯.
- **ભરત લખમશી દેઢિયા**
  ૭૦૬, ગૌતમ એપાર્ટમેન્ટ, અરિહંત પાર્ક,
  સુમૂલ ડેરી રોડ, સુરત-૩૯૫ ૦૦૨.
- **કલ્પેશ માણેકજી મોતા**
  ૧૦૧, કાલિંદી બિલ્ડિંગ,
  નીલકંઠ વેલી, રાજાવાડી,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
- **વીરચંદ કુંવરજી લાલકા**
  રૂમ-૬૦૨, ૩૦૯, ત્રિકાલ બિલ્ડિંગ,
  ૯૦ ફુટ રોડ, પંતનગર,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
- **નરશી વિશનજી દૌલત**
  ૩૦૨, રાજેશ પાર્ક,
  ૬૧, આર.બી. મહેતા રોડ,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
- **માવજી કાનજી પાસડ**
  ૨/૩૨, ગોરા ગાંધી બિલ્ડિંગ,
  એન.એમ. જોશી માર્ગ,
  કરી રોડ, મુંબઈ-૪૦૦ ૦૧૩.
- **ચંદ્રકાંત મગનલાલ સંઘવી**
  ૨૦૦૫, ટ્રેડ હાઉસ,
  ફાયર સ્ટેશન સામે, રિંગ રોડ,
  સુરત-૩૯૫ ૦૦૨.
- **કિરણ હરખચંદ ગાલા**
  ૧૦૪, સુખી એપાર્ટમેન્ટ,
  ગંગાદેવી રોડ, સોળ સુંબા,
  ઉમરગામ-૩૯૬ ૧૬૫.
- **વિનોદ મગનલાલ દેઢિયા**
  પ્લોટ નં.-૪૭, જી.આઈ.ડી.સી. કોલોની,
  ઉમરગામ-૩૯૬ ૧૭૧.
- **કિશોર વશનજી સાવલા**
  રોડ નં.-સી-૧-૧૭૪,
  જી.આઈ.ડી.સી., ઉમરગામ-૩૯૬ ૧૭૧.
- **ફતેહચંદ શામજી વીરા**
  પ્લોટ નં.-૭૬, વીરા નિકેતન,
  જી.આઈ.ડી.સી., ઉમરગામ-૩૯૬ ૧૭૧.
- **વસંતલાલ ભાણજી છાડવા**
  ગામ બિદડા, તા. મુંદ્રા,
  કચ્છ-૩૭૦ ૪૭૫.

### ૫ વર્ષનું લવાજમ

- **દિલીપ બી. ગાંધી**
  ૨, અપૂર્વ ચેમ્બર્સ,
  અપૂર્વ એન્ટરપ્રાઈઝ, ગંગા ગેઈટ,
  અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **નેમજી કલ્યાણજી સાવલા**
  શાક માર્કેટ,
  વાપી, જિ. વલસાડ-૩૯૬ ૧૯૧.
- **હરખચંદ ખીમજી ગડા**
  ૩૦૮, આસ્થા રેસીડેન્સી, ત્રીજો માળ,
  માનવ મંદિરની બાજુમાં,
  નવી કોલોની, જી.આઈ.ડી.સી.
  અંકલેશ્વર-૩૯૩ ૦૦૨.

## નવા પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **વ્રજલાલ આર. ભણશાલી**
  ૩/૬૫, નાતાલવાલા ટેરેસ,
  સેતાન ચોકી, ગોખલે રોડ,
  જખાદેવી મંદિર સામે, દાદર (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૨૮.
- **અતુલ ઈશ્વરભાઈ દેસાઈ**
  "કલ્પના", શાંતિ નિકેતન હોલ પાછળ,
  હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **સુરેશભાઈ શાહ**
  "સુવાસ", ૨૧, રઘુવીર સોસાયટી,
  મહાવીર જૈન બોર્ડિંગ પાસે,
  ભુજ ઈંગ્લીશ સ્કૂલ રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **શ્રીમતી નિરૂપમા ડી. મહેતા**
  એ.કે. વિલા
  પ્લોટ નં.-૩૩૪/૧, વોર્ડ-૩/બી,
  આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.

*સાધુ પર કોઈનું શાસન ચાલતું નથી.*

- **હર્ષદ કાંતિલાલ લોડાયા**
  "વિસામો", દ્વારકાધીશ હવેલી પાસે,
  ઉગમણી શેરી, મોટી ખાવડી,
  જિ.જામનગર-૩૬૧ ૧૪૦.
- **છગનભાઈ મેઘજી દેઢિયા**
  "મહા વિદેહ", ૩૦, સદ્‌ગુરુ નગર,
  યુનિવર્સિટી રોડ, રૂડા-૨ સામે,
  રાજકોટ-૩૬૦ ૦૦૫.
- **હરીશચંદ્ર નાનચંદ શાહ**
  કટલરીના વહેપારી, પ્રો. કે.ટી. શાહ રોડ,
  માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.

## ૩ વર્ષનું લવાજમ

- **પદમશી એચ. શાહ (ડાઘા)**
  ૨૦૩, પ્રેશિત એપાર્ટમેન્ટ,
  ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૮૧.
- **કલ્પેશ અશ્વિન મહેતા**
  ૩૨૬, એન.યુ.-૪,
  ભદ્ર નગર, ઈફ્કો કોલોની પાછળ,
  સેંટ જોસેફ હોસ્પિટલની બાજુમાં,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
- **ભરતકુમાર તારાચંદ શાહ**
  પી.એમ.સી. પ્રોજેક્ટ (ઈ.) લિ.,
  મુંદ્રા પોર્ટ રોડ, એક્સિસ બેંકની બાજુમાં,
  મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
- **નીલેશ માણેકજી મોતા**
  ૧૦૨, કાલિંદી એપાર્ટમેન્ટ,
  નીલકંઠ વેલી, રાજાવાડી,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
- **રસિકભાઈ સંઘવી**
  મેસર્સ એવરલાઈટ, મેઈન રોડ,
  પો. કોરબા છત્તીસગઢ-૪૯૫ ૬૭૮.
- **ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી**
  ૧૭૧, મંગલ નગર સોસાયટી,
  વિદ્યાડેરી રોડ, બોરસદ ચોકડી,
  આણંદ-૩૮૮ ૦૦૧.
- **અરવિંદ પોપટલાલ વોરા**
  સોના મેન્સ વેર, વાણિયાના ડેલાની સામે,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **મનસુખ ગાંગજી છેડા**
  અનંતદીપ, ૧૧/૨, લાલગેટ,
  મેઈન રોડ, સુરત-૩૯૫ ૦૦૩.
- **શરદ વીરચંદ શાહ (દંડ)**
  ૯૦૨, આકાશ દર્શન એપાર્ટમેન્ટ,
  ભટાર રોડ, સુરત-૩૯૫ ૦૦૧.
- **એલ. ડી. શાહ**
  જલારામ બાગ, ગામ : બિદડા,
  તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૩૫.

## ૫ વર્ષનું લવાજમ

- **અમૃતલાલ સુખલાલ મોરબિયા**
  ૨૮૮-૨૮૯, લીલાશાહ નગર,
  વોર્ડ નં.-૧૨/સી, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
- **દામજી વીરજી છેડા**
  એફ-૪, ગૌતમ એપાર્ટમેન્ટ,
  જી.આઈ.ડી.સી., વાપી-૩૯૬ ૧૯૫.

## આજીવન

- **દિનેશભાઈ જૈઠા**
  એક્ઝિમ ઈન્ટરનેશનલ,
  બ્યુમોન ચેમ્બર, ૧લે માળે,
  એચ.ડી.એફ.સી. બેંક સામે,
  ફલોરા ફાઉન્ટેન, મુંબઈ-૪૦૦ ૦૨૩.
- **શ્રીમતી રેણુકાબહેન ઝવેરી**
  પટેલ સદન, પી. દેશમુખ માર્ગ,
  હોંગકોંગ માર્ગની બાજુમાં, ૧લો માળ,
  મુંબઈ-૪૦૦ ૦૨૬.
- **શ્રીમતી નયનાબહેન સંઘવી**
  ભાવેશ્વર બિલ્ડિંગ, છઠ્ઠો માળ,
  ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ફેલોશિપ સ્કૂલ પાસે,
  કેમ્પ્સ કોર્નર,મુંબઈ-૪૦૦ ૦૩૬.
- **રતિલાલ ઠાકરશી સંઘોઈ**
  ૭૬૭, સમર્થ પરસાદ,
  પારસી કોલોની, ડૉ. ગુંટી રોડ,
  દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪.
- **જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ પ્રા.લિ.**
  ૭૦૮/૧૮, ભવાની પેઠ,
  ગુરુનાનક નગર, પૂણે-૪૧૧ ૦૪૨.

## 'મંગલ મંદિર'ના માર્ચ/એપ્રિલ-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | માર્ચ-૨૦૧૦ | એપ્રિલ-૨૦૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | મધુકાંત વિશનજી શાહ | મુંબઈ | ગ્રાહક | પરત | | "લેફ્ટ" |
| ૨. | હરિલાલ મેઘજી રાંભિયા | મુંબઈ | ગ્રાહક | પરત | | — |
| ૩. | કિશોર લખમશી દેઢિયા | અમદાવાદ | સભ્ય | પરત | | "લેફ્ટ" |
| ૪. | લાલ રાંભિયા | મુંબઈ | વી.આઈ.પી. | — | પરત | — |
| ૫. | ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી | મુંબઈ | કોમ્પ્લીમેન્ટરી | — | પરત | — |
| ૬. | મહેન્દ્ર શામજી મોતા | હૈદ્રાબાદ | ગ્રાહક | — | પરત | — |
| ૭. | અશોક ગંગુભાઈ છાડવા | મુંબઈ | ગ્રાહક | — | પરત | "લેફ્ટ" |
| ૮. | સતીષ પદમશી ગોસર | ઈંદોર | ગ્રાહક | — | પરત | — |
| ૯. | પ્રદીપ જેઠાલાલ વિકમ | મુંબઈ | ગ્રાહક | — | પરત | — |

શ્રી લાલ રાંભિયાને વિનંતી કે તેઓ જો તેમના ભુજ ખાતેના રહેઠાણનું સરનામુ વહેલી તકે મોકલી આપશે તો તેમને ભુજના સરનામે 'મંગલ મંદિર' નિયમિતપણે મોકલવામાં આવશે. અગર તેઓ ભુજના રહેઠાણના સરનામાની અમને જાણ નહીં કરે તો હવે પછી તેઓને આ અંકો મોકલવાના બંધ કરવામાં આવશે.

એ જ રીતે ઉપરોક્ત લિસ્ટ મુજબના અન્ય સભ્યોને પણ પોતાની વિગતો મોકલી આપવા વિનંતી.

*કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ - મંગલ મંદિર*

*સંતનું જીવન એક લાંબી પ્રાર્થના છે.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. મોઢેરાનું સૂર્ય મંદિર કદાચ આપે જોયું પણ હશે. આ મંદિર ઇ.સ. ૧૦૨૬-૨૭ આસપાસ જેટલું પ્રાચીન, પાટણના રાજા ભીમદેવ પહેલાના રાજ્યકાળમાં બંધાયું હતું. અત્યારે મંદિર ખંડિયેર સ્થિતિમાં છે પણ તેની ભવ્યતા જળવાઈ રહી છે. આ મંદિરને મહમદ ગઝનવીએ ખંડિત કર્યું હતું. મહેસાણાથી ફક્ત ૨૦ કિલોમીટર દૂર છે.

૨. ડેડ-સી એટલે સી ઑફ સૉલ્ટ જોર્ડનથી ઈઝરાયેલ સુધી ફેલાયેલો સમુદ્ર છે. તેનું પાણી અતિશય ખારું, એટલે સામાન્ય સમુદ્ર કરતાં આઠથી વધારે ગણું તેનું પાણી ખારું હોવાથી તેમાં કોઈ સજીવ પ્રાણીનું જીવન શક્ય નથી અને તેથી તેને ડેડ-સી મૃત સમુદ્ર કહેવાય છે.

૩. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન અને ૨ ટકા ઓક્સિજન વાયુ હોય છે. બાકીના ભાગમાં કાર્બન ડાયોક્સાઈડ તેમજ જુદા જુદા બીજા સાત વાયુઓ હોય છે.

૪. વીજળીના એક ચમકારામાં ૫૦,૦૦૦ (પચાસ હજાર) ડિગ્રી ફેરનહીટ ગરમી પેદા થાય છે.

૫. ઈલેક્ટ્રિક ઑવન ૨૦ મિનિટમાં જેટલી વીજળી વાપરે છે તેટલી વીજળીથી ટી.વી. ૩ કલાક ચલાવી શકાય, ૧૦૦ વોલ્ટનો બલ્બ ૧૨ કલાક ચાલુ રાખી શકાય અને ઈલેક્ટ્રિક ઘડિયાળ ૩ મહિના ચાલુ રાખી શકાય.

૬. વ્હેલ માછલીઓમાં જંગી કદની સ્પર્મ વ્હેલ સૌથી મોટું માથું ધરાવે છે. તે સૌથી ઊંડાઈ સુધી ડૂબકી મારી શકે છે. તેના દાંત ૧૦ ઇંચ લાંબા હોય છે. તેની પૂંછડી બે ભાગમાં વહેંચાયેલી છે. તે સૌથી મોટી હોય છે. સ્પર્મ વ્હેલ સૌથી ઓછા બચ્ચાંને જન્મ આપે છે. તેનું મગજ પૃથ્વી પરના કોઈપણ પ્રાણી કરતાં મોટું હોય છે.

૭. જયપુરના રાજમહેલમાં ચાંદીના બે કળશ છે જે સૌથી મોટા ચાંદીના વાસણ ભરીને ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યા છે.

૮. પ્રાણી સૃષ્ટિમાં લાંબામાં લાંબું આયુષ્ય કાચબાનું છે જે ૨૯૦ વર્ષ જેટલું હોય છે, જ્યારે પતંગિયાં થોડાં સપ્તાહ જીવે છે. જ્યારે કરોળિયા ૬ માસનું આયુષ્ય ધરાવે છે.

૯. સ્થિતિ પ્રમાણે રંગ બદલતા કાચીંડાની જીભ તેના શરીરની લંબાઈ કરતાં બે ગણી લાંબી હોય છે.

૧૦. વાદળી રંગના ઓક્ટોપસની વાદળી રેખાઓ તે હુમલો કરવાનો હોય ત્યારે જ તેના શરીર ઉપર જોવા મળે છે.

૧૧. આદિવાસી લોકો મહુડામાંથી દારૂ બનાવવા પોતાની ભઠ્ઠીઓ રાખતા. મહુડાનું બળતણ ધુમાડા રહિત અને વધારે ગરમી આપનારું હોય છે. આ મહુડો ગરીબ આદિવાસીઓને લાકડાંથી માંડી ફળ-ફૂલ વગેરે ખાદ્ય ચીજોમાં ઉપયોગી બને છે.

૧૨. ગુજરાતનું તારંગા પર્વત પૂર્વે તારંગા પર્વતના નામે ઓળખાતું. તેની અધિષ્ઠાત્રી દેવી તારા હતી. તે બૌદ્ધોનું તીર્થસ્થાન હતું. આજે તે જૈન તીર્થ સ્થળ છે.

૧૩. સીંગાપોરમાં ચ્યુઈંગ ગમનું વેચાણ કરવું, રાખવી કે વહેંચવી - ખાવી એ ગેરકાનૂની છે.

## શબ્દ રમત-૪૭નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | ક | ચિ | ત્ત | | અ | | સ | ના | ત | ન | | વૈ | શા | ખ |
| ક | ર | | | વિ | ધિ | પૂ | ર્વ | ક | | ટ | | રા | હી | |
| લ | વ | લી | ન | | કા | મ | ના | | ના | રા | જ | ગી | | અં |
| દો | ટ | | વ | ખા | ર | | મ | ન | રં | જ | ન | | ખ્વા | બ |
| ક | | | રં | ક | | ભા | | ભા | ગ | | ક | | | ર |
| લ | ગ | ભ | ગ | | અ | નુ | ભ | વ | | લ્યા | ન | ત | | |
| | ળ | | | બા | નુ | | લી | | ચ | ર | ણ | ર | જ | |
| સા | પ | રા | ધ | | કં | | વા | ટ | | ણ | | ક | | સં |
| મ | ણ | | | ઉ | પ | હા | ર | | એ | કા | દ | | લા | ગ |
| સા | | ર | ક્ત | દા | ન | | | ઉ | ક | ર | ડો | | ફો | |
| મે | લા | ણ | | હ | | મા | ફી | પ | ત્ર | | | ધૂ | | ક |
| | | છો | ક | ર | મ | ત | | વ | | | આ | પ | ખુ | દી |
| સ | લા | ડ | | ણ | | મ | હે | ન | ત | ક | શ | | | ક |
| હ | લ | | લ | | સા | | વા | | ન | સ | | રા | ગ | |
| જ | ન | મ | ત | | જ | વા | ન | | | મ | નો | વ | લ | ણ |

*(ત્રણ ભૂલ સુધીના નામો પ્રસિદ્ધ કરાશે.)*

*શબ્દ રમત-૪૭ના જવાબો મોકલનારના નામ માટે જુઓ : પાના-૧૦૮*


***દરરોજ સવારમાં પ્રાર્થના કરો કે,***

*હે ભગવાન અમને તાકાત અને શક્તિ આપ કે જેથી*
*અમે*
*ઈન્કમટેક્ષ ભરી શકીએ*
*વેટ ભરી શકીએ*
*સીએસટી ભરી શકીએ*
*સર્વિસ ટેક્ષ ભરી શકીએ*
*એક્સાઈઝ ડ્યૂટી ભરી શકીએ*
*ટીડીએસ ભરી શકીએ*
*ઈએસઆઈ ભરી શકીએ*
*પ્રોવિડંટ ફંડ ભરી શકીએ*
*પ્રોપરાઈટરી ટેક્ષ ભરી શકીએ*
*સ્ટેમ્પ ડ્યૂટી ભરી શકીએ*
*પાણીનો ટેક્ષ ભરી શકીએ*
*પ્રોફેશનલ ટેક્ષ ભરી શકીએ*
*રોડ ટેક્ષ ભરી શકીએ*
*શિક્ષણ વેરો ભરી શકીએ*
*અને બીજા અનેક વેરાઓ પણ ભરી શકીએ*
*તદ્ઉપરાંત*
*ગુંડા હપ્તા, લાંચ-રુશવત, ડોનેશન્સ, ભીખારીઓ વગેરેને પણ નાણા ચૂકવી શકીએ!*
*જો આ પછી અમારી પાસે સમય અને પૈસા બચશે તો અમે વ્યાપાર કરી શકશું*
*વધતી જતી ભારતીય ઈકોનોમીને સલામ, જય લુંગી-દેવ, ચિદમ્બરમ!*

***સારા સ્વભાવ જેવું કોઈ આભૂષણ નથી***

## શબ્દ રમત-૪૮

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૪-૫-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. પાંખોવાળી દેવતાઈ સુંદરી (૨)
૨. કન્યાના લગ્નપ્રસંગે કરેલી પહેરામણી (૫)
૫. ગુફા, બખોલ (૩)
૭. તાત્પર્ય, સારાંશ (૨)
૧૦. મધ્યપ્રદેશ - રાજસ્થાનની એક નદી (૩)
૧૨. દેશાંતર જવા માટેનો પરવાનો (૪)
૧૪. ચેદિ દેશનો રાજા, જેનો કૃષ્ણે વધ કર્યો (૪)
૧૭. ઘાસનો ઢગલો (૨)
૧૮. મિજબાની, ઉજાણી (૨)
૧૯. સુતાર, નાગલોકનો રાજા (૩)
૨૦. માણસજાત (૫)
૨૨. હાથનું ઘરેણું, કલ્લી (૩)
૨૪. ટંકાવાનો અવાજ, ખટ એવો અવાજ (૨)
૨૫. કેળવણી, શિક્ષણ (૩)
૨૬. અંશ, રામનો પુત્ર (૨)
૨૯. શિક્ષા, નસિયત, દંડ (૨)
૩૦. અગિયારસ પછીની તિથિ (૩)
૩૨. આનંદ, સુખ, આબાદી (૫)
૩૫. એક જાતની મોટી સાકર (૫)
૩૭. સંકલ્પ-વિકલ્પ કરનારી ઈંદ્રિય (૨)
૩૯. ઠીંગણું, વિષ્ણુનો એક અવતાર (૩)
૪૦. કેફ, ગર્વ, તોર (૨)
૪૧. પોલીસચોકી, દેવડી (૨)
૪૨. નગારાં પર ચામડાં મઢનારો (૪)
૪૪. ઈજારદાર, .... દાર (૪)
૪૭. વાઘની જાતનું એક પ્રાણી (૩)
૪૯. સમ્રાટ, રાજાધિરાજ (૪)
૫૨. પૃથ્વી, જમીન (૫)
૫૪. ધોળાશ પડતું, રૂપું (૩)
૫૫. દાણાદાર લોટ, ગોળની ચાકી (૨)
૫૭. તે ઉપરાંત, વિશેષ, વળી (૫)
૬૧. કોલસો (અં.) (૨)
૬૨. ફતેહમંદ, રજાચિઠ્ઠી (૨)
૬૪. કામ, કારણ, માટે (૨)
૬૫. જ્વાળામુખીનો ગરમ રસ (૨)
૬૬. કજિયો, કલેશ (૪)
૬૭. લવરી, બકવાટ (૩)
૬૯. કાચની રમવાની નાની ગોળી (૩)
૭૩. પ્રકૃતિના ત્રણ ગુણોમાંનો એક (૪)
૭૪. પુષ્ટિમાર્ગના ખાસ આચાર પ્રમાણે ચાલનારું (૪)
૭૫. ઝાળ, રૂઆબ (૨)

### ઊભી ચાવીઓ

૧. પવિત્ર દિવસ, તહેવાર (૨)
૩. સવિસ્તર અહેવાલ (અં.) (૩)
૪. નિશાળના વર્ગનો શિક્ષક (૫)
૫. કામળી, ગાય-બળદની ગરદન નીચે લટકતી ચામડી (૩)
૬. ફૂલની પાંખડી, સૈન્ય (૨)
૮. યુદ્ધમાં જીતનાર (૪)
૯. છાપખાનું, દાબવાનું યંત્ર (અં.) (૨)
૧૦. સુગંધી ફૂલઝાડ, છોકરીનું નામ (૨)
૧૧. તાળાની ચાવી (અં.) (૧)
૧૨. વાચક, બ્રાહ્મણની એક અટક (૩)
૧૩. નાની ગાંસડી (૩)
૧૫. પોપટ (૨)
૧૬. તકરાર, ચડસાચડસી (૨)
૧૭. ઘણું મોટું (૪)
૧૯. કિનારો, કાંઠો (૨)
૨૦. સામસામે, માંહોમાંહ (૬)
૨૧. કેરલ રાજ્યનો એક પ્રાંત (૪)
૨૩. ગોળ લાકડાની પટી ઉપર મઢેલાં ચામડાં વાળું વાદ્ય, નાની ડફ, ખંજરી (૩)
૨૫. નવા સમાચાર (૫)
૨૭. ઊનું, ઉષ્ણ (૩)
૨૮. સમશેર, ખડગ (૪)
૩૧. સ્વપ્ન, ખ્વાબ (૩)
૩૩. સોનું (૨)
૩૪. ક્રિકેટમાં લેવાતો... (૨)
૩૬. પ્રમાણ, આકાર (૨)
૩૮. હરકત, વિઘ્ન (૪)
૪૩. ગરમી, ઉષ્ણતા, તપારો (૪)
૪૪. મોટું પડીકું, ઢંઢેરો (૨)
૪૫. સામસામા વાતચીત (૪)
૪૬. નાશ, કતલ, ઉચ્છેદ (૩)
૪૮. ટેક, પ્રતિજ્ઞા (૨)
૫૦. ગુજરાતના સૌરાષ્ટ્ર વિભાગનું એક શહેર (૪)
૫૧. ...કથા, બુદ્ધ ભગવાનની કથા (૩)
૫૨. કુબેર, ઈંદ્રના ધનનો ભંડારી (૪)
૫૩. ...કામઠું, બાણ (૨)
૫૬. આંખો આંજવાની મેશ (૩)
૫૭. ગામડાંમાં મહેસૂલ વસૂલ કરનાર (૩)
૫૮. આશીર્વાદ (૨)
૫૯. ગરીબ, સાલસ (૨)
૬૦. નાજુક, ઝટ ભાંગી જાય તેવું (૪)
૬૩. પ્રાતઃકાળ, વહાણું (૩)
૬૮. ઈસ્લામમાં દિવસનો ઉપવાસ (૨)
૭૦. નુકસાન, ઘટ (૨)
૭૧. અમીર, એક જાતિ (૨)
૭૨. સત્ય (૨)

*સંતોષના જેવું બીજું કોઈ ધન નથી.*

## શબ્દ રમત-૪૭નો ઉકેલ

માર્ચ-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૪૭ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

***જે પૈકી બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :***

| | | | |
|---|---|---|---|
| ૧. | કિશોર જે. શાહ | - અમદાવાદ | |
| ૨. | નવીન શામજી લાલકા | - ગદગ | |

***<u>જવાબ મોકલનાર અન્યો :</u>***

| | | | |
|---|---|---|---|
| ૩. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૪. | મોના જિતેન્દ્ર શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | લીલાધર એલ. વિસરિયા | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૬. | જયવંતી પી. ગંગર | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૭. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૮. | પૂજા કેતન ગંગર | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૯. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૫ ભૂલ |
| ૧૦. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | ૬ ભૂલ |
| ૧૧. | વર્ષા પારેખ | - અમદાવાદ | ૬ ભૂલ |
| ૧૨. | રોહિત રણછોડલાલ ગાંધી | - અમદાવાદ | ૬ ભૂલ |
| ૧૩. | જયશ્રી કીર્તિભાઈ શાહ | - અમદાવાદ | ૭ ભૂલ |
| ૧૪. | સરલા ખીમજી છેડા | - અમદાવાદ | ૭ ભૂલ |
| ૧૫. | ચારુ એ. સંઘવી | - અમદાવાદ | ૯ ભૂલ |
| ૧૬. | તારાચંદ વેલજી રતાણી | - અમદાવાદ | ૧૧ ભૂલ |

## સુડોકુ-૧૦૦૪

એપ્રિલ-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૪નો ઉકેલ મોકલનારની નામાવલિ

***બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :***

| | | |
|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૨. | વૈશાલી દર્શનકુમાર મહેતા | - અમદાવાદ |
| ૩. | કામિની સ્નેહલ શેઠ | - અમદાવાદ |
| ૪. | ભારતી મનીષ વોરા | - અમદાવાદ |
| ૫. | વર્ષાબહેન રવિલાલ પારેખ | - અમદાવાદ |
| ૬. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૭. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ |
| ૮. | જયવંતી પી. ગંગર | - અમદાવાદ |
| ૯. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |
| ૧૦. | કિરણ ઉમરશી રાંભિયા | - અમદાવાદ |
| ૧૧. | ચારુ એ. સંઘવી | - અમદાવાદ |
| ૧૨. | રૂપલ ગૌરવ દેઢિયા | - અમદાવાદ |
| ૧૩. | ચંદ્રિકા અશોક શાહ | - અમદાવાદ |
| ૧૪. | સરોજબહેન અનુપભાઈ ચંદુરા | - અમદાવાદ |
| ૧૫. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | - અમદાવાદ |
| ૧૬. | પૂજા કેતન ગંગર | - અમદાવાદ |
| ૧૭. | મમતા જિતેન્દ્ર શાહ | - અમદાવાદ |
| ૧૮. | મૈત્રી જયેશ શાહ | - અમદાવાદ |
| ૧૯. | મીના અશોક ગોરજી | - અમદાવાદ |
| ૨૦. | પંકજ લક્ષ્મીચંદ મોતા | - અમદાવાદ |
| ૨૧. | અક્ષય મુકુંદભાઈ | - અમદાવાદ |
| ૨૨. | બકુલ એચ. શાહ | - અમદાવાદ |
| ૨૩. | શાંતિલાલ રતનશી શાહ | - અમદાવાદ |
| ૨૪. | લીના તેજસ લોડાયા | - અમદાવાદ |

***<u>જવાબ મોકલનાર અન્યો :</u>***

| | | | |
|---|---|---|---|
| ૨૫. | એ. જે. ભટ્ટ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૬. | સરલા ખીમજી છેડા | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૭. | શશીકાંત પાનાચંદ સંઘવી | - અમદાવાદ | ૧ ભૂલ |

# સુડોકુ

– *હરખચંદ સાવલા*

*સુડોકુ ક્રમાંક-૧૦૦૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૫-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.*

*સાચા જવાબો મોકલનારના નામ જૂન-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

## ક્રમાંક - ૧૦૦૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૧ | | | | ૮ | ૪ | |
| ૩ | ૮ | ૪ | | ૫ | | ૨ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૨ | | | | ૫ | ૧ | ૯ |
| ૧ | ૩ | ૯ | ૭ | | ૮ | ૪ | ૨ | ૫ |
| ૨ | | | ૩ | ૧ | ૫ | | | ૭ |
| ૫ | ૬ | ૭ | ૪ | | ૨ | ૧ | ૩ | ૮ |
| ૪ | ૯ | ૩ | | | | ૬ | ૫ | ૨ |
| ૮ | ૨ | ૬ | | ૩ | | ૭ | ૯ | ૧ |
| | ૧ | ૫ | | | | ૩ | ૮ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૨ | | ૯ | | ૫ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૧ | ૮ | | ૫ | ૬ | ૨ | ૯ |
| ૯ | | ૬ | ૧ | | ૨ | ૪ | | ૭ |
| ૨ | | ૭ | ૩ | | ૯ | ૧ | | ૪ |
| | | | | ૭ | | | | |
| ૫ | | ૩ | ૪ | | ૮ | ૭ | | ૨ |
| ૬ | | ૫ | ૯ | | ૧ | ૮ | | ૩ |
| ૭ | ૩ | ૯ | ૫ | | ૪ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૨ | ૮ | | ૬ | | ૯ | ૫ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | | | ૯ | ૧ | |
| ૭ | | ૧ | | ૮ | | ૫ | | |
| ૫ | ૬ | ૮ | ૯ | ૩ | | ૭ | ૪ | ૨ |
| | | | | ૯ | | ૮ | | |
| | ૮ | ૭ | ૫ | | ૪ | ૬ | ૯ | |
| | | ૪ | | ૬ | | | | |
| ૮ | ૧ | ૯ | | ૪ | ૫ | ૩ | ૬ | ૭ |
| | | ૫ | | ૭ | | ૪ | | ૧ |
| | ૭ | ૬ | | | | ૨ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૫ | | ૩ | ૨ | | |
| ૯ | | | ૪ | ૮ | ૨ | ૭ | ૫ | |
| | | ૨ | ૭ | ૯ | ૬ | | | |
| | ૨ | ૩ | | | ૭ | | | |
| | ૭ | ૮ | ૬ | | ૯ | ૫ | ૨ | |
| | | | ૨ | | | ૩ | ૬ | |
| | | | ૯ | ૬ | ૫ | ૧ | | |
| | ૩ | ૯ | ૮ | ૭ | ૧ | | | ૫ |
| | | ૬ | ૩ | | ૪ | | | ૯ |

***શરતો*** :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા **3 X 3**ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૪ | ૩ | ૧ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૨ |
| ૨ | ૮ | ૭ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૩ |
| ૩ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૮ | ૫ | ૧ |
| ૫ | ૬ | ૪ | ૨ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૭ | ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૨ | ૪ | ૬ |
| ૮ | ૪ | ૬ | ૧ | ૫ | ૭ | ૩ | ૨ | ૯ |
| ૯ | ૭ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ | ૬ | ૯ |
| ૩ | ૬ | ૫ | ૯ | ૭ | ૧ | ૪ | ૮ | ૨ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ |
| ૫ | ૮ | ૪ | ૧ | ૨ | ૬ | ૯ | ૩ | ૭ |
| ૧ | ૩ | ૬ | ૪ | ૯ | ૭ | ૨ | ૫ | ૮ |
| ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૮ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૯ | ૮ | ૪ | ૬ |
| ૬ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૭ | ૯ | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ | ૫ | ૩ |
| ૬ | ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૧ | ૨ | ૮ |
| ૭ | ૫ | ૯ | ૩ | ૮ | ૧ | ૨ | ૬ | ૪ |
| ૮ | ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૯ | ૬ | ૮ | ૭ | ૫ |
| ૧ | ૬ | ૫ | ૭ | ૪ | ૨ | ૩ | ૮ | ૯ |
| ૯ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૭ | ૪ | ૬ |
| ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૫ | ૧ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૫ | ૨ | ૩ | ૮ | ૧ | ૬ | ૭ | ૯ | ૪ |
| ૯ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૮ | ૬ | ૧ |
| ૪ | ૧ | ૭ | ૨ | ૯ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૨ | ૬ | ૫ | ૧ | ૪ | ૩ | ૯ | ૮ | ૭ |
| ૮ | ૩ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ | ૪ | ૨ |
| ૭ | ૫ | ૮ | ૪ | ૩ | ૧ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૪ | ૭ | ૫ |

*સુડોકુ-૧૦૦૪ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં.-૧૦૮*

*સત્ય એ એક એવી બાબત છે કે પ્રારંભમાં તેને કોઈ માનતું નથી.*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ સુરેન્દ્રનગરના સ્વ. જયંતીલાલ કનુભાઈ આચાર્ય સ્મૃતિ સંસ્થાન દ્વારા યોજાયેલી લઘુકથા સ્પર્ધામાં કચ્છી લેખક ભુજના બાબુલાલ ગોરની કૃતિ "હૃદય પરિવર્તન" તૃતીય ક્રમે આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૩૪ સ્થળના ૬૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

★ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના પાંચમા પદવીદાન કાર્યક્રમમાં રાજયના ૨૦ જેટલા પ્રગતિશીલ કિસાનોને સન્માનિત કરાયા હતા. જેમાં કચ્છના કેસર કેરી ક્ષેત્રે દેશ વિદેશમાં નામના મેળવનાર મઉ મોટી (તા. માંડવી)ના બટુકસિંહ મેઘરાજજી જાડેજા અને બન્ની ધોરડોના પ્રગતિશીલ કિસાન મિયાં હુસેન ગુલબેગ મુતવાને પાણી સંગ્રહ, પાણી બચત અને ઘાસ સંગ્રહ માટે સન્માનિત કરાયા હતા.

★ મુંદ્રા નજીક શિરાયા પાસે અંદાજિત ૨૦ હજાર કરોડના રોકાણ સાથે કુલ ૪૬૨૦ મેગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતાનો અદાણી પાવર લિ.નો પ્લાન્ટ ઊભો થઈ રહ્યો છે. વિશ્વમાં ત્રીજા ક્રમનો અને ભારતમાં પ્રથમ ક્રમનો કોલસા આધારિત સૌથી વધુ ક્ષમતાવાળો આ પ્લાન્ટ માર્ચ-૨૦૧૨ સુધીમાં પૂર્ણ થશે. અત્યાધુનિક ટેક્નોલોજી સાથેના આ પ્લાન્ટમાં પ્રદૂષણનું પ્રમાણ નહિવત્ રહેશે.

★ વિશ્વમાં કેમિકલ ખાતર ઉત્પાદન ક્ષેત્રની સૌથી મોટી સહકારી કંપની ઈફ્કો (ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટીવ લિમિટેડ) એ વૈશ્વિક પર્યાવરણીય ખતરો ટાળવા માટે હવામાં કાર્બન ડાયોક્સાઈડ ભળતો રોકવા અનેક પગલાં લઈને મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી હતી. જેના બદલામાં તેને સંયુક્ત રાષ્ટ્રસંઘનું ૪ કરોડનું ઈનામ પ્રાપ્ત થયું હતું.

★ ધરતીકંપમાં ધ્વસ્ત કે નુકસાન પામનારા મકાનના સહાયના ત્રીજા હપ્તાની રકમ મંજૂર કરી આપવા માટે રૂા. ૧૧૦૦ની લાંચ લેતા વર્ષ ૨૦૦૪માં પકડાયેલા ભુજ તાલુકા પંચાયતના તત્કાલીન ગ્રામસેવક ગાંડાલાલ દ્વારકાપ્રસાદ પટેલને અદાલતે ત્રણ વર્ષની સખત કેદ અને રૂા. ૧૮ હજારના દંડની સજા ફટકારી હતી.

★ મોખા (તા. મુંદ્રા) ગામના સીમાડે વાહનોના ટાયર બનાવવા માટે વપરાતા બ્લેક પાવડરની કંપનીમાંથી ફેલાતા પ્રદૂષણના લીધે પાકને નુકસાન થવાની તથા ચાર બોટમાંથી રાત દિવસ પાણી ખેંચવાનું ચાલુ રહેતા આજુબાજુની વાડીના કૂવાના તળ નીચે ગયા છે તેવી ગ્રામજનોની ફરિયાદ છે.

★ ગાંધીધામ બસ સ્ટેશનમાં આવેલા જાહેર શૌચાલયના ઠેકો ધરાવતા ઠેકેદાર પાસેથી કહેવાતી લાંચની રૂા. ૧૦ હજારની રકમ સ્વીકારતાં ગાંધીધામ ખાતેની ગુજરાત રાજય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં વર્કચાજ વર્ક આસિસ્ટન્ટ (મિસ્ત્રી) લાંચ રુશવત વિરોધી બ્યૂરોની ટુકડીના હાથે ઝડપાઈ ગયા હતા.

★ કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ અને અબડાસાના ધારાસભ્ય જયંતીલાલ ભાનુશાળીના એકના એક પુત્ર અનિરુદ્ધ (વય ૨૧ વર્ષ)નું ગાડી લઈને મિત્રો સાથે જતા હતા ત્યારે એકાએક ટાયર ફાટતાં તેમની મારુતિ સ્વીફ્ટ પલટી ખાઈ જતાં તેમને ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યુ થયું હતું. આથી સમગ્ર કચ્છમાં આઘાતની લાગણી પ્રસરી હતી.

★ ભુજથી નલિયા સુધી મીટરગેજનું બ્રોડગેજમાં રૂપાંતર અને નલિયાથી વાયોર સુધી નવી લાઈન એમ ૧૦૦ + ૨૪ કિલોમીટરની લાઈન માટે સર્વેનું કામ પૂરું થઈ જતાં હવે જુલાઈ ઓગસ્ટથી કામ શરૂ થઈ એક વર્ષમાં પૂરું કરાશે અને ત્યારે ૨૦૧૨ સુધી કચ્છ એક્સપ્રેસ ટ્રેન નલિયા સુધી પહોંચશે. અમદાવાદ સ્થિત સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી ઝાએ ભુજમાં આ માહિતી આપી હતી.

★ મોટા ભાડિયાની નજીક આવેલા મુંદ્રા તાલુકાના ટુંઢાવાંઢ ગામે એક કુંઠી ભેંસ ૧ લાખ ૧૨ હજાર રૂપિયામાં વેચાઈ હતી. આ ભેંસ રોજ ૨૪ લિટર દૂધ આપે છે.

★ કચ્છના અબડાસા તાલુકામાં આવેલી અને સિમેન્ટનું ઉત્પાદન કરતી સાંઘી સિમેન્ટ કંપની વિસ્તરણની યોજના હાથ ધરી તેની ઉત્પાદન ક્ષમતા ત્રણ ગણી કરશે. આ માહિતી સાંઘીના ડાયરેક્ટરે આપી હતી.

★ દરિયાઈ કાચબા બચાવ અભિયાન અંતર્ગત માંડવીમાં વનતંત્રે કૃત્રિમ માળાઓની માવજત કરીને સફળતા પ્રાપ્ત કરી હતી અને નવજાત શિશુ કાચબાઓને દરિયા માર્ગે છૂટા મુક્યા હતા.

★ આંતરરાષ્ટ્રીય સ્તરની ફોટો ઈમેજિન એજ્યુકેશન એસોસિએશન (સી.આઈ.ઈ.એ.) આયોજિત ફોટો સ્પર્ધામાં જે. શામનાથ પાટીલના કચ્છના દુર્ગમ ગામમાં લેવાયેલી તસવીર "આઈઝ નેવર એજ"ને પ્રથમ ઈનામ મળ્યું હતું. આ હરીફાઈમાં ૧૩૨ દેશોની ૧૪૫૨ એન્ટ્રીઓ આવી હતી.

★ અંજાર તાલુકાના વીરા ગામના લોકોએ ગૌચર જમીન ઉદ્યોગોને આપી દેવાના કલેક્ટરના હુકમને વડી અદાલતમાં પડકારતાં હાઈકોર્ટે કલેક્ટરના હુકમને રદ કરી ગૌચર જમીન ગ્રામ પંચાયતને સુપરત કરતો ચુકાદો આપ્યો હતો. વીરા ગામની ૨૮૦ એકર જમીનમાંથી ૧૫૦ એકર જમીન મીઠાના ઉદ્યોગ માટે કલેક્ટરે ફાળવણી કરી હતી.

★ કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ અને અબડાસા વિભાગના ધારાસભ્ય જેંતીભાઈ ભાનુશાલીના યુવાન પુત્ર અનિરુદ્ધનું અવસાન થતાં પ્રાર્થના સભાના દિવસે તેમની પુત્રી ખુશાલીનું ધોરણ-૧૨ની

પરીક્ષાનું પેપર હતું, જે આ કન્યાએ હિંમત રાખી લખ્યું હતું.

★ પ્રવાસન મંત્રી જયનારાયણ વ્યાસે વિધાનસભામાં જણાવ્યું હતું તેમ ગુજરાતના પ્રવાસ માટે પ્રવાસીઓ આકર્ષાય તે હેતુથી ૧૪ બીચની પસંદગીમાં કચ્છના માંડવી - પીંગલેશ્વર બીચનો સમાવેશ થાય છે. આ ૧૪ બીચના વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

★ મૂળ કચ્છના અને વર્ષોથી યુ.કે.માં સ્થાયી થયેલા કચ્છી એન.આર.આઈ. દંપતી બિંદી કિશોર ભુવા (માંડવી) અને કેરાના કિશોર ધનજી ભુવાએ ખાયકીના કેસમાં કસૂરવાર ઠર્યા પછી લંડનમાં આત્મહત્યા કરી લીધી હતી. બેંક સાથે આ ઠગાઈનો બનાવ એક વર્ષ પહેલાં બન્યો હતો.

★ દિલ્હીથી ભુજ તરફ આવી રહેલી આલા હજરત ટ્રેનમાં બોંબ હોવાની અફવા મળતાં ગુડગાંવ સ્ટેશને તેને થોભાવી દઈ સઘન તપાસ કરાઈ હતી. અઢી કલાકની તપાસ દરમ્યાન કંઈ ન નીકળતાં ટ્રેન રવાના કરાઈ હતી. મોટાભાગના પ્રવાસીઓ કચ્છ સૌરાષ્ટ્રના હતા અને હરિદ્વાર કુંભમેળામાં સ્નાન કરી પરત થતા હતા.

★ હાલ કચ્છમાં નર્મદા યોજનાનું ૧૫૦ એમ.એલ.ડી. પાણી માળિયામાંથી મળે છે જે ગ્રામ્ય વિસ્તાર તેમજ ઔદ્યોગિક એકમોને પૂરું પાડવામાં આવે છે. છેલ્લા ઘણાં વર્ષોથી એવું જણાયું છે કે વર્ષમાં એકાદવાર નર્મદા કેનાલમાં ભંગાણ પડે છે ત્યારે કચ્છમાં ૧૫-૨૦ દિવસ સુધી પાણી મળતું નથી. આથી અંજાર તાલુકાના ટપ્પર ડેમને રૂા. ૨૪ કરોડના ખર્ચે ઈમરજન્સી સ્ટોરેજ તરીકે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. જો વરસાદથી આ ડેમ પૂરો ભરાય તો ઈમરજન્સીમાં સમગ્ર કચ્છને એક મહિના સુધી ૧૮૦ એમ.એલ.ડી. પાણી પૂરું પાડી શકાશે.

★ ગાંધીધામથી હાવડા (કોલકત્તા) જતી સુપરફાસ્ટ ટ્રેનની પ્રથમ ટ્રીપને સાંસદ પૂનમબહેન જાટે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ટ્રેન બુધવારે હાવડાથી આવી હતી.

★ અબડાસાના લાલા ગામ પાસે આવેલા ઘોરાડ અભયારણ્યમાં પુનઃ ઘોરાડ પક્ષી પાછા ફરે તે માટે તમામ પ્રયાસો જંગલ ખાતું કરશે અને આસપાસની દબાણવાળી જમીન તુરત ખુલ્લી કરાશે અને દબાણકારો સામે કડક પગલાં ભરાશે તેવું ઘોરાડ અભયારણ્ય સંદર્ભે યોજાયેલી વિચારગોષ્ઠી દરમ્યાન જંગલ ખાતાના વડાએ નલિયા ખાતે જણાવ્યું હતું.

★ ૬૦ હજાર ચો.મી.ના ઘેરાવામાં પથરાયેલા માંડવીના ઐતિહાસિક ટોપણસર તળાવની ઊંડાઈ વધારવાનું કામ ચાલી રહ્યું છે. પાંચેક ફુટ વધુ ઊંડો ખોદતા વધુ પાંચ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે. આનો ખર્ચ રૂા. ૬૮ લાખ અંદાજવામાં આવ્યો છે.

★ માંડવી - મુંદ્રા તાલુકાના વિસ્તારોમાં દરિયાઈ ક્ષારને રોકવા વરસાદી પાણી સંઘરવા આ તાલુકાઓના ગામોને જોડતી રૂકમાવતી નદીના પટમાં ૫૧ ચેક ડેમ બનાવવાને મંજૂરી મળી હતી. વિજય સાગર ડેમના ઓગનમાંથી નીકળતું પાણી નદીમાંથી વહીને દરિયામાં જાય છે. તેને અટકાવવા પ્રયાસ હાથ ધરાશે.

★ માંડવીમાં માંડવી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા લોક ભાગીદારીના પ્રયાસ રૂપે રૂા. સવા છ લાખની માતબર કિંમતની પાંચ ટ્રકોમાં ૧ હજાર ગુણો - અડધો લાખ કિ.ગ્રા.ના ઘઉંનું જરૂરિયાતમંદોને વિતરણ કરાયું હતું. આ સિવાય પણ આ ચેમ્બરે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

★ મહેસુલ પ્રધાનના વિધાનસભામાં જણાવ્યા અનુસાર સમગ્ર રાજ્યની જમીનનું વૈજ્ઞાનિક ઢબે પુનઃ મોજણીનું કામ હાથ ધરાયું છે. જેમાં અન્ય તાલુકાઓની સાથે કચ્છ જિલ્લાના ચાર તાલુકાની જમીનની પુનઃ મોજણીનું કામ આ વર્ષે હાથ ધરાશે.

★ અંજારની વતની અને હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થિની પ્રિયાબહેન અરવિંદભાઈએ બી.એ. વીથ હોમ સાયન્સમાં પ્રથમ ક્રમાંક મેળવતાં રાજ્યના રાજ્યપાલ અને યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. કમલાબહેનના હસ્તે 'શાંતાબહેન વીરચંદભાઈ શાહ ગોલ્ડ મેડલ' તેને અર્પણ કરાયો હતો.

★ ભારતમાં ૨૦૧૧ની વસતિ ગણતરી થઈ રહી છે ત્યારે માતૃભાષા તરીકે **કચ્છી**ની અચૂક નોંધ કરાવવા કચ્છીઓને અપીલ થઈ રહી છે. જેથી આ ભાષાનું ભવિષ્ય ઉજળું બનાવવા આપણે ફાળો આપ્યો ગણાય.

★ મુંબઈના કચ્છી અગ્રણી હેમરાજ શાહ જીવનના ૭૦મા અને સામાજિક કારકિર્દીના ૪૩મા વર્ષમાં પ્રવેશની ઉજવણી મુંબઈમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર જોસેફ મેકવાનનું નડિયાદની યુરોલોજી હોસ્પિટલમાં ૭૫ વર્ષની વયે અવસાન થયું હતું. જાણીતા અગ્રણી લીલાધર ગડા (અધા)એ જણાવ્યા અનુસાર કચ્છમાં પણ તેમના અમૃત મહોત્સવ ઉજવવાની તૈયારીઓ જાણીતા લેખક માવજી મહેશ્વરીના કન્વીનરપદે રચાયેલી સમિતિ દ્વારા આરંભાઈ હતી.

★ મુંદ્રા તાલુકાના પત્રી ગામે કચ્છની સૌપ્રથમ વાતાનુકૂલિત, મોડેલ આધુનિક કોમ્પ્યુટરાઈઝ્ડ નવનિર્મિત પંચાયત ઘરનું લોકાર્પણ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છના પદાધિકારીઓ, અધિકારીઓ, રાજકીય - સામાજિક અગ્રણીઓ, આસપાસની ગ્રામ પંચાયતના સરપંચો વગેરે હાજર રહ્યા હતા. વી. ટ્રાન્સ ઈન્ડિયા લિમિટેડના સહયોગથી આ પંચાયત ઘર નિર્માણ પામેલ છે.

★ કચ્છ જિલ્લામાં કાર્યરત ઔદ્યોગિક એકમોમાંથી સાત કંપનીઓ એવી છે જે ગુજરાત સરકાર પાસેથી નર્મદા પાઈપ લાઈન દ્વારા પાણી તો મેળવી ચૂકી છે પરંતુ હજુ તેનું બિલ ભરપાઈ કર્યું નથી અને આ બાકીની રકમનો ૨૦૦૯ના અંતનો આંક અઢી કરોડ જેટલો થાય છે.

★ અમદાવાદના કૃષ્ણનગરથી મુંદ્રા વચ્ચે એસ.ટી.નો સ્લીપિંગ કૉચ શરૂ કરવામાં આવ્યો છે. આ એસ.ટી. બસ કૃષ્ણનગરથી રાત્રે નવ વાગ્યે ઉપડી વાયા બાપુનગર, અમદાવાદનું મધ્યસ્થ એસ.ટી.

*સત્યની વાત બધા કરે છે પણ તેનું પાલન બહુ થોડા લોકો કરે છે*

ડેપો, ધ્રાંગધ્રા, ગાંધીધામ થઈ મુંદ્રા સવારે છ વાગે પહોંચશે. મુંદ્રાથી પરત રાત્રે નવ વાગે ઉપડનાર આ બસ રૂટ કૃષ્ણનગર (અમદાવાદ) સવારે છ વાગે પહોંચશે.

★ કચ્છને સંલગ્ન લાંબા રૂટની એસ.ટી. બસોના ધોરીમાર્ગ ઉપરના ગેરકાયદે રોકાણ બાબતે લાલ આંખ કરી કચ્છના એસ.ટી. તંત્રે સામખિયાળી નજીકની એક હોટલ ખાતે ઊભેલી ચાર બસ પકડી હોટલવાળા સામે તથા બસોના ડ્રાઈવર - કંડક્ટર સામે કાર્યવાહી કરી હતી.

★ ભારતના મહા લેખાકાર (ઓડિટર જનરલ)એ નર્મદા યોજનામાં ઢીલાશની કડક ટીકા કરી હતી અને એ અહેવાલ વિધાનસભામાં રજૂ થયો હતો. પરંતુ હવે કેન્દ્ર સરકારે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારો માટે ૧૧,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચને મંજૂરી આપતાં આ યોજના હવે બનતી ત્વરાએ આગળ ધપાવાશે.

★ કુકમા (તા. ભુજ)ના અમૃતભાઈ બેચરભાઈ વણકરની શાલ બનાવવા માટે ભારતના કાપડ મંત્રાલય તરફથી મેરિટ પુરસ્કાર આપવા પસંદગી કરાઈ હતી.

★ પૂર્વ મંજૂરી લીધા વિના ફરજ પર ગેરહાજર રહેવા માટે ગાંધીધામ સુધરાઈના ચીફ ઓફિસર જી.કે. ચાંડપ્પાને અને અંજાર સુધરાઈના મુખ્ય અધિકારી વિષ્ણુ પ્રજાપતિને અધિક જિલ્લા કલેક્ટરે નોટિસો ઠપકારી હતી.

★ "વાંચે ગુજરાત" અભિયાન હેઠળ સ્વર્ણિમ વર્ષમાં કચ્છમાં ૫૦ વાંચનાલયો શરૂ કરાશે તેવી જાહેરાત ભુજ ખાતેથી કરવામાં આવી હતી.

★ તુણા બંદરેથી બકરા ભરી દુબઈ જવા નીકળેલું જામનગરનું "દરિયા દૌલત" નામના વહાણે તુણાથી ૫ માઈલ દૂર જળસમાધિ લીધી હતી. તેમાં ભરેલા ૫૧૭ બકરાના મોત થયા હતા. વહાણના ક્રુ સભ્યો પૈકી એક જણ લાપતા બન્યો હતો. બાકીના ૧૪ સભ્યોને બચાવી લેવાયા હતા.

★ મૂળ ભુજના આંખના સેવાભાવી તબીબ ડૉ. જેંતીભાઈ કાનજી અજાણીનું ભુજમાં અવસાન થયું હતું. તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સેવા બજાવતા હતા ત્યારે તમામ કચ્છીઓને સદા મદદરૂપ થતા. અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ વચ્ચે અમદાવાદમાં કચ્છીઓ માટે સેવા કેન્દ્ર ઊભું થાય તેવો પ્રથમ વિચાર આ તબીબે કર્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ૧૯૯૬માં યોજેલા પ્રથમ મેડિકલ ચેક-અપ શિબિરમાં તેમણે પોતાની સમગ્ર ટીમ સાથે સેવા આપી હતી.

★ મોટા કપાયા (તા. મુંદ્રા)ના એક ખેતરમાં જિંદાલ શૉ લિ. કંપનીનો ઔદ્યોગિક વેસ્ટ - પ્લાસ્ટિક થર્મોકોલ અને દૂષિત કેમિકલના વિશાળ જથ્થાનો નિકાલ કરવા આગ લગાડવામાં આવી હતી. જેણે ગંભીર રૂપ ધારણ કરતાં લોકોના જીવ અદ્ધર થઈ ગયા હતા. આગને કાબૂમાં લેવા અગ્નિશામક દળોની મદદ લેવાઈ હતી અને પાંચ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.

★ ગુજરાત સરકાર દ્વારા અનામત રક્ષિત જાહેર કરાયેલા પક્ષીતીર્થ સમાન છારી ઢંઢ સરોવર, કનકાવતી સહિતના વિવિધ જળાશયોમાં પરપ્રાંતીય ટોળકી દ્વારા વિશિષ્ટ જાળથી કરાતી માછીમારી પર રોક લગાવવા મત્સ્યોદ્યોગ સહકારી મંડળીએ માંગ કરી હતી.

★ ભુજ તાલુકાના બન્ની પંથકના સાડઈ ગામની પંચાયત હેઠળ આવતા વડ ગામના સીમાડામાં ઘાસિયા મેદાનમાં આગ લાગતાં અઢીથી ત્રણ કિ.મી. વિસ્તારમાં કિંમતી ઘાસ બળી ગયું હતું.

★ કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા "બેટી બચાવો" અભિયાન અંતર્ગત સારી કામગીરી કરનાર ભુજના મહિલા સામાજિક કાર્યકર હીરાબહેન રજની પટવા, સારી કામગીરી બદલ ઍવૉર્ડ માટે કચ્છમાંથી પસંદગી પામ્યા હતા.

★ મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવ પ્રસંગે મુંબઈમાં જિનેન્દ્ર વૈભવ સંસ્થા (ટ્રસ્ટ) દ્વારા જૈન સમાજના વિવિધ ક્ષેત્રના ચૂંટેલા અગ્રણીઓને "જૈન રત્ન" ઍવૉર્ડ વિતરણ કરાયો હતો. આ ઍવૉર્ડ બે કચ્છીઓ નીલેશ દામજી ગાલા (સમાઘોઘા) અને કાનજી કરમશી પટ્ટણી (ખારોઈ - વાગડ)ને પણ પ્રાપ્ત થયો હતો.

★ ગુજરાત રાજ્યમાં પ્રસૂતિ કરાવવા માટે પ્રથમ આવેલા મીરજાપર (તા. ભુજ) સબ સેન્ટરના ફિમેલ હેલ્થ વર્કર જયશ્રીબહેન પંડ્યાને ઍવૉર્ડ અપાયો હતો. ૨૦૦૯-૧૦ની કામગીરી બાબતના આ ઍવૉર્ડ ઉપરાંત તેમને આ અગાઉ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં પણ ઍવૉર્ડ એનાયત થયા હતા.

★ પાકિસ્તાનના સિંધ પ્રાંતના અમરકોટના રાજવી રાણા હમીરસિંહજી ચંદ્રસિંહજી સોઢા કચ્છના પ્રવાસે આવ્યા હતા. કચ્છમાં સોઢા રજપૂતોની પ્રમાણમાં મોટી વસતિ છે. રાણા હમીરસિંહજીના પિતા એકધારા ૫૦ વર્ષ સુધી પાકિસ્તાનની સંસદમાં પ્રતિનિધિત્વ ધરાવતા હતા. આ અમરકોટ એ જ છે કે શેરશાહ સૂરિના હાથે પરાજિત થઈ ભાગેલા બાદશાહ હુમાયુએ જ્યાં આશરો લીધો હતો અને ત્યાં મોગલ શહેનશાહ અકબરનો જન્મ થયો હતો.

★ સર્વ સેવા સંઘે મસકા - માંડવી ખાતેની ટી.બી. હોસ્પિટલનું ત્રણ વર્ષથી સંચાલન સંભાળ્યું છે. ૩૫ લાખના ખર્ચે સંકુલમાં સુવિધાઓનો વધારો કરાયો હતો. હવે ટી.બી. હોસ્પિટલની ગ્રાંટ બંધ થતાં તેનું જનરલ હોસ્પિટલમાં રૂપાંતર કરાયું છે. અને તુરતમાં આ હોસ્પિટલનો પ્રારંભ કરવાનું આયોજન છે એમ સંસ્થાના અધ્યક્ષ તારાચંદ છેડાએ જણાવ્યું હતું.

★ કચ્છને ચોમાસામાં મળનારું નર્મદાના દસ લાખ એકર ફીટ વધારાનું પાણી ચેક ડેમો બંધારામાં ઠાલવવામાં આવશે. કચ્છના ૪૫ બંધારાઓને કેનાલ વડે જોડી દેવાશે. પાઈપ લાઈન મારફત ખેતરો સુધી વિના મૂલ્યે સંગ્રહિત પાણીને પૂરા દબાણ સાથે

*નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા પર રચાતી હોય છે.*

પહોંચાડાશે. સરદાર સરોવર સહભાગી જળસંચય યોજનાના ચેરમેન અનંતભાઈ દવેએ આ જણાવ્યું હતું.


★ માધાપર (તા. ભુજ)માં દર બીજા દિવસે ગામમાં કૂતરાઓના ભોજન માટે ધોગ કરવામાં આવે છે. ૪૪ કિલોના આંધણથી શીરો તૈયાર કરી ગરમાગરમ શીરો ગામમાં શેરીઓમાં ફરતા કૂતરા સુધી પહોંચાડવાનું કામ સ્થાનિક સેવાભાવી શાંતિલાલ શિવજી રાઠોડ સંભાળે છે.

★ વિશ્વ ચકલી દિન નિમિત્તે ભુજપુરમાં માતુશ્રી લક્ષ્મીબહેન છગનલાલના સ્મરણાર્થે સરપંચ, પંચાયતના સદસ્યો, શાળાનો શિક્ષકગણ મળીને ઘર ઘરમાં ચકલીઘર તથા પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું.

★ ભચાઉની શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ ખાતે ફાટેલા હોઠ અને ચીરાયેલા તાળવાની ખોડ ધરાવતા ૪૪ બાળ દર્દીઓની સારવાર અમેરિકાના તબીબો દ્વારા કરવામાં આવી હતી. જેમાં જેમને જરૂર હતી તે બાળકોના ઑપરેશન કરવામાં આવ્યા હતા તથા બાકીના દર્દીઓને દવાઓ આપવામાં આવી હતી અથવા યોગ્ય ઉંમરે ઑપરેશન કરવાનું સૂચવવામાં આવ્યું હતું.

***(નોંધ : આ વિભાગમાં તા. ૧૦ મી એપ્રિલ, ૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર લેવામાં આવ્યા છે. – સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રત્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*




## સરનામા ફેરફાર

- **બિપેશ જે. શાહ**
  મંગલ તીર્થ, 'બી' બ્લોક, ફ્લેટ નં. ૫/ઈ,
  ધરણીધર દેરાસરની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## નવા ટેલિફોન નંબર

- **અશોકકુમાર સાકરચંદ મહેતા**
  ૨૦૩, સવિતા એન્કલેવ,
  સમર્પણ ફ્લેટ્સની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા,
  બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મોબાઈલ : ૯૪૨૮૦ ૪૦૨૬૧ / ૯૮૨૫૩ ૨૨૬૮૯
  (રહે.) ૨૬૮૭ ૨૩૨૮ / ૩૦૧૫ ૦૦૨૨

## કચ્છી માડુ રાષ્ટ્રકક્ષાએ

**શ્રી દીપેન ગડા (વડોદરા)**
**(Architect & Interior Designer)**



વડોદરા - બાડાના શ્રી દીપેન વિશનજી સુંદરજી ગડા (આર્કિટેક્ટ ઈન્ટીરિયર ડિઝાઈનર)એ પોતાના કાર્યક્ષેત્રે આગવી કળાસૂઝ વડે IIID ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટીરિયર ડિઝાઈનમાં Office Work Space Categoryમાં સમસ્ત વેસ્ટર્ન રિજિયનમાં તા. ૬-૩-૧૦ નાસિક ખાતે પ્રથમ એવૉર્ડ પ્રાપ્ત કરવા સાથે Western Regionમાં શ્રેષ્ઠત્તમ એવૉર્ડ મેળવેલ છે. તા. ૨૭-૩-૨૦૧૦ના બેંગ્લોર ખાતે નેશનલ લેવલમાં દ્વિતીય રાષ્ટ્રીય એવૉર્ડ પ્રાપ્ત કરીને ઈન્ટીરિયર ડિઝાઈનર ક્ષેત્રે પોતાની કાર્યક્ષમતા પુરવાર કરેલ છે.

આજથી ૧૭ વર્ષ પહેલાં આર્કિટેક્ટ ઈન્ટીરિયર ડિઝાઈનર તરીકેની કાર્યવાહી શરૂ કરેલ.

## સાભાર સ્વીકાર

★ **શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ** (માંડવી) હાલે અમદાવાદ તરફથી રૂા. ૫૦૧/- તેમના પૌત્ર **ચિ. અંશુલ હીરેન શાહ** શિકાગો અમેરિકાના જૈન સેન્ટરમાં એપ્રિલ-૨૦૧૦માં "સત્ય અને અહિંસા" ઉપર રાખેલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવેલ તેની ખુશાલીમાં.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નવીન કલર ડોપ્લર મશીનના ઉદ્‌ઘાટન કાર્યક્રમનો અહેવાલ

તા. ૧૦-૪-૨૦૧૦ને શનિવારના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવન ખાતે મેડિકલ વિભાગ દ્વારા સંચાલિત સોનોગ્રાફી વિભાગમાં આવતા લોકોનું રોગનિદાન સચોટ અને ઝડપી બને તે દિશામાં કદમ ભરી રૂા. ૧૨ લાખની કિંમતનું નવીન કલર ડોપ્લર મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. જે દ્વારા સંસ્થાના મેડિકલ વિભાગમાં લાભ લેતા લાભાર્થીઓને ઓછા ખર્ચે યોગ્ય નિદાન મળી રહે.

આ પ્રસંગે શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યશ્રીઓ, માનદ્ ડૉક્ટર્સ તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં બરાબર સવારના ૧૦ કલાકે સંસ્થાના શ્રી નવનીત મેડિકલ વિભાગના મુખ્યદાતા તથા સંસ્થાની દરેક પ્રગતિમાં રસ લેતા મુરબ્બી શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલાનાં વરદ્ હસ્તે આ નવીન કલર ડોપ્લર મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું.

આ અવસરે સંસ્થાના ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યશ્રીઓ, આમંત્રિત મહેમાનો, માનદ્ સેવા આપતા ડૉક્ટર્સ, સ્ટાફગણ વગેરે હાજર રહેલ હતા.

આ પ્રસંગે સંસ્થાના મેડિકલ વિભાગના કન્વીનર ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ જણાવેલ કે આ મશીન દ્વારા દર્દીઓની રોગ નિદાન સુવિધામાં વધારો થશે. દર્દીઓને એક જ સ્થળે અન્ય ટેસ્ટ સાથે કલર ડોપ્લર મશીન દ્વારા ઓછા ખર્ચ તથા ઓછા સમયમાં યોગ્ય નિદાન કરવાની સવલત મળી રહેશે. આ સાથે તેમણે સંસ્થામાં સેવા આપતા ડૉક્ટર્સ તેમજ મેડિકલ વિભાગના સ્ટાફની સેવાઓ બિરદાવેલ હતી. જેને ઉપસ્થિત લોકોએ તાળીઓથી વધાવેલ હતી.

સંસ્થામાં ચલાવાતા સોનોગ્રાફી વિભાગના ડૉ. શ્રી પરેશભાઈ શાહે તથા ડૉ. દિપાલીબહેન બ્રહ્મચારીએ કલર ડોપ્લર મશીન વિશે સમજણ આપતા જણાવેલ કે આ મશીનથી દર્દીના હૃદયની તકલીફ વિશેની જાણકારી તથા શરીરમાં લોહીના પરિભ્રમણ દ્વારા નસોની સ્થિતિની પણ જાણકારી મળી રહેશે. તદુપરાંત માતાના ગર્ભમાં ઉછરી રહેલ નવજાત શિશુની હૃદય સંબંધી તથા અન્ય અંગોની કાર્યકારી વિશેની જાણકારી દ્વારા ગર્ભાવસ્થા દરમ્યાન પડતી મુશ્કેલીનું યોગ્ય નિદાન દ્વારા સારવાર મળી રહેશે. સંસ્થાના મેડિકલ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. શ્રીમતી દેવીન્દ્રાબહેન શાહ તથા સિનિયર ફિઝિશિયન ડૉ. શ્રીમતી નીતુબહેન પરીખે પણ પ્રાસંગિક પ્રવચનો આપેલ.

અંતમાં આ પ્રસંગને અનુરૂપ સર્વેનું ગોળ ધાણા અને પેંડાથી મ્હોં મીઠું કરાવેલ. છેલ્લે, સર્વે આઈસ્ક્રીમને ન્યાય આપી છૂટા પડેલ.

*દિનેશચંદ્ર જગજીવન શાગ*

# તબીબી સેવા સમિતિ

## કલર ડોપ્લર સોનોગ્રાફી

સોનોગ્રાફીની શોધ આજથી અડધી સદી પહેલાં થઈ હતી. ત્યારબાદ ૧૯૫૪થી ડોપ્લર પ્રિન્સિપલનો ઉપયોગ ગર્ભના હૃદયના ધબકારા સાંભળવા માટે થયો. સતત ટેકનોલોજીના વિકાસ રૂપે કલર ડોપ્લર સોનોગ્રાફીનો આવિષ્કાર થયો.

કલર ડોપ્લર સોનોગ્રાફીનો મુખ્ય હેતુ શરીરના વિવિધ અંગોમાં લોહીના પરિભ્રમણની તપાસ કરવાનો છે. કલર ડોપ્લર દ્વારા શુદ્ધ લોહી લઈ જતી આર્ટરી (artery) અને અશુદ્ધ લોહી લઈ જતી વેઈન (vein)માં લોહીના પરિભ્રમણની માત્રા, દિશા, અટકાવ (અવરોધ) વગેરેની જાણકારી મળે છે.

આ તપાસ સોનોગ્રાફીના મશીન જેમાં કલર ડોપ્લરની ટેકનોલોજી હોય તેનાથી કરવામાં આવે છે. એમાં નસોમાં લોહીનું પરિભ્રમણ લાલ અને વાદળી રંગમાં જોવા મળે છે. તેમજ તેની માત્રા એક ગ્રાફ દ્વારા (Spectral Doppler) જોવા મળે છે.

શરીરના જુદા જુદા અંગોમાં તેનો ઉપયોગ થાય છે. તે નીચે મુજબ દર્શાવેલ છે.

૧. *હૃદય :* 2D Echo with Colour Doppler
એમાં હૃદયના ધબકારા, વાલ્વની માહિતી, હૃદયના ચેમ્બરની માહિતી, કેટલું લોહી પંપ થાય છે તે માત્રા તેમજ જન્મજાત હૃદયની ખોડખાંપણની માહિતી મળે છે.

૨. *કિડની :* જે દર્દીમાં લોહીનું દબાણ વધારે રહેતું હોય (High Blood Pressure) અથવા તો કિડની નાની થઈ ગઈ હોય તો તેમાં કલર ડોપ્લરની તપાસ દ્વારા કિડનીની મુખ્ય નસોમાં અટકાવ (નસ સાંકડી થઈ ગઈ હોય) તો તેની સચોટ માહિતી મળે છે.

૩. *કેરોટિડ ડોપ્લર :* મગજને લોહી પહોંચાડતી મુખ્ય નસો (Carotid)ની તપાસ, અટકાવ, ગઠ્ઠા વગેરેની સચોટ માહિતી મળે છે.

૪. *શુદ્ધ અને અશુદ્ધ લોહીની નસો :* પગની / હાથની શુદ્ધ અને અશુદ્ધ (Artery & vein) નસોની તપાસ. જેમકે અટકાવ, ગઠ્ઠા, લોહીના ગઠ્ઠા, વેરિકોઝ વેઈનની માહિતી પ્રાપ્ત થાય છે.

૫. *ગર્ભવતી મહિલા :* ગર્ભવતી મહિલાના ગર્ભની ગર્ભનાળમાં થતા લોહીના પરિભ્રમણ અને તેની માત્રા દ્વારા ગર્ભના વિકાસની માહિતી મળે છે. ગર્ભના વિવિધ અંગો અને હૃદયમાં લોહીના પરિભ્રમણની પણ સચોટ માહિતી મળે છે.

૬. પુરુષોના ગુપ્તાંગમાં થતા વેરીકોસીલનું પણ નિદાન થઈ શકે છે.

આ બધા ઉપરાંત લીવર તેમજ શરીરના કોઈ પણ અવયવમાં થતી ગાંઠમાં લોહીના પરિભ્રમણથી ગાંઠ સાદી છે કે કેન્સરની તેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે.

શરીરને કોઈ પણ જાતનું નુકસાન કર્યા વગર રોગ પરીક્ષણમાં ઉપયોગી પદ્ધતિ સોનોગ્રાફી અને કલર ડોપ્લરની વધુ જાણકારી મેળવવા શ્રી કચ્છી જૈન ભવન પરના નવનીત મેડિકલ સેન્ટરના રેડિયોલોજિસ્ટનો સંપર્ક કરવા વિનંતી.

*ડૉ. દિપાલી બ્રહ્મચારી, એમ.ડી. (રેડિયોલોજી)*

*દાનથી હાથની શોભા વધે છે, આભૂષણોથી નહીં.*

# શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં કલર ડોપ્લર મશીનના ઉદ્‌ઘાટન સમયની ઝલક

(શનિવાર, તા. ૧૦-૪-૨૦૧૦)



કલર ડોપ્લર મશીનનું રીબન છોડી ઉદ્‌ઘાટન કરતા
મુરબ્બી શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા.
સાથે ડાબેથી શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિનેશચંદ્ર શાહ,
ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ડૉ. પરેશ શાહ, શ્રી કાંતિભાઈ સાવલા,
શ્રી અશ્વિનભાઈ સાવલા




કલર ડોપ્લર મશીન સાથે ડાબેથી શ્રી પ્રતાપભાઈ દંડ,
શ્રી દિનેશભાઈ શાહ, શ્રી રજનીકાંત પારેખ, ડૉ. પરેશભાઈ શાહ,
ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી શાંતિલાલભાઈ ગાલા,
શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા,
શ્રી અશોકભાઈ મહેતા, ડૉ. દિપાલીબહેન બ્રહ્મચારી, ડૉ. નીતુબહેન પરીખ



કલર ડોપ્લર મશીન દ્વારા તપાસ કરતા ડૉ. પરેશ શાહ



કલર ડોપ્લર મશીન વિશે જાણકારી મેળવતા
મુ.શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા



ઉદ્‌ઘાટન બાદ ગુફ્તેગુ કરતા ડાબેથી શ્રી કાંતિભાઈ સાવલા,
ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, નવનીત પ્રકાશનના વડીલ
શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા તથા શ્રી અશોકભાઈ મહેતા

*અભિમાન કરનાર માનવીનું પતન નિશ્ચિત હોય છે.*

# એક નજર.... ગૃહ ઉદ્યોગ કેમ્પ

**રજુઆત : દિનેશ મહેતા**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦ના રોજ સમાજના પરિવારોના લાભાર્થે ગૃહ ઉદ્યોગ વિશે માહિતી આપવા શ્રી કચ્છી જૈન ભવનમાં એક કેમ્પનું આયોજન થયું હતું.

આ કેમ્પમાં રાજ્ય સરકારના લઘુ ઉદ્યોગના વિકાસની સંસ્થા (CED)નાં શ્રી હિતેનભાઈ વસા (પ્રોજેક્ટ લીડર, ગાંધીનગર) અને શ્રી સુરેશભાઈ રાવલ (પ્રોજેક્ટ લીડર, અમદાવાદ) ઉદ્યોગ સંબંધી માહિતીની રજૂઆત કરવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**ગૃહ ઉદ્યોગક્ષેત્રે પોતાની આવડત અને અન્ય ક્ષમતા મુજબ નાના પાયાથી કામકાજની શરૂઆત થઈ શકે.**
**કુટીર યોજનામાં ઉત્પાદક સહકારી મંડળી સારું કામ કરી શકે.**

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ બંને અધિકારીશ્રીઓનો પરિચય આપીને આવકાર પ્રવચન કર્યું હતું તેમજ આ કેમ્પની રૂપરેખા સમજાવતા તેમણે જણાવ્યું હતું કે, ગૃહ ઉદ્યોગમાં સમાવિષ્ટ કામકાજની યાદી લાંબી છે. જરૂરતમંદ વ્યક્તિએ પોતાની ક્ષમતા અનુસાર તેમાં ઝંપલાવીને આર્થિક રીતે પગભર થવા તરફ તેમણે ભાર મૂક્યો હતો.

**તૈયાર માલ સામાનના વેચાણ અર્થે યોગ્ય આયોજનની આવશ્યક્તા.**

શ્રી કચ્છી જૈન સમાજના લોકો, ખાસ કરીને નવા તૈયાર થયેલા આવાસોમાં રહેનાર પરિવારજનો આ પ્રકારના ગૃહ ઉદ્યોગમાં આગળ વધીને પોતાના કુટુંબને આર્થિક રીતે ઉપયોગી બને તે બાબત તરફ સમાજના પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સૌનું ધ્યાન દોર્યું હતું. તેઓશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આ પ્રકારની કામગીરીમાં માહિતી અથવા ટ્રેઈનિંગની જરૂરત હશે તો સમાજ તે દિશામાં જરૂર મદદકર્તા બનશે.

શ્રી સુરેશભાઈ રાવલે પોતાના માર્ગદર્શક પ્રવચનમાં લોકો પોતાની રીતે કામધંધામાં ઝંપલાવે તે અર્થે મધ્યસ્થ અને રાજ્ય સરકારની કેટલીક યોજનાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે વડાપ્રધાન કાર્યાલયની રોજગાર યોજના અને સ્વર્ણ રોજગાર યોજનાની રૂપરેખા સમજાવી હતી. તે સિવાય આ પ્રકારના ઉદ્યોગ ધંધા માટે બેંક ધીરાણ નીતિની વિસ્તૃત માહિતી આપી હતી. તેમના જણાવ્યા મુજબ આ પ્રકારના ઉદ્યોગ માટે માર્ચ, ૨૦૧૦ના અંતે લગભગ ૨૫૦ કિસ્સાઓમાં વિવિધ બેંકો દ્વારા ધીરાણ કરવામાં આવ્યું હતું.

**ગૃહઉદ્યોગ ક્ષેત્રે ટિફિન સર્વિસ, કોમ્પ્યુટર ડિઝાઇનિંગ, સ્ક્રીન પ્રિન્ટીંગ, અગરબત્તી, મિણબત્તી, બિંદી, અથાણા, સ્ટફ ટોયઝ, મોતીકામ, રાખડી, કોચિંગ ક્લા, બેબી સિટીંગ, લખવા માટેના ચોક, મંડપ ડેકોરેશન, ફિનાઈલ, કાપડની નાની-મોટી થેલીઓ, શરબતની બોટલ્સ, તૈયાર આટાનું પેકિંગ વગેરેનું નક્કી કરવામાં આવેલ પરિશિષ્ટ અનુસાર કામકાજ થઈ શકે.**

રાજ્ય સરકારની સમાજ કલ્યાણ લઘુમતિ વિકાસ તેમજ કોટેજ ઈન્ડસ્ટ્રીઝની યોજનાઓ સમજાવીને તેમણે એવી માહિતી આપી હતી કે, આ પ્રકારના કુટીર ઉદ્યોગ શરૂ કરવામાં તેમજ બેંક ધીરાણ અર્થે કોઈપણ પ્રકારની ગેરંટી આપવાની રહેતી નથી.

કુટીર યોજનામાં અગર ઉત્પાદક સહકારી મંડળીની રચના કરવામાં આવે તો, સબસીડી અને લોન ધીરાણમાં સારો ફાયદો ઉઠાવી શકાય, તેવું શ્રી રાવલે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

ત્યારબાદ શ્રી હિતેશભાઈ વસાએ પોતાના પ્રવચનમાં ગૃહઉદ્યોગ ક્ષેત્રની માહિતી પૂરી પાડી હતી.

આ પ્રકારની કામગીરીમાં અગર વ્યક્તિઓ સાથે મળીને એક જૂથ બનાવે અને ત્યારબાદ એક સહકારી મંડળી સ્થાપે તો પરસ્પર એકબીજાના અનુભવ અને માહિતીથી તે દિશામાં સારું કામ થઈ શકે, તેવું તેમણે જણાવ્યું હતું.

ગૃહ ઉદ્યોગમાં શું કરી શકાય તેમજ તેની ટ્રેઈનિંગ, બેંક ધીરાણ વગેરે તરફ જરૂરી પ્રકાશ ફેંકવા સમાજના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે વિનંતી કરતા અધિકારીશ્રીએ પોતાના પ્રવચનમાં ઉપર મુજબની રજૂઆત કરી હતી. સાથે સાથે વિવિધ ગૃહ ઉદ્યોગના દાખલા સહિત અનેક વિગતો પણ આપેલ હતી.

શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા દ્વારા પ્રારંભમાં બંને મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ગૃહઉદ્યોગ ક્ષેત્રના ઉચ્ચત્તમ નમૂનારૂપ લિજ્જત પાપડ યુનિટની વિગત શ્રી કાંતિભાઈ આર. શાહે આપી હતી. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીમંડળ તથા કારોબારી સમિતિના સભ્યો સહિત અંદાજે ૧૫૦ વ્યક્તિઓની હાજરી હતી.

પ્રવચનના અંતે સમાજ પરિવારનાં શ્રી પરેશભાઈ દોશી, શ્રી દેવીકૃપા અગરબત્તી યુનિટના સંચાલક વગેરેએ પોતાનાં કામકાજ સંબંધી માહિતી આપીને તેનો લાભ ઉઠાવવા આહ્વાન કર્યું હતું. કેટલાક પરિવારજનોએ આજના કેમ્પના મુખ્ય પ્રવચનકર્તાઓ સાથે સવાલો કરીને વધુ માહિતી એકત્ર કરી હતી.


અંતમાં, સમાજના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમની સમાપ્તિ બાદ નાસ્તા અને ચા-કોફીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિસ્તૃત માહિતી અને તેની ઉપયોગીતાને અનુલક્ષીને ઉપરોક્ત કેમ્પની સૌએ પ્રશંસા કરી હતી.

*અવસર વગર બોલવું વ્યર્થ છે.*

# ગૃહ ઉદ્યોગ સંમેલનની બોલતી તસવીરો

**(રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦)**



મુખ્ય મહેમાન શ્રી સુરેશભાઈ રાવલ
પોતાનું પ્રવચન કરી રહ્યા છે




મુખ્ય મહેમાન શ્રી હિતેનભાઈ વસા
ગૃહ ઉદ્યોગ સંબંધી માહિતી રજુ કરી રહ્યા છે




મંચસ્થ મુખ્ય મહેમાનશ્રીઓ સાથે
સમાજના ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ



કાર્યક્રમ વખતે હાજર શ્રોતાગણ



કાર્યક્રમ વખતે હાજર શ્રોતાગણ

**કામની શરૂઆત પહેલાં
તે સંબંધી
સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરીને
તેનો પ્રોજેક્ટ રિપોર્ટ
તૈયાર કરવાનું
ખૂબ જ જરૂરી છે.**

*જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો કેમકે જ્યાં તક અને તૈયારી ભેગા મળે છે તેને જ 'ભાગ્ય' કહે છે.*

## સંસ્થા સમાચારો પર એક નજર

મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૦ના અંક પર નજર ફેરવીએ તો પાછળના બ્લ્યુ પાનાના સંસ્થા સમાચાર વિભાગમાં વિવિધ સમિતિઓ સારી રીતે કાર્યશીલ થયેલ હોય તેવું સ્પષ્ટપણે તરી આવે છે.

આ સમાચારોની વિગત નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| માનદ્ મંત્રી | - | ૫ સમાચાર |
| કન્વીનર - શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - તબીબી સેવા સમિતિ | - | ૨ સમાચાર |
| કન્વીનર - લાઈબ્રેરી સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - પુરસ્કાર સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - ગર્લ્સ હોસ્ટેલ સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - યુવા વિકાસ સમિતિ | - | ૩ સમાચાર |
| સંચાલક - સંગીત વૃંદ | - | ૧ સમાચાર |
| કન્વીનર - ચક્ષુદાન - અવયવદાન સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - વયસ્ક સમિતિ | - | ૨ સમાચાર |
| કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ | - | ૨ સમાચાર |
| કન્વીનર - વૈયાવચ્ચ સમિતિ | - | ૧ સમાચાર |
| કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ | - | ૧ સમાચાર |
| પ્રમુખ/મંત્રી - સંકલ્પ | - | ૨ સમાચાર |
| ***૧૪ વિભાગ અથવા સમિતિ*** | | ***૨૪ સમાચાર*** |

સમગ્રપણે નિરીક્ષણ કરીયે તો સમાજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ધમધમી રહેલ છે તેની ગવાહી ઉપરોક્ત સમાચાર પૂરી પાડે છે. પરંતુ આપણે ઈચ્છીએ કે વર્ષમાં માત્ર એક-બે મહિના પૂરતી આવી પરિસ્થિતિ ના ઉદ્ભવે પણ દરેક સમિતિ આવતા બારે બાર મહિના કાર્યરત રહે તો જ સમાજના સભ્યો વચ્ચે ભ્રાતૃભાવનાની લાગણી વધુને વધુ પ્રસરાતી રહેશે. તેટલું જ નહિ પરંતુ તેના કારણે સમાજ વધુને વધુ ક્રિયાશીલ બની પ્રગતિ કરતો રહેશે.

એ જ રીતે સમાજે જે ૩૩ સમિતિઓ બનાવેલ છે તેમાંથી ઉપરોક્ત અહેવાલમાં માત્ર ૧૧ સમિતિઓની પ્રવૃત્તિઓના અહેવાલ છે. બાકી રહેતી ૨૨ સમિતિઓમાંથી એવી તો અનેક સમિતિઓ હશે કે જે કાર્યશીલ રહેલ હોય પરંતુ પોતાની યોજાયેલ મિટિંગનો અને લેવાયેલ નિર્ણયોના સમાચાર ના મોકલેલ હોય.

સમાજની દરેક સમિતિને આથી અપીલ કરવામાં આવે છે કે તેઓએ મહિના દરમ્યાન પોતાની સમિતિની થયેલ કાર્યવાહીના અહેવાલ અચૂકપણે મંગલ મંદિરના 'સંસ્થા સમાચાર' વિભાગમાં પ્રકાશિત કરવા મોકલી આપે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## EDUCATION & EXTRA DEVELOPMENT COMMITTEE

***Are you studying in Std. 8th / 9th / 10th / 11th / 12th?***

***Is your Son / Daughter / Ward stu dying in Std. 8th / 9th / 10th / 11th / 12th?***

My father used to do many things on his own. I am not able to do all these things on my own but can do a few and may be the next generation would be able to do lesser things on their own as this is an era of specialization. Focus - Concentrate on your speciality and be different from others. In a highly competitive environment where fittest only survives, you ought to be distinctly different.

Traditional thinking of arts / commerce / science / engineering / medical has not remained as simple as it was. Fine arts / Fashion Designing / Chartered Financial Analyst / Physical Research / Biomedicine / Crop Srience / Hospitality Management / Event Management and many such other areas of specialization... only an indicative list not an exhaustive one... the list is expanding at a great speed.

Where to go? is a million dollar question. Any wrong decision can make life miserable. Many a times a decision is taken keeping in view earning potential or family activity without giving due importance to the ability / latent talent of the student.

Why not arrive at a conclusion which not only generates good income but also brings out true potential of the students when they go into the field.

"Aptitude Test" aims at suggesting the

*કલાનું અંતિમ અને સર્વોચ્ચ ધ્યેય સૌંદર્ય છે.*

field in which the student has relatively better potential based on his or her inclination and strengths. It is a tool which guides us to take right decision provided it is done at right time.

All of you would appreciate that for students of Std. 8th to 12th this is the right time. Earlier you do the test, more time you get for making the right choice.

'KJSS - Ahmedabad' comes to you with a proposal where in you have to appear for the test and make best use of the results and counseling with the professionals. The cost of test would be borne by the Samaj. What we need is your support by sparing valuable time. Please be rest assured that the time you spend, would be an investment which would give you fruits in future.

Kindly do us a favour by registering your name with any one of the following :

| | | |
|---|---|---|
| **1.** | **Hiren Shah** | **M. 98250 13715** |
| **2.** | **Vishal Shah** | **M. 94283 50038** |
| **3.** | **Vimesh Shah** | **M. 98791 10467** |

We will get in touch with you as and when the date, timings and other particulars for the test are finalized.

We are sure that each and every student of the Samaj would take benefit of this. Please keep sharing this with other fellow members of the Samaj.

***Vimesh Shah,***
***Member - Education & Extra Development Committee***

## શું તમે ધોરણ-૮/૯/૧૦/૧૧/૧૨માં ભણો છો?
## શું તમારું સંતાન / પાલ્ય ધોરણ-૮/૯/૧૦/૧૧/૧૨માં ભણે છે?

મારા પિતાજી ઘણા બધા કાર્યો જાતે કરી લેતા હતા. હું એ બધા નહીં પણ થોડાંક કાર્ય જાતે કરી લઉં છું પરંતુ હાલનો સમય વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવાનો હોઈ, કદાચ હવે પછીની પેઢી બહુ ઓછા કાર્ય જાતે કરશે. તમારી વિશેષતાઓને કેન્દ્રમાં રાખી એકાગ્રતાથી બીજા કરતાં કંઈક અલગ તરી આવો. આજના સ્પર્ધાત્મક યુગમાં જે પરિસ્થિતિને અનુરૂપ થઈને આગળ વધે છે તે જ ટકી રહે છે અને એના માટે તમારે ફક્ત અલગ હોવું નહીં, અલગ તરી આવવું ખૂબ જ જરૂરી છે.

સામાન્યતઃ બહુ જ સરળ લાગતું વર્ગીકરણ સામાન્ય / વાણિજ્ય / વિજ્ઞાન / ઈજનેરી / મેડિસીન હવે ભૂતકાળની વાત બની ગઈ છે. ફાઈન આર્ટ, ફેશન ડિઝાઈનિંગ, ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ, ફિઝિકલ રિસર્ચ, બાયો મેડિસીન, ક્રોપ સાયન્સ, હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ... જેવા કેટલાય વિશેષ યોગ્યતા મેળવવા લાયક ક્ષેત્રો આપણી સમક્ષ છે. આ તો માત્ર નમૂનારૂપી યાદી છે. સંપૂર્ણ યાદી તો ખૂબ જ લાંબી થાય અને દિવસે દિવસે વધુને વધુ લાંબી થઈ રહી છે.

ક્યાં જવું? લાખેણો સવાલ છે. એક ખોટો પ્રયાસ / નિર્ણય ભવિષ્યને ધૂંધળું બનાવી શકે છે. ઘણી વખત આપણા નિર્ણયમાં કમાણીની તક અથવા કૌટુંબિક પ્રવૃત્તિ / વ્યવસાય અગત્યનો ભાગ ભજવે છે અને સરતચૂકથી વિદ્યાર્થીની કાબેલિયત / આંતરિક શક્તિ નજરઅંદાજ થઈ જાય છે.

શું આપણે એવો પ્રયત્ન ન કરી શકીએ જેમાં વિદ્યાર્થી પોતાની કાબેલિયતવાળા ક્ષેત્રમાં સારી કમાણી સાથે આગળ વધી શકે?

'એપ્ટીટ્યૂડ ટેસ્ટ' એક એવો પ્રયાસ છે જેમાં વિવિધ ક્ષેત્રમાં સફળ થઈ શકવાની વિદ્યાર્થીની કાબેલિયત, રસ, નિપુણતા વગેરેનું તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવે છે. આ એક માધ્યમ છે જેનો સમયસરનો ઉપયોગ આપણને યોગ્ય નિર્ણય લેવામાં ખૂબ જ મદદરૂપ થઈ શકે છે. આપ સૌ સહમત થશો કે ધોરણ-૮થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે આ જ ખરો સમય છે. જેટલા વહેલા એપ્ટીટ્યૂડ ટેસ્ટ કરાવીએ તેટલો વધારે સમય આપણને યોગ્ય નિર્ણય લેવા માટે મળી રહે.

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આવતીકાલની પેઢી માટે સહર્ષ રજૂ કરે છે એક એવું પેકેજ જેમાં વિદ્યાર્થીએ ટેસ્ટ આપી, પરિણામની ચર્ચા-વિશ્લેષણ વાલીની સાથે રહી નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવવાનું છે. ટેસ્ટ માટેનો સંપૂર્ણ ખર્ચ સમાજ ભોગવશે. તમારો થોડોક કિંમતી સમય ફાળવી સહયોગની અપેક્ષા અસ્થાને નહીં ગણાય. અમે આપ સૌને આશ્વસ્ત કરવા માંગીએ છીએ કે તમારો ફાળવેલો સમય તમારા ભવિષ્ય માટેનું રોકાણ હશે.

તો આપ કૃપા કરીને નીચેના ત્રણમાંથી કોઈપણ એકને આપનું નામ નોંધાવશો.

| | | |
|---|---|---|
| ૧. | હીરેન શાહ | મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૨. | વિશાલ શાહ | મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| ૩. | વિમેશ શાહ | મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭ |

તો અમે યોગ્ય સમયે આપનો સંપર્ક કરી ટેસ્ટના સ્થળ, સમય તથા તેને લગતી અન્ય માહિતી આપને સારી રીતે પૂરી પાડી શકીશું.

અમને આશા છે કે સમાજનો એકે એક વિદ્યાર્થી આ મળેલી તકનો પૂરેપૂરો ફાયદો ઉઠાવશે. આપને મળેલી આ માહિતી સમાજના અન્ય સભ્યો સાથે પણ આપ વહેંચશો એવી આશા સાથે.

***વિમેશ શાહ, સભ્ય - શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

*ક્રોધ નિર્બળ મનની નિશાની છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

સમાજના અભ્યાસ કરતા દરેક બાળકના અભ્યાસ પર પૂરતું ધ્યાન આપી, બાળક તથા તેમના મા-બાપ સાથે કાઉન્સેલિંગ (વિચાર-વિમર્શ) કરી, દરેક બાળકને તેને અનુકૂળ હોય તે લાઈનમાં અભ્યાસ અથવા તો ઇતર પ્રવૃત્તિઓ કરાવવી. પોતાના અભ્યાસકાળ બાદ જ્યારે આ બાળક યુવક બની વ્યવહારલક્ષી જિંદગીમાં પ્રવેશે ત્યારે એ પોતાના ક્ષેત્રમાં અવ્વલ નંબરે બિરાજે તેવા ધ્યેયથી આ સમિતિએ પોતાના કાર્યના પગરણ ચાલુ કરી દીધેલ છે.

કાર્યક્રમની વિગતો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

૧. ૫ વર્ષ સુધીના બાળકના માતા-પિતા સાથે બેસી બાળકના ભાવિ અભ્યાસ તથા વિકાસ અંગે ચર્ચા કરવી.

૨. ધોરણ-૧થી ૭ સુધી અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા સાથે બેસી એ બાળકોના વિકાસ અંગે જરૂરી ચર્ચા કરવી તથા માર્ગદર્શન આપવું.

૩. ધોરણ-૮થી ૧૦મા અભ્યાસ કરતા દરેક બાળકના એપ્ટીટ્યૂડ ટેસ્ટ લેવા અને ટેસ્ટ લેવાયા બાદ અને તેના પરિણામો આવી ગયા પછી તે બાળક તથા તેના માતા-પિતાને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

૩-એ. શરૂઆતના તબક્કામાં વર્ષ ૨૦૧૦માં પરીક્ષા આપેલ ધોરણ-૧૦ના અંદાજિત ૪૦ વિદ્યાર્થીઓના ટેસ્ટ લેવા.

૩-બી. ત્યારબાદના તબક્કે ધોરણ-૮ તથા ધોરણ-૯માં અભ્યાસ કરતા અંદાજિત ૮૫ બાળકોના ટેસ્ટ લઈ, તે બાળકને તથા તેના માતા-પિતાને માર્ગદર્શન પૂરું પાડવું.

૪. ધોરણ-૧૧, ધોરણ-૧૨ તથા કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમો આપવા.

૫. ઉપરોક્ત દરેક વિદ્યાર્થીનો વર્ષભરનો ટ્રેક રેકોર્ડ રાખી, જરૂરી નોંધો બનાવવી અને એ નોંધો પ્રમાણે કાર્યવાહીઓ કરવી.

ઉપરોક્ત કાર્યક્રમને ઝડપી બનાવવા અને ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓના બધા જ પ્રકારના કાર્યક્રમોને એકસાથે હાથ પર લેવા આ સમિતિના નીચે મુજબના વિભાગો પાડી, દરેક વિભાગને પોતાની કાર્યવાહીનો આરંભ કરવા જણાવવું.

૧. ધોરણ-૮ તથા ૯મા અભ્યાસ કરતા બાળકો :
(૧) શ્રી વિમેશ શાહ, (૨) શ્રી પંકજ ગોગરી, (૩) શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા

૨. ધોરણ-૧૦ની પરીક્ષા આપેલ બાળકો :
(૧) શ્રી હીરેન કે. શાહ, (૨) શ્રી કિરીટ નંદુ

૩. ધોરણ-૧૧ તથા ૧૨મા અભ્યાસ કરતા બાળકો :
(૧) શ્રી વિશાલ શાહ, (૨) શ્રી પ્રદીપ મહેતા.

ઉપરોક્ત ધોરણ-૮થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના કાર્યક્રમોની શરૂઆત કર્યા બાદ ૫ વર્ષ સુધીના બાળકો તથા ધોરણ-૧થી ૭ના બાળકોનો કાર્યક્રમો હાથ પર લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

***કન્વીનર, વ્યક્તિત્વ વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોના યુવાનો અને યુવતીઓ પોતાના અભ્યાસક્રમ સંબંધી અમુક ચોક્કસ ધ્યેય અને ઉદ્દેશ નક્કી કરીને પોતાના ઉચ્ચ અભ્યાસમાં આગળ વધે તે પૈકી ચાલુ વર્ષ દરમ્યાન ધોરણ-૧૦ની પરીક્ષા આપેલ છે, તેમાંના ૧૨ વિદ્યાર્થીઓએ રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦ના બોડકદેવ સ્થિત ટેસ્ટીંગ અને કાઉન્સેલિંગના સેન્ટર "ટાન્ગ્રામ"માં એપ્ટીટ્યુડ ટેસ્ટ આપી હતી. આ ૧૨ વિદ્યાર્થીઓ પૈકી ૮ ગુજરાતી અને ૪ અંગ્રેજી માધ્યમવાળા અને તેમાં ૮ યુવતીઓ અને ૪ યુવાનો સામેલ હતા.

ત્યારબાદ ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં તા. ૨૫-૪-૨૦૧૦ના શ્રી કચ્છી જૈન ભવન ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપર મુજબના સાત વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીજન સમક્ષ આ પ્રકારની એપ્ટીટ્યુડ ટેસ્ટથી વિદ્યાર્થીઓને શું ફાયદો થાય તે અંગેના ઉદ્દેશ સંબંધી વિગતવાર માહિતી અને માર્ગદર્શન સમિતિના કન્વીનરશ્રી હીરેનભાઈ શાહ દ્વારા આપવામાં આવેલ. તેમની સાથે સમગ્ર ચર્ચા વિચારણામાં સમિતિના અન્ય સદસ્યો શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રી કિરીટભાઈ નંદુ અને શ્રી વિમેશભાઈ શાહ જોડાયા હતા.

ઉપસ્થિત વાલીઓઓ આ પ્રકારના સંશોધનાત્મક કાર્યક્રમની પ્રશંસા કરીને સમાજને ધન્યવાદ આપ્યા હતા.

***કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

## સાધર્મિક સહાય

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અનેકવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ સાધર્મિક સહાયની પણ છે.

સમાજ દ્વારા સમાજના આર્થિક રીતે નબળા પરિવાર કે વ્યક્તિને તદ્દન ગુપ્ત રીતે અનાજ કરિયાણાની સહાય કરાય છે. આવી સહાય તદ્દન ખાનગી રાહે જ આપવામાં આવતી હોવાથી જરૂરિયાતમંદ પરિવાર નિઃસંકોચપણે પોતાની જરૂરિયાત માટે સાધર્મિક સહાય સમિતિનો સંપર્ક કરી ગુપ્ત સહાય મેળવી શકે છે.

આ સમિતિ સમાજના સભ્યોને વિનંતી કરે છે કે આપની જાણમાં આવી કોઈ વ્યક્તિ કે પરિવાર હોય કે જે સંકોચવશ શરમના માર્યા હાથ લાંબો કરી શકતા ન હોય તો આપશ્રી અમોને જાણ કરશો તો સમિતિ એમનો સંપર્ક કરશે. એમનો સંપર્ક કરી એમને મદદ કરશે અને આપને આંગળી ચિંધ્યાનું પુણ્ય મળશે.

આ એક સમાજ ઉપયોગી આપણા જ ભાઈ ભાંડુઓને તેમની વિષમ પરિસ્થિતિમાં મદદરૂપ થાય તેવી પ્રવૃત્તિ છે. સમાજ સાધર્મિક પરિવારોને સ્વમાનભેર જીવન જીવવામાં મદદરૂપ થવા પ્રયત્નો કરે છે. આ પ્રવૃત્તિને વધુ બળવાન બનાવવા સમાજના સુખી સંપન્ન ઉદારદિલ પરિવારોને સમાજના સાધર્મિક સહાય ફંડમાં પોતાનો વધુમાં વધુ ફાળો આપી સમાજ તથા સમિતિના આ કાર્યને વેગ આપવા સૌ સભ્યોને, સમિતિ હાર્દિક અપીલ કરે છે.

***આણંદજી વીરા, કન્વીનર - સાધર્મિક સહાય સમિતિ***

*બધી કલામાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે. સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર.*

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ (વર્ષ ૨૦૦૯-૧૦)નું પરિણામ

- **ગ્રૂપ-એ (૧૫ વર્ષ સુધી)**

૧. પ્રથમ પુરસ્કાર : મોક્ષા નવીન લાલકા

૨. આશ્વાસન ઈનામ : રાજ એ. ગાલા

- **ગ્રૂપ-બી (૧૫ વર્ષથી ઉપર)**

૧. પ્રથમ પુરસ્કાર : નીતિન એચ. સંઘવી

૨. દ્વિતીય પુરસ્કાર : સલોની નવીન લાલકા

૩. તૃતીય પુરસ્કાર : આનલ કમલેશ શાહ

૩. તૃતીય પુરસ્કાર : વાડીલાલ શાહ

નોંધ : ગ્રૂપ-બી માં તૃતીય પુરસ્કાર માટે બે કૃતિઓ હક્કદાર છે.

*શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ (વર્ષ ૨૦૦૯-૧૦)*

૧. પ્રથમ પુરસ્કાર : ચિરાગ લહેરચંદ મૈશેરી

૨. દ્વિતીય પુરસ્કાર : અલ્પા મૂલચંદ મારુ

૩. તૃતીય પુરસ્કાર : પીયૂષ હીરજી સાવલા

૪. તૃતીય પુરસ્કાર : નેહા ભાવેશ પારેખ

નોંધ : તૃતીય પુરસ્કાર માટે બે કૃતિઓ હક્કદાર છે.

પોતાનો અમૂલ્ય સમય ફાળવવા બદલ યુવા વિકાસ સમિતિ, નિર્ણાયકો શ્રી રતિભાઈ મિસ્ત્રી, પ્રિન્સિપાલ (રિટાયર્ડ) સાધના સ્કૂલ અને શ્રી પંકજ બાવીસી (શિક્ષક, નવરંગ હાઈસ્કૂલ)નો ખૂબ ખૂબ આભાર માને છે.

કાવ્ય અને વાર્તા હરીફાઈનું આ રીતનું આયોજન પ્રથમ વખત થયું છે. સમિતિની ધારણા કરતાં પ્રમાણમાં ઓછી કૃતિઓ આવી. પણ જે કૃતિઓ આવી તે તમામ વખાણવાલાયક હતી. માટે નિર્ણાયકોને પણ નિર્ણય લેવામાં સારી એવી જહેમત કરવી પડી. સર્વે વિજેતાઓને અભિનંદન. જે સ્પર્ધકો વિજેતા નથી થઈ શક્યા તેઓએ નિરાશ થવાની જરૂર નથી. આગામી વર્ષ માટે અત્યારથી લખવાની શુભ શરૂઆત કરી દો. ઑલ ધી બેસ્ટ. અને જે લોકોએ આ વર્ષે ભાગ લીધો નથી તેઓએ પસ્તાવો ન કરતા આવતા વર્ષે જરૂરથી ભાગ લે તેવી અપેક્ષા. વિજેતા કૃતિઓ હવે પછી મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવશે.

***નવીન જે. લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ

એન, ઘેન, દીવાઘેન... દહીંનો ઘોડો રમતો જમતો પાણી પીતો છૂટ્યો. હાશ! પરીક્ષાઓ પૂરી થઈ ને સમગ્ર વિદ્યાર્થી આલમની સાથે સાથે વાલીઓએ પણ હાશકારો અનુભવ્યો. કેમ ખરું ને? આ હાશકારો વાલીઓ માટે કદાચ ક્ષણિક જ હોઈ શકે. કેમકે વેકેશન એટલે બાળકોની ફરવા જવાની ફરમાઈશો પૂરી કરવાનો સમય. વેકેશનમાં આખો દિવસ ઘરે તોફાની બારકસોને સંભાળવાનો મહાપ્રશ્ન વાલીઓ માટે માથાનો દુઃખાવો સાબિત થાય છે. વેકેશનમાં બાળકોને પ્રવૃત્તિમય રાખવા દરેક વાલી કાંઈને કાંઈ આયોજન કરતા જ હોય છે. અમોએ – એટલે કે યુવા વિકાસ સમિતિએ પણ આ વેકેશન દરમ્યાન વાલીઓના આ પ્રયાસમાં સાથ આપવાનો સંકલ્પ કરેલ છે. વેકેશન દરમ્યાન યુવા વિકાસ સમિતિ દ્વારા નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાંની કેટલીક જાહેરાતો "મંગલ મંદિર"ના એપ્રિલ માસમાં કરવામાં આવેલ. તેની ઉપર એક નજર નાંખીને પછી જોઈએ નવા કાર્યક્રમોની વિગત....

★ આપના બાળકોનો તેમજ આપના ટેલેન્ટ ડેટા અંગે જો આપે હજી આ વિગત યુવા વિકાસ સમિતિને ન મોકલાવેલ હોય તો સત્વરે મોકલાવી આપશો.

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૦ અંકમાં સંપૂર્ણ વિગત છે.)*

★ તા. ૨૫-૪-૨૦૧૦ના સ્ટડી ટૂર ઉદ્યોગોની મુલાકાતનું આયોજન કરેલ છે. આ અંક વાંચશો ત્યારે આ કાર્યક્રમ સંપન્ન થઈ ચૂક્યો હશે.

★ વેકેશન દરમિયાન પબ્લિક સ્પીકિંગ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપ તા. ૯-૫-૨૦૧૦થી શરૂ થનાર છે. જો કોઈ કારણસર આપના પાલ્ય કે આપ આ વર્કશોપમાં જોડાઈ શક્યા ન હો, પણ આ વર્કશોપ શું છે તે જાણવા સમજવા માંગતા હો તો વર્કશોપ દરમિયાન શ્રોતારૂપે હાજર રહી શકો છો. તે માટે વધુ વિગત મેળવવા સંપર્ક કરો નીચેની વ્યક્તિઓનો.

નવીન લાલકા : ૯૩૭૭૭ ૪૨૪૨૧

વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮

*(મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૦)*

***<u>આગામી કાર્યક્રમો</u>***

### શ્રીમતી છાયા વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈ

આગામી તા. ૨૦-૬-૨૦૧૦ના રોજ શ્રીમતી છાયા વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૧૦-૬-૨૦૧૦ સુધી લખાવવાના રહેશે.

જિગીષા મહેતા - મો. ૯૮૯૮૯ ૬૬૦૦૦

શિલ્પીબહેન શાહ - મો. ૯૩૨૭૦ ૧૪૬૨૫

સ્પર્ધકે અથવા તેના વાલીએ નામ, ઉંમર અને ફોન નંબર લખાવવો જરૂરી છે.

*હરીફાઈની તારીખ : રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦*

*હરીફાઈનો સમય : સવારે ૯ કલાકે (પાલડી ભવન)*

*ક્રોધનું તોફાન વિવેકનો નાશ કરે છે.*

- **સ્પર્ધા માટેના નિયમો :**

૧. સ્પર્ધકોએ પોતાના નામ નિયત તારીખ સુધી લખાવવા જરૂરી છે.
૨. આ સ્પર્ધામાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના પરિવારજનો જ ભાગ લઈ શકશે.
૩. ભાગ લેનાર સ્પર્ધકો ફક્ત પેન્સિલ કલર કે ચોક કલર (ક્રેયોન કલર્સ)નો જ ઉપયોગ કરી શકશે. જે તેમણે પોતાની રીતે લાવવાના રહેશે.
૪. સ્કેચપેનનો ઉપયોગ ફક્ત આઉટ લાઈન માટે જ કરી શકાશે.
૫. ચિત્ર દોરવા માટે કાગળની વ્યવસ્થા યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવશે.
૬. ચિત્રનો વિષય હરીફાઈના દિવસે જ આપવામાં આવશે.
૭. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૮. ઉપરોક્ત સ્પર્ધામાં સમય - તારીખમાં, સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

## શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ

આગામી રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦ના રોજ શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારોના સભ્યોએ પોતાના નામ ગુરુવાર, તા. ૧૦-૬-૨૦૧૦ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવાના રહેશે.

વિમેશ શાહ : મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

વિશાલ શાહ : મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮

આ સ્પર્ધામાં નીચે મુજબ ત્રણ ગ્રૂપો પાડવામાં આવેલ છે.

- ગ્રૂપ-એ (૧૨થી ૧૮ વર્ષ)

વિષયો : (૧) વર્ષ ૨૦૫૦ વિશેની મારી કલ્પના,
(૨) અમદાવાદને આદર્શ શહેર કેવી રીતે બનાવશો?
(૩) મારો આદર્શ વ્યક્તિ (રોલ મોડેલ).

- ગ્રૂપ-બી (૧૯થી ૪૦ વર્ષ)

વિષયો : (૧) વર્ષ ૨૦૫૦ વિશેની મારી કલ્પના,
(૨) અમદાવાદને આદર્શ શહેર કેવી રીતે બનાવશો?
(૩) પશ્ચિમી સંસ્કૃતિની ભારતીય સંસ્કૃતિ પર અસર.

- ગ્રૂપ-સી (૪૦ વર્ષ ઉપરના વ્યક્તિઓ)

વિષય : (૧) વર્ષ ૨૦૫૦ વિશેની મારી કલ્પના,
(૨) અમદાવાદને આદર્શ શહેર કેવી રીતે બનાવશો?
(૩) શૈશવના સ્મરણો.

*સ્પર્ધાની તારીખ : રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦*

*સમય : સવારે ૯.૩૦ કલાકે (પાલડી ભવન)*

- **નિયમો :**

૧. આપે નિબંધ લખીને મોકલાવવાનો નથી. વિષય ફક્ત તૈયારીની સુગમતા ખાતર આપેલ છે.
૨. સ્પર્ધાના દિવસે નિયત સમય દરમિયાન આપે (સ્પર્ધકે) કોઈ પણ પ્રકારના સાહિત્યની મદદ વગર નિર્ણાયકોની હાજરીમાં વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પોતાના વિચારો વ્યક્ત કરતું લખાણ લખવાનું છે. સ્પર્ધામાં ભાગ લેવા તા. ૧૦-૬-૨૦૧૦ સુધી નામ લખાવવું ફરજિયાત છે.
૩. સ્પર્ધકે પોતાના નિબંધના પેપર ઉપર પોતાનું નામ લખવાનું નથી. પરંતુ સ્પર્ધાના દિવસે તેને અલગથી નંબર આપવામાં આવશે તે જ લખવાનો રહેશે.
૪. લખાણ માટેના પેપર યુવા વિકાસ સમિતિ દ્વારા આપવામાં આવશે. પેન / પૅડ સ્પર્ધકે લાવવાના રહેશે.
૫. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૬. આ સ્પર્ધામાં સમય - તારીખમાં, સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

***નવીન લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## *વાનગી તથા મહેંદી હરીફાઈ*

મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા મંગળવાર તા. ૨૦-૪-૨૦૧૦ના રોજ વાનગી (મિષ્ટાન્ન) તથા મહેંદી હરીફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નીચે પ્રમાણેની બહેનો વિજેતા ઘોષિત કરવામાં આવેલ.

### રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)

આ હરીફાઈમાં ૨૧ બહેનોએ ભાગ લીધેલ. જેમાંથી નીચે પ્રમાણે ત્રણ બહેનોની વાનગી (મિષ્ટાન્ન) ઈનામને પાત્ર ઠરેલ.

૧. ચેતલા ગઢેચા (વાનગી : કેરી હલવા)
૨. પાયલ મારુ (વાનગી : હલવાસન)
૩. મીના મોતા (વાનગી : મકાઈ પૂરણપોળી)

આ બહેનોને શ્રી રામજી વેલજી સાવલા તરફથી ઈનામો આપવામાં આવેલ હતા.

### શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા મહેંદી હરીફાઈ

મહેંદી હરીફાઈમાં ભાગ લીધેલ ૬ બહેનોમાંથી નીચેની ત્રણ બહેનો વિજેતા ઘોષિત કરવામાં આવેલ. તેઓને શ્રીમતી વિમળાબહેન શિરીષ કોરડિયા તરફથી ઈનામો આપવામાં આવેલ હતા.

૧. ધારિણી હિમાંશુ ખોના
૨. યોગીની ચેતન શાહ
૩. પાયલ તલક મારુ

તા. ૧૮-૩-૨૦૧૦ના રોજ યોજેલ જૈન વાનગી રેસીપી હરીફાઈ કે જે બહેનોને લખીને લઈ આવવાનું જણાવેલ, તેમાં નીચેની બહેનોની રેસીપી ઈનામને પાત્ર ઠરેલ હતી.

૧. વીણાબહેન સંઘવી (રેસીપી : કોન બનાના પેટીસ)
૨. અલકાબહેન શાહ (રેસીપી : નાની ઈડલી ભાજી)
૩. ભાવનાબહેન ગોગરી (રેસીપી : સ્વીટ પરવળ)

સર્વે ઈનામ વિજેતાઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ તરફથી અભિનંદન આપવામાં આવે છે.

***વસુમતી પી. હરિયા, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

*સમર્પીને રીઝે એ સ્નેહ, લઈને રાચે એ સ્વાર્થ.*

# યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસનો અહેવાલ

તા. ૨૫-૪-૨૦૧૦ને રવિવારના સવારે ૮ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર સમાજનાં કેટલાક યુવક-યુવતીઓ પ્રવાસીના રૂપે હાજર થયા. આ પ્રવાસીઓ કોઈ જાત્રા કે પીકનિક માટેના ન હતા પણ તેઓ યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસમાં જનારા હતા. સર્વે યુવાનોને જે ઉદ્યોગ ગૃહની મુલાકાત લેવાની હતી તે બાબતે તેઓને ભવન ઉપર જ પ્રાથમિક માહિતી આપી. તેમને જે તે કંપનીની કામગીરીથી માહિતગાર કર્યા. ઉપરાંત તે સર્વેને જે તે કંપનીની મુલાકાત દરમિયાન તેમના નીતિ નિયમો પાળવા માટેની તકેદારી વિશે માર્ગદર્શન આપ્યું. પાલડી ભવન ઉપરથી અમોએ પ્રથમ પ્રયાણ કર્યું ચાંગોદર સ્થિત યુનિક ટેગ્સ પ્રા.લિ. તરફ, જ્યાં શ્રી સુનીલભાઈ દેવજી ગોગરીએ અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પ્રાથમિક પરિચય બાદ તેઓએ અમને પોતાની કંપની વિશે જરૂરી માહિતી આપીને સમગ્ર કંપનીની મુલાકાતમાં અમારી સાથે રહીને કંપની વિશે જાણકારી આપી. કેવી રીતે કંપની પાસે ઓર્ડર આવે છે? પાર્ટીના ઓર્ડર મુજબ તૈયાર થયેલ માલની ડિલીવરી સુધી તમામ કામગીરીથી અમને વાકેફ કર્યા. આ મુલાકાતથી અમને ટેગ (લેબલ) બનાવવાના અત્યાધુનિક મશીનોની કામગીરી નિહાળવાનો લાભ મળ્યો. સત્યાવીસ અત્યાધુનિક મશીનો સાથે ભારતભરમાં પાંચમું સ્થાન ધરાવતી, આપણા સમાજના સભ્ય શ્રી નરેન્દ્રભાઈ રામજી દેઢિયા દ્વારા સ્થાપિત અને સંચાલિત યુનિક ટેગ્સ પ્રા.લિ.ના પ્રોડક્ટ વિશેની માહિતી આપી અને અમારા દ્વારા પુછાયેલા સવાલોનાં સંતોષકારક જવાબો આપ્યા. શ્રી નરેન્દ્રભાઈ પણ અમારી સાથે જોડાયા અને ત્યારબાદ સર્વેએ સાથે બેસીને ચા-નાસ્તો કર્યો. બે થી અઢી કલાકનો સમય ક્યાં પસાર થઈ ગયો તેનો ખ્યાલ જ ન રહ્યો. રસપ્રદ માહિતીસભર તેમજ સુંદર આવકાર બદલ સમગ્ર યુનિક ટેગ્સ પ્રા.લિ.નો ખૂબ ખૂબ આભાર. કંપનીની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવીને અમોએ પ્રયાણ કર્યું અડાલજની વાવ તરફ.

વાવ અને તેની બાંધણી તથા કોતરકામ જોઈને બધા જ યુવાનો "વાવ" (Wow!) પોકારી ગયા. મોટાભાગના યુવાનોએ વાવની મુલાકાત પહેલી જ વખત લીધી હતી તે જાણીને કમિટીના સભ્યોને આઘાત લાગ્યો. ત્યારબાદ ત્રિ-મંદિરના દર્શન કરી બપોરના ભોજનનો આનંદ લીધો.

થોડી જ મિનિટોમાં અમોને એક અલગ વાતાવરણનો અહેસાસ થવા લાગ્યો. ગરમીનું પ્રમાણ ઘટી ગયું હોય તેવો ભાસ થયો. બારીની બહાર નજર કરી તો ચારેબાજુ હરિયાળી (Eco friendly) વાતાવરણ જોવા મળ્યું. અમે આવી ગયા હતા નવનીત પ્રેસના દ્વારે. શ્રી હીરેન શાહે અમારું સ્વાગત કર્યું અને તેમણે તથા શ્રી કૌશલભાઈ પંચોલીએ અમને "નવનીત પ્રકાશન" વિશે વીડિયો શો દ્વારા માહિતગાર કર્યા.

ત્યારબાદ અમોએ બે ગ્રૂપમાં કંપનીનાં પ્રોડક્શન વિભાગની મુલાકાત લીધી. એક ગ્રૂપનું સંચાલન શ્રી કૌશલભાઈએ કર્યું તો બીજા ગ્રૂપને દોરવણી આપી શ્રી રાકેશભાઈ તથા શ્રી શૈલેષભાઈએ. પ્રિન્ટીંગની જૂની પદ્ધતિ તેમજ અત્યંત આધુનિક પદ્ધતિ દ્વારા થતું પ્રિન્ટીંગ વર્ક વિશે અમોને ખૂબ જ ઝીણવટપૂર્વક માહિતી આપી. કાગળ ઉપર પ્રિન્ટ થયા બાદ તેનું યોગ્ય રીતે કટીંગ, બાઈન્ડિંગ, પેકિંગ અને સ્ટોરેજ સુધીની સમગ્ર કામગીરીનું અમોએ ઝીણવટપૂર્વક અવલોકન કર્યું ને અમારા મનમાં ઉદ્ભવેલ પ્રશ્નોને પૂછીને અમારી જિજ્ઞાસા સંતોષી. જે પુસ્તકો વાંચીને આપણે મોટા થયા છીએ તે પુસ્તક બનાવવા કરવી પડતી વિવિધ પ્રક્રિયાઓ જોઈ, યુવાનો તો આશ્ચર્યચકિત થઈ ગયા.

શ્રી હીરેનભાઈએ કંપનીના ત્રણ પાયાના સિદ્ધાંતો : (1) Country Law, (2) Social Law, (3) Environment Lawનું કંપની દ્વારા ચુસ્ત રીતે પાલન કરવામાં આવે છે તેવું અમને જણાવ્યું. જે જાણીને અમને સર્વેને નવનીત કંપનીના સંચાલકો માટે અહોભાવ તેમજ ગર્વની લાગણી થઈ. કંપની દ્વારા પર્યાવરણ સાચવવા માટે લેવાતા વિવિધ પગલાઓ વિશેની માહિતી પણ શ્રી હીરેનભાઈ પાસેથી મળી જે ખૂબ જ પ્રસંશનીય છે.

કંપનીની મુલાકાત બાદ કંપનીની કેન્ટીનમાં બેસીને સૌએ ચા-નાસ્તાનો આસ્વાદ માણ્યો. ત્યારબાદ શ્રી હીરેનભાઈ, શ્રી રાકેશભાઈ અને શ્રી કૌશલભાઈનો આભાર માની અમોએ પાલડી ભવન તરફ પ્રયાણ કર્યું.

શૈક્ષણિક પ્રવાસની મંજૂરી આપવા બદલ યુનિક ટેગ્સ પ્રા.લિ. તથા નવનીત પ્રકાશનના સંચાલકોનો તેમજ અમારી મુલાકાત દરમ્યાન કંપની વિશે જ્ઞાનસભર માહિતી આપવા બદલ તેમના સ્ટાફનાં સભ્યશ્રીઓનો પણ અમો આભાર માનીએ છીએ.

આ શૈક્ષણિક પ્રવાસ માટે આર્થિક સહયોગ બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભાર. આ પ્રવાસ માટે શ્રી રોનકભાઈ (શ્રી સ્વામિનારાયણ ટ્રાવેલ્સ) જેમણે ફક્ત ડીઝલ ખર્ચ લઈને વાહનની સગવડ કરી આપી તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

*નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## આમાંથી કંઈ બોધપાઠ લેશું ખરા?

તડકો સખ્ત હતો. પીઠ પર બોજો ભારે હતો અને છતાં જરાય અકળાયા વિના ગધેડો મસ્તીથી ગીત ગાતો ગાતો રસ્તા પર ચાલી રહ્યો હતો. એની આ મસ્ત તંદુરસ્તી જોઈને એક કૉલેજિયન યુવકે પૂછ્યું, 'તારી આ તંદુરસ્તી પાછળનું રહસ્ય શું છે?'

'હું તમાકુ ખાતો નથી, હું હોટલમાં જતો નથી, હું દારૂ સિગારેટ પીતો નથી અને ખાસ તો ગધેડીઓ પાછળ હું આખો દિવસ ભટકતો નથી. બસ, આ જ છે મારી તંદુરસ્તીનું રહસ્ય.' ગધેડાએ ફેંકેલા આ બોલની સામે કોલેજિયનોની તો દાંડી જ ઊડી ગઈ.

*સંકલન : અમૃતલાલ નાનજી માલદે (ભુજપુર - દહીંસર)*

*જેની પાસે થોડું છે તે ગરીબ નથી, પણ જે વધારે મેળવવાની ઈચ્છા રાખે છે તે ગરીબ છે.*

## આજની આપણી યુવા પેઢી

આજની આપણી યુવા પેઢી આમ તો ખૂબ જ સમજદાર છે. સમય સાથે તાલ મિલાવીને ચાલે છે. ઘણીવાર તો સમય કરતાં પણ આગળ હોય છે. આજની યુવા પેઢી ખૂબ જ શક્તિશાળી છે તેમાં કોઈ જ શક નથી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તે ગભરાતી નથી અને જો કોઈ કામ કરવાનું બીડું તે ઉપાડી લે તો તેને પૂરું કરવામાં પણ પાછી પાની કરતી નથી. અને સારામાં સારું પરિણામ તે લાવે છે.

પણ મને એક વાતનો અફસોસ છે કે આપણા સમાજની આ જ યુવા પેઢી આપણા સમાજ માટે અને તેની કામગીરીઓ માટે જોઈએ તેટલી જાગૃત નથી. ઘણી વખત તો એવું પણ બને છે કે દેશ-વિદેશમાં શું ચાલી રહ્યું છે તેની આપણને ખબર હોય છે પણ આપણા જ સમાજમાં શું ચાલી રહ્યું છે, આપણો સમાજ કઈ કઈ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે, તેની આપણને ખબર હોતી નથી.

આજના આધુનિક યુગમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટથી ચેટિંગ દ્વારા દેશ-વિદેશનાં લોકોને આપણે જાણીએ છીએ પણ આપણા જ સમાજને કે સમાજના લોકોને જાણવાની તસ્દી લેતા નથી.

એવું નથી કે જેઓ મોટી ઉંમરના અને રિટાયર્ડ હોય તે લોકો જ સમાજ માટે વિચારી શકે અને સમય કાઢી શકે. આપણા સમાજના ઘણા ઉદ્યોગપતિઓ અને પોતાના ક્ષેત્રમાં ખૂબ જ સફળ હોય તેવા લોકો પણ છે કે જેમને ખરેખર ૧ મિનિટનો પણ સમય હોતો નથી. તો પણ તેઓ પોતાના બિઝી શિડ્યુલમાંથી સમય કાઢીને સમાજની પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લે છે અને સમાજને આગળ લઈ જવાના તમામ પ્રયાસો કરે છે.

તેના ઉપરથી આપણા સમાજની યુવા પેઢીએ ખરેખર કંઈક શીખવાની જરૂર છે અને સમાજ પ્રત્યે પોતાની ફરજ સમજીને સમય કાઢીને તેના માટે વિચારશીલ રહીને તેની દરેક કામગીરીઓમાં ખંતપૂર્વક ભાગ લેવો જોઈએ અને સમાજને નવા શિખરો પર લઈ જવાની તમામ કોશિશ કરતા રહેવું જોઈએ.

મારું તો એવું માનવું છે કે આપણા સમાજનાં માનનીય વડીલો અને ટ્રસ્ટીઓએ પણ આ બાબતમાં આગળ આવવું જોઈએ અને વર્ષમાં બેથી ત્રણ એવા સેમિનાર અથવા પ્રોગ્રામ કરવા જોઈએ જેમાં સમાજનાં તમામ યુવાઓને બોલાવીને તેમની સાથે ઑપન ફોર ઓલ ચર્ચા કરવી જોઈએ અને સમાજ વિશે તેમના મંતવ્યો લેવા જોઈએ અને સમાજ વિશે તેઓ શું વિચારે છે અને સમાજની કામગીરીઓમાં તેઓ સમાજને કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તે પણ જાણવું જોઈએ.

આમ કરવાથી યુવાઓની સમાજ પ્રત્યેની જાણકારી વધશે અને આજની યુવા પેઢીનાં વિચારો પણ સમાજ સમક્ષ આવશે, તેઓ પણ સમાજ માટે વિચારશીલ થશે અને તેમના નવા આઈડિયા પણ સમાજને મદદરૂપ થશે.

આમ કરવાથી વડીલોનો અમૂલ્ય અનુભવ યુવાઓને મળશે અને યુવાઓની વિચારધારા જાણવાનો મોકો વડીલોને મળશે. તેથી બે પેઢીઓ વચ્ચેનું અંતર ઘટશે અને આનો ફાયદો ૧૦૦% આપણા સમાજને થશે.

***પીયૂષ સાવલા (મો. ૯૨૭૬૮ ૭૫૩૫૦)***

<u>નોંધ</u> : આપના પ્રતિભાવો જરૂરથી જણાવશો.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

**દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહ મિલન પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થશે.**

(૧) **"નવનીત"** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૨ હાયર સેકંડરી **સામાન્ય પ્રવાહ**માં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને

(૨) **શ્રીમતી ઝવેરબહેન રંગવાલા** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૨ હાયર સેકન્ડરી **વિજ્ઞાન પ્રવાહ**ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને.

(૩) **શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ "સરસ્વતી" કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક :** ધો.-૧૦ (S.S.C.), ધો. ૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.

(૪) **"શ્રી નારણભાઈ કાનજીભાઈ પટેલ (ધોળકાવાળા)"** શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૦ (S.S.C.)ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ હેઠળ આવરાયેલા અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુનાં વિસ્તારોમાં વસતા મૂળ કચ્છનાં વતની એવા વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારોનાં કેન્દ્રોમાંથી માર્ચ - ૨૦૧૦માં ગુજરાત સેકન્ડરી તેમજ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાયેલી ઉક્ત ત્રણ પરીક્ષામાં **૭૦%** કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હોય, તેઓ નીચેની વિગતો **તા. ૩૦મી જૂન, ૨૦૧૦** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલી આપવા વિનંતી.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કાર્યાલય**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪
(સમય : બપોરે ૧૨.૦૦થી ૫.૦૦)

(૧) (અ) વિદ્યાર્થીનું નામ (બ) પિતાનું નામ (ક) દાદાનું નામ (ડ) અટક

(૨) સરનામું (પીનકોડ તથા ફોન નંબર સાથે)

(૩) જાતિ : સ્ત્રી / પુરુષ (૪) જન્મ તારીખ / ઉંમર

(૫) કચ્છમાં મૂળ ગામ અને તાલુકો

(૬) ઉત્તીર્ણ કરેલી પરીક્ષા

(૭) (અ) મેળવેલ માર્કસ, (બ) કુલ માર્કસ અને (ક) ટકા

(૮) (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ (બ) ક્રમાંક નંબર (માર્કશીટની ઝેરોક્ષ જોડવી)

(૯) પરીક્ષામાં મેળવેલી વિશિષ્ટતા (માર્કશીટ અને પુરાવાની અધિકૃત ઝેરોક્ષ નકલો જોડવી)

(૧૦) આપને ત્યાં "કચ્છ શ્રુતિ" આવે છે? હા / ના

(૧૧) અન્ય વિગતો (જરૂરી હોય તો)

(૧૨) વાલી તથા વિદ્યાર્થીનું નામ, સહી અને તારીખ

**<u>નોંધ</u> :** આ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનમાં ભાગ લેવા ઈચ્છતાં પરિવારની મુખ્ય વ્યક્તિ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સભ્ય હોવી જરૂરી છે. જો સભ્ય ન હોય તો નિયત ફી ભરીને સભ્ય બનવું આવશ્યક છે.

***ડો. મુકેશ બાબુલાલ ચૌહાણ (કન્વીનર - પુરસ્કાર સમિતિ)***
***મો. ૯૯૨૫૪ ૭૮૭૯૨***

*સુવ્યવસ્થિત વહીવટ એટલે વધુ સાંભળવું, ઓછું બોલવું અને જરૂરી પગલાં ભરવાં.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ/એપ્રિલ - ૨૦૧૦

● **શુક્રવાર, તા. ૨૬-૩-૨૦૧૦**

☆ આજ રોજ સવારના ભાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર 'કચ્છ આર્ટ ગેલેરી'ની સ્થાપના કરવા અંગેની ચર્ચા-વિચારણા કરવા કચ્છ મ્યુઝિયમ-ભુજના ક્યુરેટરશ્રી સતીષ સદાશિવન તથા તેમના ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ ભુજથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ-શાહીબાગ પધારેલ હતા. તેમની સાથે એક મિટિંગનું આયોજન ગોઠવી જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. શ્રી કચ્છી વિશ્રામ ગૃહના આ માટે ફાળવવામાં આવી શકે તેવા સ્થળનું પણ નિરીક્ષણ કરવામાં આવેલ હતું અને તેના રફ એસ્ટિમેટ પણ તૈયાર કરવામાં આવેલ હતા. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીકાંત ધરમશી પારેખ તથા શ્રી નીતિન ધનજી ગાલા ઉપસ્થિત રહેલ હતા.

☆ આજ રોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર તબીબી સેવા સમિતિ (મેડિકલ સમિતિ)ની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી નરેન્દ્ર ખોના, શ્રી દિનેશ મહેતા, શ્રી પંકજ દેઢિયા, શ્રીમતી દેવીન્દ્રાબહેન શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં સેન્ટરના વિવિધ ડૉક્ટરોની ચકાસણી સામેના પબ્લિક અભિપ્રાય અંગે જરૂરી ફોર્મ છપાવવા, રૂમ નં. ૩૦૪માં કરવામાં આવેલ ફેરફાર સામે અન્ય રૂમોમાં ફેરફાર કરવાની જાણકારી મેળવવા, મેડિકલ સેન્ટરમાં નવા શરૂ કરવામાં આવેલ પેઇન ક્લિનિક વિભાગ અંગે પેમ્ફલેટ છપાવવા, નવા સોનોગ્રાફી તથા કલર ડોપલર મશીનના ઉદ્ઘાટન બાબતે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

● **રવિવાર, તા. ૨૮-૩-૨૦૧૦**

☆ સંગીત વૃંદમાં પ્રેક્ટિસ કરવા આજે સવારમાં ભવન પર શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રીમતી છાયા ખાંડવાલા, શ્રીમતી પ્રિયા ખોના, શ્રીમતી વર્ષા સંઘવી તથા શ્રી હીરાચંદ એકત્રિત થયેલ હતા.

● **સોમવાર, તા. ૨૯-૩-૨૦૧૦**

☆ આજરોજ બપોરના શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલાએ શ્રી અમૃતલાલ ઠક્કર સાથે તેમને ત્યાં એક મિટિંગ કરી, આવાસ યોજનાના રિવાઇઝડ પ્લાન મ્યુનિસિપાલિટીમાં રજૂ કરવા આડે આવતી કાયદાકીય અડચણો અંગે જરૂરી ચર્ચા કરી, ડે.મ્યુ. કમિશનરશ્રીને મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજ રોજ ભવન પર સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મગનભાઇ સંઘવી તથા શ્રી રજનીભાઇ પારેખ ઉપસ્થિત રહેલ હતા. ૮ સભ્યો તથા ૨ સ્ટાફ મેમ્બર એમ ટોટલ આવેલ ૧૦ અરજીઓ અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **બુધવાર, તા. ૩૧-૩-૨૦૧૦**

☆ ગર્લ્સ હોસ્ટેલની જમીન માટે શ્રી નટુભાઇ ઠક્કર (બ્રોકર)ને આજે શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવી તેમની પાસેની જમીનો અંગેની જાણકારી મેળવેલ હતી. આ જમીનો જોઇ તે અંગેના રિપોર્ટ કરવાની જવાબદારી શ્રી રજનીકાંત ધરમશી પારેખ તથા શ્રી હીરજી પાસુ શાહને સોંપવામાં આવેલ હતી.

● **ગુરુવાર, તા. ૧-૪-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા અને શ્રી દિનેશ મહેતાએ લક્ષ્મણભાઇ કન્સ્ટ્રક્શનના શ્રી કરશનભાઇ પટેલની તેમની 'મંગલ મંદિર'ની જાહેરાતની સામે બાકી રહેતી ઉઘરાણી અંગે મુલાકાત લઇ, જરૂરી ચર્ચા-વિચારણા કરેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર બાલ વિકાસ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મગનભાઇ સંઘવી, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી પોપટભાઇ ધરોડ અને શ્રીમતી સુલુબહેન શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં નવપરિણીત યુગલોને માતૃત્વ-પિતૃત્વ બાબત જાણકારી આપવી, નવા બનેલ માતા-પિતાને બાળ ઉછેર માટે નિષ્ણાતો દ્વારા સેમિનાર વગેરે યોજી જાણકારી આપવી, વગેરે પ્રકારના કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૩-૪-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ મ્યુઝિયમ, ભુજની શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા તથા શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ સાવલાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી મુલાકાત લીધેલ હતી. એ સમયે કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવને તેમની સાથે રહી, મ્યુઝિયમના દરેક વિભાગ દાખવી, કચ્છ પ્રદેશની વિશિષ્ટતા સમજાવેલ હતી. શ્રી

*સૌથી મોટું નુકસાન શું છે? – અવસર ચૂકી જવો તે.*

કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગની સૂચિત 'કચ્છ આર્ટ ગેલેરી'ના અનુસંધાને આ મુલાકાત યોજવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૪-૪-૨૦૧૦**

☆ આજરોજ કારોબારી સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં લગભગ ૧૭ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ગુજરાતભરની કચ્છી જૈન સંસ્થાઓની રવિવાર તા. ૧૮-૪-૨૦૧૦ની મિટિંગ અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. યુવા વિકાસ સમિતિના પર્સનાલિટી ડેવલપમેન્ટ સેમિનાર તથા ઉદ્યોગગૃહની મુલાકાત અંગેના ખર્ચની દરખાસ્ત મંજૂર રાખવામાં આવેલ હતી. સંગીત વૃંદ, ત્રણે ભવનો પર લગાડવાના સીસી ટીવી, શાહીબાગ ખાતે કચ્છ આર્ટ ગેલેરી, સોનોગ્રાફી મશીનનું ઉદ્‌ઘાટન વગેરે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. પુરસ્કાર સમિતિ ચાલુ વર્ષથી સરસ્વતી સન્માન કાર્યક્રમ અલગથી યોજવા માંગે છે કે જેની રજૂઆતને બહાલી આપવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૫-૪-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર સભ્યપદ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી પોપટભાઇ ધરોડ, શ્રી સૂરજલાલ મહેતા તથા અશોકભાઇ મહેતા ઉપસ્થિત રહેલ હતા. સભ્યપદ મેળવવા નવી આવેલ ૨૧ અરજી ચકાસી તેને બહાલ રાખી, ટ્રસ્ટ મંડળ પર ફાઇનલ નિર્ણય લેવા મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૬-૪-૨૦૧૦**

☆ આવાસ યોજનાના રિવાઇઝડ પ્લાનો મ્યુનિસિપાલિટીમાં રજૂ કરવા આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલા મ્યુનિસિપાલિટીના પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશનરને મળવા તેઓની ઉસ્માનપુરા ઓફિસે ગયેલ હતા. તેઓની સાથે અમદાવાદના ભૂતપૂર્વ મેયર શ્રી અમિતભાઇ શાહ પણ ઉપસ્થિત રહેલ હતા. ચર્ચા વિચારણાના અંતે આ રિવાઇઝ્ડ પ્લાનો પૂર્વ ઝોનમાં સબમિટ કરવા પૂર્વ ઝોનના ડેપ્યુટી ટી.ડી.ઓ. સમક્ષ ઉપસ્થિત થવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર લાઇબ્રેરી સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મનુભાઇ શાહ, શ્રી અશોક મહેતા, શ્રીમતી જયશ્રીબહેન શાહ તથા ડૉ. કેતન શાહ ઉપસ્થિત રહેલ હતા. સમાજના સભ્યો તથા અન્ય લોકો લાઇબ્રેરીના સભ્ય બની, લાઇબ્રેરીમાં સંગ્રહિત વિવિધ વિભાગોના પુસ્તકોનું વાંચન કરે તેવી ઝુંબેશ આદરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૭-૪-૨૦૧૦**

☆ ભદ્રેશ્વર પ્રોજેક્ટ સમિતિની એક મિટિંગ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા શ્રી હસમુખ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. ભદ્રેશ્વરની જમીન એન.એ. કરાવવી, તેના દસ્તાવેજ બનાવવા, તેના પર ઊભા કરવામાં આવનાર પ્રોજેક્ટોના પ્લાનિંગ તથા એસ્ટિમેટ તૈયાર કરવા વગેરે બાબતે ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **ગુરુવાર, તા. ૧-૪-૨૦૧૦**

☆ આજરોજ સમાજના સભ્યપદ માટેની એક મિટિંગ જરૂરી ચર્ચા વિચારણા કરવા માટે મળેલ હતી. જેમાં શ્રી સૂરજલાલ મહેતા તથા પોપટલાલ ધરોડ હાજર રહેલ હતા.

- **રવિવાર, તા. ૪-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારના કુદરતી ઉપચાર કેન્દ્ર મુન્દ્રાના તથા હાલે મુંબઈ રહેતા શ્રીમતી મંજુલાબહેન મણિલાલ વોરા તથા સ્થાનિક તેમના સંબંધી શ્રીમતી દક્ષાબહેને સાથે રહીને સમાજની આવાસ યોજનાની મુલાકાત લીધેલ. તેમની સાથે શ્રી અશોકભાઇ મહેતા, શ્રી હસમુખભાઇ ખાંડવાલા તથા શ્રી દિનેશભાઇ મહેતાએ સાથે રહી જરૂરી માહિતી તેમજ કાર્યની વિગત આપેલ હતી.

- **મંગળવાર, તા. ૬-૪-૨૦૧૦**

☆ આજરોજ સાંજે સંસ્થાના શ્રી દિનેશભાઇ શાહ તથા મેનેજરશ્રી પરાશરભાઇ વ્યાસે એસ.ટી. ભવન ગીતા મંદિરની મુલાકાત લીધેલ. રૂમોના ટીવી માટે ડીશ એન્ટેના લગાવવા માટે પદ્માવતી સર્વિસવાળા શ્રી નિમેષભાઇને જરૂરી સૂચના આપેલ હતી.

- **શનિવાર, તા. ૧૦-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારના ૧૦.૦૦ કલાકે પાલડી ભવનના મેડિકલ વિભાગના સોનોગ્રાફી વિભાગ માટે આવેલ નવા કલર ડોપ્લર મશીનનું ઉદ્‌ઘાટન નવનીત પ્રકાશનના શ્રી શાંતિભાઇ ગાલાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. જેમાં શ્રી અશોકભાઇ મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયા, શ્રી હસમુખભાઇ ખાંડવાલા, શ્રી કલ્યાણજીભાઇ સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણીકભાઇ ગોસર તેમજ અન્ય કારોબારી સભ્યો સહિત અંદાજિત ૭૫ની સંખ્યામાં લોકો હાજર રહેલ હતા. સોનોગ્રાફી વિભાગના ડૉ. પરેશભાઇ શાહે તથા ડો. દિપાલીબહેન બ્રહ્મચારીએ ડોપ્લર મશીનની ઉપયોગિતા વિશેની સમજણ આપેલ. ડૉ. નીતુબહેન પરીખ તથા ડૉ. દેવીન્દ્રાબહેને આ વિશે શુભાશિષ પાઠવેલ હતા.

☆ તા. ૧૮-૪-૨૦૧૦ના રોજે મળનાર સમસ્ત ગુજરાતના કચ્છી જૈન સેવા સંસ્થાઓના સંમેલન અંગેની વ્યવસ્થા તેમજ જરૂરી કાર્યવાહી માટે આજ રોજ એક મિટિંગ પાલડી ભવન ખાતે મળેલ. જેમાં શ્રી અશોકભાઇ મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી હીરજી પાસુભાઇ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઇ

*બુદ્ધિશાળી વ્યક્તિને જેટલી તકો મળે છે તેથી વિશેષ તકો એ ઊભી કરે છે.*

ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા વગેરે હાજર રહેલ હતા. જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા તથા તે દિવસની વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૧૧-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં ટ્રસ્ટ મંડળની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં લગભગ ૧૫ જેટલા ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે "કચ્છ આર્ટ ગેલેરી" સ્થાપવા જરૂરી નિર્ણય લેવાયેલ હતા. ભદ્રેશ્વરની જમીન ઉપર વિવિધ પ્રોજેક્ટ કરવા બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી. ભદ્રેશ્વરની જમીન એન.એ. કરાવવા તથા તે અંગેના દસ્તાવેજ કરાવવા બાબતે પણ ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવેલ હતા. આગામી તા. ૧૮-૪-૧૦ના ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના મળનાર સંમેલન તથા તા. ૨૫-૪-૧૦ના ગૃહ ઉદ્યોગ અંગે મળનાર સંમેલન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આવાસ યોજનાની બાકી રહેતી મ્યુનિસિપલ કાર્યવાહી તથા ચેરિટી કમિશનરશ્રીની ઓફિસની કાર્યવાહી, ગર્લ્સ હોસ્ટેલની અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહી, સરસ્વતી સન્માન અંગેની પુરસ્કાર સમિતિની કાર્યવાહી તથા લાઈબ્રેરી સમિતિની કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

આજરોજ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી કિરીટ નંદુ, શ્રી વિમેશ શાહ, શ્રી પંકજ ગોગરી, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના અમદાવાદ સ્થિત પરિવારોના ૫ વર્ષ સુધીના બાળકો તથા ધોરણ-૧ થી કૉલેજ સુધીના અભ્યાસ કરતા બાળકોના વિકાસ અંગે જરૂરી ગાઈડ લાઈન નક્કી કરી, ટોટલ કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ હતો. તે અંગે ત્રણ પેટા સમિતિઓ નક્કી કરી દરેક સમિતિના પોતાના વિભાગની કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવેલ હતી. મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં વિદ્યાર્થીઓના આપેલ ફોર્મ ભરાઈને જલદી આવી જાય તેની કાર્યવાહી શ્રી પંકજભાઈ ગોગરીને સોંપવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૨-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારના ૧૦.૩૦ કલાકે ભવન કમિટીની એક મિટિંગ રાખેલ હતી કે જેમાં પાલડી ભવન ખાતે ડિશ ટી.વી. ચેનલ, જી.ટી.પી.એલ. કંપનીના પ્રતિનિધિ સાથે ચર્ચા કરી વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત નક્કી કરેલ. જેમાં શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસર હાજર રહેલ.

- **બુધવાર, તા. ૧૪-૪-૨૦૧૦**

☆ આજરોજ બપોરના ૪.૦૦ કલાકે સાધર્મિક સહાય સમિતિની એક મિટિંગ જરૂરી ચર્ચા કરવા મળેલ. જેમાં શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી જશવંત કોઠારી, શ્રીમતી સ્મિતાબહેન શાહ, શ્રીમતી જયશ્રીબહેન શાહ હાજર રહેલ. હાલની મોંઘવારીને અનુરૂપ અપાતી સહાયમાં વધારો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ શ્રી કચ્છી જૈન ભવનની એફ.એસ.આઈ. વધારવા અંગે શ્રી કે.કે. ગજ્જર સાથે શ્રી કચ્છી જૈન ભવન પર ચર્ચા કરવામાં આવેલ કે જ્યારે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત ગુજરાત (કચ્છ સિવાયના) સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે યોજવામાં આવેલ હતું. જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી આવેલ વિવિધ સંસ્થાઓના લગભગ ૭૫થી વધુ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના લગભગ ૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહેલ હતા. આ સમારંભનો હેતુ સમગ્ર ગુજરાતમાં એક સંગઠિત સમાજ રચના કરવાનો હતો. જે બાબતે આવેલ પ્રતિનિધિઓએ એક સૂરસંમતિ સાધેલ. સમારંભનું પ્રમુખ સ્થાન વાપી સ્થિત યુવાન બિલ્ડર, દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજના ઉપપ્રમુખ શ્રી હરીશભાઈ મેઘજી ગાલા (દેવપુર - કચ્છ)એ સંભાળેલ હતું. અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તથા શિક્ષણવિદ્ ડૉ. આર. ટી. સાવલિયાએ હાજરી આપેલ.

☆ આજરોજ સમાજની શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ કમિટી દ્વારા સમાજના ધોરણ-૧૦ના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે એપ્ટીટ્યૂડ ટેસ્ટ "ટેન્ગ્રામ"ના વસ્ત્રાપુર - બોડકદેવ ખાતે રાખેલ. જેમાં ૮ વિદ્યાર્થીઓ તથા ૪ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. જેમાં ૮ બાળકો ગુજરાતી મીડિયમના તથા ૪ બાળકો અંગ્રેજી મીડિયમના હતા. જેની વ્યવસ્થા શ્રી હીરેન કે. શાહ, શ્રી વિમેશ જી. શાહ તથા શ્રી કિરીટભાઈ નંદુએ સંભાળેલ હતી.

- **મંગળવાર, તા. ૨૦-૪-૨૦૧૦**

☆ આજરોજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સમાજની બહેનો માટે વાનગી (મિષ્ટાન્ન) તથા મહેંદી હરીફાઈનું આયોજન કરેલ. જેમાં વાનગી હરીફાઈમાં ૨૧ બહેનોએ તથા મહેંદી હરીફાઈમાં ૬ બહેનોએ ભાગ લીધેલ. વાનગી (મિષ્ટાન્ન) હરીફાઈના વિજેતાઓને શ્રી રામજી વેલજી સાવલા તરફથી ઈનામ આપવામાં આવેલ. જ્યારે મહેંદી હરીફાઈમાં ઈનામને પાત્ર ઠરેલને શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા તરફથી ઈનામો આપવામાં આવેલ. કુલ ૪૪ બહેનોએ ભાગ

*ઘણીવાર નાની તક એ મોટા સાહસની શરૂઆત બને છે.*

લીધેલ.

- **બુધવાર, તા. ૨૧-૪-૨૦૧૦**

☆ આજરોજ ભવન સમિતિની એક બેઠક શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં કલરકામ અંગે તેમજ જરૂરી ફેરફાર કરવા અંગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે મળેલ. જેમાં સર્વશ્રી મણિલાલભાઈ ગોસર, કે.ડી. શાહ, રમણિકભાઈ ગોસર, રજનીકાંત પારેખ, દિનેશચંદ્ર શાહ, કલ્યાણજીભાઈ રાંભિયા, નરેન્દ્રભાઈ છગનલાલ શાહ, હસમુખભાઈ ખાંડવાલા, બાબુભાઈ મહેતા, શિરીષભાઈ કોરડિયા, નીતિન ધનજી ગાલા તથા મેનેજર શ્રી પરાશરભાઈ વ્યાસ હાજર રહેલ હતા.

- **રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦**

☆ તા. ૧૮-૪-૨૦૧૦ના રોજ લીધેલ એપ્ટીટ્યૂડ ટેસ્ટના ધોરણ-૧૦ના ૧૨ બાળકોને તેમના વાલીઓ સાથે એક મિટિંગ રાખેલ. જેમાં ૭ બાળકો વાલીઓ સહિત હાજર રહ્યા હતા. જેમાં એપ્ટીટ્યૂડ ટેસ્ટ પછીની પ્રક્રિયા વિશેની જાણકારી બાબત ચર્ચા વિચારણા કરેલ. જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી વિમેશ જી. શાહ, શ્રી કિરીટભાઈ નંદુ તથી શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા હાજર રહેલ. ■

## ઉડતી નજરે....

### *માર્ચ-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..................<br>કે જેમાંથી | **૮,૮૩૭** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... **૩૯૭** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૭૬** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .......... **૩૨** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૫૬૩** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૨૦** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૩૩૦** | |
| | (છ) | અન્ય .......... **૭,૪૧૯** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..................<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૭૭.૧૧%** | **૧,૯૨૬** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | **૮૨૧** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૮૦.૫૪%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | **૬૦૯** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૫૧.૫૯%** | |
| ૫. | | માર્ચ-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .................. | **૧૨,૧૯૩** |

*બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.*